

Rs: 30


નવનીત સમર્પણ

Vol. 40, No. 5
September 2019
ISSN 2455 - 4162

Bhavan's Monumental Offering

Just Released

A holistic work... reflects the pageantry of Persia




This book is mea

- Students
- Teenagers
- Adults

HB ₹ 67

Postage E



Adi F. Merchant

ISBN 978-81-7276-551-4

For Copies, please con

BHARATIYA VIDYA BHAVAN Publication Divi

505, Sane Guruji Marg, Gora Gandhi Compound, Tardeo, Mumbai 40

Ph.: 23530916/23514466/23519808 (Direct) Fax: 2352

E-mail: pvsankarankutty@gmail.com or pvsankarankutty@bhavans

Website: www.bhavans

અનહદ બાની



❑ સુભાષ ભટ્ટ

અસીસીના સંત ફ્રાન્સીસ (ઈ. સ. 1181-1226) એટલે ખ્રિસ્તી ધર્મના કેથોલિક સંપ્રદાયનું ખૂબ દેદીપ્યમાન નામ. જિસસ જેવી જ પીડા અને ગરીબાઈ જીવ્યા. માત્ર પિસ્તાલીસ વરસનું જ આયુષ્ય પણ આજે આઠસો વરસ પછી પણ લોકોના હૃદયમાં અખંડ જીવે છે. તેમના શબ્દો સાંભળો, 'વિશ્વ આખાનો અંધકાર એકઠો થઈને એક મીણબત્તીને બુઝાવી શકતો નથી.' આ મીણબત્તી એટલે ઉપદેશ નહીં, જીવન. તે કહેતા, અનિવાર્ય કાર્યથી આરંભો, પછી શક્ય હોય તેવાં કાર્યો કરો અને ઓચિંતાં જ તમને ખ્યાલ આવશે કે તમે અશક્ય કાર્ય આરંભી દીધું છે. આપણે આપવામાં મેળવીએ છીએ અને માફ કરવામાં માફ થઈ જઈએ છીએ. તેમને જિસસ સુંદર-પ્રેમાળ માનવી લાગતા.

એક વખત સંધ્યાકાળે તેના ભિક્ષુ મઠના એક સાથીને કહે, 'આવતી કાલે તું જિસસનો 'જીવનોપદેશ સૌને વહેંચવા મારી સાથે અસીસી આવ.' પેલો તો ખુશખુશાલ થઈ ગયો. બીજે દિવસે સવારે બન્ને ચાલીને તે નગરે પહોંચ્યા. પછી તો શેરી અને ચોકમાં, આંગણે અને ઓટલે દરેક સાથે મૈત્રી-પ્રેમ સંવાદ અને જીવન સંવાદ; દુખી-ઉદાસને હસાવ્યા, માંદાની પથારીએ બેસી અંતરના ખબર પૂછ્યા, શ્રમિકોને કામમાં મદદ કરી, બાળકો સાથે રમ્યા, દુકાનોને ઓટલે બેસી આવક-જાવક પૂછી, સ્ત્રીઓના આંગણે કામો-વાતો કરી, કેદીઓની મુલાકાતો લીધી અને...

સૂર્યાસ્તે સંત તેના સાથીને કહે, 'ચાલ મઠે જઈને ઈશ્વરનો આભાર માનીએ કે તેણે આપણને આ પવિત્ર કામમાં નિમિત્ત બનાવ્યા.' સાથી ભિક્ષુ હતાશાથી કહે, 'ફ્રાન્સીસ, આપણે બોધ તો આપ્યો નહીં. તે ક્યારે આરંભશું.' તો ફ્રાન્સીસ કહે, 'ભાઈ, આપણે જિસસનો જીવનોપદેશ તો આપ્યો. જીવન જ બોધ છે.'

❑❑❑

૯૭

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર
વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૫, સપ્ટેમ્બર ૨૦૧૯

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

આવરણ : અજિત પારેખ

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

રાષ્ટ્રની કસોટી

મારા નવયુવાન મિત્ર,

સામુદાયિક ઐતિહ્યનાં બંધનો હોય, પરાક્રમનો સામુદાયિક સ્મરણભંડાર હોય છતાં જનસમૂહમાં સામુદાયિક કર્તવ્યશીલતા પ્રગટતી નથી એમ ઘણી વાર જોવામાં આવે છે.

મહમ્મદ ઘોરીનું આક્રમણ થયું ત્યારે ભારતમાં સામુદાયિક ઐતિહ્યનાં બંધન હતાં. ચાતુર્વર્ણ્ય સારા દેશમાં સ્વીકારાતો. રામાયણ અને મહાભારતના પરાક્રમી વીરોનો સ્મરણભંડાર હૃદયહૃદયમાં ભર્યો હતો. છતાં પૃથ્વીરાજ ચૌહાણ આક્રમણકારની સામે લડવા ગયા, ત્યારે હિંદુ રાજાઓ સાથે જોડાયા નહિ એટલું જ નહિ પણ તેનો લાભ લઈ તે ચૌહાણને નિર્બળ કરવા મથી રહ્યા.


પ્રજામાં સમસંસ્કારિતા હતી, રાષ્ટ્રીયતા નહોતી. સમસંસ્કારિતાથી રાષ્ટ્ર નથી બનતું, કેમ કે તેમાં સામુદાયિક પ્રતિરોધપરાયણતાના તત્ત્વનો અભાવ હોય છે. આનું એક અજબ જેવું શરમજનક દૃષ્ટાંત આપું.

મધ્યકાળમાં નાગાબાવાઓનાં ઝુંડોએ ઉત્તર ભારતમાં ધર્મસ્થળોનું સૈકાઓ સુધી સંરક્ષણ કર્યું. ઘણી વાર એક મંદિરનું રક્ષણ કરવા હજારોની સંખ્યામાં તે કપાઈ મરતા. નાગાબાવાઓનું આવું એક સૈન્ય અવધના નવાબની નોકરીએ હતું, એવી શરતે કે હિંદુ ધર્મસ્થાનોને ભ્રષ્ટ થવા દેવાં નહીં.

ઈ. સ. 1763માં અહમદશાહ અબદલ્લીએ ભારત પર આક્રમણ કર્યું. હિંદુપત પાદશાહીના અધિકારી પેશ્વાએ પાણીપતના મેદાનમાં તેનો સામનો કર્યો. અવધનો નવાબ વજીર અહમદશાહની મદદે ગયો. તેના સૈન્યમાં નાગાબાવાની ટુકડી પણ હતી.

નાગાબાવાઓની મદદથી અહમદશાહે પેશ્વાને હરાવ્યા. હિંદુ સૈન્યનો કચ્ચરઘાણ વળી ગયો. મરાઠાઓની સાર્વભૌમત્વ સ્થાપવાની અભિલાષા વિલય પામી. મરાઠી સેનાનીઓ વિશ્વાસરાવ, સદાશિવરાવ અને સંતાજી વાઘ રણમાં હણાયા.

[ક્રમશઃ]



અડાગર

☐ હેમન્ત દવે

'અડાગર' અત્યારે પ્રચારમાં નહીં એવો મધ્યકાલીન ગુજરાતી શબ્દ છે. *પ્રાચીન ફાગુસંગ્રહ*માં સાંડેસરા અને પારેખ એના શબ્દકોશની નોંધમાં લખે છેઃ 'નાગરવેલનાં પાનનો એક પ્રકાર.' તેઓ જણાવે છે કે આ શબ્દનો પ્રયોગ જૂના સાહિત્યમાં અન્યત્ર મળે છે એમ કહી એનાં ઉદાહરણો ટાંકે છે. યથાઃ 'બીડાં દીધાં અડાગર તણાં'; 'પાન અડાગર કાથો નઈ ચૂનો'; 'બીડઉં પત્ર અડાગર તણઉં' (1966ઃ 240). આ શબ્દ જૂના હિન્દી સાહિત્યમાં પણ મળે છે. બચ્ચુલાલ અવસ્થી એમના હિન્દી વ્યુત્પત્તિકોશમાં 'ડક્ક'માં એની વ્યુત્પત્તિ સૂચવનાર ગુપ્તનો નિર્દેશ આપે છે. અડાગરને સ્થાને જૂની હિન્દીમાં 'અડાકર' કે 'અડક્કર' એવું રૂપ પણ મળે છે, જેમ કે, 'પંડુર પાન અડક્કર ખાંહી, ઘાનિ સુગંધ સબહિં મહકાહીં' *(નાગરી પ્રચારિણી પત્રિકા* 72), જ્યાં એનો અર્થ એના સંપાદકે 'સમૂચા' એવો આપ્યો છે, જે યથાર્થ નથી.

તમિળમાં 'અટગુ'નો અર્થ 'લીલોતરી, લીલાં ખાઈ શકાય તેવાં પાન' અને 'અટઈ'નાં 'પાન, નાગરવેલનાં પાન, લીલોતરી' એવા આપેલા છે. મલયાળમમાં 'અટ'ની સમજૂતી 'પાન, સોપારી' એમ છે (સર૰ બરો અને એમનો, પ્રવિષ્ટિ 59). બરો અને એમનો 'લીલાં ખાદ્ય શાકભાજી'ના અર્થના પ્રાકૃત 'ડાગ', 'ડાય'નો પ્રતિસંદર્ભ આપે છે. રાઈસ ડેવિડ્ઝ અને સ્ટડીના પાલિ કોશમાં 'ડાક'ને 'શાક' સાથે જોડાયેલો બતાવાયો છે અને સરખામણી માટે 'સાકિની-ડાકિની'નો નિર્દેશ મૂક્યો છે (પૃ૰ 125).

જૂની ગુજરાતીનો 'અડાગર' અને હિંદીનો 'અડક્કર', 'અડાકર' શબ્દો સંબંધિત છે અને શબ્દ અને અર્થ બન્નેના સામ્યે એનો તમિળ શબ્દ સાથેનો સંબંધ જોઈ શકાય છે.

❑❑❑

પ્રમુખના પત્રો

સ્વરાજ



જે સમાજ વ્યક્તિને સ્વાતંત્ર્ય ન આપી શકે એ ખામીયુક્ત સમાજ છે. સમાજના દરેક સભ્યને પોતાની પ્રતિભા વિકસાવવાનો સંપૂર્ણ અધિકાર છે. આ વિકાસ સ્વાતંત્ર્ય જ આપી શકે. દરેક વ્યક્તિના સ્વ-વિકાસ માટેના અધિકાર અંગે ભગવદ્‌ગીતા પણ નિર્દેશ આપે છે. જન્મ કે વાતાવરણ સબબ વ્યવસ્થા દ્વારા કોઈનો વ્યક્તિગત વિકાસ અવરોધાતો હોય એ સામાજિક વ્યવસ્થાની વિરુદ્ધ છે. જે વ્યક્તિ પોતાના ઉત્કર્ષ માટે ઝંખે છે એ એને માટે અથાક પ્રયત્ન કરીને બધા જ સામાજિક અવરોધો ઓળંગીને પ્રયત્નશીલ બને છે. સામાજિક વાતાવરણે પણ વ્યક્તિના વિકાસ માટે અવકાશ ઊભો કરવો જોઈએ. દૂરંદૃષ્ટિ અને સહાનુભૂતિ સાથેનું સામાજિક માળખું વ્યક્તિગત વિકાસ માટે પૂરક બને છે. આવો સમાજ સદાચારને પોષક બને છે અને વ્યક્તિ-સમાનતા માટેની ભૂમિકા તૈયાર કરે છે. એને લીધે સમાજને આવશ્યક સમસામયિક અને અનુરૂપ પરિવર્તનને ઉઘાડ મળે છે. આવા પરિવર્તન આપણી આકાંક્ષાઓની પૂર્તિ કરે છે. આ રીતે વ્યક્તિગત હકની જાળવણી શક્ય બને છે.

સામાજિક પિરામિડને સર કરી પોતાના અભિપ્રાય અને મુક્ત વિચારો રજૂ કરી શકે એવી આકાંક્ષીઓ માટે તકો ઉપલબ્ધ કરાવવી જોઈએ. આવી મુક્તિ માત્ર આર્થિક અને ધાર્મિક સ્વાતંત્ર્ય માટે નહીં પણ જુદી રીતે વિચારવા અને અભિવ્યક્ત કરવાની છૂટનો એમાં સમાવેશ થાય.

સમાજે સામાજિક પરિમાણ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું રહ્યું. ગરીબી, સાક્ષરતાનો ફેલાવો, તબીબી સંભાળ અને સમાનતાને અવરોધતાં દરેક તત્ત્વોને દૂર કરવાં જોઈએ.

આજે, આ ભૌતિકવાદી માહોલમાં ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ ભયજનક રીતે વધી રહી છે. એને લીધે શાંતિ અને સૌહાર્દ જોખમાય છે. સમાજના નબળા અને દલિત વર્ગને કેટલીક ફરજોમાંથી મુક્તિ આપવી જોઈએ. સામાજિક રીતે વંચિતો સાથે સમાજે સહાનુભૂતિપૂર્વક વર્તવાની આવશ્યકતા છે. આર્થિક સુખાકારી વ્યક્તિને આગળ લઈ જાય છે અને સહિતો અને વંચિતો વચ્ચેની ખાઈ ઓછી કરવામાં નિમિત્ત બને છે. આપણા સૌની ફરજ છે કે વંચિતો તરફ આપણો મદદનો હાથ લંબાવીએ. એ રીતે આપણે સમાજને આધ્યાત્મિક અરાજકતાથી ઉગારી શકીશું. આ રીતે આપણે અખંડ સમાજ-રચના માટે મનોકામના સેવીએ. એ જ આપણું સ્વરાજ છે.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

કોઈનાં ગીત

☐ રાજેશ પંડ્યા

એક

કોઈ ઝાકળમાં જીવને ઝબોળે નહિ

છીપે સચવાય જેમ સ્વાતિજળ
એમ અમે આંસુને સાચવ્યાં છે આંખે
આંખે સચવાયેલાં સપનાંના રંગ
બધા ઊડી જાય પંખીને પાંખે

કોઈ સપનાંમાં સૂરજ ઝબકોળો નહિ

દરપણમાં જોતાંવેંત ઊઘડે સવાર
પછી અજવાળે ડૂબી જાય રાત
આંગળીઓ અડતાંવેંત ઓગળે આકાર
પણ ભૂંસાતી જાય બધી ભાત

કોઈ પાણીમાં પડછાયો ઢોળે નહિ

બે

કોઈ ઝાકળનાં ટીપાં ખંખોળે છે

ભલેને, ઘાસ ઉપર હોય કે ન હોય
પણ આંખોના ખૂણામાં હોય છે જરૂર
ભલેને, નદીઓમાં ઊડે વેકૂર
પણ પાંપણમાં ઘૂઘવતાં હોય ઘોડાપૂર

કોઈ તડકામાં જીવને ઝબોળે છે

એક પછી એક આવે મોજાં હજાર
જે માછલીને જાય ક્યાંય તાણી
એક પછી એક ખરે પાંદડાં પચાસ
જે ધમરોળે મૂળસોતાં પાણી

કોઈ હવામાં હાથ ખાલી બોળે છે

ત્રણ

કોઈ પડછાયો ઝાકળમાં ઢોળે છે

પછી ફેલાતું ચારેકોર અંધારું અહીં
જાણે કાગળ પર ઢોળી હો શાહી
પછી ક ખ ગ અ આ ઇ ઊકલશે નહીં
જાણે ભાષાનું નાખ્યું હો નાહી

કોઈ પાણીને કેવળ ડખોળે છે

હવે લાગે તરસ તો પીવું શું
એમ કોઈ પૂછે તો મૃગજળ દેખાડશું
હવે તડકામાં ઊભા શું કામ તમે
એમ કોઈ પૂછે તો પડછાયા પાડશું

કોઈ સૂરજમાં સપનાં રગદોળે છે

ચાર

કોઈ તડકામાં ઝાકળને ઢોળે નહીં

અહીં જંગલમાં હોય તેવો સન્નાટો છે
અને રણમાં હોય તેવો છે સૂનકાર
અહીં મધરાતે હોય તેવા ફફડાટો છે
અને છે બપ્પોરે હોય તેવો ચિત્કાર

કોઈ સાંજ ને સવાર ધમરોળે નહીં

અહીં અજવાળું બોલો તો અંધારું થાય
અને સાચું બોલો તે થાય ખોટું
અહીં જુદાં છે સાચાં ને ખોટાંનાં માપ
અહીં હૈયું નાનું ને મન મોટું

કોઈ જીવતરને તલભારે તોળે નહીં

બે કાવ્યો

☐ સુધીર દેસાઈ

આંખની અગાશીમાં

આંખની અગાશીમાં
આંટા મારતાં ગીતો
લચી પડ્યાં છે
ક્ષિતિજ ઉપર કેસરી પુષ્પો થઈને.

એમની સુગંધમાં ભીંજાએલ
કાળા મખમલી પવનમાં
ગણગણ્યાં કરે છે
લસરતાં લસરતાં.

સરકી પડેલા શબ્દોને
શોધવા નીકળી પડ્યા છે સૂરો
આગિયાઓ બનીને.
કાલે સવારે ઝાકળ બનીને
ફરી પહોંચી જશે ગીતો
આંખોની અગાશીમાં.

બાળકની જેમ ઊંઘી ગયું છે આકાશ

મારા તકિયા ઉપર માથું મૂકીને
અબ્બીહાલ જ ઊંઘી ગયું છે આકાશ
બાળકની જેમ
ભલે સૂઈ રહે થોડી વાર મારી પથારીમાં.

પણ મારો દેશ
અત્યારે જ જવાની તૈયારી કરી રહ્યો છે
નોહાના વહાણમાં બેસીને.

હમણાં જ ખબર આવ્યા છે કે
હરિકેન નામનું તોફાન
વહાણમાં બેસીને શાંતિથી આવીને
પગથિયાં ચડી રહ્યું છે
મારા મકાનના પાછળના બારણા પાસે ઊતરીને.
આકાશ સૂઈ રહ્યું છે મારા તકિયા ઉપર
માથું મૂકીને.
ઢીંગલાની જેમ હું આકાશની જોડે સૂતો સૂતો
જોઉં છું સાંભળું છું
પણ ઢીંગલાની જેમ જ.

બે ગઝલ

☐ આબિદ ભટ્ટ

ભીતરે કરને નજર ક્યાં દૂર છે,
ચીજમાં પ્રત્યેક, રબનું નૂર છે!

તું મહાસાગર કૃપાનો હે કરીમ,
બુંદ ના પામ્યો બશર મગરૂર છે!

ખીણ હો ત્યાં પ્હાડને ઊભા કરે,
આટલી ક્યાં કોઈની મગદૂર છે!

સો ગુનાહો પણ નજર અંદાજ છે,
મેઘ વરસાવે અજબ દસ્તૂર છે.

લાખ જાહેરાત અમને જોઈએ,
દશ્યમાં ક્યાં છે! છતાં મશહૂર છે.

હર નજરમાં પ્રેમ હો, નફરત નહીં,
બસ, કહી દે કે દુવા મંજૂર છે.

એક મીરા નામની સરિતા સબબ,
દેખ દરિયો સાવ ગાંડોતૂર છે!

જિંદગીભર વિધાન જાગે છે,
ભીતરે જો સુકાન જાગે છે!

કોઈ આરો નથી ઊગરવાનો,
નાવમાં જો તુફાન જાગે છે!

લોક છે દાવપેચ રમવામાં,
સરહદે તો જવાન જાગે છે!

તું કબરમાં ભલે ગયો પોઢી,
તેં કરેલું પ્રદાન જાગે છે!

પાઘ પરિવારની રહે રક્ષિત,
એ સબબ ખાનદાન જાગે છે!

કેમ હું વિસ્મરી શકું ઘટના?
કે હજી એહસાન જાગે છે!

સ્વસ્થ હો કે અપંગ, પણ માતા,
બેઉ માટે સમાન જાગે છે!

ગઝલ

☐ ધ્વનિલ પારેખ

મારી તમામ વાતને તું અવગણી શકે,
મનમાં ને મનમાં કેટલી ભીંતો ચણી શકે.

તાજા જખમ સ્મરણ બને પહેલાં, ખણી શકે,
એ રીતે સઘળી લાગણીઓને હણી શકે.

કેવળ જવાબદારીઓ સંબંધમાં નડી,
પૂરાં કરું હું સપનાં, તું ખાલી ગણી શકે.

ભુખાળવી નજરથી બચી જાય કઈ રીતે?
તું અશ્વ થઈને જોરથી જો હણહણી શકે!

બોદાપણાનો ભાર હજી ઊતર્યો નથી,
ક્યારેક તો સિતાર બની રણઝણી શકે.

ઊના થયેલ શ્વાસના સોગંદ છે છતાં
મારા શરીર રાગને તું અવગણી શકે.

કદર નથી હોતી...

☐ દિવ્યા રાજેશ મોદી

મંઝિલોની ખબર નથી હોતી,
એને માટે સફર નથી હોતી!

આંખ તો હોય છે બધા પાસે,
સૌની પાસે નજર નથી હોતી!

હા, અસર વધતી-ઓછી હોવાની;
લાગણી બેઅસર નથી હોતી!

લે, તને આખેઆખું દિલ આપ્યું;
પ્રેમમાં કરકસર નથી હોતી!

એક બાજુ સદા સમર્પણ ને
બીજી બાજુ કદર નથી હોતી!

મેં જે સુખની બનાવી છે સૂચિ,
પૂરી તારા વગર નથી હોતી!

"ઓ પુરુષ..."

☐ રાધિકા પટેલ

ઓ પુરુષ...
તારા સામર્થ્યથી પરિચિત છું હું,
થથરે છે આખું જંગલ;
તારી પહોંચ-છેક સીમાડા સુધી.
પણ, જરા મારી પાંખો સામે પણ જો;
એનો વિસ્તાર, જંગલથી પણ આગળ છે.!
ચતુર કાગડાએ મને આપેલું મોતી
મેં સાચવી રાખ્યું છે;
એ હું તને ક્યારેય નહિ આપું...!
જરા ધ્યાનથી જો મારી આંખમાં;
મારી બુદ્ધિ મારી પાનીમાં નથી,
લખ... શાસ્ત્રો-
નવેસરથી.
એના થકી જ ઊખડી ગઈ છે-
મારા પગની બેડી;
હવે, તું સાંભળ્યા કર પડઘા-
તારા ક્રોધના.
તારા મનોરંજન અર્થે હવે નથી બચી-કોઈ
મેનકા, રંભા કે ઉર્વશી...
એ બધીએ ભેગા મળી નવી રોજગારી ઊભી
કરી લીધી છે;
હવે, તારા પગ તું જાતે જ દબાવી લેજે
અને... પણ.
તો,
તું
મારા રસ્તા પરથી
તારી પથારી
હટાવી દે...!

હે પ્રિય પુરુષ,
તારું સ્વર્ગ મારાં ચરણમાં નથી;
મેં મારા ખોળામાં એને અકબંધ રાખ્યું છે.
યોનિમાર્ગના ટૂંકે રસ્તેથી નહિ આવતો-મને મળવા,
હું તને ત્યાં નહિ મળું...!
મારા ગમા-અણગમાને ધ્યાનથી સાંભળ પ્રથમ;
પછી, હું મૂકી દઉં-
મારું સૌંદર્ય-તારી બે હથેળીમાં...
ને યૌવનને તારી મૂછો પર.
અર્ધનારીશ્વરની પરિકલ્પના જૂની થઈ ગઈ;
હવે, નથી એવી કોઈ શક્યતા.
જુદી-જુદી દિશામાં ફેંકાયેલા બે-ફાડા,
પૂર્વવત્ ના થઈ શકે;
ચાલ, રાંધીએ એમાંથી સ્વાદિષ્ટ ખીચડી...
માંડીએ વાર્તા ચકા-ચકીની.
શીખી લઈએ સાલસા નૃત્ય..!!
તું રોટલી ખાઈ-ખાઈ થાકી ગયો છે;
મને ખબર છે તને બ્રેડ પસંદ છે..
પણ, તારા સ્વાસ્થ્યનો ખ્યાલ રાખજે... પ્રિય
એમ તો, હું પણ ખાઈ લઉં છું;
ખાટીમીઠી કેરી-પેલા આંબેથી
ચોરીને.
હું નથી કોઈ શબરી,
કે તું નથી રામ...
બોર સાથે જ ચાખીચાખીને જુદાં તારવીએ-
આપણાં સંતાન માટે.
પેટનો ખાડો અખંડ છે;
ચાલ, જોતરી લઈએ પૃથ્વીને-આ ખભા પર,
બંને.


ગીત

□ ભરત ખેની

ચાંદાનાં અજવાળાં આંખ્યુંમાં આંજ્યાં ત્યાં શમણાંઓ ફાટફાટ જાગ્યાં.
        ગોરમાની પાસે મેં રાત' દિ એક કરી કેસરિયા પિયુજીને માગ્યા.

ખોવાણી રાત આખી એના અણસારમાં તો
                        પાંપણ પર ઊગ્યા ઉજાગરા.
ચાખવા ને સૂંઘવામાં એવી તો અટવાણી કે
                        રહ્યા ન શ્વાસો કહ્યાગરા.
અષાઢી નેવાંની જેમ જ એ ટપક્યા ને અલૂણા અપાહ મારા ભાંગ્યા.
        ગોરમાની પાસે મેં રાત' દિ એક કરી કેસરિયા પિયુજીને માગ્યા.

સાતમથી સાત ધાન છાબડીમાં વાવ્યાં
                        અને હૈયામાં ઊગ્યા જુવારા.
આંગળીઓ પાંચ મારી કંકુમાં ઓળઘોળ,
                        અદકા આ ઓરતા કુંવારા.
ગુંજે શરણાઈ મારા મનડા મોઝાર અને જાંગીડા ઢોલ કાંઈ વાગ્યા.
ગોરમાની પાસે મેં રાત' દિ એક કરી કેસરિયા પિયુજીને માગ્યા.



સ્મૃતિનો વિકાસ

□ ભાણદેવ

1. ભૂમિકા

સામાન્ય માન્યતા એવી છે કે સ્મૃતિ, બુદ્ધિ આદિ માનસિક શક્તિઓ તો જે હોય તે હોય, તેમાં પરિવર્તન કે વિકાસ ન થઈ શકે. આપણે એમ માની લીધું છે કે જેમની સ્મૃતિ ઓછી હોય તેમની સ્મૃતિ તે પ્રમાણે ઓછી જ રહેશે. ઓછી બુદ્ધિ, સામાન્ય બુદ્ધિ, તીવ્ર બુદ્ધિ આ પ્રમાણે જે વ્યક્તિમાં જેટલી બુદ્ધિ હોય તે નિશ્ચિત છે. તેમાં ખાસ ફેરફાર ન થઈ શકે તેવી એક માન્યતા આપણા મનમાં ઘર કરી ગઈ છે.

હવે આ સત્યનો વૈજ્ઞાનિક ધોરણે સ્વીકાર થવા માંડ્યો છે કે સ્મૃતિ, બુદ્ધિ આદિ માનસિક શક્તિઓનો વિકાસ શક્ય છે. ઓછી સ્મૃતિવાળા માનવી જીવનભર ઓછી સ્મૃતિવાળા જ રહેવા બંધાયેલા નથી જ! આપણે અહીં એ જોઈએ કે સ્મૃતિનો વિકાસ કઈ રીતે કરી શકાય.

2. સ્મૃતિ એટલે શું?

મનોવિજ્ઞાનમાં સ્મૃતિની અનેક વ્યાખ્યાઓ આપવામાં આવે છે. આપણે અહીં સ્મૃતિનો સરળ અર્થ, સરળ ભાષામાં સમજીએ.

આપણે વાંચીએ, જોઈએ, સાંભળીએ કે વિચારીએ તો સર્વ આપણા મનમાં સંગ્રહિત થાય છે. જ્યારે જરૂર પડે ત્યારે આપણે તેમને યાદ કરીએ છીએ. આ સમગ્ર પ્રક્રિયાને 'સ્મૃતિ' કહેવામાં આવે છે. આ વાંચેલું, જોયેલું, સાંભળેલું કે વિચારેલું આપણા મનમાં યથાર્થ સ્વરૂપ સંગ્રહિત થાય અને જરૂર પડે ત્યારે સારી રીતે, સારા પ્રમાણમાં અને સરળતાથી યાદ કરી શકીએ તો સ્મૃતિ સારી છે, તેમ ગણાય છે અને તેમ ન થઈ શકે તો સ્મૃતિ નબળી છે, તેમ ગણાય છે.

3. સ્મૃતિનો વિકાસઃ

જ્યારે આપણે એમ કહીએ કે સ્મૃતિનો વિકાસ શક્ય છે, ત્યારે સ્મૃતિના વિકાસ માટેના ઉપાયો બતાવવાની આપણી જવાબદારી થાય છે. તદનુસાર અહીં સ્મૃતિવિકાસના ઉપાયો પ્રસ્તુત છે.

(1) શ્રદ્ધાઃ

મારી સ્મૃતિ નબળી છે, મને યાદ રહેતું નથી. આ સ્વરૂપની ધારણા મનમાં દૃઢ થઈ ગઈ હોય તો આ ધારણા પણ સ્મૃતિ વિકાસમાં બાધારૂપ બને છે મારી સ્મૃતિ સારી છે, મને બરાબર યાદ રહે છે - આ પ્રકારની શ્રદ્ધા, આ પ્રકારની ધારણા સ્મૃતિવિકાસમાં સહાયક પરિબળ બની શકે છે. મારાથી આ નહીં થઈ શકે - આ મનોભાવના આપણી ક્ષમતાને હણી નાખે છે. મારાથી આ થઈ શકશે - આવી શ્રદ્ધા આપણી ક્ષમતાને વિકસાવે છે.

તદનુસાર મને યાદ નથી રહેતું, મારી સ્મૃતિ સારી નથી - એ ધારણાનો ત્યાગ કરો અને દૃઢતાપૂર્વક, શ્રદ્ધાપૂર્વક માનો અને કહો મારી સ્મૃતિ સારી છે, મને યાદ રહે છે.

(2) પ્રાણાયામઃ

પ્રાણાયામનો અભ્યાસ સ્મૃતિવિકાસમાં કઈ રીતે ઉપયોગી થઈ શકે છે?

(i) પ્રાણાયામના અભ્યાસથી પ્રાણશક્તિનો વિકાસ થાય છે. પ્રાણશક્તિ સમર્થ બને એટલે સ્મૃતિનો વિકાસ થાય જ, કારણ કે બળવાન અને તંદુરસ્ત પ્રાણ શરીર અને મન બંનેને બળવાન અને તંદુરસ્ત બનાવે છે. મન બળવાન અને તંદુરસ્ત બને એટલે સ્મૃતિનો વિકાસ થાય જ.

(ii) પ્રાણાયામના અભ્યાસના ફળકથન વિશે યોગસૂત્રમાં કહેવાયું છે-

धारणासु च योग्यता मनसः।

– योगसूत्र, २–५३

''(પ્રાણાયામના અભ્યાસથી) મનની ધારણા કરવાની યોગ્યતા વધે છે.''

ધારણા એટલે મનની એકાગ્ર

થવાની શક્તિ. મનની એકાગ્રતા વધે એટલે સ્મૃતિનો વિકાસ થાય જ, આ સ્પષ્ટ જ છે, કારણ કે ધારણા, આ સ્મૃતિની પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે.

વળી યોગસૂત્રમાં ભગવાન પતંજલિ કહે છે-

ततः क्षीयते प्रकाशवरणम्

– योगसूत्र, २–५२

''(પ્રાણાયામના અભ્યાસથી) પ્રકાશના આવરણનો ક્ષય થાય છે.''

માનવચિત્તમાં પ્રકાશ તો છે જ, પરંતુ તેના પર અનેકવિધ આવરણો પણ હોય છે. આ આવરણો દૂર થાય તો માનવચિત્તની અનેકવિધ શક્તિઓ પ્રગટ થાય છે, વિકસિત પણ થાય છે. આમ બને એટલે સ્મૃતિનો વિકાસ પણ થાય જ છે.

(3) ચિત્તશુદ્ધિઃ

ચિત્તની અશુદ્ધિઓ સ્મૃતિમાં બાધારૂપ બને છે, વિશુદ્ધ ચિત્તવાન વ્યક્તિની સ્મૃતિ ઉત્તમ હોય છે અને અશુદ્ધ ચિત્તવાન વ્યક્તિની સ્મૃતિ નબળી હોય છે. તદનુસાર ચિત્તશુદ્ધ સ્મૃતિવિકાસ માટે એક મૂલ્યવાન સહાયક પરિબળ બની શકે તેમ છે.

હવે પ્રશ્ન છે ચિત્તશુદ્ધિ થાય કેવી રીતે?

(i) ધ્યાન

(ii) જપ

(iii) પ્રાણાયામ

(iv) અવધાન - જાગૃતિ

(4) એકાગ્રતાઃ

વાંચન, શ્રવણ, દર્શન, વિચાર આદિ પ્રક્રિયાઓ સ્મૃતિનો પાયો છે. આ પ્રક્રિયાઓ દરમિયાન વ્યક્તિ એકાગ્ર હોય તો મનમાં તેમની અવસ્થિતિ વધુ સારી રીતે થાય છે. અને આમ સ્મૃતિ વધુ સારી રીતે સિદ્ધ થાય છે.

આપણી વાંચન આદિ ક્રિયાઓ વખતે મન વિખરાયેલું હોય તો મનમાં તેમનું અંકન બરાબર થતું નથી અને તેમ થાય તો સ્મૃતિ નબળી રહે જ છે. તેથી ઊલટું વાંચન આદિ ક્રિયાઓમાં મન એકાગ્ર હોય તો અંકન વધુ દૃઢ અને સ્પષ્ટ થાય છે, પરિણામે સ્મૃતિ વધુ કાર્યક્ષમ બને છે.

આમ એકાગ્રતા પણ સ્મૃતિવિકાસમાં એક મૂલ્યવાન પરિબળ છે.

(5) રસઃ

એક વેપારીને પોતાની દુકાનની હજારો વસ્તુઓની ખરીદ કિંમત, વેચાણ કિંમત, નફો, ભાવતાલ કરતાં કરતાં ક્યાં સુધી પહોંચવું - આ બધું જ બરાબર યાદ રહે છે. તેમને સંસ્કૃતના પાંચ શ્લોકો યાદ કરવાનું કહેવામાં આવે તો તેઓ કરી શકશે? ના! આમ થવાનું કારણ શું છે? કારણ છે - રસ! વેપારીને પોતાના વેપારમાં રસ છે, તેથી તત્ સંબંધી બધી જ હકીકતો સારી રીતે યાદ રાખી શકે છે, અને સંસ્કૃતના શ્લોકો તેમના રસક્ષેત્રની બહાર છે.

આમ 'રસ' પણ સ્મૃતિનો વિકાસ સિદ્ધ કરવા માટે મૂલ્યવાન પરિબળ છે.

વાંચન, દર્શન, શ્રવણ, વિચારણા આદિ પ્રક્રિયાઓ રસપૂર્વક થાય તો વસ્તુ સારી રીતે, સારા પ્રમાણમાં યાદ રાખી શકાશે.

માટે સ્મૃતિની પ્રક્રિયામાં રસને જોડો, સ્મૃતિ સારી બનશે જ!

(6) સમજ:

જે સમજીને થાય તે સરળતાથી યાદ રહે છે અને જે સમજ્યા વિના થાય તે યાદ રાખવાનું મુશ્કેલ બને છે - આ એક સર્વસંમત વિધાન છે.

તદનુસાર વાંચન, શ્રવણ, દર્શન, વિચારણા આદિ પ્રક્રિયાઓ સમજપૂર્વક કરવામાં આવે તો તદંતર્ગત વસ્તુ સારી રીતે અને સરળતાથી યાદ રાખી શકાય છે.

માટે તમારી સ્મૃતિ પ્રક્રિયાઓમાં સમજને જોડી દો, તમારી સ્મૃતિ વિકસિત બનશે અને સરળ તથા વધુ સક્ષમ બનશે.

(7) આવર્તન:

કોઈ પણ લખાણ, પ્રસંગ, વિચાર માત્ર એક આવર્તનથી યાદ ન રહે તો શું કરવું? તેનો ઉપાય છે - વારંવાર આવર્તનો કરવાં, વેદના મંત્રો કે ગીતાના શ્લોકો માત્ર એક વાર વાંચન કે શ્રવણથી યાદ ન રહે તો ઉપાય છે - વારંવાર આવર્તનો કરવાં.

વિદ્યાર્થી પોતાના અભ્યાસનાં પુસ્તકો વારંવાર વાંચે તો જ આત્મસાત્ કરી શકે છે. આમ સ્મૃતિના વિકાસ અને દઢતા માટે આવર્તન પણ એક ઉપાય છે.

(8) સ્મૃતિવિકાસનો અભ્યાસ:

જેમ વ્યાયામ કરવાથી શરીરના સ્નાયુઓ, અંગો આદિનો વિકાસ સિદ્ધ કરી શકાય છે, તેમ અભ્યાસથી સ્મૃતિનો વિકાસ સિદ્ધ કરી શકાય છે.

શ્લોકો યાદ રાખવાનો અભ્યાસ, શબ્દો યાદ રાખવાનો અભ્યાસ, આંકડા યાદ રાખવાનો અભ્યાસ, વિચારો યાદ રાખવાનો અભ્યાસ, નામો યાદ રાખવાનો અભ્યાસ - આ પ્રકારના અભ્યાસથી સ્મૃતિનો વિકાસ સિદ્ધ કરી શકાય છે.

જો સ્નાયુઓનો વિકાસ સિદ્ધ કરી શકાય તો સ્મૃતિનો વિકાસ કેમ સિદ્ધ ન કરી શકાય?

આ પ્રકારના અભ્યાસમાં પ્રગતિ થવાથી સ્મૃતિ વિષયક આત્મવિશ્વાસ પણ વધે છે અને આ આત્મવિશ્વાસ પણ સ્મૃતિ વિકાસ માટે મૂલ્યવાન પરિબળ સિદ્ધ થાય છે.

(9) ખોરાક અને ઔષધ:

સ્મૃતિ એક મનોમય શક્તિ છે. આમ છતાં મગજ સ્મૃતિનું અધિષ્ઠાન છે. તેથી મગજ સ્વસ્થ અને કાર્યક્ષમ હોય તે સ્મૃતિ માટે આવશ્યક છે. મગજ શરીરનું અંગ છે અને ખોરાક-ઔષધની અસર મગજનાં સ્વાસ્થ્ય અને ક્ષમતા

પર થાય છે. આમ હોવાથી ખોરાક અને ઔષધિઓની અસર સ્મૃતિ પર થાય, તે સ્વાભાવિક છે.

અભ્યાસ પરથી સિદ્ધ થયું છે કે નાનાં બાળકો કુપોષણનો ભોગ બને તો તેની સ્મૃતિ નબળી રહે છે. તેનો ઉપાય શો? તેમને પોષણ મળે તેવો ખોરાક મળવો જોઈએ.

વૃદ્ધાવસ્થામાં સ્મૃતિ ઓછી થાય છે, આ તો સર્વવિદિત હકીકત છે. આમ થવાનું કારણ એ છે કે વૃદ્ધાવસ્થામાં મગજના કોષોમાં ઘસારો આવે છે. મગજમાં આવતા આ ઘસારાને કારણે સ્મૃતિ નબળી પડે છે.

ઉપાય શો?

ખોરાક -

1. ગાયનું દૂધ
2. ગાયનું ઘી

ઔષધિઓ -

1. શંખપુષ્પી સિરપ
2. બ્રાહ્મી
3. જ્યોતિષ્મતી
4. સ્મૃતિ સાગર રસ

નોંધ - ખોરાક અને ઔષધિઓનો આ પ્રયોગ જાણકાર વૈદ્યની સલાહ પ્રમાણે જ કરવો.

સમાપન :

માનવજીવન એક વિકાસશીલ ઘટના છે. અહીં કશું પણ કાયમી ધોરણે સ્થિર નથી, પથ્થર પણ નહીં. જીવનનું આ વિકાસમાન સ્વરૂપ જ માનવજીવનનું ગૌરવ છે. ઉત્ક્રાંતિનો આ જ અર્થ છે.

સ્મૃતિ, બુદ્ધિ, કલ્પનાશક્તિ, સર્જનશક્તિ, સંવેદનશીલતા, કળા, સમજ, સ્નેહ-આ અને આવાં અગણિત તત્ત્વો જીવનમાં છે. જીવન જ વિકાસમાન છે, તો જીવનની અંતર્ગત સર્વ તત્ત્વો વિકાસમાન કેમ ન હોય?

મારા બંધુ! મારામાં આ નથી, તેમ ન કહેશો. મારામાં તે વિકાસ પામે તે ઘટના બાકી છે, એમ કહેજો.

To live is to grow and to grow is to grow in conciousness.

''જીવવું એટલે વિકસવું અને વિકસવું એટલે ચેતનામાં વિકસવું.''

❑❑❑

''તમે ભૂતકાળમાં જઈને શરૂઆત બદલી શકતા નથી પણ છીએ ત્યાંથી પ્રયત્ન કરીને આપણો અંત જરૂર બદલી શકીએ છીએ.''

* * *

માણસો ભાગ્યે જ મગજનો ઉપયોગ કરે છે. પણ એમને કહેવામાં આવે કે મગજ એક એલિકેશન એટલે કે 'એપ' છે તો બધા એનો ઉપયોગ કરવાનું શરૂ કરી દેશે.



બાષ્ફ

□ મેધા ત્રિવેદી

'હવે યાદ નથી રહેતું, ભૂલી જવાય છે.' દિવસમાં કેટલીયે વાર આ વાક્ય તેઓ સ્વગત બબડતા. પાછા પોતાની જાતને ટપારતા પણ ખરા, 'આ મનનુંય કેવું હેં, જે યાદ રાખવું હોય એ તો બરાબર યાદ રાખી લે અને જે છૂટી જવાનું હોય એને ભૂલતું જાય.' તેમની વાત સાચી હતી. દીવાનખંડની વચ્ચે આવીને તેઓ ઊભા રહી ગયા. શું કામ તેઓ દીવાનખંડ સુધી આવ્યા હતા અને શું લેવાનું હતું તે જ તેમને યાદ નહોતું આવતું. ચાર કે પાંચ સેકન્ડ તેઓ એમ જ ઊભા રહ્યા અમસ્તા જ. દીવાનખંડનાં સોફા અને ડાઇનિંગ ટેબલ પર ચઢી ગયેલી ધૂળને તેઓ જોતા રહ્યા. ફર્નિચર પર લાગી ગયેલી ધૂળને ખંખેરી સાફ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો. હા, યાદ આવ્યું, તેમને એક પુસ્તક જોઈતું

હતું, પણ કયું? પાછા તેઓ વિમાસણમાં પડ્યા. તેના લેખક કે પુસ્તકનું નામ યાદ આવતું નહોતું. એમનું મન એમની સાથે છૂપાછૂપી રમી રહ્યું હતું. પુસ્તકની સાઈઝ, મુખપૃષ્ઠની છબી, રંગ અને પાનાં વચ્ચેનો તેમને જોઈતો રેફરન્સ બરાબર ઝિલાતો હતો. વળી પુસ્તકમાં દોરાયેલ ભૂસ્તર ખંડનાં ચિત્ર, એના લીધે નદીએ બદલેલું વહેણ, સુકાતું તળિયું વગેરે સ્પષ્ટ થતું હતું, પણ શબ્દો, શબ્દો ખો આપી ચાલ્યા જતા હતા. ઘણી વાર આવું બનતું. કોઈ ઓળખીતો ચહેરો જોતાં ક્યાંક જોયાનું યાદ આવી જતું, પરંતુ નામ અને કેવા સંજોગોમાં મળ્યા હતા એ બિલકુલ ભુલાઈ જતું. સામેનો તેમને યાદ કરાવે ત્યારે આંખોમાં ચમક સાથે જોયા કરતા, પછી અચાનક એ પ્રસંગ, નામ તાદશ્ય થઈ જતાં અને તેઓ હસી પડતા- 'હવે યાદ નથી રહેતું', બબડીને વાતે વળગતા.

તેઓ દીવાનખંડમાં મૂકેલા કબાટ તરફ ફર્યા. કબાટનો દરવાજો ખોલ્યો. જાતજાતની વસ્તુઓથી ભરેલા કબાટમાંથી તેમને જોઈતું પુસ્તક મેળવવું એ મુશ્કેલ કાર્ય અત્યારે નહીં જ થઈ શકે તોય એક નજર નાખી લેવા તેમણે આંખે હાથ મૂક્યો, ચશ્માં, ચશ્માં ક્યાં.... ક્યાં મૂકી દીધાં ચશ્માં? દાક્તરે કહ્યું હતું, કશું ના જડે ત્યારે પહેલેથી યાદ કરવું. પહેલેથી એટલે કેટલું પહેલેથી આવો પ્રશ્ન તેઓ દાક્તરને પૂછી શક્યા નહોતા. આવી નાની નાની મુશ્કેલીઓ તેમને દિવસભર પજવતી રહેતી. એક ડાયરી રાખવી જોઈએ અને નિયમિતપણે એમાં કઈ વસ્તુ ક્યાં મૂકી છે તેની નોંધ ટપકાવવી જોઈએ. એ વિચાર તેમણે હોંશે હોંશે અમલમાં મૂક્યો હતો, તેમાં લાઈનસર નોંધો લખીય નાખી પછી એક દિવસ ડાયરી તેમની યાદદાસ્તમાંથી ગાયબ થઈ ગઈ. ઘરમાં હતા એટલાં ડ્રોઅર, કબાટો ફંફોસ્યાં ત્યારે બેત્રણ દિવસે ડાયરી હાથ લાગી. જો કે એ રહી ગયેલા દિવસોનો હિસાબ કોરો રહી ગયો.

તેમણે યાદ કરવા માંડ્યું. સવારે ઊઠ્યા એવી તરત એમને ગોળીઓ લેવાની હતી. એમણે ટેબલ પર પડેલાં ચશ્માં પહેર્યાં. દવાના બોક્સમાંથી દવાનું નામ વાંચી પીચરક તોડ્યું, ગોળીને ટેબલ પર મૂકી, બાજુમાં મૂકેલો પાણીનો જગ એક હાથમાં અને બીજા હાથમાં પવાલું પકડ્યું. જગમાંથી પાણી રેડવા જગને ઊંધો કર્યો. પાણી ખલાસ થઈ ગયું હતું. તેઓ ઊભા થયા અને રસોડા તરફ ગયા. પાણિયારે મૂકેલા માટલાનો નળ ખોલ્યો. આખી રાત માટલાનાં પાણીએ ઝમી, ઝમી પાણિયારાને ચીકણું કરી મૂક્યું હતું. પત્ની, જેવો આબોહવામાં ઘામ વધતો કે નવા માટલાની રટણા શરૂ કરી દેતી. ચીકણી લીસ્સી માટીમાંથી બનેલું હોવું જોઈએ. કાંઠલો મજબૂત, બહાર ઘેરો ગેરુ રંગ ચઢેલો હોય અને અંદરના ભાગને અડતાં જરાક

કરકરો સ્પર્શ, જેથી લીલ ના જામે. આવું ટકોરાબંધ માટલું લાવવા તેઓ બજારે પહોંચી જતા. નવાઈ લાગતી તેમને. ઘેલી નહીં તો, જમાનો બદલાયો. ધસમસતા પૂરની જેમ તેમનામાંથી વરસો જોત જોતામાં પસાર થઈ ગયાં, પાણિયારાં જતાં દિવસોનાં સંભારણાં થઈને રહી ગયાં. તોય આ..ઠીક, કહીને ઊભા રહી ગયા બજાર વચ્ચોવચ, કાળુ કુંભારના નીંભાડા પાસે. આખી બજારમાં આ એક જ પાણીના ઘડા બનાવનાર કુંભાર રહી ગયો હતો. આ બાજુનો તો નહોતો, પણ પ્રદેશને, શહેરને પોતાના કરી લીધા હતા. તેમણે પાકો ગેરુ રંગ ચઢેલા તાજા માટલાનો ઓર્ડર કાળુ કુંભારને આપી, કાલે લઈ જશેની તાકીદ કરી ઘરે આવ્યા હતા. બીજા દિવસે નવા આવેલા મહેમાનની જેમ પત્નીએ માટલાને પાણિયારે ચઢાવી વધાવ્યું. તેઓ હસી પડ્યા- 'લે આવું તો કોઈ કરતું હશે! તેં તો નવો રિવાજ શોધી કાઢ્યો.' પત્નીએ ચૂપ રહેવાનું કહી, માટલામાંથી તાજું ભરેલું પાણી પવાલામાં રેડી સામે ધરી દીધું. માટલાની તાજી માટી રોમ-રોમમાં ફરી વળી. આખું ઘર નવી માટીની ફોરમથી સુગંધિત થઈ ઊઠ્યું. કોઠો ટાઢો થઈ ગયો. પત્ની તરફ જોઈ તેમના મોઢામાંથી હાશ નીકળી ગયું.

તેમણે રંગ ઊતરી ગયેલા માટલા પર પ્રેમથી હાથ મૂક્યો. માટલાની ચકલી ખોલી પવાલું ધર્યું. પોણું ભરાયું કે ચકલી બંધ કરી. બેડરૂમમાં આવી બેડ પર બેઠા. એકસામટી ગોળીઓ મોઢામાં ઓરી સ્વાદ વિનાનું પાણી ગટગટાવી ગયા. પરવારવું જોઈએ એટલે સવારનું કામકાજ પતાવ્યું. હવે તેઓ દીવાનખંડની વચ્ચે ઊભા હતા. ચશ્માં કદાચ બાથરૂમમાં, કદાચ ભગવાનના મંદિર પાસે, કદાચ ટેબલ પર, કદાચ કોઈ પુસ્તકની વચ્ચે, કદાચ દીવાનખંડમાં જ ક્યાંક. ચશ્માં વિનાના તે, ધૂંધળી આંખોથી આવી રહેલા ભવિષ્યનું પરિણામ જાણવા એક જ બિંદુ પર સ્થિર થઈ ગયા. ઓરડો ભરાતો જાય છે. જેમની અપેક્ષા ક્યારેય નહોતી તેય આવ્યા છે. એમના ખરખરામાં તેમનાં ચશ્માં તેની બંને દાંડીઓની પલાંઠી મારી આવેલાઓ સાથે ભળી ગયાં છે. સ્ટૂલ પર તેમના ફોટા પર ચંદનહાર કોઈકે લાવીને ચઢાવ્યો છે. જગ્યા કરવી પડશે-અલ્યા હાઈટ પ્રમાણે જગ્યા કરો. એમનાં ચશ્માં વચ્ચે ટપકીને સૂચના આપે છે અને ફૂલોનો ટોપલો લાવ્યા છો? ના લાવ્યા હોય તો ઓર્ડર અબઘડી આપો. તેમને ગમતાં હતાં ફૂલો, જૂઈ, ચંપો, મોગરો અને અધધ ફુવારાઓ પર પડતો રંગીન લાઈટોનો ધોધ, એ રંગીનિયતને સહેલાવતા, રખેને ઊડી જાય, એટલે હાથનો ખોળો કરી પતંગિયાની જેમ સાચવીને લઈ આવતા ઘરે. એ દિવસે તેમને પત્નીની બનાવેલી રસોઈ અમૃત લાગતી. જમીને તેઓ

બેડરૂમના હીંચકા પર બેસી ગલોફામાં સોપારીના ટુકડાને સામે બેઠેલી પત્નીને જોતાં જોતાં મમળાવતાં હોઠે ચઢેલું ગીત ગણગણવા માંડતા. પત્ની હસી પડતી- 'ધત્ત શોભો છો, હવે આ ઉંમરે.'

-'તું નથી. હવે અમે છીએ, તારે એક જગ્યાએ બેસવાનું છે, વચ્ચે ટકટકારો નહીં.' ગોઠવણી કરનારે ચશ્માંને ટપાર્યાં. ચશ્માં ડાહ્યાં થઈને લોકોની વાતોમાં હુંકારો ભરવા લાગ્યા. -'સારા માણસ હતા નહીં. પણ ઉંમર ઉંમરનું કામ તો કરે જને. -હા, ચશ્માંએ સાદ પુરાવ્યો. -'નિસ્વાર્થભાવે જ્ઞાતિનું કામ સંભાળતા -મહેનતું, બીજું શું?' વળી ચશ્માંએ હોંકારો દીધો. -'જ્ઞાતિએ કંઈ કરવું જોઈએ.' -એટલે શું? -'એટલે કે'- પેલાએ વાક્ય અધૂરું છોડ્યું. ચશ્માંની આતુરતા વધી. વળી કોઈએ ટાપશી પૂરી -'જ્ઞાતિ પગાર તો ચૂકવતી, પરંતુ એટલામાં બધું આવી ના જાય અને તેની તેમને તમાય નહોતી. આખી જ્ઞાતિનું કામ સંભાળી લેતા.' -'હાસ્તો, જ્ઞાતિનો દાનમાં આવેલ રોકડનો હિસાબ, મંદિરનું સંચાલન, વરસે વિદ્યાર્થીઓને આપવામાં આવતા ચોપડા, નોટબુક, જ્ઞાતિના મેળાવડાઓનું ભોજનનું આયોજન એમના ભરોસે તો ચાલતું!' નવા આવનારે ટાપશી પુરાવી. -'તે મહાજનો વરસ પતે મેળાવડામાં પ્રમાણપત્રય આપતા જ હતાને! આવો માણસ આ જમાનામાં ના મળે.' હવે ચશ્માં તેની જગ્યાએથી જરાક ઊંચા થયાં. પ્રમાણપત્ર લેતાં તેમની આંખો, આગળ જ બેઠેલી પત્ની પર ટકી રહી હતી. પત્નીએ વગર જરૂરિયાતે સાડી ખભા પર બરાબર મૂકી. નાકે હાથ ફેરવ્યો અને ગાલે આંગળિયો મૂકી મરક મરક હસી. પોરસાતી પત્નીને જોઈ તેમને પોરો ચઢતો અને તેઓ વાળમાં હાથ ફેરવી લેતા. માથામાં કલગી ઊગી નીકળતી. ગળાનો સ્વર મીણની જેમ ઓગળ્યો હતો. -'પણ તેમની પત્નીના ગયા પછી હચમચી ગયા.' કોઈક ખૂણેથી બોલ્યું, 'સાવ લેવાઈ જ ગયા હતા એમ કહોને.' ચશ્માંના કાચ પર જરાક ઝાંખપ વળી. પાછા એ તેમની જગ્યા પર ઓઝપાઈને બેસી ગયા. ચશ્માંને બરાબર યાદ હતું. પત્નીના ગયા પછી મહાજનો ઘરે બેસવા આવ્યા હતા. -'તમારા વિના જરાય ચાલશે નહીં. જ્ઞાતિની દેખરેખમાં જીવ લાગશે તો દિવસો તો ચપટી વગાડતાં નીકળી જશે. આવવાનું જ છે. કશું કામ કરશો નહીં પણ આવવાનું તો છે જ. આવતા મેળાવડા પર માત્ર ધ્યાન જ રાખવાનું છે, બાકીનાં કામ માટે તો બીજા છે.' આટલું સંભાળી લેવું પડશેનો આગ્રહ કરીને મહાજનો ઊઠ્યા.

મહાજનોના ગયા પછી તેઓ બેડરૂમમાં ગયા. બરાબર બારીને અડીને બાંધેલા હીંચકાના સળિયાને પકડીને બેઠા. તેમણે બહાર નજર નાખી. બે ઊંચાં બિલ્ડિંગો વચ્ચેથી આડુંઅવળું

કપાઈને આવતું આકાશ ભૂખરું થવા લાગ્યું હતું. નાકની દાંડી પર આવી ગયેલાં ચશ્માંને તેમણે ઉતારી હાથમાં પકડ્યાં. ચશ્માંનું તારણ જુદું હતું અને તેમની આંખોની વિનવણી જુદી. -'રોકાઈ જા, ના જઈશ.' તેમણે પત્નીથી નીતર્યાં પાણીની પારદર્શકતા સંતાડતાં તેને કહ્યું હતું. 'તારા માટે તો થપાટો ખાઈ ખાઈને ઘસાઈને તૂટેલા પથ્થરની સુંવાળી રેતી પાથરી છે. એમાં એક સુકાતા જતા લાકડાનું ઠૂંઠું રોપ્યું છે. જેના પર બાંધેલા ત્રાજવામાં રોજ રોજ લીલું ચણ નાખું છું તોય...તોય તારું તો પલ્લુ નીચે ને નીચે ઢળતું જાય છે.' જતાં જતાં પત્નીએ વચન માગ્યું હતું- 'સાચવજો. મારા પ્રાણથી પ્યારાં છે આ નીતર્યાં જળ. ફરી આવીશ ત્યારે તોળીશ.' પરંતુ ચશ્માં ક્યાં માન્યાં હતાં. એને તો હમણાં ને હમણાં ત્રાજવાનાં સરખાં પ્રમાણ જોઈતાં હતાં. દાક્તરો, હોસ્પિટલ, દવાઓ, સલાઈનના બાટલા અને છેલ્લે લાઈફ સેવિંગ ડ્રગ્સ. તેમના હાથમાં પરસેવો વળી ગયો હતો. ફરી તેમણે તૂટેલા આકાશ તરફ જોયું. -શું કરતી હશે? ગમતું હશે ત્યાં? મારા વગર રહી શકતી હશે? કેટકેટલું કહેવાનું ભેગું થઈ ગયું હતું. -મહાજનોની વાત રાખવી તો જોઈએ... આમ તો ક્યાં સુધી... અને તેમણે ચશ્માં પહેરી લીધાં હતાં. હિંમત કરીને તેઓ મેળાવડામાં ગયા પણ હતા. જ્ઞાતિજનોથી ભરેલા હોલમાં તેમને શિલ્ડ આપવામાં આવવાનો હતો. તેમનું નામ જાહેર થયું. તેઓ તેમની જગ્યા પરથી ઊઠ્યા. સ્ટેજનાં પગથિયાં ચઢ્યા. મુખ્ય મહેમાને તેમને આવકાર્યા. શિલ્ડ લેવા હાથ લંબાયો એવી નજર આગલી હરોળમાં ગઈ. ત્યાં પત્ની નહોતી, તેના પાલવને સરખો કરવાનો ઠસ્સો નહોતો, હોઠ પર ગૌરવનું સ્મિત નહોતું. તો તેમના માથે કલગીયે ક્યાં ઊગી હતી. ઘડીક હાથ ધ્રૂજ્યા શિલ્ડ નીચે પડ્યો. તેઓ લેવાય ના રોકાયા. એ પછી કંઈ નહિ. નીતર્યું પાણી જડ બનીને ક્યાંય ધરબાઈ ગયું.


અચાનક તેમની નજર ડાઇનિંગ ટેબલ પર પડેલા ચશ્માંઘર પર પડી. તેમણે તે ખોલ્યું. ચશ્માં એમાં જ હતાં. -'પજવી લે તું, એક દિવસ આમ જ તને રઝળતાં મૂકીને હું મારા જ ઘરમાંથી હંમેશ માટે ચાલ્યો જઈશ ત્યારે તારું શું થશે?' બબડતાં તેમણે ચશ્માં પહેરી લીધાં.

ઉનાળાનો તડકો ઓસરતો જતો હતો. એની જગ્યાએ હવે ઘામ શરૂ થયો હતો. ક્યાંય એક પાંદડુંય હાલતું નહોતું. ઓરડાનો પંખો એક જ વર્તુળમાં ફરી ફરીને નકરી લૂ વેરી રહ્યો હતો. ઘર આખું વરાળો, વરાળો. સળગીયે ના શકતું કે ઓલવાતુંય નહીં એવા હજુય લીલા રહી ગયેલા લાકડાની ધૂણીથી તેમની આંખો ભરાવા લાગી. ધૂણી મદારીની ડુગડુગી પર ડોલતી છેક તેમની પાંસળીઓ, ત્યારબાદ તેમનાં ફેફસાં સુધી પહોંચી ગઈ. એમને શ્વાસ

લેવામાં તકલીફ પડવા લાગી. ખેંચી રાખેલો શ્વાસ અંદર ને અંદર ઘૂમરાવા લાગ્યો. તેમની ગૂંગળામણ વધી. હવે ઘરમાં રહેવાશે નહીં, બહાર નીકળી જવું પડશે. ઘર બંધ કરી તેઓ સડસડાટ રસ્તા પર આવી ગયા. રસ્તાની ભીડને ક્યાંક પહોંચવાની ઉતાવળ હતી, પરંતુ એમને... એમને ક્યાંય જવાનું ઠેકાણું દેખાતું નહોતું. ક્યાં જવું? તેઓ રસ્તાની બંને બાજુને જોવા લાગ્યા. કશું નક્કી ના થઈ શકતાં તેઓ મંદિર તરફ વળ્યા. મંદિરમાં ભગવાનનાં દર્શન કરનારા ભક્તોનો જમઘટ જામ્યો હતો. તહેવાર છે. યાદ નહોતું. વાર કે તારીખે યાદ નહોતાં. તેમણે ભક્તો સાથે જોડાવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમના માટે અહીં જગ્યા નહોતી. હરીફાઈ જામી હતી, સૌ પ્રથમ ઈશ્વર પાસે પહોંચી જવાની. લોકોના હડદોલા, ભીંસ અને ચાલવાની તસુભરની જગ્યા તેઓ પોતાના માટે કરી શકતા નહોતા. ત્યાં જ તેઓ રોકાઈ ગયા. અંદર ઘૂંટાતા શ્વાસને નિરાંતનો દમ લેવો હતો. પરંતુ અહીંયાં તો ઘામ વધી રહ્યો હતો. તેઓ મંદિરના ગર્ભ તરફ જવાને બદલે પાછળ ને પાછળ ધકેલાતા જતા હતા. બફારો વધતો જતો હતો. માંડ તેઓ પાછા રસ્તા પર ફેંકાયા. તેમનું મોઢું, જીભ, ગળું સુકાતું હતું. ક્યાંક નિરાંતે જઈને બેસવું હતું. તેમણે ચાલવા માંડ્યું. ત્યાં એમને કુંભારનો નીંભાડો દેખાયો. જરાક વાર માટીમાંથી બનતા ઘડાઓને જોવાની ઇચ્છા તેમને થઈ આવી. તેમણે લાકડાનો જૂનો તૂટું તૂટું થઈ ગયેલો દરવાજો ખોલ્યો. ત્યાં કાળુનું ઘર પણ હતું. તેઓ ઘર આગળ બાંધેલી કાચી ઓસરી પર જઈને બેઠા. સામે જ એક ખાડો ખોદેલો હતો તેમાં ઊતરેલી કાળુની પત્ની સાલ્લાને છેક ઊંચો ચઢાવી ખોદેલા ખાડામાં નાખેલી માટીમાં પાણી નાખી ગૂંદતી હતી. માટી કાદવ થતી જતી હતી. ગૂંદાયેલી અને લીસ્સી થયેલી માટીનો કાળુ ચાકડા પર ચઢાવવા પીંડ વાળી રહ્યો હતો. ગેરુ રંગ ચઢેલા પાકા ઘડા એક બાજુ સુકાતા જતા હતા. એક પછી એક ચાકડા પરથી ઊતરતા ઘડાને જોઈ એમને પત્નીની ઓછપ સતાવી ગઈ. દોષનો ટોપલો તે ઈશ્વર પર ઢોળી દેતાં તેમણે કેટલીયે વાર પત્નીને સાંભળી હતી. મનનું દુ:ખ અને પત્નીના ઢીંચણના વાના દુ:ખમાં કયું વધારે હતું તે તેઓ નક્કી કરી શકતા નહોતા. તેઓ હવે એકીટશે માટી ગૂંદતી કાળુની પત્નીને જોયા કરતા હતા. કાળુની પત્નીથી નહીં જ રહેવાયું હોય એટલે તેણે કાળુને ઉદ્દેશી જોરથી બૂમ પાડી –'બુઢ્ઢા દેખતા રહેતા હૈ.' અવાજની કાંકરી સીધી તેમની આંખમાં વાગી. કાળુ લીસ્સી માટીમાં રહી ગયેલી કાંકરી કાઢીને ફેંકી દેતો. તેમનાથી તે બની શક્યું નહીં. અગ્નિના તાપથી ભડ-ભડ સળગતા નીંભાડામાંથી લાકડું બળવાની તીવ્ર ગંધ અને લાલચોળ

થયેલી ઝાળ તેમને દઝાડી ગઈ. ચશ્માં કાઢીને તેમણે શર્ટના ખિસ્સામાં મૂક્યાં. એ ત્યાંથી ઊભા થયા, દરવાજાને પકડી ધીમે ધીમે બહાર આવ્યા. ઘર સુધી પહોંચતાં તો તેઓ હાંફી ગયા. આંખની કાંકરી ઓગળતી નહોતી. પાણી પીવાની તરસ હોવા છતાં તેઓ રસોડાના માટલા સુધી જઈ શક્યા નહીં. તેઓ બેડ પર બેસી ગયા. તેમના હાથપગ સાથે બંધાઈ ગયેલું જીવન તેમનામાંથી સરતું જતું હતું. ફર્શ પર તેઓ ઊંધા પટકાયા. ફફડતો જીવ કણસવા લાગ્યો. ગભરામણ વધવા લાગી. હાથ-પગને હલાવી છતા થવાની તેમની કોશિશ નકામી થઈને રહી ગઈ. તેઓ જાણે ઊંડા ને ઊંડા અંધારી ગર્તામાં ડૂબતા જતા હતા. ભેજનો ભાર વધતો જતો હતો. અંદર ને અંદર કશુંક વિલાતું હતું તો કશુંક બધાં બંધનો ફગાવી બહાર આવવા મથી રહ્યું હતું. આંખોમાં ઝાંખપ વધી રહી હતી. છેલ્લી ઘડીઓ તેમને વીંટળાતી જતી હતી. ઘર આખું અજાણ્યા ઓછાયાથી ભરાઈ ગયું. બાફ ઓછો થયો. તેમણે આકાશ તરફ જોયું. સહેજ વાર એક વાદળીએ તડકાને રૂંધી નાખ્યો. જરાક હવાની લહેરખી આવી. એવામાં ઝાડનાં પાંદડાં સહેજ હાલ્યાં. ઘૂમરાતો શ્વાસ એકદમ બહાર ધસી આવ્યો. તેમણે હળવી નિરાંત અનુભવી. હવાની એ લહેરખીમાં તેઓ તરવા લાગ્યા. દૂર સુધી. પછી બધું જ શાંત...

❑❑❑



લાલસિંહ માનસિંહ રાઓલ

માર્ચ ૧૯૨૫ - જુલાઈ ૨૦૧૯

☐ અશોક મશરૂ

તેમનું એક વાક્ય સ્મરું છું, ''અશોક, ૨૫ની ઉંમરે મને ટી.બી થયો. તે વેળા જીવલેણ હતો. હોસ્પિટલમાં રોકાઈ લાંબી સારવાર ચાલુ હતી ને રોગ માટે નવી દવા ઍંટિબાયોટિકની શોધ થઈ અને હું બચી ગયો. ત્યારથી મારું જીવન બોનસ જ છે.'' ગુજરાતના પ્રથમ પેઢીના અગ્રણી પક્ષીવિદ્ એવા

શ્રી લાલસિંહ રાઓલે તેમનું બોનસ જીવન દીપાવી સમગ્ર ગુજરાતમાં પ્રકૃતિ પરિચય, પર્યાવરણ સંરક્ષણ અને પક્ષીનિરીક્ષણના અહાલેકથી લોકોને પ્રકૃતિને ઓળખતા, પક્ષી નીરખતા, ચાહતા કરી જાગૃતિ આણી.

લાલસિંહદાદાને બાળપણમાં આકાશે વિહરતાં સમડી, ગીધ અને અન્ય પક્ષીઓના ટહુકાઓએ મુગ્ધ કર્યા હતા. ૨૪ની ઉંમરે 'કુમાર'માં આવતી વન્યજીવનની શ્રેણી વાંચતાં બાળપણનું કુતૂહલ ફરી જાગ્યું. પક્ષીઓ સાથે ફરી નાતો બાંધી ખરું નિરીક્ષણ શરૂ કર્યું. એ સમયમાં પક્ષીઓ વિષે માહિતી કે પુસ્તકો મળવાં મુશ્કેલ પણ મહેનત કરી, ગમે તેમ મેળવી, વાંચી અભ્યાસ શરૂ કર્યો. ''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'' પંક્તિનું સ્મરણ કરતાં કોઈ માર્ગદર્શક વિના એકલપંડે જુસ્સો જાળવી રાખ્યો. જરૂરી દૂરબીન તો ઠેઠ ૧૨ વર્ષ બાદ વસાવ્યું. પછી તો રાજકોટમાં જસદણ રાજવી પ્રકૃતિવિદ-પક્ષીવિદ્ શ્રી લવકુમાર ખાચરનું માર્ગદર્શન અને સથવારો મળતાં પ્રગતિ સાધી. જાણે ''કાર્યસિદ્ધિ ભવતી સત્ત્વે'' શ્લોક યથાર્થ ઠેરવ્યો.

ઊંચાઈ સાવ ઓછી, ૩૨ કિલો વજનની દૂબળી કાઠી. દેખાવ સામાન્ય પરંતુ આત્મવિશ્વાસ, નિષ્ઠા, જ્ઞાન, દૃષ્ટિ આસમાની. ગહન વાંચન, તલસ્પર્શી અભ્યાસ અને સંસ્કૃત પ્રેમ હંમેશ ઝળકતો. શાસ્ત્રીય સંગીત વહાલું. જ્યારે રસપ્રદ શૈલીમાં ગોઠડી માંડે તો કલાકો ક્યાં જાય ખબર ન પડે. એમાંય પંખીની વાત કહેતાં ચહેરો રોમાંચિત થઈ ઊઠે.

૧૯૬૦થી રાજકોટમાં પ્રકૃતિ મંડળ શરૂ થયું તેમાં મંત્રી બન્યા અને ઘણાં વર્ષો સુધી દૈનિકમાં જાહેર ખબર આપી લોકોને પ્રાકૃતિક સ્થળોએ લઈ જઈ રસ જાગૃત કર્યો. ૧૯૭૫થી WWF નેજા હેઠળ શ્રી લવકુમાર સાહેબ સાથે રહી વિદ્યાર્થીઓ માટે હિંગોળગઢ, ગીર અને પીરોટન ટાપુ પર નિયમિત પ્રકૃતિ પરિચય શિબિર યોજી. હિંગોળગઢ અભયારણ્ય, દરિયાઈ અભયારણ્ય, ખીજડિયા અભયારણ્યના નોટિફિકેશન અને જામનગરના રણમલ તળાવ બચાવ કામગીરીમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. નિવૃત્તિમાં પ્રવૃત્ત થઈ પક્ષીનિરીક્ષણના વિશાળ અનુભવ અને જ્ઞાનના પરિપાકરૂપે તેઓશ્રીએ ચાર સચિત્ર પુસ્તકો (૧) આસપાસનાં પંખી (૨) પાણીના સંગાથી (૩) વીડ-વગડાનાં પંખી (૪) વન-ઉપવનનાં પંખી વાચકોને તરબતર કરતી રસાળ શૈલીમાં લખ્યાં અને ખૂબ લોકપ્રિય થયાં. તે પૈકી 'આસપાસનાં પંખી' પુસ્તકને ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક અને ગુજરાતી સાહિત્ય પરિષદનું દ્વિતીય પારિતોષિક સન્માન મળ્યાં. શ્રી બકુલ ત્રિવેદી



ડાબે લાલસિંહ રાઓલ અને બાજુમાં લવકુમાર ખાચર

સંપાદિત 'વિહંગ' પક્ષી સામયિકમાં પંખીજગતની ખાસિયતો વિશે નિયમિત કટાર લખતા. વિહંગાનુભવો આલેખતી તેમની શ્રેણી 'માણ્યું તેનું સ્મરણ' ખૂબ જ લોકપ્રિય રહી. 'નવનીત-સમર્પણ'ના વાચકોએ તેમના અનેક સુંદર પ્રકૃતિનિબંધો માણ્યા છે. શ્રી ગંભીરસિંહ ગોહિલ દ્વારા તેઓશ્રીની લેવાયેલ દીર્ઘ મુલાકાત પણ પ્રસિદ્ધ થઈ છે. 'નવનીત-સમર્પણ'માં પ્રકાશિત આ નિબંધો તેમ જ મુલાકાત આવરી લઈ, પંખીઓની જીવનઘટમાળનો ચિતાર આપતું ઉત્કૃષ્ટ પુસ્તક 'પંખીઓની ભાઈબંધી' વર્ષ ૨૦૧૩માં પ્રગટ થયું. પક્ષીઓની ખાસિયત, ઓળખ અનુરૂપ હોય તેમ જ હૈયે-હોઠે વસી જાય તેવાં પક્ષીઓનાં સુંદર ગુજરાતી નામકરણના નોંધપાત્ર કામનું શ્રેય તેઓશ્રીને જાય છે. વૈજ્ઞાનિક અંગ્રેજી ટર્મિનોલોજીનું અર્થપૂર્ણ સચોટ ગુજરાતીકરણ તેમની ખાસિયત હતી. ઓક્સફર્ડની વિજ્ઞાન પુસ્તક શ્રેણી 'ધ લિવિંગ વર્લ્ડ'નો અનુવાદ 'જીવસૃષ્ટિ' નામે કર્યો હતો. પક્ષી સંરક્ષણ મંડળ, ગુજરાત (BCSG)માં ઘણાં વર્ષો કાર્યરત રહ્યા.

દાદા 'પંખીની ભાઈબંધી' પુસ્તકમાં કહે છે, ''પંખીઓનાં દેહસૌષ્ઠવ, રંગવૈભવ, ગાનકુશળતા, ઉડ્ડયન કૌશલ્ય, સંવનન નજાકત, પ્રણય ચેષ્ટાઓ જુઓ તો લાગે કે પ્રકૃતિએ

પંખીઓને પોતાનાં લાડકવાયાં બનાવ્યાં છે. આનંદના અખૂટ ઝરા જેવા આસાનીથી જોવા મળતાં આવાં પંખીઓની આપણે પિછાન ન કરીએ તો કોનો દોષ? 'મધુરાધિપતે: સકલં મધુરમ' શ્રીમદ વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણને કહ્યું તેમ પંખીઓની સકળ જીવનચર્યા મધુર છે. તેનાં દર્શનમાત્ર ઉદ્વિગ્ન મનને શાતા અર્પે છે." દાદાની રચાયેલ કૃતિઓમાં તથ્યો સાથે તેમણે જીવનભર માણેલો મધુર આનંદ ડગલે ને પગલે ઊભરે છે. તેઓ એક વાર બોલ્યાનું યાદ આવે છે, ''વીડ વગડે જાવ ને કદાચ પક્ષીઓ ન પણ મળે તો નિરાશ ન થવું કારણ તમે પ્રકૃતિના સાંનિધ્યમાં રહો એ મોટી વાત છે, પછી પંખી મળે તે વિશેષ છે.''

પર્યાવરણવિદ્ શ્રી લવકુમાર સાહેબે લાલસિંહદાદાને પોતાના અડધી સદીના મિત્ર અને પ્રકૃતિ સંરક્ષણની અનેક લડતના પોતાના મૂગા પણ બળવાન સાથીદાર તરીકે ઓળખાવ્યા છે. સરકારી નોકરીમાંથી એક પણ રજા લીધા વગર આ નાજુક વ્યક્તિએ કરેલ કાર્યને બિરદાવ્યું છે. લાલસિંહદાદાએ લખેલ ગુજરાતી ભાષાનાં પુસ્તકોને મહત્તા આપી હાલ તેની તાતી જરૂરિયાત હોવાનું જણાવે છે.

તેમને કોઈ સંતાન ન હતું. વક્તવ્યમાં એકત્રિત પક્ષીપ્રેમીઓને તેઓ હંમેશ કહેતા, ''વિશાળ વટવૃક્ષ થયેલ આ મારું કુટુંબ જોઈને હરખાઉં છું.'' દાદા તેમના પ્રેમી ચાહકમિત્રો, શિષ્યોના આગ્રહ વશ થઈ એમના ઘરે અવારનવાર કુટુંબના એક સભ્ય તરીકે રોકાઈ ધન્ય કરતા. 'પંખીઓની ભાઈબંધી' પુસ્તક તેઓશ્રીએ ૧૩ દીકરીઓ અને શિષ્ય-પત્નીઓનાં નામે અર્પણ કરી સંબોધ્યું, ''જેમણે મારી જીવનસંધ્યાને નિર્મળ સ્નેહના સિંચનથી હરીભરી અને પ્રફુલ્લિત રાખી તે મારી આત્મજાઓને'' કેવી ઋજુતા! શિષ્યો-મિત્રોની ચિંતા પણ એટલી જ કરે. અંગત જીવનમાં માર્ગદર્શન આપી મદદરૂપ થાય અને જન્મદિવસ અચૂક યાદ રાખી સામેથી આશીર્વાદ આપે. ઋણ અદા કરવાના નિર્મળ સ્વભાવે જ્યાં રહીને ભણ્યા તે જ્ઞાતિની બોર્ડિંગને યાદ કરી મોટું દાન પણ આપેલું.

ઘરે લાઈબ્રેરીમાં ૫૦૦૦ જેટલાં પુસ્તક વસાવેલાં. તેમની ચીવટ ઘણી. પુસ્તક વાંચી પેન્સિલથી વાંચ્યા તારીખ લખે. ફરી વાંચે ત્યારે નીચે તે પણ ટપકાવે. પુસ્તકો ભેટ આપવાં ખૂબ ગમે અને જેમને આપવાનું હોય તેનું નામ લખી રાખે. કોઈની સાથે પણ મોકલાવે અને મળ્યાની ખરાઈ પણ કરે. પત્નીના અવસાન બાદ ઘણાં વર્ષો સુધી એકલા જ અમદાવાદ રહેલા પણ એટલું વ્યવસ્થિત ઘર રાખે કે જોતાં ખ્યાલ પણ ન આવે. મિષ્ટભાષી દાદાને મીઠાઈ ખાવાનો અને ખવડાવવાનો ખૂબ શોખ.

મહેમાન બનો એટલે મીઠાઈ હોય જ એ પણ ચોક્કસ પદ્ધતિથી બનાવેલ..

નિરભિમાની લો પ્રોફાઈલ વ્યક્તિત્વ. માન-સન્માનની કોઈ અપેક્ષા નહીં. હરહંમેશ ખુશમિજાજ. પ્રફુલ્લિતતા એવી કે ચેપ લગાડે. તેમણે લખ્યું છે, ''પંખીઓ એટલે ચૈતન્યનો ફુવારો.'' એવું જ ચૈતન્ય દાદામાં છલકાતું. એક વાર પ્રશ્ન કર્યો , ''આપની અવગણના થાય ત્યારે તમે ક્યારેય શોક કે દુ:ખ અનુભવો?'' દાદા તરત બોલ્યા, ''ના, એમ માનું કે હું લાયક નહીં હોઉં.'' આ સાધુસમાન પ્રત્યુત્તર કોતરાઈ ગયો. લાલસિંહદાદા અંતરંગ પંખીઓના પારાવાર ઉપકાર માથે ચડાવી કવિવર રવીંદ્રનાથના શબ્દોમાં કહેતા, ''અજાણ્યા હતા તે તારે લીધે મિત્રો બન્યા, મારું ન હોય તે ઘરમાં જગ્યા અપાવી, આઘેરાને ઓરા આણ્યા અને પારકાને પોતીકા બનાવ્યા.'' રવીંદ્રનાથના શબ્દો પડઘાવતાં આખરી વિદાય વેળાનો સંદેશ દાદા પાઠવે છે, ''જે કંઈ અહીં મેં જોયું છે તેની તુલના થઈ શકે તેમ નથી.''

લાલસિંહદાદા રચિત પુસ્તકો માણી તેમને યાદ કરીએ અને એમના સદ્ગુણો જીવનમાં ઉતારીએ એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ ગણાય. પક્ષીપ્રેમીઓ હર હંમેશ જેમના ઋણી છે તેવા દાદાના વિશાળ ચાહક વૃંદ વતી એમને કોટિ કોટિ વંદન.

❑❑❑



ડાબે લેખક, ડૉ. એલેક્સ ડીયા સાથે યોગ્યાકર્તા ખાતે રીક્ષામાં પ્રવાસ કરતાં

ઇન્ડોનેશિયાના પ્રવાસે

☐ સુનીલ કોઠારી

વીસેક વર્ષ પૂર્વે પર્થ ફેસ્ટિવલમાં ભાગ લઈ ઓસ્ટ્રેલિયાથી પાછા ફરતાં ઓડિસી નૃત્યાંગના સોનલ માનસિંઘ (પૂર્વે પકવાસા) અને હું જાકાર્તા થઈ ઇન્ડોનેશિયાના પ્રવાસે ગયાં હતાં. પ્રંબનન્ અને બોરોબુદુર મંદિરોની મુલાકાત લીધી હતી. પ્રંબનન્ મંદિરની દીવાલો પર રામાયણના અનેક પ્રસંગો કોતરેલા જોયા હતા. આજે પણ પ્રંબનન્નાં ત્રણ મંદિરોની પશ્ચાદ્ભૂમાં ઓક્ટોબર માસમાં જાવાનીઝ રામાયણના પ્રસંગો રજૂ થાય છે. તે શરદપૂર્ણિમાની રાત્રે જોવા મળે તો તેના જેવો બીજો લહાવો ક્યારેય મહાલવા

મળે નહીં.

બોરોબુદુરનાં બુદ્ધ શિલ્પો અને દરેક ગોળ મંદિરમાં બુદ્ધની મૂર્તિ ધીરેધીરે એક પછી એક સ્તર વટાવતાં ટોચ પર જઈ ચારે તરફ દૃષ્ટિ કરીએ ત્યારે આ ભવ્ય બૌદ્ધ મંદિર કે સ્તૂપોની વિશાળતા જોઈ સ્તબ્ધ થઈ જવાય. વહેલી સવારે ઉપર જઈ જે પરમ શાંતિનો અનુભવ કર્યો હતો તે મારાં અનેક સુખદ સંસ્મરણોમાંનું એક છે.

આ વર્ષે જૂન માસમાં સિંગાપોરમાં છેલ્લાં આઠ વર્ષથી યોજાતી Dance India Asia Pacific (DIAP)ની આઠેક દિવસની કાર્યશાળાઓ અને નૃત્ય પ્રસંગોમાં ભાગ લેવા ફરીથી નિમંત્રણ મળ્યું હતું. ત્યાં વિખ્યાત પુરુષ નર્તક રામગોપાલના જીવનકથન, તેમની નૃત્ય સંકલનાઓ, અને પ્રતિભા વિશે એક વાર્તાલાપ, જૂજ ફિલ્મ બતાવવા સાથે રજૂ કરવાની તક સાંપડી હતી.

લીવરપુલમાં છેલ્લાં પંદર વર્ષથી પ્રશાંત નાયક 'મિલાપ ફેસ્ટ' નામે કાર્યક્રમો યોજે છે. પ્રશાંતભાઈ ગુજરાતી છે અને વર્ષોથી લીવરપુલ/લંડન સ્થાયી થયા છે. તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીતકારોને લંડન, માંચેસ્ટર, લીવરપુલ વગેરે સ્થળોએ પ્રતિવર્ષ બોલાવવાનું શરૂ કર્યું અને 'મિલાપ ફેસ્ટ'ના આશ્રયે લંડનમાં ભારતના શાસ્ત્રીય સંગીત માટે એક ફોરમ ઊભું



મંચ પર રાજવી નૃત્યકારો

કર્યું છે. આ ઉપરાંત શાસ્ત્રીય નૃત્યો માટે પણ કાર્યશાળાઓનું આયોજન કરવું શરૂ કર્યું હતું.

લંડનમાં ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટ્યમ્ અને કથક બન્ને લોકપ્રિય નૃત્ય પ્રકારો છે. તેમણે કથક માટે બીરજુ મહારાજ, કુમુદિની લાખિયા જેવાં ગુરુ નૃત્યકાર, કલાકારોને, લંડન માત્ર જ નહીં, પરંતુ યુરોપમાં જ્યાં જ્યાં કથક નૃત્ય શીખવવામાં આવતું હોય છે, ત્યાંથી વિદ્યાર્થીઓને આ કાર્ય શાળાઓમાં આ ગુરુઓ પાસે વધુ તાલીમ લેવા નિમંત્રણ આપ્યું. સવારના 9થી 12 લગી પછી 2થી સાંજના 5 લગી નૃત્યનો અભ્યાસ અને ત્યાર પછી 6થી 8 લગી નૃત્યના કાર્યક્રમોનું આયોજન કર્યું. તેવું જ ભરતનાટ્યમ્‌માં ગુરુ સી. વી. ચંદ્રશેખર, પ્રિયદર્શિની ગોવિંદ, બ્રગા બીસેલ વગેરે ભરતનાટ્યમનાં વિદ્વાન નર્તક, નર્તકીઓને નિમંત્ર્યાં. આ કાર્યશાળાઓને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ, એટલે એમણે બીજા નૃત્ય પ્રકારમાં ઓડિસી નૃત્યનો પણ સમાવેશ કર્યો. જેમાં ગુરુ કેલુચરણ મહાપાત્રનાં શિષ્ય, માધવી મુદ્‌ગલે ઓડિસી નૃત્યની કાર્યશાળાઓ સંભાળી લીધી. 7થી 8 દિવસ આમ ગુરુઓના સાન્નિધ્યમાં રહેવાની તક મળતી અને ગુરુઓ જોડે વાર્તાલાપ કરી શકાતા. તેથી આવનારા યુવાન કલાકારોને તે તે નૃત્ય પ્રકારોનું ઊંડું જ્ઞાન મળવા લાગ્યું.

તે કાર્યશાળાઓને અનુસરી સિંગાપોરની અપ્સરા આર્ટ્સ નૃત્ય સંસ્થાએ તેવી કાર્યશાળાઓ સિંગાપોરમાં યોજવાનું શરૂ કર્યું અને પ્રશાંત નાયકને સિંગાપોર નિમંત્ર્યા. તેમની રાહબરી હેઠળ Dance India Asia Pacific સિંગાપોરના Goodmen Art centreના વિવિધ ખંડો, Black Box વગેરેમાં નૃત્યની કાર્યશાળાઓ યોજી અને મલેશિયા, ચેન્નઈ, મેલબોર્ન, સ્થાનિક સિંગાપોરના યુવાન કલાકારોને પ્રિયદર્શિની ગોવિંદ, રમા વૈદ્યનાથન, બ્રગા બીસેલ જેવી ભરતનાટ્યમ્‌ની નૃત્યાંગનાઓ પાસે અતિરિક્ત તાલીમની વ્યવસ્થા કરી. કથક માટે અદિતિ મંગલદાસ, વિધા અને અભિમન્યુ લાલ, ગૌરી દીવાકર જેવા કલાકારોને ભારતથી નિમંત્ર્યાં. સિંગાપોરમાં સિંગાપોર ઇન્ડિયન ફાઈન આર્ટ્સ (SIFA) સંસ્થામાં ભરતનાટ્યમ્ અને કથક શીખતા વિદ્યાર્થીઓએ પણ DIAPમાં ભાગ લેવાનું શરૂ કર્યું. આ સમગ્ર પ્રવૃત્તિઓનું સંચાલન અપ્સરા આર્ટ્સ નૃત્ય સંસ્થાના દિગ્દર્શક અરવિંદ કુમારાસામીએ ઉપાડી લીધું છે. તેઓ પોતે ભરતનાટ્યમ્ નૃત્ય શીખ્યા છે, વીણાવાદક છે, શાસ્ત્રીય કર્ણાટકી અભ્યાસુ છે અને આ ઉપરાંત નૃત્ય સંકલનકાર (choreographer) પણ છે. તેમની વિખ્યાત નૃત્ય સંકલના આંગકોર વિશે સમર્પણ અંક



ઇન્ડોનેશિયાનાં ચામડાનાં પપેટ

(જાન્યુઆરી, 2014)માં તેનો વિસ્તૃત અહેવાલ મેં લખ્યો છે.

જ્યારે સિંગાપોર આ રીતે આઠેક દિવસ રહેવાનું થાય ત્યારે બીજું એક અઠવાડિયું હું કુઆલાલમ્પુરમાં મારા મિત્ર અને ભરતનાટ્યમ્ ઓડિસી, આધુનિક નૃત્યોમાં પારંગત અને નૃત્ય સંકલનકાર મુસ્લિમ નૃત્યકાર રામલી ઇબ્રાહિમના સૂત્રા ફાઉન્ડેશન (Sutra Foundation)માં અઠવાડિયું ગાળું છું. સિંગાપોરથી બસ માર્ગે પાંચથી છ કલાકે ત્યાં પહોંચી જવાય તેવી બસની ઉત્તમ મુસાફરીની વ્યવસ્થા છે. રસ્તાઓ પહોળા અને ચારે બાજુ વૃક્ષોની હાર, ખેતરો, લીલોતરી. હું અનેક વાર એ રીતે કુઆલાલમ્પુરના પ્રવાસે ગયો છું.

રામલી ઘણા બાહોશ અને વિદ્વાન કલાકાર છે. બાલી, સુમાત્રા, ઇન્ડોનેશિયા, જાવાના ભોમિયા અને ત્યાંની નૃત્ય પરંપરાથી માહિતગાર. જુલાઈના પહેલા અઠવાડિયા દરમિયાન ઇન્ડોનેશિયાના યોગ્યાકર્તા શહેરમાં ત્રણ દિવસનો વયાંગ વોંગ (wayang wong) નામે નૃત્યોનો મોટો મહોત્સવ યોજાવાનો હતો, તેમાં તેમની સાથે જોડાવા આમંત્રણ આપેલું. કુઆલાલમ્પુરમાંના આપણા Indian Council for Cultural Relations (ICCR)ના સાંસ્કૃતિક કેન્દ્રમાં સૂત્રા ફાઉન્ડેશનના સંયુક્ત તત્ત્વાવધાન નીચે 'ચંદ્રલેખાઃ તેમની કારકિર્દી અને

તેમની આધુનિક નૃત્ય સંરચના શરીર (sharira) અને એશિયન ટીવીના 'તાનાબાના' કાર્યક્રમમાં રજૂ થયેલી કેટલીક નૃત્ય સંકલનાની ફિલ્મો સાથે મારો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. તે કાર્યક્રમ પ્રત્યે અમે વિમાન માર્ગે યોગ્યાકર્તા ત્રણેક કલાકમાં પહોંચ્યા.

રામલીના અને મારા અમેરિકન મિત્ર એલેક્સ ડીઆએ અમારા માટે ત્યાં રહેવા વગેરેની વ્યવસ્થા કરી આપેલી. એલેક્સ જાપાનીઝ સંગીત, કંઠ્ય અને ગમેલન વાદ્ય બન્નેના અધિકારી જાણકાર અને સ્વયં ગાયક તથા વાદક છે. Elthnography, પશ્ચિમનું Avante gard સંગીત, information technology computerમાં પારંગત, વિડિઓગ્રાફર, ફોટોગ્રાફર, લેખક અને સંશોધક છેલ્લાં 30 વર્ષથી યોગ્યાકર્તા અને 60 માઈલ દૂર આવેલ સુરકર્તા (Solo)માં સ્થાયી થયા છે. ત્યાંના વિખ્યાત સંગીતકાર સુલતાનના કુટુંબી રાજકુમાર પ્રિન્સ પાસે તેઓ સંગીત શીખ્યા છે અને તાજેતરમાં જ તેમણે તેમના જીવન, કવન, ફિલસૂફી પર પુસ્તક પ્રગટ કર્યું છે. ભારતીય સંગીતકાર ગાયક પ્રાણનાથ પાસે ભારતીય શાસ્ત્રીય હિંદુસ્તાની સંગીત પણ શીખ્યા છે. છેલ્લાં પંદરેક વર્ષથી World Dance Alliance Asia Pacific સંસ્થા જોડે તેઓ સંકળાયેલા છે. કોમ્પ્યુટરના જ્ઞાનને લીધે આઈટીના વ્યવસાય દ્વારા જ્યારે જરૂર પડે ત્યારે તે સેક્ટરમાં કામ કરી જરૂરી આવક મેળવી લઈ, સાદું જીવન વિતાવે છે. મૂળે અડધા ચાઈનીઝ અમેરિકન પૂર્વે સાન ફ્રાન્સિસ્કોમાં રહેતા અને દક્ષિણ એશિયાઈ સંગીતમાં રસ જાગૃત થતાં યોગ્યાકર્તામાં સ્થાયી થયા છે.

કુઆલાલમ્પુર અને સિંગાપોરની ઊંચી ઊંચી ઇમારતો અને ધમધોકાર વાહનવ્યવહારથી તદ્દન ભિન્ન, શાંત યોગ્યાકર્તામાં પ્રવેશતાં જ ત્યાંના રમ્ય પ્રાકૃતિક વાતાવરણથી મન આનંદિત થઈ ઊઠ્યું. ત્યાંની જાણીતી તીરતોદીપુટણ સ્ટ્રીટમાં નાની પણ મજાની ટ્યુલિપ (Tulip) હોટેલમાં ઉતારો ગોઠવેલો. નાનો સ્વિમિંગ પૂલ, નાના પણ બધી સગવડવાળા રૂમ અને સ્વિમિંગ પૂલ સામે જ બ્રેકફાસ્ટના બે નાના મંડપો. ઇન્ડોનેશિયાનું લાક્ષણિક આર્કિટેક્ચર. પાર વિનાની શાંતિ.

વયાંગ વોંગ નૃત્યનાટિકાઓ રાત્રે 8 વાગ્યે ત્યાંનાં વિશાળ નૃત્યમંડપો (Pavalion)માં રજૂ થાય. એટલે એલેક્સ અમને 7 વાગ્યે મળવા આવ્યા અને પોતે યોગ્યાકર્તાના વાસી એટલે ત્યાંના મરીના નામે સુંદર યુરોપિયન રેસ્ટોરાંમાં જમવા લઈ ગયા. કુઆલાલમ્પુર, સિંગાપોરની તુલનામાં આ બધા રેસ્ટોરાંમાં જમવાનું કિફાયત ભાવે અને આર્થિક દૃષ્ટિએ પોસાય એવું. તેમની શાકાહારી વાનગીઓની

પસંદગી રસપૂર્ણ, બિનશાકાહારીમાં ઈંડાંની વાનગીઓ. કહે કે નિરાંતે જમી લેજો. પાછા ફરતાં રાતના દસ સાડાદસ થઈ જશે. એટલે એમની સલાહ મુજબ અમે રાત્રીભોજન કરી કાર્યક્રમો જોવા જતા.

જે શાળાના વિશાળ પ્રાંગણમાં નૃત્ય મંડપો આવેલા તે અમારી હોટેલથી દૂર હતા, એટલે ઉબર ટેક્સી ભાડે કરી અમે પહોંચતા. મંડપની ત્રણે બાજુ ખુરશીઓ ગોઠવેલી હોય અને દર્શકો ત્રણે દિશાથી કાર્યક્રમ જુએ. પેવેલિયનની ભોંય આરસની. પ્રકાશ ઝળાહળાં. વચમાં વીસથી ત્રીસ સંગીતકારો, ગાયક-ગાયિકાઓ અને ગમેલન વગાડનાર વાદકો બધાં જ આકર્ષક બાટીકનાં વસ્ત્રોમાં સજ્જ. પુરુષો માથે કલાત્મક પાઘડીઓ પહેરે.

સુલતાન અને તેના શત્રુઓ મોટાં પંખીઓનાં વાહન પર



સ્ત્રીઓના પોશાક રંગબેરંગી.

એલેક્સ ત્યાંના જાણીતા સંગીતકાર એટલે અમને પેવેલિયનની સન્મુખની ખુરશીઓ પર બેસવા મળેલું. જેથી અમે બન્ને બાજુથી પાત્રોના પ્રવેશ અને રંગમંચના કેન્દ્રમાં રજૂ થતા કાર્યક્રમને જોઈ શકીએ. ફોટા પાડવા માટે પણ સુવિધા રહેતી.

પેવેલિયનની સામી બાજુ મોટા મોટા ઓરડાઓ જ્યાં કલાકારો ગ્રીનરૂમમાં મેકઅપ રંગવિધાન કરે અને પોશાકો પહેરે. તે ઓરડાઓ પણ ઘણા મોટા. વાસ્તવમાં લગભગ પચાસથી સાઠ કલાકારો આ નૃત્યનાટિકાઓમાં ભાગ લેતા હોય છે, એટલે આવી વ્યવસ્થા કરવામાં આવેલી. ગ્રીનરૂમમાં બાટીકના પોશાકો, સોનેરી મુગટો, અલંકારો અને મહોરાંઓ. બધું જે રીતે વ્યવસ્થિત કરી હોહા કે ધાંધલ વગર થતું હોય છે, તે જોવા બીજે દિવસે એલેક્સ અમને લઈ ગયેલા. અને કેટલાક વિખ્યાત કલાકારોનો પરિચય પણ કરાવેલો.

નૃત્યનાટિકાઓમાં વાચિકાભિનય માટે ગાયક, ગાયિકાઓ અને ક્યારેક પાત્રો પણ સંવાદ રજૂ કરે. ગમેલનનું સંગીત પણ તેમના પ્રવેશ અનુસાર તાલબદ્ધ રજૂ થાય. અને જ્યારે બે બાજુથી પાત્રો તેમનાં દેદીપ્યમાન વસ્ત્રોમાં અને સોનેરી મુગટો, આભૂષણો સહિત પ્રવેશ કરે ત્યારે તે દશ્યો આપણને અભિભૂત કરે.

વયાંગ વોંગનાં કથાનકો મુખ્યત્વે મહાભારત અને રામાયણમાંથી લેવામાં આવે છે. અમે જ્યારે પ્રથમ પ્રયોગ જોવા ગયા હતા તે રાત્રે મહાભારતમાંથી પાંડવ લકુ જંત્રા 'Pandawa Laku Jantra' નૃત્યનાટિકામાંથી કેટલાક પ્રસંગો રજૂ થયા હતા. અલબત્ત બધું જાવાનીઝ ભાષામાં હતું અને જે પ્રોગ્રામ બુક વહેંચવામાં આવી હતી તેમાં પણ બધી નોંધ જાવાનીઝ ભાષામાં હતી, જે રોમનલિપિમાં હોવા છતાં સમજવી અઘરી હતી.

પ્રસંગ હતો પાંડવો અને કૌરવો વચ્ચે રમાતી સોગઠાંબાજીનો. રમતમાં પ્રારંભમાં અમે બેઠા હતા તેની ડાબી બાજુથી કૌરવો પ્રવેશ્યા. તેમાંના ઘણાએ મહોરાં (masks) પહેરેલાં, તેમના વાળ ખભા આગળથી આગળ ઝૂલતા હતા. વયાંગ વોંગમાં પાત્રાનુસારી રંગવિધાન અને મહોરાં પહેરાવાય છે. જ્યારે જમણી બાજુથી પાંડવો પ્રવેશ્યા. તેમનું રંગવિધાન તેમની સાત્ત્વિક પ્રકૃતિ દર્શાવવા કરવામાં આવેલું. તેમના સુવર્ણ મુગટો, બાટીકનાં સારોંગ વસ્ત્રો (sarong) ઉઘાડા બદન અને શાંત પ્રકૃતિ તેમના રાજકીય વૈભવના સૂચક હતાં.

એક સેવક રંગમંચની મધ્યમાં સિંહાસન મૂકી વચમાં શતરંજ પાથરે છે. એક બાજુ યુધિષ્ઠિર અને તેમની સન્મુખ શકુનિ બેસે છે. પાસાં ખેલે છે



શિવ-પાર્વતી બે રૂપે મંચ પર પ્રવેશ

અને કૌરવો અટ્ટહાસ્ય કરે છે.

થોડી વારે દશ્ય બદલાય છે. દુઃશાસન આગળ ધસે છે. દ્રૌપદી અન્ય દિશામાં અમે બેઠા હતા તે તરફ તેનાં સુંદર વસ્ત્રો, સોનેરી મુગટ, અલંકારો સાથે બેઠી છે. જેવો દુઃશાસન તેને અડકવા જાય છે ત્યારે હાથ ઊંચો કરી તે તેને દૂર કરે છે. અને દુઃશાસન પાછો હટે છે પછી તેના ઉપવસ્ત્રનો છેડો લઈ તેને ખેંચે છે.

થોડી વારમાં તુમુલ યુદ્ધ શરૂ થાય છે. કૌરવોની ચિચિયારીઓ અને બીજી બાજુ પાંડવપક્ષે શાંતિ.

પછીનું દશ્ય દુઃશાસન અને ભીમ વચ્ચેનું યુદ્ધ. દુઃશાસન પરાસ્ત થાય છે. ભોંય પર પછડાય છે અને ભીમ તલવાર તેના શરીરમાં ભોંકી ઊભો રહે છે.

દ્રૌપદીને રંગમંચ પર લાવવામાં આવે છે. ને સફેદ વસ્ત્રમાં સજ્જ થઈ એક આસન પર બેસે છે. ભીમ તેના કેશને હાથમાં લઈ દુઃશાસનના રક્ત વડે રંગે છે. દ્રૌપદીએ લીધેલી પ્રતિજ્ઞા આમ પૂરી થાય છે. આમ વેણીસંહારનું દશ્ય દર્શાવવામાં આવે છે. આ પ્રસંગો એટલા તો વેધક અને સચોટ રીતે રજૂ થાય છે કે પ્રેક્ષકોની દ્રૌપદી પ્રત્યેની સહાનુભૂતિ અનુભવી શકાય છે.

વયાંગ વોંગ ભવ્યાત્મક નૃત્ય-નાટિકાઓ અને નાટ્યરૂપો છે. મૂળે વયાંગ કુલિત (wayang kulit) એટલે પુતુલખેલા પરથી પૂતળાંઓની જગ્યાએ માનવોને ભૂમિકામાં રજૂ કરવામાં આવે છે - wong એટલે માનવો. પરંતુ જે પ્રકારે વયાંગ કુલિતમાં બે પરિમાણી (two dimensional) નર્તન બતાવવામાં આવે છે તે પ્રકારનું નર્તન કલાકારો કરતા હોય છે. તેમના હાથની મુદ્રાઓ, કોણીથી હાથને વાળવા, સાઈડ પર ચાલવું તે જાવાનીઝ puppetsની શૈલીનું સૂચન કરે છે. સ્ત્રીઓ કમરે લટકાવેલાં બે વસ્ત્રોના છેડાઓને આકર્ષક રીતે ફેલાવે છે. જ્યારે પાત્રો પ્રવેશ કરે છે ત્યારે ભૂમિ પર બેસી બે હાથ જોડી પ્રણામ કરીને બેસે છે અને પછી તે ગમેલનનું સંગીત તેમનાં ચલનોને અનુરૂપ રજૂ થાય છે.

વયાંગ વોંગ નૃત્યનાટિકાઓ સુલતાનના જન્મદિવસ, તેમનો લગ્ન અને તેવા વિશેષ પ્રસંગો નિમિત્તે રજૂ કરવામાં આવતી. કથાનકો ખ્યાત હોય છે. જાવાનીઝ કાકાવીન (kakawin) ભાષાનો સાહિત્યભંડાર સમૃદ્ધ છે. અગાઉ નોંધ્યું તેમ પોશાકોમાં બ્રાઉન રંગના કાળા બાટીકના સારોંગ (લુંગી) પુરુષો પહેરે છે! સ્ત્રીઓ પણ તેવા સારોંગ પર કાળા રંગના વેલ્વેટના blouses (ચોળીઓ) પહેરે છે. પુરુષોનાં બદન ઉઘાડાં હોય છે. તેઓ સુવર્ણના મુગટો પહેરે છે. સ્ત્રીઓ સુવર્ણના અલંકારો. બહુધા વયાંગ કુલિતમાં જોવા મળતા પોશાકો તેઓ પહેરે છે. ઉપરાંત શરીર પર પીળા રંગનો લેપ કરે છે જે તેમના શરીરને સુવર્ણ કાંતિથી આલોકિત કરે છે.

રંગવિધાન પાત્રોની પ્રકૃતિ પ્રમાણે કરવામાં આવે છે. આસુરી પાત્રો મહોરાં પહેરે છે, જ્યારે વાનરો અને અન્ય પ્રાણીઓ માટે મહોરાંનો ઉપયોગ કરવામાં આવે છે.

વયાંગ વોંગનાં કથાનકો ઓગણીસમી સદીમાં લખાયાં છે. કથાનકોને લાકોન (Lakon) કહેવામાં આવે છે. ભારતના બન્ને મહાન ગ્રંથો મહાભારત અને રામાયણને જાવામાં રાષ્ટ્રીય સાહિત્યનો દરજ્જો મળ્યો છે. પરંતુ વર્તમાન સમયમાં સ્વતંત્ર રચનાઓ પણ લખવામાં આવે છે. આમ તો આ પરંપરાનો ઉદ્‌ગમ અઢારમી

[અનુસંધાન પૃ. 125]



મુલ્કરાજ આનંદ અને મહાત્મા ગાંધી : પ્રથમ મુલાકાત

☐ ડૉ. રંજના હરીશ

'**સા**બરમતીના તટ પર સ્થિત ગાંધી આશ્રમમાં મેં તે પ્રેમાળ ડોસાજી (મહાત્મા ગાંધી) સાથે મારી નવલકથા 'અનટચેબલ'ના એડિટિંગ માટે ગાળેલ દિવસો મારા જીવનની અતિ મૂલ્યવાન પૂંજી છે... જો હું ત્યાં ન ગયો હોત, તેમને ન મળ્યો હોત, તો હું આજે જે છું તે ન હોત. ગાંધીની આંખમાં જાણે કોઈ વશીકરણ હતું... તેમના સાંનિધ્યમાં ગાળેલ સમય મારા જીવનનો ટર્નિંગ પોઈન્ટ બની રહ્યો. મારી 'અનટચેબલ' નવલકથા મહાત્માના પારસમણિ સમા સ્પર્શથી જાણે નવા અવતારે જન્મી... યુવાન અવસ્થામાં લંડનથી ગાંધીને મળવા છેક અમદાવાદ સુધી આવવાનું જે સાહસ મેં ખેડ્યું હતું તે અતિ સાર્થક હતું.'

બ્રિટિશરાજના જમાનામાં વિશ્વભરમાં ભારતીય

સાહિત્યની ઓળખ ઊભી કરનાર નવલકથાકાર મુલ્કરાજ આનંદ (૧૯૦૫-૨૦૦૪) તેમની જૈફ ઉંમરે ગાંધીજીએ તેમના જીવનમાં આપેલ યોગદાનને પ્રેમપૂર્વક સ્મરતાં ઉપર પ્રમાણે કહે છે.

૧૯૩૫/૩૮ આસપાસ ત્રણ ભારતીય યુવા નવલકથાકારોએ વિશ્વભરમાં પોતાની પ્રથમ નવલકથા દ્વારા ભારતની ઓળખ ઊભી કરી : મુલ્કરાજ આનંદ 'અનટચેબલ' (૧૯૩૫), આર. કે.

ગાંધીવિચારના ઓથોરિટી પ્રો. ચી. ન. પટેલનો પ્રતિભાવ

પ્રો. ચી. ન. પટેલસાહેબ એટલે મારે મન અત્યંત આદરણીય નામ. અછૂતના પ્રકાશનના થોડા સમય બાદ તેમનો ફોન આવ્યો. ''અભિનંદન રંજના. મારે તને અછૂત અંગે મળવું છે.'' તેમણે મને બે દિવસ બાદ સાંજનો સમય આપ્યો. હું સમયસર નવરંગપુરા વિસ્તારના તેમના આવાસે પહોંચી ગઈ. હંમેશની જેમ પટેલસાહેબ વરંડામાં બેઠા હતા. પાસે પુસ્તકોનો ઢગલો ને છૂટા કાગળ તો હોય જ.

મને જોઈને તેઓ રાજી થયા. અછૂતના અનુવાદકાર્યથી તેઓ ખુશ હતા. વિશેષ આનંદ એ વાતનો હતો કે અમદાવાદ શહેરમાં ગાંધીજીની રાહબરી હેઠળ તૈયાર થયેલ અંગ્રેજીની ક્લાસિક કૃતિ ઘણાં વર્ષો બાદ અમદાવાદમાંથી જ અનુવાદિત અને પ્રકાશિત થઈ. અને તેના લોકાર્પણમાં મૂળ લેખક પોતે હાજર રહ્યા. પણ પ્રાસ્તાવિક વાત પતી એટલે તરત પટેલસાહેબે તેમની લાક્ષણિક ગાંધીવાદી સ્પષ્ટવક્તાની મુદ્રામાં કહ્યું,

''રંજના બીજું બધું તો બરાબર, પણ અછૂતના અનુકથનમાં મુલ્કરાજે તેમના હરિજન આશ્રમ ખાતેના રોકાણનું વર્ષ ખોટું લખ્યું છે. તેઓ લખે છે કે તેમણે 1927ના ઉનાળામાં ગાંધીજી સાથે આશ્રમમાં બે મહિના ગાળી અનટચેબલનું એડિટિંગ કર્યું હતું. પરંતુ કુલ 75 ભાગમાં વહેંચાયેલ કંપ્લિટ વર્ક્સ ઓફ ગાંધી એ મુજબ 1920ના દશકમાં ગાંધીજી ફક્ત 1926 તથા 1928ના ઉનાળામાં જ અમદાવાદમાં હતા. તેથી તારે આ હકીકત મુલ્કરાજજીને પત્ર લખીને જણાવવી જોઈએ તેમ મારું માનવું છે.'' મેં ઉત્સાહપૂર્વક તેમને સંમતિ આપી. અને મારા વચન પ્રમાણે પટેલસાહેબે આપેલ માહિતી મેં અંકલ મુલ્કને લખી મોકલી. અંકલ મુલ્કે વળતી ટપાલે પટેલસાહેબને આભાર સાથે મને લખ્યું, 'શક્ય છે કે મારાથી આ સરતચૂક થઈ હોય. ભવિષ્યમાં આ ક્ષતિ સુધારી લેવાનું યાદ રાખીશ.'

આ પુસ્તક સાથે સંકળાયેલ સદ્‌ગત અંકલ મુલ્ક તથા સદ્‌ગત પટેલસાહેબનું આ સંસ્મરણ અહીં સ્થાન પામે તે યથાર્થ છે.



મુલ્કરાજ આનંદ સાથે રંજના હરીશ, 1995

નારાયણ ('સ્વામી એન્ડ ફ્રેન્ડ્ઝ' : ૧૯૩૫) અને રાજારાવ ('કાન્તાપુરા' : ૧૯૩૮). આ ત્રિપુટીમાંના એક એવા મુલ્કરાજ આનંદને તેમના આગ્રહવશ 'અંકલ મુલ્ક' તરીકે સંબોધવાનું તથા તેમની પ્રથમ નવલકથા 'અનટચેબલ'નો ગુજરાતીમાં અનુવાદ કરી (અછૂત, ગુર્જર : ૧૯૯૫) તેમની ૯૦મી વર્ષગાંઠે તેમને આ પુસ્તક અમદાવાદના ઠાકોરભાઈ હોલ ખાતે હું સમર્પિત કરી શકી તે મારું સદ્ભાગ્ય. અંકલ મુલ્ક સાથે તેમના જીવનનાં અંતિમ પંદરેક

વર્ષના ઘરોબા દરમિયાન અમે કેટકેટલી વાતો કરી હશે! તેઓ પોતાનાં પ્રિય પાત્રોની વાતો કરતા. તેમની ચર્ચાનાં પ્રિય પાત્રોમાં ૧૯૨૦ના જમાનાના લંડનના બ્લુમ્સબરી ગ્રુપમાં તેમના સમકાલીન મિત્રો જેવા બર્ટ્રાન્ડ રસેલ, વર્જિનિયા વુલ્ફ, લિયોનાર્ડ વુલ્ફ, પિન્ટર ઇત્યાદિ માંધાતાઓ રહેતા, પરંતુ આ યાદીમાં સૌથી મોખરે ગાંધીજીનું નામ રહેતું. ગાંધીજીના વ્યક્તિત્વનું ઉપયોગીતાવાદી કલાત્મક પાસું તેમ જ તેમની 'ડિસેપ્ટિવ સિમ્પલિસિટી'થી અંકલ મુલ્ક ખૂબ પ્રભાવિત હતા.

•

મુલ્કરાજ આનંદની 'અનટચેબલ'ની હસ્તપ્રત ૧૯ પ્રકાશકો દ્વારા અસ્વીકૃત થયેલી. અને છેવટે ઈ. એમ. ફોસ્ટરની પ્રસ્તાવના સાથે લંડનથી પ્રકાશિત થતાંની સાથે વિશ્વભરમાં છવાઈ ગયેલી. આ નવલકથાનું સ્વાગત હરખ કે ઉલ્લાસ નહીં, પરંતુ ખળભળાટ અને અજંપાની લાગણી સાથે થયું હતું, કેમ કે મેલું ઉપાડવાની પરંપરા તેમ જ તે કામ કરનારને શૂદ્ર ગણવાની વાસ્તવિકતા વિશે જગત તદ્દન અજાણ હતું. મુલ્કરાજ આનંદ વણસ્પર્શ્યો વિષય લઈને વિશ્વસાહિત્યમાં પગ મૂકી રહ્યા હતા. તો વળી એક શૂદ્ર પાત્રના પશુવત જીવનની વાત કરવાનો તેમનો અંદાજ નિરાળો હતો. સાવ સ્પષ્ટ. સાવ સીધો. આ હતી ગાંધીના સ્પર્શની કમાલ અને તેથી જ ઈ. એમ. ફોસ્ટર જેવા ખ્યાતનામ બ્રિટિશ નવલકથાકાર તેમ જ વિવેચક આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે, 'મારે મન મેલું ઉપાડવાની વાત કરતું આ પુસ્તક જરાય મેલું નથી. તે ચોખ્ખું છે. એટલું ચોખ્ખું કે તેની ચોખ્ખાઈનું વર્ણન કરવા મને શબ્દ જડતા નથી... ગોળગોળ વાત કરવાને બદલે તે સીધું કથાવસ્તુના હાર્દને સ્પર્શે છે અને તેને શુદ્ધ કરે છે... આનંદના આક્રમણનું સીધાપણું, સરળતા એ જ આ પુસ્તકની સફળતાનું રહસ્ય છે.'

•

આનંદે લખેલ 'અનટચેબલ' (અછૂત) ના અનુકથનમાંથી :

૧૯૨૬ની સાલમાં હું લંડન ખાતે મારી પ્રથમ નવલકથા લખવામાં મશગૂલ હતો. એ નવલકથા હતી બક્ખા નામના એક અસ્પૃશ્ય છોકરાના અપમાનભર્યા જીવનના એક દિવસની વાત.

બરાબર તે જ સમયગાળામાં ગાંધીજીએ 'યંગ ઇન્ડિયા'માં લખેલ બક્ખા નામના અછૂતની હૃદયસ્પર્શી કથા વાંચવાનું બન્યું. મેં તરત જ મહાત્માને મળવાની ઇચ્છા વ્યક્ત કરતો પત્ર સાબરમતી આશ્રમના સરનામે લખ્યો. વળતા પોસ્ટકાર્ડ દ્વારા તેમણે મને ત્રણેક મહિના બાદનો સમય આપ્યો.

ગાંધીજીને મળવા હું લંડનથી ભારત પાછો ફર્યો. ૧૯૨૭ના એપ્રિલના બળબળતા ઉનાળામાં હું સીધો



મુલ્કરાજ આનંદ સાથે રંજના હરીશ, ખંડલા ખાતેનું મુલ્કરાજનું ફાર્મહાઉસ, 2004

સાબરમતી આશ્રમ પહોંચ્યો. એ પ્રેમાળ ડોસાજીએ મને ઉપરથી નીચે સુધી એક જ નજરમાં તપાસી લીધો. તેમણે મારા કોડ્રોય સૂટની નોંધ લેતાં પૂછ્યું કે આવા ઉનાળામાં મને એ સૂટ કેવી રીતે ખમાતો હતો. વધુ વાતચીત કર્યા વગર જ તેમણે પોતાના અંતેવાસી મહાદેવભાઈને મને ઝભ્ભો, લેંઘો આપવા સૂચના આપી. હું સમજી ગયો. આ છે તેમની વિશેષ પ્રતીકાત્મક પદ્ધતિ, મારા જેવા 'બ્રાઉન બ્લુમ્સબરી ઇન્ટલેકચ્યુઅલ્સ વોગ' ને ઠેકાણે લાવવાની રીત. સ્વદેશી વસ્ત્રો ધારણ કર્યા બાદ હું તેમની સમક્ષ હાજર થયો અને વાતચીત શરૂ થઈ :

'બોલો, હું તમારા માટે શું કરી શકું?'

મેં જવાબ આપ્યો, 'મારે તમને મારી નવલકથા બતાવવી છે.'

કંઈક મૂંઝાઈને તેઓ બોલ્યા, 'કોઈ યુવક-યુવતીની પ્રેમકથા છે?' 'ના. પ્રેમકથા ખરી, પણ તમારા પ્રકારના પ્રેમની કથા.'

મહાત્માએ પોતાના બાયફોકલ ચશ્માંના કાચમાંથી મારા તરફ દૃષ્ટિ કરી અને પૂછ્યું, 'મારા પ્રકારનો પ્રેમ! એ વળી શું?'

મેં કહ્યું, 'આ બક્ખા નામના એક અછૂત છોકરાની વાત છે.'

ડોસાજીએ વાત કાપીને મને ટકોર કરી, 'હં, હં... હરિજન કહો.'

મેં માથું હલાવ્યું.

તેમણે આગળ ચલાવ્યું, 'આના

કરતાં હરિજન પર સાદો-સીધો લેખ લખો તો કેમ?' તરત જ હું સ્વરક્ષણ કાજે સજ્જ થઈ ગયો, 'હોય કાંઈ! એ તો તમારું કામ છે.' મેં કહ્યું, 'હું સાહિત્યકાર છું, એક સર્જક. મેં બક્ખાના જીવનના એક દિવસ વિશે નવલકથા લખી છે. હિંદુઓ તેને કેવો તમાચો ચોડી દે છે તેની આ વાત છે. જેમ તમે બક્ખાની વાર્તા કરી છે તેમ.'

મહાત્માએ પ્રેમપૂર્વક સ્મિત કર્યું અને પછી બોલ્યા : 'એવું કરો. અહીં રોકાઈને તમે આ નવલકથા મને વાંચી સંભળાવો. પણ અહીં આ આશ્રમમાં રહેવા માટે તમારે ત્રણ વ્રત લેવાં પડશે.' 'કેવાં ત્રણ વ્રત?' મેં પૂછ્યું. એ બોલ્યા, 'પ્રથમ-તમે સ્ત્રી તરફ કામનાની નજરે નહીં જુઓ...'

'પણ... પણ મારે 'ગર્લફ્રેન્ડ' છે, જેણે મારી ટિકિટનો ખર્ચ કર્યો છે. જો તમે દિવસ દરમ્યાન એનો વિચારમાત્ર ન કરવા દો તો મારે રાત્રે તેનાં સ્વપ્ન જોવાં પડશે.'

મહાત્માજી મને જોઈ રહ્યા. પછી હસીને બોલ્યા, 'અચ્છા, રાત્રે તેનાં સ્વપ્ન જોવાની છૂટ. પણ દિવસે તેના વિશે વિચારવાની મનાઈ.'

'બીજું વ્રત?' મેં પૂછ્યું.

'અહીં દારૂ નહીં પિવાય.'

'ફક્ત અહીં જને? હું લંડન ખાતેના દારૂના પીઠામાં પડી રહેનાર અને ત્યાં બનેલ ઘટનાઓના આધારે સાહિત્ય સર્જનાર જીવ છું.'

'ભલે, ભલે... લંડનમાં જે કરવું હોય તે. પણ અહીં ખાતે એ બધું બંધ.'

'અને ત્રીજું વ્રત?'

'અઠવાડિયે એક વાર તમારે સંડાસ સાફ કરવાનાં રહેશે.'

'તે હું પ્રેમપૂર્વક કરીશ.' મેં જવાબ વાળ્યો.

ત્યારબાદના ત્રણ મહિનામાં મેં મારી જાતને બદલાતી જોઈ. સંનિષ્ઠતા, સત્ય તથા સાદાઈ તેમ જ લોકો પ્રત્યેનો પ્રેમ જીવનમાં પાંગરતો મેં અનુભવ્યો. મારી નવલકથા મેં ગાંધીજીને વાંચી સંભળાવી અને તેમણે લગભગ સો પૃષ્ઠ ઓછાં કરવાની સલાહ આપી. આ પૃષ્ઠ મહદંશે બક્ખાના આત્મચિંતનથી સભર હતાં, જેમાં તે પશ્ચિમી વિચારકની ઢબે તર્ક કરતો હતો. આજે પાછું વળીને જોતાં ચોક્કસ એમ અનુભવું છું કે કલાકાર હોવાનો જરા સુધ્ધાં વહેમ ન રાખનાર મહાત્માની રાહબરી હેઠળ હું મારા સભાન સાહિત્યિક પ્રયત્નોની ભૂતાવળમાંથી બહાર આવી શક્યો. વિવેચકોનું સમર્થન મેળવવા મેં મારી નવલકથામાં ઘણાં બિનજરૂરી સાહિત્યિક તત્ત્વો સપ્રયત્ન વણ્યાં હતાં. બસો પચાસ પાનાંની મારી નવલકથાની મારી હસ્તપ્રત મહાત્માની આ બધી કાપકૂપને અંતે ફક્ત એકસો પચાસ પૃષ્ઠની રહી ગઈ!

❑❑❑



ઊભરો

☐ અમૃત બારોટ

''મેં હિનાને આવી ન'તી ધારી...''

''હિનાની ક્યાં વાત કરે છે? મારો સગો ભાઈ નિનાદ આટલી હદે જશે એવું કોઈ માની શકે?''

''ઘરમાં એ ચાંપલીનું જ ચાલે છે. નિનાદભાઈ એને પૂછીપૂછીને જ બધું કરે છે.''

''પણ કેવો ઈમેઈલ લખે છે? પાછું તો લખ્યું છે, ક્યાં ઊતરવાનાં છો એ જણાવજો એટલે અમે મળવા આવી જઈશું.''

''કેમ, એ ઘર પર આપણો કોઈ હક નથી? જગ્યા લેવી'તી ત્યારે તો કેટલા ઈમેઈલ આવતા'તા-'' નિશાથી બોલાઈ તો ગયું પણ પછી તરત જ યાદ આવ્યું કે પોતે જ એ વખતે તેજસને મદદ કરતાં રોકેલા એટલે એણે વાત બદલી, ''પણ હવે આપણે કેમ કરશું? ક્યાં ઊતરશું?''

વાત એમ બની હતી કે નાના ભાઈ નિનાદનો ઇન્ડિયાથી ઈમેઈલ આવ્યો હતો કે, 'તમે તો જાણો છો કે મુંબઈમાં

જગ્યાની કેટલી સંકડાશ પડે છે. બે બેડરૂમના ઘરમાં અમારા ચાર જણનો માંડ સમાવેશ થાય છે. કુંજની સ્કૂલ ચાલુ છે ને વળી બિટ્ટુને તો આ વખતે ટ્વેલ્થની એક્ઝામ છે એટલે સાચવવું પડે એમ છે. પાછું હિનાને કમ્મરનો દુખાવો ને એમાં આજકાલ કામવાળીઓની માગણીઓ - સકુબાઈએ ચાલુ પગારે પંદર દિવસની રજા માગી છે. એટલે તમે ઇન્ડિયા આવો એ તો ઘણું ગમશે પણ અહીં તમને તકલીફ ના પડે એટલે તમારા ઊતરવાની સગવડ કરી લેજો ને ક્યાં ઊતરવાનાં છો એ જણાવજો એટલે અમે જ મળવા આવી જઈશું.'

આ ઈમેઈલથી જ જામગરી ચંપાઈ હતી. તેજસ-નિશા બન્નેને ઝટકો લાગ્યો હતો. રાજકોટના આપણા ઘરમાં બાએ કદી કાકાઓને આવું કહ્યાનું સાંભળ્યું છે? અરે અજાણ્યાનેય, 'અભ્યાગત તો દેવનું સ્વરૂપ ગણાય,' કહીને બા-બાપુ આશરો આપતાં જ્યારે આ એમનો જ દીકરો!- પણ સમય બદલાઈ ગયો છે. મુંબઈમાં હવે પહેલાંના જેવું રહ્યું નથી. સ્વાર્થની ગણતરી વધી ગઈ છે. અમે આટલે દૂર અમેરિકા આવ્યાં છીએ પણ ઇન્ડિયાનાં સંસ્કાર ને સંસ્કૃતિ બધું જાળવવા મથીએ છીએ, નહીં તો અહીં અમેરિકામાં બાપ ને દીકરો, એકબીજાને મળવું હોય તો, અપોઈન્ટમેન્ટ લે ત્યારે મળાય જ્યારે અમે-

પણ વાત કદાચ અમેરિકાથી જ શરૂ થઈ હતી. મોટા તેજસભાઈનો પરિવાર પચીસેક વર્ષથી અમેરિકા રહેતો હતો ને શિકાગોમાં એમનો મોટો અપાર્ટમેન્ટ હતો. એ પોતે દર ત્રણચાર વર્ષે પરિવાર સહિત નાના ભાઈને ત્યાં ધામા નાખતાં ત્યારે નાના ભાઈના ઘર માટે અમેરિકાની બદામો, ટેંગનાં કેન, કેન્ડી, ભાઈને માટે ને છોકરાંઓ માટે અમેરિકાનાં પહોળાં ટી-શર્ટ, બરમુડા, ત્યાંની શેવિંગ ક્રીમ તો દેરાણી માટે મેક-અપ કિટ ને એવું બધું લઈ જતાં ને મુંબઈમાં મહિનો રોકાય ત્યારે નાના ભાઈના પરિવારને એકાદ-બે વાર હોટેલમાં જમાડી એમના માટે કશું કર્યાનો સંતોષ લેતાં.

નિનાદ-હિના ખૂબ ભાવથી એમની આગતાસ્વાગતા કરતાં. ભાઈના મિત્રો કે ભાભીનાં સગાં, કોઈ પણ મળવા આવે તો ચા-નાસ્તો કે જમવાનો સમય હોય તો જમ્યા વિના જાય નહીં એ જોતાં. બદલામાં એમને કશી અપેક્ષાઓ નહોતી. હા, એમને વન બેડમાંથી ટુ બેડ લેવો હતો ત્યારે ભાઈને મદદ માટે લખ્યું હતું પણ એ વખતે ભાઈ પોતે જ બેંકની લોન લઈ મોટા અપાર્ટમેન્ટમાં રહેવા ગયા હતા એટલે મદદ કરી શક્યા નહોતા. એ વાતનું એમણે બહુ મન પર લીધું નહોતું પણ ક્યારેક મનમાં થતું કે અપાર્ટમેન્ટ લીધાને ખાસ્સાં વર્ષો થયાં તોય ભાઈ-ભાભીએ એકાદ વારેય એમને અમેરિકા આવવાનું કહ્યું નહોતું.

શરૂશરૂમાં ભાભી કહેતાં, ''અમારી કૈરવીનું જો અમેરિકામાં નક્કી થાય તો

મારે તમને બેયને ત્યાં તેડાવવાં છે.'' પણ ત્યારે નિનાદ-હિના જાણતાં હતાં કે એ વાતને હજી દસ-બાર વર્ષની વાર છે. હા, ભાઈએ જો નિનાદને કાયમી અમેરિકા આવવું હોય તો વિઝા માટે મદદ કરવાની ઓફર કરેલી પણ ત્યારે બાપુજીના ગયા પછી રાજકોટમાં એકલાં પડી ગયેલાં બાને નિનાદ મુંબઈ લઈ આવેલો ને ભાઈના કહેવા પ્રમાણે અમેરિકામાં બહુ સ્ટ્રગલ છે ત્યારે બા અને પરિવારને મૂકીને એ કરવાની નિનાદની માનસિક તૈયારી નહોતી. તોય ભાઈએ પૂછ્યું તે વાતનો એને આનંદ હતો પણ બાના મૃત્યુ ટાણે અમેરિકાથી ભાઈ એકલા જ આવ્યા ને કારજપાણી પત્યા પછી એમણે રાજકોટના ઘરનું શું કરવાનું છે એવું પૂછ્યું ત્યારે નિનાદને આઘાત લાગ્યો. એ ઘર બા-બાપુની નિશાની હતી ને પોતાના પરિવારને વરસમાં એકાદ વાર વતનમાં જવું હોય તો કામ લાગે એમ હતું. છતાં ભાઈએ પૂછ્યું એમાં સહિયારી મિલકતનો યોગ્ય નિકાલ કરવાનું સૂચન હતું એ નિનાદને સમજાયું હતું.

ગયા વર્ષે ભાભી જેની વર્ષોથી વાત કરતાં હતાં એ કૈરવીના લગ્નનું શિકાગોમાં ગોઠવાયું ને ત્યારે ભાઈ-ભાભીએ નિનાદના પરિવારને તેડું મોકલ્યું. વિઝા મળવા હવે ઇઝી થઈ ગયા હતા એટલે નિનાદની ઇચ્છા એના આખા પરિવારને અમેરિકા લઈ જવાની હતી પણ એટલો ખર્ચ એને પોસાય એમ નહોતો. તોય ઘરના લગ્નમાં ના જાય તો સારું ના કહેવાય એટલે એ ને હિના ગયાં. એણે ખાસ્સી મહિનાની રજાય લીધી હતી કે ત્યાં જઈએ છીએ તો થોડું ઘણું અમેરિકાય જોઈ આવીશું.

એ બંનેએ હોંશેહોંશે ભાઈ-ભાભીને કામમાં જે મદદની જરૂર હોય એ કરી ને લગ્ન સરસ રીતે પત્યાં પણ પછીના દિવસો કાઢવા મુશ્કેલ થઈ ગયા. એક તો ભાઈએ એમની ઓફિસમાંથી લગ્ન પૂરતી એક વીકની જ રજા લીધેલી એટલે એ તરત જ જોબ પર જોઈન થઈ ગયા એટલે વીક એન્ડ સિવાય આખો વખત બન્નેને ભાભી સાથે ઘરમાં પુરાઈને રહેવાનું આવ્યું. વળી ત્યાં કોઈ ઇન્ડિયાનાં સગાં કે ઓળખીતા વીક-એન્ડમાં મળવા આવે તો, 'તમે આવ્યાં છો એટલે જાણે ઇન્ડિયા લઈને આવ્યાં હો એવું લાગે છે, બીજી વાર આવો ત્યારે અમારે ઘેર ચોક્કસ આવવાનું રાખજો... તો પછી મળીએ' - આ પ્રકારના સંવાદો સાંભળીને એમને ક્યાંય જવાનું મન થતું નહોતું. લગ્ન પછી એ રહ્યાં એ દરમિયાનમાં ભાઈના ત્રણ વીક એન્ડ આવ્યા. એમાંના એકમાં એમણે શિકાગો સિટી દેખાડ્યું, એકમાં શિકાગોની નજીકનું મોટું લેક જોવા લઈ ગયા ને ત્રીજા વીક એન્ડમાં તો પાછા ફરવાની તૈયારી કરવાની હતી એટલે નિનાદ-હિનાને અમેરિકા આવ્યાં જ ન હોય એવું લાગ્યું.

પેલો ઈમેઈલ લખતી વખતે નિનાદનું મન કચવાયું હતું પણ હિનાની વાત

સાચી હતી એટલે મન મારીને એણે ઈમેઈલ મોકલ્યો હતો. જોકે શિકાગોમાં એનાથી ઉલ્કાપાત જેવું થઈ ગયું હતું. નિશાને ઇન્ડિયા જવાનું ઘણું મન હતું એટલે ઊતરવાનાં બીજાં એક-બે ઠેકાણાં વિચારી જોયાં પણ ક્યાંય મેળ પડે એમ લાગ્યું નહીં. છેવટે નાછૂટકે હોટેલમાં ઊતરવાનું વિચાર્યું. એમાં ખર્ચા ઉપરાંત બધા આવે એમની આગતા-સ્વાગતા વગેરે પ્રશ્નો હતા એટલે મન કચવાતું હતું ને આટલા બચત તો એનું આ થાત એવું થતું હતું પણ પછી અમેરિકાના સ્ટેટસને અનુકૂળ હોટેલમાં ઊતરવું એ જ નક્કી થયું. મહિનાને બદલે આ વખતે પંદર દિવસની ટ્રિપ જ રાખી. અંધેરીમાં એક સારી હોટેલમાં ઓનલાઈન બુકિંગ કરાવીને સગાં અને મિત્રોને જાણ કરવા ફેસબુક પર મૂકી દીધું. નિનાદ-હિનાને ત્યાં ઘણાંએ ફોન કરીને પૂછ્યું કે 'આ વખતે તમારે ઘેર નથી?' તો હિનાએ જવાબ તૈયાર જ રાખ્યો હતો કે, 'હોટેલમાં હોય તો એમને પોતાની રીતે રહેવાની ફ્રીડમ મળી રહે ને અહીંયાં એમને બંધાઈ ગયા જેવું લાગે.'

તેજસ, નિશા ને દીકરો કુંતલ ત્રણે મુંબઈના એરપોર્ટ પર ઊતર્યાં ત્યારે એમને લેવા કોઈ નહોતું આવ્યું. દર વખતે રાતના ગમે એટલા વાગ્યા હોય તોય નિનાદ ભાડાની ગાડી લઈ હાજર થઈ જતો. આજે એની ખોટ વરતાઈ. જોકે એટલી મોડી રાતે પણ નિનાદે ફોન કરીને હોટેલ પહોંચી ગયાનો સંદેશ મેળવ્યો હતો એ સારી વાત હતી. હોટેલના રૂમમાં નિશાને બરાબર ઊંઘ ના આવી. સવારે હિનાનો ફોન આવશે એમ ધાર્યું હતું પણ હિનાનો ફોન છેક લન્ચ પછી આવ્યો ને મળવાનું કેટલા વાગે ફાવશે, એમ એણે પૂછ્યું ત્યારે મનમાં તો થયું કે તરત જ આવી જાઓ પણ એવું બોલી ના શકાયું. એમને પાંચેક વાગે આવવાનું કહ્યું ત્યારે ઉમેર્યું કે મારાં ભાઈ-ભાભી પણ એ જ વખતે આવવાનાં છે. (મળવા આવનારાં તમે એકલાં નથી. સમજ્યાં?)

સાંજે બધાં મળ્યાં ત્યારે ઉમળકો દેખાડવા પ્રયત્ન કર્યો પણ બધું અડવું અડવું લાગતું હતું. નિનાદભાઈના ઘર માટે બદામ, કેન્ડી વગેરેની અલગ થેલી બનાવી હતી એ આપતી વખતે એનાથી બોલાઈ જવાયું, "તમારે માટે આ વખતેય બધું લાવ્યાં છીએ હોં!" હિનાનો ચહેરો લાલ થઈ ગયો ને એણે તરત જ કહ્યું, "લાવવાની કાંઈ જરૂર નહોતી, બધું હવે ઇન્ડિયામાં મળે છે." નિશા થોડી છોભીલી પડી ગઈ. હિના આવો જવાબ આપશે એવું એણે ધાર્યું નહોતું. એ વખતે તો નિશાનાં ભાઈ-ભાભી પણ હતાં એટલે નિશા ને હિના બેય ચૂપ રહ્યાં પણ એ લોકોના ગયા પછી બધો અમળાટ બહાર આવી ગયો. નિશાએ કહ્યું, "બીજા બધાને હોય કે ના હોય, મને તો કુટુંબ માટે બહુ લાગણી છે. હું તો કુટુંબ માટે અડધી અડધી થઈ જાઉં. નિનાદભાઈને મેં મારા સગા ભાઈથી

ઓછા કદી ગણ્યા નથી.'' હિના પણ જાણે તકની રાહ જોતી હોય એમ બોલી, ''લાગણીની ને અડધા અડધા થઈ જવાની વાતો તો બધા કરે છે પણ વર્તનમાં કેટલા મૂકે છે!'' નિનાદે એને રોકવા પ્રયત્ન કર્યો પણ હિનાને અંદર વલોવાતું હતું એટલે એણે સીધું નિશાને સંબોધીને જ કહ્યું, ''ભાઈ ભાઈ કરો છો તે અત્યાર સુધી શું કર્યું ભાઈ માટે? કદી ભાઈને કોઈ વસ્તુની જરૂર છે એટલુંય પૂછ્યું હોત તો સંતોષ લેત.'' હવે તેજસભાઈ પણ વચ્ચે કૂદી પડ્યા, ''કેમ, શું પૂછ્યું નથી એને? એને આવવું હોત તો અમેરિકા લઈ જવાની તૈયારી હતી મારી... પણ એણે જ ના પાડી પછી-''

નિનાદ હવે ચૂપ ના રહી શક્યો, ''હા ભાઈ, મેં જ ના પાડી હતી પણ શું કામ ના પાડી હતી એ જાણો છો? અહીં બાને સાચવવા મારા પરિવારને મૂકીને આવવાની વાત હતી. એમાંય અમેરિકામાં બહુ સ્ટ્રગલ છે ને દસ વર્ષ તો બધું ભૂલીને મહેનત કરવી પડે એવું કહેનારા પણ તમે જ હતાને? તોય કુટુંબને મૂકીને તો આવત પણ બાની ઢળતી ઉંમરે એને મૂકીને આવવા માટે મન ના માન્યું.''

નિશા ઊકળી ઊઠી, ''બા માટે ના આવ્યા ને દોષ અમને આપો છો? એમ કો'ને કે બાની પાછળ મિલકતનો ભોગવટો કરવો હતો એટલે-'' ''આ શું બોલો છો, ભાભી? અમે મિલકત માટે બાને રાખ્યાં, એમ?'' નિનાદના અવાજમાં વેદના હતી. હિનાએ તરત જ કહ્યું, ''ઊઠો, આપણે અહીં ઘડીય રોકાવું નથી હવે. આપણે ઘેર ઉતારો ના આપ્યો એમાં બધું આટલું બદલાઈ જશે એવું ધાર્યું નહોતું!''

નિનાદ-હિના ઊઠીને ચાલતાં થયાં. તેજસભાઈને પણ લાગ્યું કે નિશાથી વધારે પડતું બોલાઈ ગયું છે પણ શું થાય, તીર ભાથામાંથી છૂટી ગયું હતું.

બીજા દિવસે બીજાં થોડાં સગાં મળવા આવ્યાં પણ નિનાદ-હિના ના આવ્યાં એ ખૂંચ્યું પણ ત્રીજા દિવસે તો મળવા આવનારું કોઈ જ નહોતું એટલે એકલાં પડી ગયાની લાગણી થઈ. નિનાદ-હિનાને ફોન કરીને બોલાવવાનું મન થયું પણ એમાં નાનમ લાગી. તેજસે કહ્યું, ''ફોન કરવા કરતાં ચાલ, આપણે જ જઈ આવીએ. ભાઈનું ઘર છે, કાંઈ પારકું થોડું છે.'' નસીબે હિનાનો ફોન જ સામેથી આવ્યો કે, 'સાંજના જમવાનું એને ત્યાં બનાવશે એટલે હોટેલમાં ના જમશો.' નિશાની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં.

એ સાંજ સારી ગઈ. ઇન્ડિયા આવ્યા જેવું પહેલી વાર જ લાગ્યું. નિશા ઘેલી થઈને હિનાને રસોઈમાં મદદ કરવા પહોંચી ગઈ પણ હિનાએ પ્રેમથી એને બેસાડી દીધી. બિટ્ટુને બીજા દિવસે રજા હતી એટલે એ ને નાનો કુંજ કુંતલ સાથે અમેરિકાની વાતોએ વળગ્યા. નિનાદ ઓફિસેથી વહેલો આવી ગયો હતો ને એ અને તેજસ ઇન્ડિયાના રાજકારણની ચર્ચામાં પડ્યા હતા. નિશાને જાણે પોતે


ગુનેગાર છે એવું લાગતું હતું. એણે હિનાનો હાથ પકડીને કહ્યું, ''જો તું નાની છે પણ મારા કુંતલના સોગન ખાઈને કહું છું તને મારી નાની બહેન જેવી જ ગણું છું. તે દિવસે બોલાઈ ગયું પણ-'' હિનાએ એને આગળ ના બોલવા દીધી, ''સાચું કહું છું ભાભી, તમે બોલ્યાં ત્યારે તો ઝટકો લાગ્યો હતો ને અમે ચાલી આવ્યાં પણ પછી તમારા ભાઈ આખી રાત ના ઊંઘ્યા ને મને કે 'થોડી અગવડ પડત પણ તારી વાત માનીને મેં ઈમેઈલ લખ્યો એમાં જ ભાઈ-ભાભીને આવા વિચારો કરવા પડ્યાને?-' ત્યારે મનેય પસ્તાવો થયો. પરમ દિવસની વાતો ભૂલી જજો, ઊભરા ઊભરામાં બોલાઈ જવાય પણ આટલાં વર્ષોમાં આપણે બોલવાનું થયું છે કદી?''

એ દિવસે પહેલી વાર નિશાએ નિનાદ-હિનાના ફ્લેટનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. એ લોકો કેવી રીતે એડજસ્ટ કરીને રહે છે એ એના ધ્યાનમાં આવ્યું. એના મનમાં વિચારોનું ઘમાસાણ ચાલતું હતું. પ્રેમથી જમાડ્યા પછી હિનાએ જ્યારે કહ્યું કે, ''ભાભી, અહીં અગવડ તો પડશે પણ તમે હવે હોટેલને બદલે આપણે ઘેર જ આવી જાઓ. હોટેલમાં છો એટલે તો જાણે આવ્યાં જ ના હો એવું લાગે છે,'' ત્યારે નિશાની આંખ ફરી ભીની થઈ. ભીના કંઠે એ બોલી ઊઠી, ''અમનેય ત્રણ દિવસ થયા પણ જાણે ઇન્ડિયા આવ્યાં જ નથી એવું લાગે છે.'' પછી તો વાતોનો બંધ છૂટી ગયો. ચારે જણ જૂના દિવસોની, બાનો પ્રેમ ને રાજકોટના ઘરની મીઠી વાતો મમળાવી રહ્યાં.

જતી વેળાએ નિનાદ-હિનાએ ફરી કહ્યું કે કાલે અહીં જ આવી જાઓ પણ બિટ્ટુની પરીક્ષા ને નાના ફ્લેટમાં તને અગવડ પડે, એમ કહી નિશાએ ના પાડી. બહુ રકઝક પછી એવો ઉકેલ નીકળ્યો કે ભલે હોટેલમાં રહો પણ સવારથી અહીં આવી જવાનું તે છેક મોડી રાતે સૂવા જવાનું. છૂટા પડતાં નિશા હિનાને ભેટી જ પડી.

અંધેરી-મલાડ વચ્ચે ઉબેર ઘણી દોડી ને બધા દિવસ સવારથી મોડી રાત સુધી બન્ને કુટુંબે ભેગાં મળી ખૂબ કિલ્લોલ કર્યો. જવાના બે દિવસ અગાઉ નિનાદે સામે ચાલીને મોટા ભાઈને, રાજકોટના ઘરનું શું કરવું છે?- એમ પૂછ્યું ત્યારે તેજસભાઈ બોલે એ પહેલાં જ નિશા બોલી ઊઠી, ''કશું કરવું નથી, ભલે રહ્યું ઘર. બા-બાપુની નિશાની છે ને આપણે બધાને વતનમાં જવું હોય તો ઊતરવાનું સ્થળ તો જોઈશે જને?''

વિદાયના દિવસે હિનાએ કહ્યું, ''આ વખતે ભલે હોટેલમાં રહ્યાં પણ બીજી વખત આપણે ઘેર જ રહેવાનું રાખવાનું છે, આમાં તો પૂરો સંતોષ જ થયો નહીં.'' નિશાએ તેજસ સામે જોઈને કહ્યું, ''નિનાદભાઈ, ત્રણ બેડરૂમનો ફ્લેટ જોવા માંડો, અમેરિકાના ડોલર કયા કામમાં આવશે!'' ત્યારે ચારેની આંખોમાં પાણી તગતગતાં હતાં. ❑❑❑



એક ભયાવહ ખૂબસૂરત કહાની

☐ હોમી દસ્તુર

નાદિયા મુરાદે લખેલું એક અદ્‌ભુત પુસ્તક મને વાંચવા મળ્યું. નામ છે: ''ધ લાસ્ટ ગર્લ.'' વિરાગો પ્રેસનું આ પ્રકાશન છે.

આ પુસ્તકમાં મનુષ્યની ક્રૂરતા કેવી ચરમસીમા પર પહોંચી શકે છે એનું આપણને હચમચાવી મૂકતું વર્ણન છે. એમાં હત્યા છે, હત્યાકાંડ છે, સામૂહિક બળાત્કાર છે, પિશાચી શારીરિક અને માનસિક યાતનાનું ભયાવહ ચિત્રણ છે, ગુલામ તરીકે વેચાઈ એક રાક્ષસથી બીજા રાક્ષસના બાહુપાશમાં ધકેલાતી કુમળી છોકરીઓ અને યુવાન સ્ત્રીઓની વેદના છે, સામૂહિક કબરોમાં ફેંકાતી

સ્ત્રી-પુરુષોની લાશના ઢગલા છે.

અને છતાં આ એક ખૂબસૂરત પુસ્તક છે. પોતાના માનવ-અસ્તિત્વને નેસ્તનાબૂદ કરવાના, માનવીય ગરિમાને કચડીને ભૂકો કરી દેવાના સુયોજિત અભિયાનની વચ્ચે 21 વર્ષની નાદિયા અને યઝિદી કોમની બીજી સ્ત્રીઓ પોતાની માનવીય ખુમારીને ઝાંખી પડવા નથી દેતી, આશાને મરવા નથી દેતી, નીડરતાને અકબંધ રાખે છે અને સેતાનોની જાળમાંથી છટકી સખત પરિશ્રમ કરી દુનિયા સમક્ષ સત્ય પેશ કરવામાં સફળ રહે છે. આમાં નાદિયાનું યોગદાન સૌથી વધુ મહત્ત્વનું છે.

એમનું મોઢું બંધ કરી દેવાના પ્રયાસોને નિષ્ફળ બનાવી યુનોની સિક્યોરિટી કાઉન્સિલ પાસે આ દુષ્કૃત્યોના ગુનેગારોને આંતરરાષ્ટ્રીય સ્તર પર સજા અપાવવા એક તપાસ પંચ નીમવાનો ઠરાવ એકમતે પસાર કરાવડાવે છે. એનો અર્થ એ થાય કે નાઝીઓની જેમ આ પિશાચો ઉપર વૈયક્તિક રીતે આંતરરાષ્ટ્રીય અદાલતમાં મુકદ્દમા ચલાવવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આ બધું જ 2014 ને 2018 વચ્ચે બને છે.

નાદિયા યઝિદી કોમની બેટી છે. યઝિદી ધર્મના આ અનુયાયીઓ ઉપર સૈકાઓથી જુલમો થતા આવ્યા છે. યઝિદીઓને ઇસ્લામિક પંથો નાસ્તિક અને કાફર માને છે. એમનું ઇસ્લામમાં ધર્મપરિવર્તન કરાવવાની સુન્ની ઇરાકીઓ અને સુન્ની કુર્દ લોકોની બધી જ લોહિયાળ કોશિશો આજ સુધી નિષ્ફળ નીવડી છે. યઝિદીઓનો સૌથી મોટો ભાગ ઉત્તર ઇરાકમાં આવેલા સિન્જાર પ્રદેશમાં વસે છે. સિન્જાર પર્વતમાળાએ સૈકાઓથી યઝિદીઓનું રક્ષણ કર્યું છે.

યઝિદી મજહબ માત્ર એક પરમ ખુદામાં માને છે. એમાં વચેટિયાઓનું કોઈ સ્થાન નથી. એમણે પારસી જરથોસ્તી, સૂફી ઇસ્લામ, ખ્રિસ્તી અને યહૂદીઓના ધર્મમાંથી કેટલાક અંશો લઈ પોતાનો અલગ મજહબ સ્થાપેલો. (જેમ ગુરુ નાનકે શીખ ધર્મ સ્થાપેલો.) આ પ્રજા ખેતી કરી, ઘેટાં, બકરાં વગેરેને પાળી એમાંથી પોતાનું ગુજરાન ચલાવે છે. કટ્ટરપંથી ઇસ્લામના અનુયાયીઓ માટે યઝિદીઓ 'કુફ્ફર' છે એટલે એમનું બળજબરીથી ધર્મ-પરિવર્તન કરાવવામાં અને ન કરે તો એમના પર અત્યાચારો કરવામાં તેઓ પોતાનો ધર્મ સમજે છે. ધર્મના નામે માનવ સમાજમાં જે હિંસા, અત્યાચાર અને હત્યાકાંડો થતાં રહ્યાં છે એનો જોટો જડે એમ નથી.

જરથોસ્તી મજહબમાં દાદાર અહુરમઝદ (પરમ ઈશ્વર)નાં અનેક નામો ગણાવાયાં છે. એમાં સૌથી પ્રથમ છે ''યઝદ્.'' ઈરાનમાં પારસીઓનું રાજ્ય હતું ત્યારથી યઝિદી નામનો એક પ્રદેશ છે. મારી ધારણા છે કે યઝિદી

કોમનું આ ઉદ્‌ભવસ્થાન હોઈ શકે.

નાદિયાના ગામનું નામ કોચો. સિન્જાર પર્વતમાળાની દક્ષિણે એ છે. 2003માં ઇરાક-અમેરિકા યુદ્ધ શરૂ થયું ત્યારથી યઝિદીઓની કમબખતીની શરૂઆત થઈ. યુદ્ધની સીધી અસર સિરિયા તુર્કી પર પણ પડી. સુન્ની, શિયા, કુર્દ, સિરિયનો ને અમેરિકનોએ સર્જેલી અરાજકતામાંથી ઇસ્લામિક સ્ટેટ એટલે આઈ એસ - આઈ એસનો જન્મ થયો. આ ધર્મઝનૂની સંગઠનનો સ્થાપક છે અબુ બકર અલ્‌-બગદાદી. ઇસ્લામને ફેલાવવાનો અને 'કુફ્ફરો'નો નાશ કરવાનો એમણે ઠેકો લીધો છે. હકીકતમાં પોતાની હેવાનિયતને, હવસને, સત્તાલોલુપતાને મોકળું મેદાન આપવાના અને પોતાની ખલિફાત સ્થાપવાના આ પ્રયત્નો છે. યુવાનોનું બ્રેઈનવોશ કરી, એમને માનવ-બોંબ અને હત્યારાઓ બનાવી હિંસાચાર ફેલાવી સત્તા કબજે કરવાની સાજિશ છે.

2012માં સિરિયાના આંતરિક વિગ્રહે આઈ એસ - આઈ એસને પોતાની સત્તા ફેલાવવાની અને ઘણા પ્રદેશો પર કબજો જમાવવાની તક આપી. સિરિયાના કેટલાક પ્રદેશો જીતી લઈ પિશાચોનું આ સંગઠન ઇરાક ઉપર આવ્યું. 2014માં કોચોથી 80 માઈલ દૂર આવેલા મોસુલ ગામ પર તેમણે પોતાનું શાસન સ્થાપ્યું. થોડા સમય પછી આ આતંકવાદીઓએ કોચો ગામ પર આક્રમણ કર્યું. નાદિયાનાં છ ભાઈઓ અને મા સહિત સેંકડો પુરુષો અને વૃદ્ધ સ્ત્રીઓની હત્યા કરી સામૂહિક કબરોમાં એમને દાટી દેવાયાં.

કુમળી છોકરીઓ અને યુવાન સ્ત્રીઓને ઇસ્લામિક સ્ટેટના લડવૈયાઓ અને અધિકારીઓની ગુલામ (''શાબિયા'' સેક્સ-સ્લેવ) બનાવવામાં આવી. આ હેવાનોએ એમના પર જે મહાભયાનક અત્યાચારો કર્યા અને નાદિયા જેવી હજારો છોકરીઓ જે નરકમાંથી પસાર થઈ એની વિગતો આપવાની મારી તાકાત નથી. યાતનાથી લદોલદ બળાત્કાર, ચાબુકના ફટકાઓ, બદલાતા માલિકો...

અને છતાં એમણે આશા અને હિંમત ન છોડી. ભાગી જવાના પ્રયાસ કરે ને પકડાઈ જાય તો જે સજા કરવામાં આવે એની પાશવતાની કલ્પના પણ તમે ન કરી શકો. નાદિયાનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ ગયો અને એણે નગ્ન શરીર પર જે ચાબુકના ફટકા પામ્યા છે અને માલિકના અંગરક્ષકોના ઉપરાછાપરી બળાત્કાર દિવસો સુધી સહન કર્યા છે એ જોઈ થાય છે કે માનવજાત શું હિરણ્યકશ્યપુની ઓલાદ છે?

ના. અંધારું છે તો પ્રકાશ પણ છે. જેમના દિલમાં રામ વસે છે એવા પણ ઘણા મનુષ્યો છે. નાદિયાનો ભાગી જવાનો બીજો પ્રયાસ સફળ રહ્યો, કારણ કે રસ્તા પર દોડી જઈ ગાઢ અંધકારમાં એણે જે ઘરનો દરવાજો ખખડાવ્યો એમાં

જાતના સુન્ની ઇરાકી પણ હકીકતમાં ફરિશ્તા રહેતા હતા. મોટું ગરીબ કુટુંબ. નાદિયા ખુશનસીબ હતી. ઘણી બધી શાબિયાઓને તો જેમનો આશરો માગ્યો એમણે જ આઈ એસ - આઈ એસને હવાલે કરી દીધી હતી. ભય, ઇનામ કે ધિક્કારને લીધે.

આ કુટુંબે નાદિયાને આવકારી, સાંત્વન આપ્યું, આશરો આપ્યો, બનાવટી ઓળખપત્ર સહિત જ્યાં ઇસ્લામિક સ્ટેટનું શાસન ન હતું એ પ્રદેશમાં ચાલી જવાની બધી જ વ્યવસ્થા કરી આપી. થર થર ધ્રૂજતી નાદિયાએ ભર રાત્રે દરવાજા પર ટકોરા માર્યા ત્યારે એને આવા આવકારની આશા ન હતી. આખા કુટુંબને પોતાની આપવીતી એણે કહી ત્યારે કુટુંબના વડા બોલ્યાઃ ''શાંત થા, બેટા. ડર નહીં. અમે તને મદદ કરવાની કોશિશ કરીશું.'' એમની પત્ની બોલીઃ ''નાજુક છોકરીઓ સાથે કોઈ આવું કેવી રીતે કરી શકે?''

આઈ એસ - આઈ એસની ચોકીઓ વટાવી છટકી જવું એ લગભગ અશક્ય હતું. પણ આ કુટુંબે એ કરી બતાવ્યું. 25 વર્ષનો દીકરો નાસર ''પતિ'' તરીકે નાદિયાની સાથે રહ્યો. જબરદસ્ત જોખમ હતું એમાં છતાં નાસરે આ કામ પાર પાડ્યું. કુટુંબને ખબર હતી કે નાસર-નાદિયા પકડાઈ જાય તો શું હાલ થાય. એક તરફ આ ઇન્સાનિયત હતી. બીજી તરફ શેતાનિયત હતી જેનું વર્ણન નાદિયા કરે છેઃ

''અમને શાબિયા બનાવી યઝિદી છોકરીઓની ધીમી હત્યા આ લોકોએ શરૂ કરી. પ્રથમ એમણે અમને અમારા ઘરમાંથી વિખૂટાં પાડી અને અમારા પુરુષોને મારી નાખ્યા. પછી અમને અમારી માતાઓ ને બહેનોથી છૂટાં પાડ્યાં. તેઓ અમને યાદ કરાવતા રહ્યા કે અમે તો માત્ર એમની જાયદાદ હતાં જેને તમે સ્પર્શી શકો, જેને તમે નીચોવી શકો, જેમ અબુ બતતે મારી છાતીને નીચોવી હતી, જાણે એ એને તોડી નાખવા ન માગતો હોય, કે નફાહે મને સિગારેટના ડામ દીધા હતા. આ બધી અમારા આત્માની હત્યા કરવાની સાજિશ હતી.''

આ રાક્ષસોએ નાદિયાના શરીરને ભલે ચૂંથી કાઢ્યું હોય, પરંતુ એના આત્માની હત્યા કરવાના પ્રયાસોમાં તેઓ બિલકુલ નિષ્ફળ ગયા. નાદિયાને જર્મનીએ આશરો આપ્યો. જર્મન મિત્રો અને બ્રિટનની અમલ કલૂની જેવી માનવ હક્કો માટે લડતી વકીલની મદદથી નાદિયાએ ઇરાક સરકાર, યુનોના વિવિધ દેશોના પ્રતિનિધિઓ, સિક્યોરિટી કાઉન્સિલના સભ્યો, યઝિદી લોકો, અખબારો વગેરેનો સંપર્ક સાધ્યો, હકીકતો ભેગી કરી અહેવાલો બનાવ્યા, વિવિધ સ્થળોએ સત્યને ઉજાગર કરતાં ભાષણો આપ્યાં અને આખરે સિક્યોરિટી કાઉન્સિલમાં વિજય મેળવ્યો. આજે

નાદિયા યઝિદીઓનો અવાજ બની છે અને યુનોએ એને પોતાની સત્તાવાર પ્રતિનિધિ બનાવી છે. નોબેલ શાંતિ પારિતોષિક માટે એ નોમિનેટ પણ થઈ.

આઈ એસ - આઈ એસ જેવાં પિશાચી સંગઠનો રાતોરાત ઊભાં નથી થતાં. નબળી અને બેસહારા વ્યક્તિઓ પર એકલ-દોકલ હુમલાથી, છૂટાછવાયા આતંકથી એની શરૂઆત થાય છે. લાચારો માટે સબળાઓ કોઈ અસરકારક અવાજ ઉઠાવતા નથી, સરકારી સંસ્થાઓ પોતાનું કર્તવ્ય બજાવતી નથી ત્યારે એ ફૂલીફાલીને માનવ-સંહારનું સંગઠન બને છે. આ પ્રક્રિયાનું સૌથી મોટું અને શરમજનક કારણ છે આપણા જેવા કહેવાતા સભ્ય સમાજની આ અન્યાય-અત્યાચાર પ્રત્યેની ઘોર ઉદાસીનતા, ઉપેક્ષા, બેદરકારી અને અસંવેદનશીલતા.

આપણે આપણા દેશની સૌથી વધુ દયા ખાવાની છે. અહીં દલિતો-આદિવાસીઓ પર હજારો વર્ષથી અત્યાચારો થતા રહ્યા છે અને બંધ થવાનું નામ નથી લેતા, કારણ કે આપણે આંધળા, બહેરા અને દયાહીન છીએ. આપણને પડી નથી. આપણે આપણા ગઢમાં સલામત છીએને. પછી આ લોકો ભલે વેદનાના ચરુમાં ઊકળે, આપણને શું?

આવી કાયર, બેશરમ અને સ્વાર્થી મનોદશા જ આતંકી સંગઠનોને જન્મ આપવામાં મુખ્ય ભાગ ભજવે છે. એક લાચાર, દલિત કે ગરીબ મુસલમાન ''લિન્ચ'' થાય છે (કેવું વેદનામય મોત!!) કે કાનૂનને હાથમાં લઈ બેફામ હિંસા કરતાં ટોળાંઓ સમાજમાં મુક્ત થઈને ઘૂમે છે કે સત્તાના નશામાં ચકચૂર રાજકારણીઓ દ્વેષ, ધિક્કાર, હિંસાની અશ્લીલ ભાષા બોલી હિંસાચાર માટે ભૂમિકા તૈયાર કરી આપે છે અને સમાજ એ પચાવીને બેસી રહે છે ત્યારે આ પિશાચી માહોલ બગડતો બગડતો અરાજકતા ને આતંકવાદ પર પહોંચે છે. એ જ્યારે લક્ષ્મણ રેખા ઓળંગશે ત્યારે તમે કે હું કોઈ સલામત રહેવાના નથી. આપણા ગઢોના પણ કાંકરા થવાના છે.

માર્ટિન મેકવાન એના પુસ્તક ''ભેદભારત''માં સત્તાવાર હકીકતો અને આંકડા આપે છેઃ ''નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ અનુસાર 2014, 2015 અને 2016 દરમિયાન દલિતો પર 1,19,872 અને આદિવાસીઓ પર 19,671 અત્યાચાર એમ કુલ 1,39,543 અત્યાચાર નોંધાયા છે.

હું ખાત્રીપૂર્વક કહું છું કે નોંધાયેલા કરતાં બિનનોંધાયેલા આંકડા ત્રણ ગણાથી વધુ હશે. અને છતાં તમે પૂછતા રહેશો તો દસમાંથી નવ ગુજરાતીઓ કહેશેઃ ''અસ્પૃશ્યતા અગાઉના જમાનામાં હતી. હવે તો એવું કશું રહ્યું નથી. સાલાઓ ઊલટા અનામતને નામે તાગડધિન્ના કરે છે.''

❑❑❑



ભારતીય શાસ્ત્રીય સંગીતનું અણમોલ રત્ન : પંડિત ગજેન્દ્ર બક્ષી

☐ શ્રેયસ કારીઆ

રાજકોટ શહેરમાં આવેલા શ્રીરામકૃષ્ણ આશ્રમમાં મંદિરની નીચેના હોલમાંથી સુરીલો અવાજ બહાર સુધી આવી રહ્યો હતો. સવારનો કોમળ તડકો ચારેતરફ સોનેરી આભા ફેલાવી રહ્યો હતો. હવામાં ગુલાબી ઠંડી હતી. વર્ષ હતું ઈ.સ. 1991નું. આ વાતાવરણ મને ખેંચીને હોલ તરફ લઈ ગયું. પગથિયા

પર બેસીને સાંભળ્યા જ કર્યું.

લગભગ એક કલાક પછી તાનપૂરો છેડાવાનું બંધ થયું અને આશ્રમના જ એક બ્રહ્મચારી મહારાજ ઊભા થઈને તે ગાયકને પગે લાગ્યા. લગભગ સાડાપાંચ ફૂટ ઊંચા પણ વ્યક્તિત્વમાં વિશેષ ઊંચેરા, ચશ્માં પહેરેલા, લાંબા વાળવાળા, પેન્ટ-શર્ટ પહેરેલા, મોટી મૂછોવાળા, મસ્તીભરી બેફિકર ચાલમાં પગથિયાં ચડીને આ ગાયક પાર્કિંગ તરફ નીકળ્યા. મેં નમસ્તે કર્યાં. ને જવાબમાં લળીને આશીર્વાદની મુદ્રામાં હાથ હલાવ્યો.

આ અમારો પહેલો પરિચય. વિશેષ પૂછતાં ખબર પડી કે તેઓ બેન્ક ઓફ ઇન્ડિયામાં સેવા આપે છે અને જતાં પહેલાં અહીં શીખવવા આવે છે.

બીજો સુખદ પ્રસંગ પણ શ્રીરામકૃષ્ણ આશ્રમનો જ. ગુરુપૂર્ણિમાનો દિવસ હતો. પગથિયાં ચડતાં જ ફરી સાંભળ્યો એ જ અવાજ, જે દિલમાં ચોંટી ગયો હતો. 'ગુણકલી' રાગના સ્વરો ગવાઈ રહ્યા હતા. એક પ્રાર્થનાની, આરજૂની, હવા બંધાઈ હતી. શાંતિથી બેસીને સાંભળ્યા જ કર્યું. ઠાકુર શ્રીરામકૃષ્ણની ચિરપ્રસન્ન મૂર્તિ સમક્ષ સંગીત ગવાઈ રહ્યું હતું! હવે વિશેષ ઉઘાડ થવા લાગ્યો. આ અવાજ ચિરપરિચિત હોય તેવું સંવેદન થયું. ફરી વખત આ સૂરોની યાત્રામાં ખોવાઈ ગયો. લગભગ એક કલાક પછી સૂરો થંભ્યા. ઊઠીને પ્રદક્ષિણા કરી. મંદિરના મુખ્ય દરવાજા પાસે ફરીથી સામા મળ્યા. પ્રણામ કર્યા. એ જ આશીર્વાદની મુદ્રા અને ચહેરા પર સ્મિત. મેં કહ્યુંઃ 'તમારી પાસે સંગીત શીખવું છે.' કહે, 'જરૂર. વૈશાલીનગર, શેરી નંબર 7માં રહું છું. મકાનનું નામ છે 'કલ્યાણ.' મારું નામ ગજેન્દ્ર બક્ષી.'

એક સાંજે આ ઘર શોધતો પહોંચ્યો. કહે, 'આવો ભાઈ!' છેવટ સુધી અમે એકબીજાને 'ભાઈ'નું સંબોધન કરતા થઈ ગયા. તેઓએ થોડી પ્રાથમિક પૂછપરછ કરી. મેં મારી વિનંતી ફરી વખત કરી. મને કહે, 'લગાવો - સા.'

આ સૂરમય - સુરીલો નાતો એવો જોડાયો. જે ઈ.સ. 1991થી શરૂ કરી 23મી ઓગસ્ટ, 2018 સુધી અખંડ રહ્યો. સ્પષ્ટ લખું તો હજુ સુધી છે.

મારા પિતા સમાન - ગુરુ - પંડિત ગજેન્દ્ર બક્ષી સાથેનાં આ 28 વર્ષોમાં સંબંધોના અનેક આયામો જોયા. ઘણું-ઘણું શીખ્યો. સળંગ દસ વર્ષનો કાલખંડ એવો હતો કે જેમાં એકપણ પ્રસંગ એવો ન હતો જેમાં તાનપૂરા સંગત ન કરી હોય. દેશભરમાં કાર્યક્રમો, નાની-મોટી મહેફિલો, દૂરદર્શન, આકાશવાણી... અનેક રીતે સંગત કરતાં-કરતાં ઘડતર થયું.

આ સમયગાળામાં જે પ્રત્યક્ષ જોયું, અનુભવ્યું તેવું બયાન કરવું છે. કોઈ જ અલંકારિક ભાષા વગર. કશું જ ઉમેર્યા કે બાદ કર્યા વગર. ગજેન્દ્ર બક્ષી એક

એવી સંગીત પ્રતિભા કે જેણે ક્યારેય મારી આંખ અંજાવા નથી દીધી. અમારી વચ્ચે કોઈ જ વિશેષતાનું આવરણ નથી આવ્યું, એકધારો સ્નેહ આપ્યો છે તેની કેફિયત રજૂ કરવી છે.

સામાન્ય રીતે ગુજરાતીઓ શાસ્ત્રીય સંગીતના રિયાજમાં ઓછા ઊતરતા હોય છે. અપવાદો હોઈ શકે. ગજેન્દ્ર બક્ષી આવા જ અપવાદ, અચૂક રિયાજી હતા. પોતાના ગાયનની બેઠક વધારતાં-વધારતાં બાર કલાકથી વધારે સુધીની હતી જે મને ખબર છે. તબલાં સાથે રિયાજ કરતાં ક્યારેય જોયા નથી, છતાં તાલ-લયની સૂક્ષ્મતા ક્યારેય છૂટી નથી. તેઓ કહેતા, તાલ-લયની ઘણી સમજ મેં ઉસ્તાદ અહમદજાન થીરકવા ખાંસાહેબ પાસેથી મેળવી છે.

યુગપ્રવર્તક, યુગપુરુષ, ગંધર્વ કોટિનું વ્યક્તિત્વ એવા ઉસ્તાદ અમીરખાં સાહેબની કૃપા ગજેન્દ્રભાઈ પર સતત વરસતી રહી. ઉસ્તાદજીના દેહવિલય પછી પણ.

અમીર ખાંસાહેબનો ગજેન્દ્રભાઈના જીવનમાં પ્રવેશ થયો તેની ઘણા જ પહેલાં તેઓના જીવન પર અસર જણાવા લાગી હતી. 16 વર્ષની ઉંમરે ભાવનગરમાં એક સંગીત મહેફિલમાં ખાંસાહેબ સાથે તાનપૂરા પર સંગત કરી અને મુંબઈમાં પેડર રોડ પર આવેલ ખાંસાહેબના ઘેર જ ગુરુમાતાના ખોળામાં બેસીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પોતાની સ્વતંત્ર શૈલી વિકસાવી અને પોતાનો માર્ગ બનાવ્યો તેવી વાતમાં ગજેન્દ્રભાઈ ક્યારેય ગયા જ નહીં. અમીરખાં સાહેબની આ અસર એટલી ગહેરી હતી, તીવ્ર હતી કે સાંભળતાં જ લાગે કે આપણને અમીરખાં સાહેબના ગાયન સુધી પ્રત્યક્ષ પહોંચાડી દીધા.

ગાતી વખતે શરીરની મુદ્રા, હાથનું, ચહેરાનું હલન-ચલન, સૂરોની લગાવટ, ક્યારેક બોલવા-ચાલવાની ઢબ આપણામાં ખાં સાહેબની સ્મૃતિ ઊભી કરતી.

ઉસ્તાદ અમીરખાં સાહેબના શાગિર્દ બનવાનું સૌભાગ્ય દરેકને પ્રાપ્ત નથી થયું. અનેક પ્રયત્નો છતાં પણ વંચિત રહ્યા હોય તેવું પણ બન્યું છે. જ્યારે તા. 13મી ડિસેમ્બર, 1968ના રોજ અનેક પ્રાર્થનાઓના જવાબમાં સ્વયં ખાં સાહેબના સામેથી આવેલા પ્રસ્તાવ મુજબ રાજકોટમાં 'પ્રેમમંદિર' સ્થળે ગડાબંધન થયું અને વિધિવત્ શિષ્ય બન્યા. પ્રથમ જ રાગ યમનની બંદિશથી પ્રારંભ થયો. આ સંબંધ ખાં સાહેબના ઈ.સ. 1974ના મૃત્યુપર્યંત ચાલુ રહ્યો.

આ અસર બહુ જ પ્રગાઢ હતી. ગજેન્દ્રભાઈ ગુરુની ગાયન પ્રતિભામાં દબાઈ ન ગયા. પોતાની નિજતા જાળવી રાખીને વિકાસ કર્યો. ખાં સાહેબ સાથેના અનેક પ્રસંગોની હારમાળા આ લખું છું ત્યારે મારી સ્મૃતિમાં ઊતરી આવે છે. અમારે કલાકો સુધી નિર્બંધ વાતો



ઉસ્તાદ અમીરખાં સાહેબ સાથે પંડિત ગજેન્દ્ર બક્ષી અને અન્યો

થયેલી. પરંતુ અહીં તો મારે જુદી જ વાતો લખવી છે.

એક યુગપુરુષની પાસે પહોંચેલી, ટકી ગયેલી અને નીખરી ઊઠેલી આ સંગીત પ્રતિભા કે જેણે ક્યારેય માન-સન્માનની ઝંખના ન કરી. 'સૂરમણિ' અને 'ગુજરાત ગૌરવ પુરસ્કાર'નો સહજતાથી સ્વીકાર કર્યો. આકાશવાણીના તેઓ 'એ' ગ્રેડના માન્ય કલાકાર હતા. પ્રતિભા-સંપન્ન હોવા છતાં કોઈ જ ભાર ન રાખ્યો. રમૂજની રેલમછેલ વચ્ચે નિરભિમાનીપણાને સતત વ્યક્ત કર્યું. આ વ્યક્તિની વિશેષતા શી હતી?

1. મેરુખંડ, અલંકારો, ગમકનો રિયાજ

ઉસ્તાદ અમીરખાં સાહેબ પાસે પ્રત્યક્ષ તાલીમ માટે પહોંચતાં પહેલાં જ ગજેન્દ્રભાઈ મેરુખંડનું શિક્ષણ પ્રાપ્ત કરી ચૂક્યા હતા. અહીં સ્વરોની એક એવી ગૂંથણી છે જેનું વૈજ્ઞાનિક ઢબે આયોજન થયેલું હોય છે. દરેક બંદિશ, દરેક તાનને તેઓ સ્વર અને આકારમાં સમાન અધિકારથી ગાઈ શકતા. કોઈ પણ સ્વરથી કોઈ પણ સ્વર ઉપાડી ગાઈ શકવાની ક્ષમતા અદ્ભુત હતી. અમીર ખાં સાહેબ કહેતા, 'गमक से गला बनता है।' આ ગમક પ્રકારની તાનો એ ગજેન્દ્રભાઈની વિશેષતા હતી. ત્રણે સપ્તકમાં ગાઈ શકવાની અસાધારણ ક્ષમતા તેઓમાં હતી. ગાયનમાં ભક્તિભાવ વ્યક્ત થતો હતો, પંડિતનું પાંડિત્ય નહીં.

2. તાલની અને લયકારીની સૂઝ

મેં આગળ લખ્યું તે પ્રમાણે ગજેન્દ્રભાઈને ક્યારેય તબલાં સાથે

રિયાજ કરતાં જોયા નથી. આ બાબતનું મને બહુ કુતૂહલ હતું. તેઓ કહેતા કે, તબલાંના પાકા રિયાજ તેઓએ કરેલા છે. પરિણામે લય પરની પકડ ક્યારેય ઢીલી પડવા નથી દીધી.

મોટા ભાગે વિલંબિત રચનાઓ ઝૂમરા તાલમાં અને દ્રુત રચનાઓ તીનતાલ અથવા એકતાલમાં ગાતા સાંભળ્યા છે. વિલંબિત તીનતાલમાં શરૂ કરીને તાલ બદલ્યા વગર લય વધારતા જઈને દ્રુતમાં ગાયન કરતા જોયા છે. સાથ સંગત કરનારા અનેક તબલચીઓને તેની ખાસિયત મુજબ વગાડવા દઈને પોતાના ગાયનને નિખાર આપતા.

3. ગાયનની વિશેષતા

આ બાબતે ઘણું જ વિસ્તારપૂર્વક કહી-લખી શકાય. પરંતુ અહીં મર્યાદા સ્વીકારીને લખવાની કોશિશ કરીશ.

રાગોનું રહસ્ય, બંદિશોની વિશાળતાનું એક સ્વતંત્ર સ્થાન છે. પરંતુ પોતાના ગાયનમાં મૂળભૂત વાતોને ઉતારવી તે અલગ છે. સ્વભાવની તાસીર, શારીરિક રચના, રિયાજ વગેરે અનુસાર ગાયન નીખરી ઊઠતું હોય છે.

અમીરખાં સાહેબ કહેતા કે ફક્ત ગાયા કરવાથી નહીં પરંતુ તેના વિશે ચિંતન કરવાથી ગાયનનો ઉઘાડ થાય છે. આ બાબતનું થઈ શકે તેટલા વિસ્તારનું જીવંત સ્વરૂપ મેં પ્રત્યક્ષ જોયું છે અને તે છે ગજેન્દ્ર બક્ષી.

સ્વરો પર અસાધારણ કાબૂ, રાગની રચનાનો ઊંડો અભ્યાસ અને તેને અનુરૂપ સ્વર સંગતિઓ, પોતાની ગાયન ક્ષમતાનો પૂરો નિખાર તેમનામાં સાંભળી શકાતો. મેરુખંડનો પૂરો પાઠ જાણવા ઉપરાંત તેનો સંક્ષેપ / સાર પણ બતાવીને રિયાજ કરતા / કરાવતા.

કેટલાયે અછોપ રાગોને પુસ્તકો વાંચીને સમજી શકવાની અને ગાઈ શકવાની ક્ષમતા તેઓને પ્રાપ્ત હતી.

બધી જ બંદિશોના મિજાજ એમને અનુકૂળ હતા તેવું નથી. રાગ 'લલિત'ની બંદિશ 'સો સો બાર બલમા'ની ફક્ત સ્થાયી જ ગાઈ છે. અંતરો જાહેરમાં નથી ગાયો. કેમ કે તેના શબ્દો તેઓને વધુ પડતા શૃંગારિક લાગતા. રાગ 'ભૈરવ'ની પારંપરિક ઘરાનેદાર બંદિશ, 'દુઃખ દૂર કરો' તેમણે કેવી સુંદર ગાઈ છે!

ભૈરવબહાર, ગોરખકલ્યાણ, હરિકૌંસ, કાફીકાનડા, બાગેશ્રીકાનડા, હિંડોલ, જનસમ્મોહિની, રામપ્રિયા, ચંદ્રમધુ જેવા સામાન્ય રીતે ઓછા ગવાતા રાગો બહુ જ સૂક્ષ્મ છણાવટ સાથે, રાગ રહસ્ય જાણીને અધિકારપૂર્વક ગાયા છે. ઇન્દોર ઘરાનામાં સામાન્ય રીતે ગવાતા અહીરભૈરવ, તોડી, સારંગ, મુલતાની, પુરિયા, યમન, પૂર્વી, દરબારીકાનડા, બાગેશ્રી જેવા પ્રચલિત રાગો તો તેઓએ અનેક વખત ગાયા જ છે પરંતુ વિસ્તાર કરતા જઈને અનેક અલગ ઘરાનામાંથી ગવાતા કે નવા રચાયેલા રાગો પણ ગાયા છે.



ગુરુ ઉસ્તાદ અમીરખાં સાહેબની ગુરુવંદના કરતા ગજેન્દ્ર બક્ષી

સંગીતશાસ્ત્રમાં પરંપરાગત પુસ્તકોનો ખૂબ જ ઊંડાણથી અભ્યાસ કરતા જોયા છે. એક એક શબ્દને ભાવ જાળવીને લયમાં બેસાડવાની મથામણ કરતા.

ગાયકો-વાદકોને સાંભળતા. જાણીતા, ઓછા જાણીતા, અજાણ્યા ગાયકોને બરાબર સાંભળતા. ગઝલો, સુગમગીતો, લોકગીતો, ભજનો પણ એક ધ્યાને

સાંભળતા. તેમાંથી સાર પણ મેળવી લેતા. સંગીતની મહેફિલોમાં કલાકારોને સાથે સાંભળવાના પ્રસંગો આવ્યા છે. તેઓ કહેતા, બધું જ સાંભળો. બધાં ફૂલો મળીને તો બગીચો બને છે. આપણી તાસીરને અનુકૂળ હોય તેટલું વ્યક્ત કરવું બાકી શાંત રહેવા દેવું.

ગાયનમાં ઉપયોગમાં લેવાતી કાવ્યરચનાઓ વિશે બહુ જ સભાન ચિંતન ધરાવતા હતા. કવિતાઓ ખૂબ સાંભળતા, વાંચતા, વિચારતા. કહેતા કે તાલમાં બંધ બેસે તે અમારે માટે જરૂરી છે. ઉર્દૂ ભાષા અને ફારસી ભાષાનું લિપિ સહિતનું જ્ઞાન ધરાવતા હતા. આ બન્ને ભાષાઓ પર અસાધારણ કાબૂ હતો. અમીરખાં સાહેબ પાસેથી વારસામાં મળેલું તરાના ગાયન સમજીને ગાઈ શકતા. તેમાં છેલ્લે આવતી રુબાઈઓનો પૂરો અર્થ સમજીને ગાતા અને એટલે જ ભાવ પ્રગટાવી શકતા. ગુજરાતી, હિન્દી, વ્રજભાષાની કવિતાઓનો સંગીત સાથે મેળ બેસાડી શકતા. કર્ણાટક શૈલીમાં ગવાતી સંત ત્યાગરાજની જાણીતી કૃતિ 'એન્દુર મહાનુ ભાવુલુ' ભલે તેલુગુ ભાષામાં હોય પણ બરાબર સ્વરરચના સાથે પહેલી વાર તેઓની પાસે સાંભળી હતી.

અમીરખાં સાહેબની શૈલીના ગાયનની એક વિશેષતા છે તાનપૂરો. છ તારનો તાનપૂરો. ગજેન્દ્રભાઈ પણ છ તારનો તાનપૂરો વાપરતા. બરાબર મેળવેલો આ તાનપૂરો પોતે પણ વગાડતા અને વિદ્યાર્થીઓને શીખવતી વખતે સંગત માટે આપતા. રાજકોટ અને નજીકના વિસ્તારોમાં કાર્યક્રમોમાં એ છ તારનો તાનપૂરો જ વાપરતા. ઠૂમરી એમણે ક્યારેય નથી ગાઈ. ભજનો ખૂબ ગાયાં છે. સામાન્ય રીતે કલાકારોમાં જોવા મળતાં અપલક્ષણો મેં તેમનામાં ક્યારેય નથી જોયાં. પાન ખાતા પરંતુ તે તો નાગરની ઓળખાણ છે. પાન બહુ જ પ્રેમથી ખાતા અને ખવડાવતા! પ્રસિદ્ધિ માટે કરવાં પડતાં ખોટાં સમાધાનો નથી કર્યાં. આ ઘટનાઓનો લખનાર સાક્ષી છે. 'મારી કદર નથી થઈ' તેવું તેઓને લાગ્યું નથી.

રાજકોટની એ વૈશાલીનગરની સાત નંબરની શેરીમાં સતત ગુંજતો તાનપૂરો, સતત વહેતી રહેતી સંગીતની સરિતા શાંત થઈ ગઈ છે. અમીરખાં સાહેબના ગાયન સુધી બધાને પહોંચવું ખરેખર સહેલું નથી પરંતુ ત્યાં શું છે તેની સ્પષ્ટતા ગજેન્દ્રભાઈના ગાયનમાં મળી જતી. તેઓ આ રીતે એક સેતુ હતા. બહુ જ મજબૂત અને અધિકૃત સેતુ. હાલમાં આ સેતુનો નાદબ્રહ્મમાં વિલય થયો છે.

આ રીતે શબ્દોને પુષ્પો બનાવી અંજલિ આપું છું અને મારા ભાવને શાંત થવા દઉં છું. ચોથી ફેબ્રુઆરી, 1946થી 23મી ઓગસ્ટ, 2018 સુધીની આ સૂરની યાત્રાને વંદન કરું છું.

❑❑❑



આયેશા

☐ વલ્લભ નાંઢા

અસડા સુપર સ્ટોરમાંથી મોરિસ બહાર આવ્યો ત્યારે વરસાદનાં ફોરાં પડતાં હતાં, ઘરે પહોંચવા માટે તેણે ચાલની ઝડપ થોડી વધારી. લંડનની રોયલ સોસાયટીએ આર્ટિસ્ટ ફ્લેટ્સના ત્રીજા માળે મોરિસને એક સ્ટુડિયો એપાર્ટમેન્ટ રાહતના દરે ભાડે આપ્યો હતો. મોરિસ થોડેક આગળ વધ્યો એટલામાં વરસાદે જોર પકડ્યું. શરીર પરથી જેકેટ ઉતારી તેણે માથું ઢાંક્યું. ધોધમાર વરસાદની ઝાપટો ને સૂસવાતા પવનની થપાટો ઝીલતો પોતાના એપાર્ટમેન્ટના કોર્ટયાર્ડ સુધી પહોંચ્યો ત્યારે રસ્તાની જમણી તરફ ફૂટપાથની

નજીક કોર્ટયાર્ડના ભીના ઘાસ પર તેણે એક યુવતીને બેઠેલી જોઈ. વરસાદનાં પાણીથી એ યુવતીનાં વસ્ત્રો લથબથ હતાં અને શરીર ધ્રૂજતું હતું.

શું આ યુવતી હોમલેસ હશે? મોરિસના મનમાં સવાલ ઊઠ્યો.

યુવતીની પાસે જઈ અવાજ જરા મોટો કરી મોરિસે તેને પૂછ્યું,

''હેલો... કાંઈ તકલીફ છે?''

યુવતીનું માથું થોડું ઊંચું થયું, પછી મોરિસની સામે જોયું ન જોયું ને નજર નીચે ઢાળી લીધી.

*આયેશા—

જરા વાર પછી આયેશાએ મોરિસની સામે જોયું. લંડનમાં તેનો મુસ્લિમ પોશાક જોઈને બદમાશો તેને ''પાકી'' કહીને પજવતા. પાકી યાને પાકિસ્તાની. આયેશા અફઘાન હતી. આયેશાના અબ્બુ લંડનમાં ટેક્સી ચલાવતા હતા અને અમ્મી એક ટેલર શોપમાં રફૂકામ કરતાં. તે કોલેજમાં ભણીગણીને જાતે નોકરી કરવા તૈયાર થાય ત્યાં એક્સિડેન્ટ થયો અને અમ્મી ને અબુજાન જન્નતનશીન થયાં. ત્યારે તેની સ્કૂલ ફ્રેંડ મિન્ડીએ તેને ત્યાં સાથે રહેવા આવવા કહ્યું, પણ મિન્ડીના પેરન્ટ્સે વિવેકથી ના પાડી ને થોડા પાઉન્ડ આપી તેના નસીબ પર છોડી દીધી. અમ્મીની બહેનપણી વીરાને ત્રણ બચ્ચાંને પાલવવાનાં હતાં એટલે મદદ માટે એની આગળ હાથ લંબાવાય એમ નહોતો. બે મહિના સુધી નોકરી મળી નહીં ને ભાડું ચડી ગયું, ઉપરથી લેન્ડલોર્ડે એક અઠવાડિયામાં મકાન ખાલી કરી નાખવાની નોટિસ ફટકારી દીધી! અને આયેશા હોમલેસ બની ગઈ. તે હવે હોમલેસ લોકોના શેલ્ટરમાં રહેતી અને ત્યાં જાત જાતના લોકોની હેરાનગતિથી બચતી બચતી દિવસો કાઢતી હતી. કોઈનો માયાળુ વહેવાર જોતાં જ તેની આંખ ફરકતી, અમ્મી તેને કાયમ કહેતી કે બેટી, કોઈ મરદ મફતમાં ધરમાદો કરતો નથી. અત્યારે આ અંગ્રેજનો સહાનુભૂતિ ભરેલો અવાજ સાંભળી તેના કાન સરવા થયા.

''મને કાંઈ તકલીફ નથી.'' તેણે કહ્યું.

*મોરિસ—

મોરિસ યુવતીને જોઈ રહ્યો. લંડનની સડકો ઉપર ગોરી છોકરી આમ પડી રહેતી હોય તો તે ધંધાદારી બાઈ હોઈ શકે પણ આ છોકરી મુસ્લિમ હતી અને એની ઢબછબથી મધ્યમ વર્ગની યુવતી હોય એવું લાગ્યું.

''કંઈ ખાવું છે, તારે? પિઝા ખાશે?'' મોરિસે પૂછ્યું.

આ વખતે યુવતીએ માથા પરથી હૂડ સહેજ ખસેડ્યું. તેના કાળા વાળ તેની માખણ જેવી પીઠ પર પથરાઈ ગયા.

યુવતીએ કહ્યું: ''યસ,... હા, ભૂખ લાગી છે.''

યુવતી ઊભી થઈ. 'ટોમો પિઝેરિયા રેસ્ટોરાં' અત્યારે ગ્રાહકોથી ભરેલું હતું.

'ટોમો'નાં પગથિયાં પર પગ મૂકતાં બેઉનાં ફેફસાંમાં ચીઝ અને શેકાતી બ્રેડની વાસ ભરાવા લાગી..

''કેવો પિઝા ખાશે?'' મોરિસે ‘ટોમો’માં દાખલ થતાં યુવતીને પૂછ્યું.

''સ્ટાન્ડર્ડ વેજી.'' યુવતીએ સંકોચ સાથે જણાવ્યું.

કાઉંટર પર જઈ મોરિસે બે વેજિટરિયન પિઝાનો ઓર્ડર આપ્યો.

પિઝા ખાઈ ‘ટોમો પિઝેરિયા’નાં પગથિયાં ઊતરતી વખતે યુવતીએ કહ્યું:

''માય નેમ ઇઝ આયેશા.''

''નાઈસ નેમ.'' મોરિસે હાથ લંબાવી કહ્યું, ''માય નેમ ઇઝ મોરિસ જોન્સ.''

યુવતીએ સંકોચથી હાથ લંબાવ્યો, તરત પાછો ખેંચી લીધો. બંને મૂગાંમૂગાં મોરિસના એપાર્ટમેન્ટ બિલ્ડિંગ તરફ જતાં હતાં ત્યારે આયેશાએ કહ્યું:

''ચાર મહિના પહેલાં મારી અમ્મી અને અબુજાન કાર-એક્સિડેન્ટમાં મૃત્યુ પામ્યાં. એક ડ્રગ-એડિક્ટ ડ્રાઈવરે નશાની ધૂનમાં લાલ સિગ્નલ ક્રોસ કરી નાખેલું અને મારા અબુજાનની ટેક્સી તેની કાર સાથે ટકરાઈ પડેલી. મારાં અબુ અને અમ્મી ખુદાનાં પ્યારાં બની ગયાં.'' કહી યુવતીએ આંસુઓ લૂછી લેતાં માથા પર હૂડ પાછું ચડાવી લીધું.

''માય ગોડ! આયમ રીઅલી સોરી...!''

*આયેશા—

હોમલેસ થયા પછીથી આયેશાને પોતાની કરુણ કથા કહેવાનો મહાવરો થઈ ગયો હતો. હૂડ નીચે કરી વાત કરવી જેથી આંખો બરાબર દેખાય. ખુદાને પ્યારા થવાની વાત આવે ત્યારે અવાજ સહેજ ફાટે. આંસુની એકાદ ધાર થાય. આડું જોવાઈ જાય. હૂડ પાછું ચડાવી મોં ફેરવી લેવાનું.

બંને ફરી ચાલવા લાગ્યાં. બરફ હોય કે વાવાઝોડું કે વરસાદ વગેરે હોય ત્યારે હોમલેસ સેન્ટરમાં તેના જેવી એકલદોકલ છોકરીને જગ્યા કોઈ વાર ન પણ મળે. કોઈ ''સારો'' માણસ તેને જગ્યા કરી આપે તો તેની સારમાણસાઈની પોલ તરત દેખાય. આટલા ટૂંકા વખતમાં આયેશાને તેવે વખતે કેવાં મકાનોની પાસે આશરો લેવો તેનો મહાવરો પણ થઈ ગયેલો. મોરિસનું મકાન આર્ટિસ્ટો માટે હતું, જેમાં મોરિસ જેવા ભલા લોકો રહેતા હોય. અને એવા લોકો દયા ખાઈને પિઝા ઓફર કરે તો ખાઈ લેવાય. અને હવે વરસાદ અટકી ગયેલો.

*મોરિસ—

''મારી સ્લીપિંગ-બેગ વરસાદમાં પેલા ઓકટ્રીની બખોલમાં રાખી છે.'' તેણે ઓકટ્રી તરફ આંગળી ચીંધતાં ઉમેર્યું, ''આજના જેવા ખરાબ વેધરમાં હોમલેસ સેન્ટરમાં મારો નંબર લાગ્યો નહીં પણ સવારે સેંટરમાં બ્રેકફાસ્ટ મળશે.'' મોરિસે જોયું કે આવું કહેતાં આયેશા સંકોચ અનુભવતી હતી.

આયેશાને થોડી વધુ મદદ કરવાની

મનમાં ઇચ્છા જાગતાં તેણે કહ્યું, ''એકાદ-બે દિવસ માટે તારે મારા એપાર્ટમેન્ટમાં રહેવું હોય તો તું આવી શકે છે.''

*આયેશા—

બ-રા-બ-ર! આયેશા વિચારવા લાગી. માટીડાએ પિઝા ઓફર કર્યો. હવે કહે છે મારા ભેગી રહેવા આવ. નો થેંક યુ, તેણે મનમાં કહ્યું. હું અહીં તમારા કોર્ટયાર્ડમાં પડી રહીશ, મારી પોતાની સ્લીપિંગ બેગ છે, ઓકે? આયેશાએ જવાબ વિચારી લીધો અને તે મોરિસને જણાવવા તેણે મોં ખોલ્યું:

''અરે, સાહેબ તમે કેવા ભલા છો. મારાં કપડાં ભીનાં છે ને કોર્ટયાર્ડનું ઘાસ પણ લથપથ છે. તમને ના કેમ પાડું. પણ તમને તકલીફ નહીં થાય? તમારી પત્નીને...''

આયેશા પોતે પોતાનો જવાબ સાંભળી આભી થઈ ગઈ. તે ''ના'' કહેવા જતી હતી પણ જીભ જાણે પોતાની મરજીથી જુદી વાત કરતી હતી.

*મોરિસ—

આયેશા, યસ? મોરિસે વિચાર કર્યો. મોરિસ પ્રોફેસર મોરિસ જોન્સ હતો. કિંગ્ઝ સર્કલ પાસેની સેન્ટ પોલ્સ યુનિવર્સિટીમાં થિયોલોજીનો યાને ધર્મશાસ્ત્રનો પ્રોફેસર. આ મુસ્લિમ છોકરી કોઈ એકલા પુરુષના ઘરમાં રહે તો તે ''ગુનાહ'' કહેવાય. પણ મોરિસ એકલો નહોતો, તેની મા જીવતી હતી અને હેરોમાં રહેતી હતી પણ અઠવાડિયાના ચાર દિવસ માનોને કે મોરિસને મળવા આવતી-જતી.

''મારું એપાર્ટમેન્ટ નાનું છે, પણ સગવડ થઈ શકશે.'' મોરિસે તેનો સંકોચ દૂર કરવા જણાવ્યું. ''હું પરણેલો નથી; પણ મારી મા છે.'' મોરિસે કહ્યું. કોને ખબર શાથી પોતાની મા તેના એપાર્ટમેન્ટમાં રહેતી નથી ફક્ત મળવા આવે છે તે કહેવાનું હાલ તેને જરૂરી ન લાગ્યું.

યુવતીએ કહ્યું, ''તમને અગવડ નહીં પડે?''

''નોટ એટોલ.''

મોરિસના સ્ટુડિયો એપાર્ટમેન્ટ સુધી લઈ જતી લિફ્ટમાં બંને ઊભાં હતાં. મોરિસ લિફ્ટ્નાં બારણાં પાસે અને આયેશા મોરિસની પાછળ ખૂણામાં સંકોડાઈને ઊભી હતી. તેની સાથે પ્લાસ્ટિકની એક બેગમાં ટૂથબ્રશ, દાંતિયો, વોલેટ અને કપડાંની ત્રણ જોડી હતાં.

હળવા આંચકા સાથે ત્રીજા માળે આવીને લિફ્ટ અટકી. મોરિસનું એપાર્ટમેન્ટ લિફ્ટથી બે ડગલાં જ દૂર હતું. એપાર્ટમેન્ટ્માં બે સોફા, સિંગલ બેડ, સુઘડ કિચન, એક બુકશેલ્ફ, નાનકડું ડેસ્ક અને ડેસ્ક પર મેકિન્ટોશ લેપટોપ! આટલો જ અસબાબ!

*આયેશા—

''તમારાં મમ્મી ક્યાં?'' આયેશાએ

સફાળા પૂછ્યું.

''કપડાં ભીંજાયાં છે. બદલવાં છેને?'' મોરિસે પૂછ્યું.

આયેશાએ ગભરાટની નજરે મોરિસ સામે જોયું, ''તમારાં મમ્મી ક્યાં?'' તેણે સહેજ મોટા અવાજે ફરીથી પૂછ્યું.

''અને શાવર લેવો હોય તો બાથરૂમમાં ટોવેલ, શેમ્પૂ... બધું છે.'' મોરિસે જણાવ્યું, ''હેં? મમ્મી? તે હેરો રહે છે પણ અઠવાડિયાના ચાર દિવસ અહીં આવે છે, સન્ડેના હું તેને ચર્ચમાં લઈ જાઉં છું. તમે... ફિકર ના કરશો. તમે બેડરૂમ વાપરો, હું...''

આયેશા ઊભી થઈ ગઈ. ''સોરી, મિસ્ટર જોન્સ.''

*મોરિસ—

ઓહ ગોડ. પહેલેથી જ મમ્મીની વાત જણાવી હોત તો છોકરી આવતે જ નહીં. આખી રાત સબડતી પડી રહેતે નીચેના કોર્ટયાર્ડમાં. ને કદાચ માંદી પડતે, કે મરી જતે. કે કોઈની બૂરી નજરનો શિકાર બનતે. તેના કરતાં ભલે સત્ય સહેજ ઢાંકીને તે છોકરીને ઘરમાં લઈ આવ્યો છે. પણ તેની દાનતમાં પાપ નથી. પોતે ક્રિશ્ચિયન છે, ઈસુ ખ્રિસ્તના ઉપદેશ મુજબ કોઈને આશરો આપવાથી વિશેષ તેનો કોઈ સ્વાર્થ નથી. પણ તે છોકરી પાસે કેમ પુરવાર કરવું?

*આયેશા—

જો હરામખોર. આયેશાએ મનોમન ગાળ દીધી પણ તેમાં ગુસ્સો નહીં ને રમૂજ હતી. મોરિસ ફૂટડો હતો, એનું ઘર સુઘડ હતું. પોતે ઊભી તો થઈ ગઈ પણ તેને જવું નથી. શી ખબર કઈ વિદ્યાથી તે સમજી ગયેલી કે મોરિસ બચ્ચુ એકલો જ રહે છે. પણ તે વાત મોરિસે છુપાવી તે આયેશાને પ્યારું લાગ્યું છે કેમ કે નહીંતર તે તેની સાથે તેના ઘરમાં આવે તો ''ગુનાહ'' કહેવાય. અને હવે હકીકત જાણ્યા પછી જો સહેજ ચણભણ ન કરે તો ''ચાલુ'' ઓરત લાગે.

હટ, હલકટ! આયેશાને થયું કે આ બધું કેવું ફાઇન ફાઇન લાગે છે. જાણે સાચેસાચ કોઈ પુરુષ સાથે સંબંધ બાંધીને તેની સાથે ''ટોળ'' કરે છે! આયેશાને થયું પોતે કેવી હલકટ છે, ને તેવી હલકટ હોવાની બી કેવી મજા છે!

''મારા ધર્મમાં હું એકલી મુસ્લિમ છોકરી કોઈ એકલા મરદ સાથે એક છાપરા નીચે રહું તો મારા જાતવાળા લોકો મને પથ્થરથી મારે.''

*મોરિસ—

''ડોન્ટ વરી, પથ્થરના ઘા હું ખાઈશ; તમને વાગવા નહીં દઉં.'' મોરિસે કહ્યું. તેને પોતાને નવાઈ લાગી કે તેને આવું બોલતાં કોણે શીખવ્યું! કાલથી મારી મોમને પણ અહીં રહેવા બોલાવીશું.''

નાનકડી બેગ સાથે યુવતી બાથરૂમ તરફ ગઈ. અંદરથી બાથરૂમનું બારણું લોક થયું એવો જ મોરિસને વિચાર

આવ્યો કે પોતે આવો ઘેલો ઘેલો થાય છે તો તેની ગેરહાજરીમાં આ યુવતી એપાર્ટમેન્ટમાંથી મારી ચીજવસ્તુઓનો સફાયો કરી છૂ થઈ જશે તો? પણ બીજી જ પળે તેણે એ વિચારને મનમાંથી હડસેલી નાખ્યો.

*આયેશા—

અઠવાડિયાથી આયેશા રીતસરનું નહાઈ નહોતી. ગરમ ફુવારામાં શેમ્પૂ વગેરેથી નહાવામાં તેને જાદુઈ આનંદ આવ્યો. નહાતાં નહાતાં તેને થયું કે આ અંગ્રેજ બચ્ચો કાંઈક ''ટ્રાય'' કરશે તો? પણ મોરિસનો ચહેરો યાદ આવતાં આયેશાને થયું કે જેન્ટલમેનનો બચ્ચો થવા જશે ને ''ટ્રાય'' નહીં કરે તો? આયેશાનાં રોમ ઊભાં થઈ ગયાં.

*મોરિસ—

થોડી મિનિટમાં આયેશા બાથરૂમમાંથી બહાર આવી ત્યારે તેના માથા પર ટોવેલ વીંટાળેલો હતો અને બીજા ટુવાલથી શરીર લપેટાયેલું હતું. આયેશાની આંખોમાં ચમક હતી અને ચહેરા પર તેજ હતું. પ્રથમ નજરે જ જન્નતમાંથી ધરતી પર ઊતરી આવેલી અપ્સરા જેવી લાગતી હતી આ નિરાધાર છોકરી. મોરિસનું હૃદય એકાદ સેકન્ડ ધબકવાનું ચૂકી ગયું, પણ તેણે કાચી સેકન્ડમાં જ સંયમ કેળવી લીધો..

''તું આ રૂમ વાપરજે.'' મુખ્ય રૂમ બતાવી તેણે કહ્યું, ''હું બહાર સોફા ઉપર સૂઈશ.''

આયેશાના હોઠ હસી ઊઠ્યા હતા. તેના ચહેરા પર આ પ્રકારનું સ્મિત મોરિસે પહેલી વાર જોયું.

''ભલે,'' કહી આયેશાએ બાથરૂમમાં જઈને વસ્ત્રો બદલી પથારીમાં અને મોરિસે પાયજામો પહેરી હોલમાં સોફા પર લંબાવી દીધું. આયેશાના શરીરમાં અચાનક પેટ ભરાયાથી ને સરસ નહાયાથી ઊંઘના પહાડ જાણે તૂટી પડ્યા અને વચ્ચેનું બારણું બંધ કરવાનું રહી ગયેલું. ભર નીંદરમાં તેને ખ્યાલ આવેલો અને આયેશાને સહેજ ગમેલું.

*મોરિસ—

બાથરૂમ બેડરૂમમાં હતો તેથી બેડરૂમનું બારણું બંધ કરાય તેમ નહોતું, યુસી, મોરિસે પોતાની જાતને સમજાવ્યું. તે રાતે બાથરૂમ જવા માટે ઊઠ્યો ત્યારે સહજ રીતે આયેશા તરફ નજર ગઈ હતી. આ યુવતી વિશે તેની પાસે કોઈ જાણકારી નહોતી. પણ એક યુવતી તરફ આ રીતે જોવું તેને ઠીક ન લાગ્યું. અને તરત પીઠ ફેરવી એ હોલમાં ચાલ્યો ગયો.

સવારે બેડમાંથી ઊઠીને બેડરૂમમાં ગયો તો આયેશા બેડરૂમમાં નહોતી. ઓહ, ભાગી ગઈ? ડરી ગઈ? કાંઈ ચોરી ગઈ? નો, નો! આયેશાને કિચન ટેબલ પર બેઠેલી જોઈ. ટેબલ પર આયેશાએ બ્રેકફાસ્ટ તૈયાર કરી રાખ્યો હતો.

''મારી સવારની નમાજ પઢી હું તમારી શેલ્ફ પરનાં પુસ્તકો જોતી

હતી. પોએટ્રી તમારો પ્રિય વિષય છે?'' આયેશાએ કહ્યું.

''યસ. મારો શોખ છે પોએટ્રી. પણ યુનિવર્સિટીમાં હું રિલિજિયન શીખવું છું. દુનિયાના ધર્મો.'' મોરિસ આયેશા સુકૂનપૂર્વક આ ઘરમાં આઝાન, વાઈદ કે નમાજ પઢી શકે એ માટે વ્યવસ્થા ગોઠવવાનું વિચારવા લાગ્યો.

''આયમ રીઅલી થેંકફુલ.'' કહી આયેશાએ ઊંડો શ્વાસ લીધો.

મોરિસ હાથ ઊંચો કરીને એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી ગયો.

મોરિસની માને મળવાની કે તેને ત્યાં રહેવા જવાની વાત બેમાંથી કોઈ ન બોલ્યું.

ફુરર કરતા રમત રમતમાં પાંચ દિવસ વીતી ગયા. શરૂઆતનો સહેજ અતડો સહેજ ઔપચારિક સમય વીતી ગયો ને બંને સ્વાભાવિક રીતે વર્તવા લાગેલાં.

*ડોરોથી—

રવિવારે મોરિસની મમ્મી ડોરોથી એપાર્ટમેન્ટ ઉપર આવ્યાં. પોતાનો દીકરો કદી આટલો હસમુખો થતો જોયેલો નહીં ડોરોથીએ. નાનપણથી જ મોરિસ જિસસ જિસસ કરતો થયેલો અને તેને જાણે સંસારમાં રસ નહોતો. બીજા છોકરા જ્યારે છોકરીઓની પાછળ ઘેલા થતા ત્યારે મોરિસ બાઈબલ સ્ટડીઝમાં સમય ગુજારતો. સોળ વરસનો થયો ત્યારે તેના બાપાએ રીતસર પાસે બેસાડીને માથે હાથ ફેરવતાં પૂછેલું કે બેટા તું હોમોસેક્સુઅલ છે?

મોરિસે આભા થઈને કહેલું ''વ્હોટ? નો!''

મોરિસે કહેલું કે જિસસે ધાર્યું હશે તો મારા માટે યોગ્ય છોકરી આપોઆપ આકાશમાંથી ટપકશે. તેના માટે હું બીજા બેવકૂફોની જેમ સમય વેડફું તે તો મૂર્ખામી કહેવાય!

અને યસ, ડોરોથીને લાગે છે કે આ છોકરી આયેશાને ભગવાન જિસસે છેક અફઘાનિસ્તાનથી અહીં મોકલી છે ને મારા દીકરા માટે આકાશમાંથી એના ઘરના દરવાજે ટપકાવી છે. એ આવી છે ત્યારથી મોરિસ આયેશાઆયેશાઆયેશા બોલતાં થાકતો નથી.

થેંક્યુ જિસસ!

*આયેશા—

પરવરદિગારે આલમ! મોરિસ તો છે જ દેવદૂત જેવો ઉદાર, પણ તેનાં મમ્મી તો વળી ઔર સોહામણાં છે. આજે છ મહિના થઈ ગયા છે હું ને મોરિસ એક મકાનમાં રહીએ છીએ. તે જાહિલે તો બિલકુલ કોઈ આછકલી વાત કરી નથી. મને બેન્કમાં નોકરી મળી છે પણ હું બીજા મકાનમાં જવાની જરૂર જોતી નથી. દર સન્ડેના રોજ અમે ત્રણે ચર્ચમાં જઈએ છીએ. ડોરોથી મને જાણે તેના દીકરાની પ્રેમિકા હોઉં તેવા લાડથી રાખે છે ને વારંવાર પૂછે છે તને મારા ઘરે રહેવું ફાવે?

ફાવે, કેમ ન ફાવે પણ લગ્ન પછી હું ડોરોથીના ઘરે રહેવા શા માટે જાઉં. કે અમે બંને તેને ત્યાં શા માટે રહેવા જઈએ? અમારું પોતાનું આ સ્ટુડિયો એપાર્ટમેન્ટ છે તો પછી તેને બોધર શા માટે કરવી, નો?

*મોરિસ—

આયેશાની સપ્રમાણ ગોરી દેહયષ્ટિ પર શોભતો પેલો પીળો ડ્રેસ, મદીલું બદન, નશીલી આંખો અને મોહક જિભાન કોઈ પણ મરદ માટે આ આકર્ષણ ખાળવું મુશ્કેલ હતું.

''આજે હું ફ્રી છું અને હું તને ફરવા લઈ જવા માગું છું. તું આવીશને?''

''કંઈ ગોઠવ્યું તો નથી પણ તમે જ્યાં લઈ જશો ત્યાં હું આવીશ.''

''હાયડપાર્ક જઈએ. સરપેન્ટાઈન લેકની આસપાસ લટાર મારીશું, બોટિંગ કરીશું ને પછી ડિનર!''

''એક્સલન્ટ!.''

*ડોરોથી—

આજે સવારથી આયેશા મારા ઘરે આવીને બેઠી છે. મોરિસ પણ અમારી સામે બેઠો છે. આયેશાને જાણે કાંઈક કહેવું છે, પણ કહેતાં જીભ ઊપડતી નથી. કદાચ જે કહેવું છે તે એવું મીઠું છે કે તે કહેવાના વિચારને પકડી હજી આ છોકરી તેનો આનંદ દોહી લેવા માગે છે, કેમ કે કહી દીધા પછી તે ગુદગુદી નહીં રહે.

ડોરોથીને પોતાના સ્વર્ગસ્થ પતિની યાદ આવી ગઈ. મોરિસ પેટમાં રહેલો તે વાત કરવામાં ડોરોથીએ સાત દિવસ લીધેલા. બસ કહેવાય છે, કહેવાય છે, જરા આનંદ લો, એના રોમાંચનો.

ડોરોથી જાણે છે કે હસું હસું થતી આ છોકરી કાંઈક કહેવા આવી છેએએએ.

''તમે જાણો છોને કે એક છોકરાને એક છોકરી સાથે રહેવાની મુસ્લિમ સમાજ મંજૂરી આપતો નથી. તમે મને આશરો આપ્યો, આયમ એક્સ્ટ્રિમલી થેંકફુલ ફોર ધેટ.''

મોરિસને કોઈ ઉતાવળ નથી. કે કોઈ અવઢવ નથી. તે સ્વસ્થ છે, આનંદમાં છે.

''તું મારી સાથે રહે તે સામે મારી મોમને કોઈ વાંધો નથી.'' મોરિસ એક અખરોટ ફોલીને તેનો દાણો મોંમાં મૂકે છે.

''હા, પણ મારાથી લાંબો સમય અહીં રહી શકાય નહિ.'' આયેશા બોલે છે. ''સિવાય કે-'' કહીને આયેશા જાણે દડાનો દાવ મોરિસની માની કોર્ટમાં ફેંકે છે.

''ના, ના આયેશા હું તને જવા નહીં દઉં. અમે વિચારી લીધું છે.'' મોરિસ આયેશાના ખભે હાથ મૂકીને કહે છે.

''શું વિચારી લીધું છે?'' આયેશા બત્રીસે દાંત બતાવી પૂછે છે.

''મારાં મમ્મી તને દત્તક લેવાનું વિચારે છે, આયેશા. મારી નાની બહેન તરીકે.''

❑❑❑

જગદીશચંદ્ર બોસ
(ઈ.સ. 1858-1937)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ જગદીશચંદ્ર બોસની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે.

Indian National Science Academy (INSA), નવી દિલ્હીના પ્રાધ્યાપક એમ. વિજયન આ પુસ્તક માટેના પ્રેરણા સ્રોત રહ્યા તેમ જ ખ્યાતનામ ખગોળ વિજ્ઞાની પ્રા. જયંત નારળીકર સહિત પ્રા. માધવ ગાડગિલ તેમ જ પ્રા. ટી. પદ્મનાભન આ પુસ્તકની સલાહકાર સમિતિના સભ્યો રહ્યા. આ બધાનો સ્પષ્ટ ઉદ્દેશ હતો ''બાળકો માટે ભારતીય વૈજ્ઞાનિકોનો પરિચય થાય એવું તેમનું સંક્ષિપ્તમાં ચરિત્ર આલેખતું, સંપૂર્ણ રીતે સરળ ભાષા તેમ જ સારી એવી સચિત્ર માહિતીઓ ધરાવનાર પુસ્તક પ્રગટ કરવું.''

શ્રી અરવિંદ ગુપ્તાએ આ પુસ્તકમાં ૪૦ જેટલા ભારતીય વૈજ્ઞાનિકો તેમ જ સંશોધકોના જીવનનો લઘુ પરિચય તેમ જ તેઓએ મેળવેલી સિદ્ધિઓ અને તેમનાં યોગદાનોને રજૂ કર્યાં છે. આ કામમાં તેમને સાથ મળ્યો ડૉ. કરેન હેયડોકનો, જેમણે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં. આ પુસ્તક અંગ્રેજી અને હિંદી ભાષામાં એક સાથે પ્રગટ થયું, અને પછી સમયાંતરે ગુજરાતી ભાષા સિવાય ભારતની બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ અનુવાદ પામ્યું અને જે તે ભાષાની પ્રજાઓ સુધી પહોંચ્યું.

શ્રી અરવિંદ ગુપ્તાને ૨૦૧૮ના પ્રજાસત્તાક દિવસે નાગરિક સન્માન

પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા. આ એવોર્ડ તેમને તેમના ''Toy From Trash'' પ્રોજેક્ટ માટે તેમ જ તેમણે વિજ્ઞાનના શિક્ષણમાં કરેલ અભૂતપૂર્વ ફાળા માટે એનાયત થયો.

પ્રસ્તુત ભાવાનુવાદિત લેખના માધ્યમથી શ્રી અરવિંદ ગુપ્તા જેવા વિજ્ઞાન પ્રચારકે લખેલ આ પુસ્તકના લેખ વિજ્ઞાનમાં રસ ધરાવતા ગુજરાતી વાચકો સુધી પણ પહોંચે તે માટેનો નમ્ર પ્રયાસ છે.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ: shm8324@gmail.com

ઈ. સ. ૧૮૯૫માં માર્કોનીએ વાયરલેસના માધ્યમથી એક સંદેશ પ્રસારિત કરી અને તેને એક માઈલના અંતરે રાખેલ રિસીવર દ્વારા ઝીલી જગતને અચરજમાં મૂકી દીધું, પણ તેનાથી બે વર્ષ પહેલાં પ્રેસિડેન્સી કોલેજના જગદીશચંદ્ર બોસે લગભગ આ જ વૈજ્ઞાનિક પ્રયોગને જનતા સામે કરી દેખાડ્યો હતો. તેમણે વાયરલેસ મોજાંઓની મદદથી એક માઈલના અંતરે મૂકવામાં આવેલી ઘંટડી દૂર બેઠાં બેઠાં રણકાવી દીધી હતી. બોસે રેડિયો તરંગો અને વનસ્પતિ આ બે તદ્દન જુદાં જુદાં ક્ષેત્રોમાં મહત્ત્વનું યોગદાન આપ્યું. વનસ્પતિઓની સંવેદનશીલતાનું તેમને એટલું ઊંડું જ્ઞાન હતું કે, તેમના વિદ્યાર્થીઓ મજાકમાં તેમ પણ કહેતા કે બોસ વનસ્પતિ સાથે વાતો પણ કરી શકે છે.

બોસનો જન્મ ૩૦ નવેમ્બર ઈ. સ. ૧૮૫૮માં હાલના બંગ્લાદેશમાં સ્થિત મૈમનસિંહમાં થયો. તેમના પિતા ભગવાનચંદ્ર બોસ એક પરોપકારી સરકારી અધિકારી હતા. તેમને પોતાની માતૃભાષા બંગલા અને ગરીબ લોકો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ હતી. તેમણે બેરોજગારોને કામ મેળવી આપવાના પ્રયત્નો કર્યા પણ તેમના પ્રયાસો નિષ્ફળ ગયા અને તેઓ પોતે દેવાદાર બની ગયા. પરંતુ પોતાના પિતાના આદર્શો અને ગરીબો પ્રત્યેની તેમની સહાનુભૂતિએ જગદીશને જીવનભર પ્રેરિત કર્યા.


બાળપણમાં જગદીશચંદ્ર એક બંગાળી માધ્યમની શાળામાં ભણ્યા. જ્યાં તેઓ અલગ અલગ પૃષ્ઠભૂમિમાંથી આવેલાં સ્થાનીય બાળકો સાથે ભળી ગયા.

આ કીમતી અનુભવ દ્વારા તેઓ જીવનભર જાત-પાત, ઊંચ-નીચ અને ધાર્મિક બંધનોથી મુક્ત રહ્યા.

ગરીબ ખેડૂતોનાં બાળકો પાસેથી તેઓએ પ્રાણીઓ, વનસ્પતિઓ અને પક્ષીઓ માટેનો કાયમી પ્રેમ અને સંવેદના પ્રાપ્ત કર્યાં કદાચ બાળપણની આ કેળવણી તેમને તે પછી વનસ્પતિના

વ્યવહારના ગહન સંશોધન તરફ દોરી ગઈ.

ઈ. સ. ૧૮૭૫માં તેમણે કોલકાતાની સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો, જ્યાં તેઓ પોતાની ખિસ્સાખર્ચીના બધા જ પૈસા વનસ્પતિઓ અને પાલતુ પ્રાણીઓની સેવાશુશ્રૂષામાં વાપરી નાખતા. ઈ. સ. ૧૮૭૯માં તેમણે સેંટ ઝેવિયર્સ સ્કૂલમાંથી વિજ્ઞાનની પદવી મેળવી.



જગદીશચંદ્ર બોઝ

અહીં તેઓ ભૌતિકવિજ્ઞાનના શ્રેષ્ઠ શિક્ષક ફાધર લાફૌંટને મળ્યા. જગદીશ ઇંગ્લેન્ડ જઈને ઇંડિયન સિવિલ સર્વિસની પરીક્ષા દેવા ઇચ્છતા હતા. પરંતુ તેમના પિતાને આ વાત ગમી નહીં. તેઓ નહોતા ઇચ્છતા કે તેમનો દીકરો બ્રિટિશરોની નોકરી કરે. પણ જગદીશને ડોક્ટર બનાવવા માટે સંમત થયા જેથી કરીને તે પછીથી જરૂરિયાતમંદ ગરીબોની સેવા કરી શકે.


ઈ. સ. ૧૮૮૦માં જગદીશચંદ્ર ઇંગ્લેન્ડ ગયા, પણ ત્યાં તેઓ જલદી માંદગીમાં પટકાયા. ખૂબ જ સારવાર પછી પણ તેમની કાળા તાવની બીમારી ઠીક થઈ નહીં. મેડિકલના અભ્યાસ માટે વપરાતા અંગ-વિચ્છેદન ઓરડા (Operation Theatre)માંથી આવતી તીવ્ર દુર્ગંધ રોગમાં વધારો કરી શકતી હતી, તેથી તેમને ડોક્ટરીનો અભ્યાસ અધૂરો છોડવાની ફરજ પડી. પછીથી તેઓએ કેમ્બ્રિજ વિદ્યાપીઠની ક્રિસ્ટ ચર્ચ કોલેજમાં પ્રાકૃતિક વિજ્ઞાન (Natural Science) શીખવા માટે પ્રવેશ લીધો. અહીં તેમને તે જમાનાના ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક લોર્ડ રેલે પાસે શીખવા મળ્યું. જગદીશચંદ્રની પોતાના શિક્ષક સાથે જીવનપર્યંતની મિત્રતા થઈ ગઈ.

ઈ. સ. ૧૮૮૫માં ભારત પરત ફર્યા પછી તેમની કોલકાતાની પ્રેસિડેન્સી કોલેજમાં ભૌતિકવિજ્ઞાનના અધ્યાપક તરીકે નિમણૂક થઈ. પણ અહીં તેમની સાથે છડેચોક ભેદભાવયુક્ત વર્તન


કરવામાં આવ્યું. તે સમયગાળામાં સરખી કક્ષાનું કામ કરવા માટે ભારતીયોને અંગ્રેજોની સરખામણીમાં ફક્ત બે-તૃતીયાંશ ($^{2}/_{3}$) પગાર આપવામાં આવતો. બોસે આ અન્યાયનો ખૂબ જ નવીન રીતે વિરોધ આરંભ્યો. તેમણે ત્રણ વર્ષ સુધી પગાર લીધા વગર ખૂબ જ લગનથી પોતાનું કામ કર્યું. તેમના પિતા આ વર્ષો દરમિયાન ઊંડા કર્જામાં ડૂબેલા હતા. ઈ. સ. ૧૮૮૭માં જગદીશચંદ્રના વિવાહ અબલા બોસ સાથે થયા અને તેમની આર્થિક જવાબદારીઓ વધી ગઈ. તેમ છતાં તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા અને બધી જ પડકારજન્ય પરિસ્થિતિઓનો સામનો કર્યો. છેવટે કોલેજ વહીવટી તંત્ર ઝૂક્યું પડ્યું અને તેમને પૂરાં ત્રણ વર્ષનો પગાર વ્યાજ સહિત ચૂકવવામાં આવ્યો. આ સંપત્તિથી તેમણે પોતાના પિતાનું દેવું ચૂકવી દીધું.

પ્રેસિડેન્સી કોલેજમાં બોસ એક લોકપ્રિય અને પ્રતિભાશાળી શિક્ષક તરીકે ખ્યાતિ પામ્યા. ભૌતિકવિજ્ઞાન તરફ તેમને ખૂબ જ ખેંચાણ હતું અને તેનો જાદુ તેઓ વિદ્યાર્થીઓ સમક્ષ અવનવા પ્રયોગો અને વ્યાવહારિક નિદર્શનો દ્વારા રજૂ કરતા. તેમના હાથ નીચે ભણેલા ઘણા વિદ્યાર્થીઓ પછીથી પ્રખ્યાત વૈજ્ઞાનિક બન્યા, તેમાં જાણીતા ભૌતિક વૈજ્ઞાનિક સત્યેન્દ્રનાથ બોસ પણ હતા. જેમના નામ પરથી પ્રારંભિક કણોમાંના એક કણનું નામ 'બોસોન' રાખવામાં આવ્યું.

જગદીશચંદ્ર દ્વારા પ્રેસિડેન્સી કોલેજમાં શોધકાર્ય માટેની સુવિધાઓ ઊભી કરવાના બધા જ પ્રયાસોને બ્રિટિશ અધિકારીઓ દ્વારા વારંવાર નિષ્ફળ બનાવાયા. આખરે કંટાળીને બોસે ભૌતિકવિજ્ઞાન વિભાગના બાથરૂમમાં એક નાની સરખી પ્રયોગશાળા ઊભી કરી. અહીં તેમણે




બોસે આ સ્પાઈરલ સ્પ્રિંગ રિસીવર શોધ્યું




ડબલ પ્રિઝમ એટીન્યુએટર

ટ્વિસ્ટેડ જ્યુટ પોલરાઈઝર




પ્રાથમિક તેમ જ અવિકસિત એવાં ઉપકરણોની મદદથી જનરેશન, પ્રસારણ, વિવર્તન (Diffraction), પ્રત્યાયન (Refraction), ધ્રુવીકરણ (Polarization) અને વિદ્યુત-ચુંબકીય મોજાં (Electro-Magnetic Wave)ની શોધ જેવા ગંભીર અને મૌલિક વિષયો પરનાં સંશોધનોનો પ્રારંભ કર્યો. આજનાં અનેક જાણીતાં માઈક્રોવેવ સાધનો જેવાં કે વેવ ગાઈડ, લેન્સ એન્ટેના, પોલરાઈઝર, ડાઈ-ઇલેક્ટ્રિક લેન્સીસ, અને પ્રિઝમ, ડફ્રિક્શન ગ્રેટિંગ્સની ઝાંખી પ્રથમ વારના પ્રયોગોમાં મળે છે. આમાંથી કેટલાંય ઉપકરણો તેમની શોધ હતાં. વિચિત્ર એવા જ્યુટના પોલરાઈઝરનો પણ તેમાં સમાવેશ થાય છે. બોસ દ્વારા ગેલન (જેમાંથી સીસું પ્રાપ્ત થાય છે તે કાચી ધાતુ)ના કાચ વડે બનાવેલા રિસીવરને ઈ. સ. ૧૯૦૪માં પેટન્ટ પણ મળ્યું.



ઈ. સ. ૧૯૭૭ના નોબેલ પારિતોષિક વિજેતા અને ટ્રાંઝિસ્ટરના શોધક પ્રો. બ્રિટેનના કહેવા મુજબ બોસ એવી પહેલી વ્યક્તિ હતા જેમણે સેમી કંડક્ટરનો ઉપયોગ કરી સૌથી પહેલાં રેડિયો મોજાં ઝીલ્યાં હતાં. ઈ. સ. ૧૯૭૭ના હજુ એક નોબેલ પારિતોષિક વિજેતા નેવિલ મોટના પ્રમાણે બોસ પોતાનાં સંશોધનોમાં દુનિયાથી ૬૦ વર્ષ આગળ હતા. તેમણે તો ત્યાં સુધી કહ્યું કે ''બોસને એન-ટાઈપ અને પી-ટાઈપ સેમી કંડક્ટરોની હયાતીનું પૂર્વાનુમાન હતું!''

બોસનો રસ કોઈપણ ઘટના પાછળના વૈજ્ઞાનિક કારણને જાણવા માટેનો રહેતો, તેનું પેટન્ટ નોંધાવી તેમાંથી ધન કમાવાની ઇચ્છા લગીરે નહોતા સેવતા. બીજી બાજુએ તેમના સમકાલીન માર્કોનીએ ખૂબ જ જલદી વાયરલેસની વ્યાવસાયિક સંભાવનાઓને પિછાણી અને વાયરલેસ સંદેશવ્યવહારનાં ઉપકરણોને બનાવી તેનો સૌથી વધુ લાભ પણ લીધો.

બોસ એક શિક્ષણપ્રવાસ અંતર્ગત યુરોપ ગયા, જ્યાં તેમની મુલાકાત લોર્ડ કેલ્વિન અને પ્રોફેસર ફ્રિટજેરલ્ડ જેવા વિશ્વના અગ્રણી વૈજ્ઞાનિકો સાથે થઈ. ઈ. સ. ૧૮૯૭ની આસપાસ બોસની અભિરુચિમાં એકદમ નોંધપાત્ર ફેરફાર આવ્યો. જે રિસીવર(કોહરર) તેમણે



કિરણોત્સર્ગ શોધવા માટે બનાવ્યું હતું તે ક્યારેક 'સર્વોચ્ચ' તો ક્યારેક 'સૌથી કનિષ્ઠ' કામગીરી દેખાડતું હતું. આનાથી તેમની કુતૂહલતા વધી. તેમને તેમાં ગૂઢ રીતે માનવીય 'થાક' અને 'પુનર્જીવન' સાથે સમાનતા નજરે ચઢી. તેમણે તારણ કાઢ્યું કે રિસીવર(કોહરર) પણ આણ્વિક સ્તરે કામ, થાક અને પુનર્જીવનના ચક્રમાંથી પસાર થાય છે. તેના આધારે તેમણે શોધપત્ર પ્રગટ કર્યું "જીવિત અને અજીવિત પદાર્થો ઉપર વિદ્યુતનો પ્રભાવ (on the general molecular phenomena produced by electricity in living & non-living matter), જેને લોકોની તીવ્ર પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડ્યો. આના ઘણા દાયકાઓ પછી જ્યારે બાયો-ફિઝિક્સ અને સાઈબરમેટિક્સની શાખાઓ વિકાસ પામી, તો બોસે આ શોધપત્રમાં રજૂ કરેલી વાતો સાચી પુરવાર થઈ.

તે પછી બોસ વનસ્પતિઓ અને પ્રાણીઓની વચ્ચેની સમાનતા શોધવાના કાર્યમાં રસ લેવા માંડ્યા. ઘણા લોકોના આશ્ચર્ય વચ્ચે તેમણે દર્શાવ્યું કે વનસ્પતિઓમાં પણ પ્રાણીઓના ચેતાતંત્ર જેવી જ સમાન ગોઠવણ હોય છે, જે વિદ્યુત પ્રવાહ, ગરમી અને રસાયણો જેવી ઉત્તેજનાઓ વખતે પ્રતિક્રિયાઓ આપે છે. આ વિષય તદ્દન નવો હતો, તેથી બોસે આની પ્રાયોગિક ચકાસણી માટેનાં ઘણાં ઉપકરણો તેમ જ સાધનો જાતે જ વિકસિત કર્યાં અને બનાવ્યાં. દાખલા તરીકે વનસ્પતિ/છોડવાઓની વૃદ્ધિ માપવા માટેનું સાધન ક્રેસકોગ્રાફ (Crescograph). આ સાધન વડે છોડવાઓ ઉપર રાસાયણિક ખાતર અને જંતુનાશકોની અસરનું ઝડપી પરીક્ષણ કરવું શક્ય બન્યું.

બોસે વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર સામાન્ય માણસ સુધી કરવા ઘણાય વિખ્યાત લેખો તેમની માતૃભાષા બંગલામાં લખ્યા. બોસની કારકિર્દીનાં પાછલાં વર્ષો દરમિયાન દેશમાં આઝાદીની ચળવળ ચાલુ થઈ ગઈ હતી. એક સાચા દેશભક્તની લાગણીને લીધે તેઓ આપમેળે જ રવીન્દ્રનાથ ટાગોર, આચાર્ય પ્રફુલ્લચંદ્ર રે અને સ્વામી વિવેકાનંદની બ્રિટિશ શિષ્યા સિસ્ટર

નિવેદિતાના સંપર્કમાં આવ્યા.

ઈ. સ. ૧૯૧૫માં બોસ પોતાની શૈક્ષણિક નોકરીમાંથી સેવા નિવૃત્ત થયા. ઈ. સ. ૧૯૧૭માં તેમને નાઈટહૂડની માનદ ઉપાધિથી નવાજવામાં આવ્યા, અને તેઓ સર જગદીશચંદ્ર બોસ તરીકે ઓળખાવા લાગ્યા. તે જ વર્ષમાં પોતાના જન્મદિવસે તેમણે બોસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી, આ સંસ્થા વિજ્ઞાનનાં આંતરશાખાકીય (Interdisciplinary) સંશોધનોને સમર્પિત હતી. રવીન્દ્રનાથ ટાગોરે આ સંસ્થાનું પ્રારંભિક ગીત રચ્યું હતું. ઈ. સ. ૧૯૨૦માં બોસ લંડનની રોયલ સોસાયટીમાં અધ્યેતા(Fellow) તરીકે ચૂંટાઈ આવ્યા.

બોસ એક દેશભક્ત તેમ જ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદી હતા. જેમને પોતાની માતૃભૂમિના પ્રાચીન વારસા માટે ગર્વ હતો. તેમને તે વાત સમજાઈ કે સંસ્થાનવાદ ભારતીયોના આત્મસન્માનને ધીરે ધીરે નબળું બનાવી રહ્યો હતો. તેમણે પશ્ચિમના દેશો સમક્ષ



સાબિત કરી દીધું કે ભારતીયો પણ વિશ્વકક્ષાનાં વૈજ્ઞાનિક સંશોધનો કરી શકવા સક્ષમ છે. જગદીશચંદ્ર બોસ તેમનો એંશીમો જન્મદિવસ પૂરો કરવાના થોડા દિવસો પહેલાં જ ૨૩ નવેમ્બર ઈ. સ. ૧૯૩૭માં દેહાંત પામ્યા. તેઓ પોતાની પાછળ ભારતીય વૈજ્ઞાનિકોની આવનારી પેઢી દ્વારા આગળ ધપાવવા માટે એક જ્વલંત વારસો મૂકતા ગયા.

❑❑❑

કવિ કાન્તની ખુરશી

(મારાં ભાવનગરનાં સંસ્મરણો)



☐ પ્રવીણસિંહ ચાવડા

૬. દૂત આવે છે

આઈક અને મારી વચ્ચે ફેર એટલો કે એમને કોઈ પૂછનાર નહોતું.

ફૉર્મ જડ્યું નહીં તેથી મેં માન્યું કે પ્રકરણ પૂરું થયું, પરંતુ આવાં પ્રકરણોનો સફાઈદાર, સંતોષકારક અંત હોતો નથી. અંત ખુલ્લો રહે છે. પરિણામે, બહારની શક્તિઓ ફાવે ત્યારે એમાં પ્રવેશ કરી શકે છે.

*

એક સાંજે મારો ભત્રીજો નરેન્દ્ર આવીને ઊભો રહ્યો. એ કોલેજના બીજા કે ત્રીજા વર્ષમાં હતો. ચાલુ કોલેજે, ભણવાનું બગાડીને નીકળ્યો હતો તે કાકાના ઘરનું આતિથ્ય માણવા માટે નહીં, પરંતુ એક ચોક્કસ લક્ષ્ય સિદ્ધ કરવા માટે.

આવતાંની સાથે, પાણીના ગ્લાસને સ્પર્શ કર્યા પહેલાં સ્પષ્ટતા કરી, 'ભઈએ મોકલ્યો છે.'

ભઈ એટલે એના પિતા, મારા મોટા ભાઈ.

મને ફાળ પડી, 'આમ અચાનક આવવું પડ્યું, રૂબરૂ, તો-'

'ભઈએ પુછાવ્યું છે કે પેલું ફૉર્મ ભરીને મોકલ્યું કે નહીં?'

'અરે હા! ફૉર્મ. જી.પી.એસ.સી. વાળુંને?'

'હા, જી.પી.એસ.સી.વાળું.'

'યસ, યસ!'

'મારા સ્વરમાં કોમળતા આવી, 'નરેન્દ્ર, તું લાંબો પ્રવાસ કરીને આવ્યો છે. થાક્યો હોઈશ. પહેલાં નાહી લે, ચા પી લે-'

તે વખતના એના હાસ્ય વિશે હું

એટલું જ કહીશ કે તે બિનજરૂરી હતું, અપ્રાસંગિક હતું, અનુચિત હતું.

મારો ભત્રીજો, પણ મિત્ર જેવો હતો. (આજે પણ શત્રુ બન્યો નથી.) મારાથી અગિયાર વર્ષ નાનો. મેં એને મોટો કર્યો હતો એમ કહું તો ખોટું નથી. તેડીને ફર્યો હતો. એની નાનીમોટી જરૂરિયાતો, મારી શક્તિની મર્યાદામાં પૂરી કરી હતી. એની ઉપર મારો અધિકાર હતો, વિશ્વાસ હતો કે વિકટ સંજોગો આવે, ન કલ્પેલું બને અને બે સામસામા પક્ષ પડે તો એ મારા પડખે ઊભો રહે.

તેથી મેં કહ્યું, 'નરેન્દ્ર, તું આવ્યો તે બહુ સારું કર્યું. બે-ચાર દિવસ રહે. જોને, કેવો દૂબળો પડી ગયો છે! તારાં માસી સુખડી બનાવે, શીરો બનાવે. સવાર-સાંજ આપણે ચાલવા જઈશું, વાતો ઘણી ભેગી થઈ છે-'

પરંતુ, આપણે જાણીએ છીએ કે અમુક બાળકો યમરાજના દ્વારે ઊભા હોય કે નાગલોકના, ગમે તેવી લાલચો આપવામાં આવે (સોનાનાં શિંગડાંવાળી ગાયો આપું, લાખ સવાનો મારો હાર આપું) તો પણ ચલિત થતાં નથી.

'ફોર્મ નથી મોકલ્યુંને?'

'જો ભાઈ, તારાથી શું છુપાવવાનું હોય, પણ થયું છે એવું કે, નાનકડું કવર, ઘરમાં કાગળોના આટલા ઢગલા, એમાં ક્યાંક-'

'ફાડીને ફેંકી દીધું નથીને?'

મેં કહ્યું, 'ના.'

'બરાબર શોધ્યું?'

'ઘર આખું ઉપર-તળે કરી નાખ્યું છે.'

દરમિયાન, ભોજનની થાળીઓ પીરસાઈ ગઈ હતી. જમતાંજમતાં મેં એને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો. કહ્યું કે જીવન છે, ચાલ્યા કરે, બધું આપણા હાથમાં હોતું નથી. અને, આમ જોઈએ તો આપણે ક્યાં રસ્તા વચ્ચે બેઠા છીએ? રૂપાળી, આટલી સરસ, લેક્ચરરની પોસ્ટ તે કંઈ જેવી તેવી ગણાય?

'ઘેર જઈને મારે ભઈને શું કહેવાનું?'

ખડતલ તત્ત્વજ્ઞાન એને સ્પર્શ્યું નહોતું.

'કહેવાનું કે ફોર્મ મોકલાઈ ગયું.'

'પછી, ઇન્ટરવ્યુ માટે કોલ ન આવે ત્યારે?'

'માનવાનું કે કમિશનરે આપણું ફોર્મ રિજેક્ટ કર્યું. ધણીનું કોઈ ધણી છે?'

એણે પ્રતિવાદ કર્યો નહીં. ચૂપચાપ જમી લીધું. ઊભો થયો. હાથ ધોયા. કબાટ પાસે ગયો. એક એક ચોપડી ખોલીને એનાં પાનાં ફેરવવા લાગ્યો.

'આ તું શું કરે છે?'

'જોઉં છું.'

ચોપડીઓ જોવા માટે નહીં, વાંચવા માટે હોય છે - આ એને કેવી રીતે સમજાવવું.

ટૂંકમાં કહેવાનું એટલું જ કે મળ્યું, એક ચોપડીનાં પાનાં વચ્ચેથી મળ્યું. ભત્રીજાએ કાકાને શીઘ્ર ટેબલ પાસે

બેસાડ્યા, હાથમાં પેન પકડાવી, ફોર્મ ભરાવડાવ્યું, (બહુ સરસ, નરેન્દ્ર! હવે તું જા. આવતી કાલે જ હું ઊઘડતી પોસ્ટ ઓફિસે રવાના કરી દઈશ, અરે, સાંભળતો કેમ નથી?) એમને આગળ કરી પોસ્ટ ઓફિસે ગયો અને ધડાકાબંધ સિક્કા લગાવડાવી રજિસ્ટર્ડ (એ.ડી.) કર્યું.

સત્યનો માર્ગ છોડ્યો નહીં. પિતા પ્રત્યેની વફાદારીમાં બાંધછોડ કરી નહીં, તો બીજી બાજુ પિતા સમાન કાકાને દુખ પહોંચે (મને ખોટું બોલવાની શિખામણ આપો છો, કાકા?) એવો એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં.

કાર્યદક્ષ માણસોના ગુણ ગાઈએ એટલા ઓછા.

* * *

૭. નિશાળનો પહેલો દિવસ

'ભાવનગરનાં મારાં સંસ્મરણો' - પુસ્તકનું આ પેટાશીર્ષક સ્થળ અને સમયની ચોક્કસ મર્યાદા બાંધી આપે છે, પરંતુ ભૂમિકામાં આયોજનની વિરુદ્ધ, વાચકની ધીરજની કસોટી થાય એટલી હદે વિસ્તાર થઈ ગયો.

ક્ષમાપ્રાર્થનાઃ એથી વધારે લખનાર બીજું શું કરી શકે?

*

નિમણૂક હુકમ મળ્યો અને હું ભાવનગર ઓફિસમાં હાજર થયો. પહેલા પ્રકરણમાં ઉલ્લેખ કર્યો - વહીવટદારની ખુરશી અને એમાં હું! - તે સ્થિતિ આવી.

વિડંબના જુઓ! તમારે માટે પહેલો દિવસ તેથી તમે એને પ્રારંભ માનો, પરંતુ મહાકાય યંત્ર તો પહેલેથી ચાલુ છે અને અવિરતપણે ચાલુ રહેવાનું છે. તમે એમાં પ્રવેશ કર્યો તે એને માટે મોટી ઘટના નથી.

તમારા માનમાં એ ક્ષણ માટે પણ થોભતું નથી.

વિરામ પોતે લેતું નથી અને તમને લેવા દેતું નથી.

એવું ન માનતા કે તમને થોડો સમય આરામ મળશે, નવા ગ્રહની આબોહવાથી ટેવાવાની તક મળશે અને બે-ચાર મહિના પછી કચેરીના કાર્યકર્તાઓની સભા યોજી એમાં તમે પ્રસન્નતાપૂર્વક ઘોષણા કરી શકશો- હે મારા અનુયાયીઓ! હું બધા પ્રકારની કામગીરીથી પરિચિત થયો છું, નિયમો અને કાયદાઓ પર પ્રભુત્વ મેળવ્યું છે, વહીવટના સઘળા મંત્રો મેં આત્મસાત્ કર્યા છે.

હવે લાવો; ફાઈલો મારી સામે મૂકો.
મારે સહી ક્યાં કરવાની છે તે કહો!

*

ના; આવી તક મળતી નથી.

પ્રથમ દિવસ છે તો ઓફિસનું એક રાઉન્ડ લો, સ્ટાફ સાથે, ખાસ કરીને સિનિયર અધિકારીઓ સાથે સામાન્ય પરિચય કરી લો.

પછી કામ શરૂ.

ફાઈલો કદાચ પ્રથમ દિવસ પૂરતી બાજુએ મૂકી શકાય, પરંતુ એક કામ એવું છે જેને બીજા દિવસ પર ઠેલી શકાતું નથી; મનુષ્યોનો એક વર્ગ છે જેને પાછા જવાનું કહી શકાતું નથી.

મુલાકાતીઓ, તમને વ્યક્તિને નહીં, કચેરીના વડાને (ખુરશીમાં જે બેઠું હોય તેને) મળવા આવેલા માણસો, જે ચિઠ્ઠી મોકલીને બહાર બાંકડા ઉપર બેઠા છે. તેમનું શું?

કોઈ સાવરકુંડલાથી આવ્યું છે, કોઈ ગારિયાધારથી.

— સાહેબ, ધો-8ના વધારાના વર્ગ માટે દરખાસ્ત મોકલ્યાને બે મહિના થયા.

— સાહેબ, શિક્ષકોની ભરતી માટે બધી કાર્યવાહી પૂરી થઈ ગઈ છે, હવે આપ ઇન્ટરવ્યુની તારીખ આપો તો...

— ગ્રાન્ટના છેલ્લા હપ્તામાં અન્યાય થયો છે તો હવે, માર્ચના છેલ્લા હપ્તામાં...

— નિવૃત્ત થયાને વરસ થવા આવ્યું પણ હજુ પેન્શન-પેપર્સ તૈયાર થયાં નથી.

ધ્યાનથી સાંભળો. જે તે કલાર્કને બોલાવી તેની ફાઈલ મગાવો, કામ ક્યાં અટક્યું છે, કયા કારણે તે સમજો. શક્ય હોય તો તાત્કાલિક નિકાલ કરો; નહીં તો એક કાગળ પર એની નોંધ કરો.

અગ્રગણ્ય સંસ્થાઓના આચાર્યો, સંચાલકો શિષ્ટાચાર પૂરતા નવા અધિકારીને મળવા આવે. વિવેકભર્યા શબ્દોની આપ-લે થાય. અધિકારીને આવકારવામાં આવે, શુભેચ્છાઓ પાઠવવામાં આવે. આ થોડું કૃત્રિમ લાગે, પણ સાવ નિરર્થક અને બિનઉપયોગી છે એમ કહી શકાય નહીં. એ નિમિત્તે પરિચય થાય. જે તે સંસ્થા વિશે પ્રાથમિક માહિતી મળે.

જિલ્લાની ભૂગોળ ઊઘડવા માંડે - ત્રાપજ, ખડસલી, દાઠા, ઢસા જંક્શન. સાવરકુંડલા ક્યાં આવ્યું? ઓહો, અમરેલી થઈને જવાય?

વચ્ચે લાઠી આવે?

અરે ભાઈ, લાઠી કોનું તે તમારે મને કહેવાનું ન હોય.

*

જાત સાથે થોડો સંવાદઃ

સરકારી નોકરી માટે પસંદગી થઈ ત્યારે તમે એક નિર્ણય કર્યો હતો.

જુદી દુનિયામાં જીવતા હતા, વ્યવહારુ જ્ઞાન નહોતું, છતાં સાંભળેલી વાતો પરથી માની લીધું હતું કે સરકારી ઓફિસોમાં સામાન્ય પ્રજાને ખૂબ મુશ્કેલીઓ પડે છે, એમનાં કામ થતાં નથી, બિનજરૂરી વિલંબ કરવામાં આવે છે, ધક્કા ખવડાવવામાં આવે છે, સારો વ્યવહાર પણ નથી કરવામાં આવતો. ક્યારેક અપમાનિત કરવામાં આવે છે, હડધૂત કરવામાં આવે છે.

ભોળપણ, કાચી બુદ્ધિ, આદર્શવાદ - જે હશે તે, પરંતુ તમે મનોમન સ્પષ્ટ

નિર્ણય કર્યો હતો - હું પ્રજાના માણસ તરીકે કામ કરીશ.

તંત્રનો ભાગ, છતાં એની બહાર, જરૂર પડે તો એની વિરુદ્ધ.

આ યાદ છેને?

*

અનુભવ હોવો, કાયદા-નિયમોની જાણકારી હોવી - આને તમે હસી કાઢ્યા છે. તમે માનો છો કે વહીવટ કાગળો અને ફાઈલોનો નહીં, જીવતા મનુષ્યોનો કરવાનો છે.

તે માટે માત્ર બુદ્ધિ નહીં, હૃદય પણ પ્રવૃત્ત થવું જોઈએ.

અરે, તમે તો આત્માને પણ સંડોવો છો!

સાહિત્યના વિદ્યાર્થી તરીકે માનો છો કે તમે આત્માનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

ઝરણું મળી ગયું છે.

*


તો, હવે તમારી પરીક્ષા છે.

[ક્રમશઃ]

સાભાર સ્વીકાર

* ઇમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨)નાં પ્રકાશનો : * અઢી વત્તા ત્રણ : માલા કાપડિયા, પૃ. ૧૨૬, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૩. * રંગભૂમિ ૨૦૧૪ : ઉત્પલ ભાયાણી, પૃ. ૧૬૮, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. * માનસીને પત્રો : ડો. રાજન શેઠજી, પૃ. ૧૪૭, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. * ગૌરીકુંડ ૧.૫ કિ.મી. : એકતા પટેલ, પૃ. ૧૬૦, કિં. રૂ. ૧૫૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫. * ચાણક્ય : મિહિર ભુતા, પૃ. ૯૬, કિં. રૂ. ૧૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * થોડું લોજિક થોડું મેજિક : સ્નેહા દેસાઈ, પૃ. ૯૬, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * ‘ક’ કાનજીનો ‘ક’ : સ્નેહા દેસાઈ, પૃ. ૧૦૮, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * કમાલ કરે છે, આ પટેલ કેવી ધમાલ કરે છે! : સ્નેહા દેસાઈ, પૃ. ૭૧, કિં. રૂ. ૧૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * મીરાં : સ્નેહા દેસાઈ - હેમા દેસાઈ, પૃ. ૪૮, કિં. રૂ. ૬૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * મારો પિયુ ગયો રંગૂન : મિહિર ભુતા, પૃ. ૭૨, કિં. રૂ. ૧૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * આજ જાને કી જીદ ના કરો : સુરેશ ચિખલે, આલેખન : સૌમ્ય જોશી, પૃ. ૭૨, કિં. રૂ. ૮૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * સરદાર : મિહિર ભુતા, પૃ. ૯૬, કિં. રૂ. ૧૨૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * જો અમે બધા સાથે તો, દુનિયા લઈએ માથે : સૌમ્ય જોશી, પૃ. ૮૪, કિં. રૂ. ૧૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૫ (નાટક). * હું ઈશ્વરમાં માનું છું, કારણ કે... : સંપાદન : ઉત્પલ ભાયાણી, હિતેન આનંદપરા, અપૂર્વ આશર, પૃ. ૨૩૬, કિં. રૂ. ૪૦૦, પહેલી આવૃત્તિ - ૨૦૧૭.





કેવી રીતે ના મરવું! - ૧૪

☐ મધુસૂદન કાપડિયા

ડાયજેસ્ટિવ કેન્સર

પાચનતંત્રનાં ત્રણ મુખ્ય કેન્સર - કોલોરેક્ટલ કેન્સર, પેન્ક્રિયાટિક કેન્સર અને એસોફેગલ કેન્સર-માં દર વર્ષે લગભગ એક લાખ અમેરિકનો મૃત્યુ પામે છે.

કોલોરેક્ટલ કેન્સર

આ ત્રણે કેન્સરમાં સૌથી વધારે નિદાન કોલોરેક્ટલ કેન્સરનું થતું હોય છે. સદ્‌ભાગ્યે જો સમયસર નિદાન થાય તો તેનો ઉપચાર સહેલાઈથી થઈ શકે છે. કેન્સર કોલનથી આગળ વધે તે પહેલાં જો નિદાન થયું હોય તો પાંચ વર્ષથી વધારે આયુષ્યની શક્યતા લગભગ નેવું ટકા છે. પણ કેન્સરની શરૂઆતમાં ભાગ્યે જ કોઈ ચિહ્નો દેખાય છે અને લાંબા ગાળા સુધી કેન્સર ન પકડાય તો તેનો ઉપચાર વધારે મુશ્કેલ અને ઓછો અસરકારક હોય છે. સમયસર નિદાન માટે એક જ ઉપાય છે - નિયમિત ટેસ્ટિંગ. કોલોરેક્ટલ કેન્સરની ટેસ્ટ માટે મુખ્યત્વે બે વિકલ્પો છેઃ દર વર્ષે સ્ટુલની પરીક્ષા અથવા દર દસ વર્ષે કોલોનોસ્કોપી.

સ્ટુલની ટેસ્ટ અનાક્રમક છે, સસ્તી છે (કોલોનોસ્કોપીની તુલનામાં તો મફત છે!) હા, દર વર્ષે ટેસ્ટ કરાવવાની અગવડ છે પણ કોલોનોસ્કોપી કરાવી જુઓ. પછી આ અગવડ સ્વર્ગીય લાગશે. અમેરિકામાં કોલોનોસ્કોપી એ જ રાજમાર્ગ છે.

લગભગ સોએ સો ટકા ડોક્ટરો કોલોનોસ્કોપી પ્રિસ્ક્રાઈબ કરે છે. પશ્ચિમના બીજા દેશોમાં ભાગ્યે જ કોલોનોસ્કોપી કરવામાં આવે છે. એક અમેરિકન ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટે કહ્યું છે તેમ ''Colonoscopy... is the goose that has laid the golden egg.'' એમ ને એમ કંઈ ગેસ્ટ્રોએન્ટરોલોજિસ્ટો વરસના પાંચ લાખ ડોલર બનાવે છે? પણ તમારો ફેમિલી ડોક્ટર કોલોનોસ્કોપી માટે શું કરવા આગ્રહ રાખે, એ પ્રોસીજર એ તો કરતો નથી. તમે એવા ભ્રમમાં તો નથીને કે માત્ર ઇન્ડિયામાં જ કરપ્શન છે? આ ભલામણ કરવાના રીફરલના પૈસા મળે છે. કેટલાક ડોક્ટરો આ અને આવી ટેસ્ટ કરનારી લેબોરેટરીમાં ભાગ ધરાવતા હોય છે. આને સેલ્ફ-રીફરલ કહે છે. અમેરિકાની ગવર્નમેન્ટ એકાઉન્ટિંગ ઓફિસનો અંદાજ છે કે ડોક્ટરો દસ લાખ રીફરલ દર વર્ષે વધારાના કરે છે, કારણ કે એમાં એમને નફો થાય છે.

અમેરિકામાં એક બીજો વિકલ્પ થોડાંક વર્ષોથી ઉપલબ્ધ થયો છે. Exact Sciences laboratories નામની કંપનીએ એક સ્ટુલ ટેસ્ટ શોધી છે જે કેન્સરનું નિદાન કરી શકે છે. એને ફેડરલ ડ્રગ એડમિનિસ્ટ્રેશને માન્યતા આપી છે. આ ટેસ્ટ દર ત્રણ વર્ષે કરાવવાની હોય છે, અલબત્ત અનાક્રમક છે અને કોલોનોસ્કોપી કરતાં તો ઘણી સસ્તી છે.

હળદર

ઇન્ડિયાની જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ) અમેરિકા કરતાં આઠગણી ઓછી છે, વીસ ટકા વસતિ ગરીબીના આંકની નીચે જીવે છે, અને છતાં અમેરિકા કરતાં કેન્સરનો દર ઘણો નીચો છે. અમેરિકામાં સ્ત્રીઓમાં ઇન્ડિયા કરતાં દસગણો કોલોરેક્ટલ કેન્સરનો દર છે, સત્તરગણો લંગ કેન્સરનો, નવગણો મેલનીમાનો, બારગણો કિડની કેન્સરનો, આઠગણો બ્લેડર કેન્સરનો અને પાંચગણો બ્રેસ્ટ કેન્સરનો. પુરુષોના કેન્સરના આંકડા આવા જ અનેકગણા છે જેમ કે ઇન્ડિયા કરતાં પ્રોસ્ટેટ કેન્સરનો દર ત્રેવીસગણો છે. જ્યાં મેડિકલ ઇન્સ્યોરન્સ અને મેડિકલ સારવાર અનેકગણી ચડિયાતી હોવા છતાં આટલા બધા વિપરીત પરિણામનું કારણ શું?

ભારતીય રસોઈમાં હળદરનો નિયમિત ઉપયોગ આનું એક કારણ હોવાનો સંભવ છે. કરી પાઉડરમાં પણ હળદરનું પ્રમાણ વધારે હોય છે.

ઇન્ડિયામાં કેન્સરના આટલા ઓછા દર માટે મુખ્યત્વે ડાયેટનો ફાળો છે. વસતિના માત્ર સાત ટકા માંસાહારી છે. મોટા ભાગના લોકો દરરોજ લીલાં શાકભાજી અને કઠોળ જેવા કે બીન્સ, સ્પ્લીટ પીસ, ચીક પીસ, લેન્ટિલ્સ ખાય છે જે કેન્સર પ્રતિકારક રસાયણો જેને ફાઈટેટ્સ કહે છે તેનાથી ભરપૂર છે.

કોલોરેક્ટલ કેન્સરનો અમેરિકામાં કેન્સરના મરણમાં બીજો નંબર છે જ્યારે દુનિયાના બીજા પ્રદેશોમાં કોઈએ એનું નામ પણ સાંભળ્યું નથી, દા.ત. કંપાલા, યુગાન્ડામાં. પશ્ચિમની સંસ્કૃતિમાં આ કેન્સર આટલું બધું પ્રચલિત શા માટે છે? આનો ઉત્તર મેળવવા સુપ્રતિષ્ઠિત સર્જન ડેનિસ બર્કીટે યુગાન્ડામાં 24 વર્ષ ગાળ્યાં. ડો. બર્કીટે યુગાન્ડાની જે અનેક હોસ્પિટલોની મુલાકાત લીધી તેમાં તેમણે કોલોરેક્ટલ કેન્સરનો એક પણ કેસ ક્યારેય જોયો નહોતો. અંતે તેઓ એક જ નિષ્કર્ષ પર આવ્યા કે આહારમાં ફાઈબરનો હિસ્સો આનું મુખ્ય કારણ છે, કારણ કે યુગાન્ડાના મોટા ભાગના વતનીઓ પ્લાન્ટ બેઝ્ડ ખોરાક લે છે.

પછીના સંશોધને દર્શાવ્યું કે ફાઈબર ઉપરાંત મહત્ત્વનું પરિબળ છે ફાઈટેટ્સ જેવાં કુદરતી રસાયણો જે બધાં જ હોલગ્રેન, બીન્સ, નટ્સ અને સીડ્સ (બિયાં)માં હોય છે. ટૂંકમાં કોલોરેક્ટલ કેન્સરના જોખમની બે આત્યન્તિકતાઓ છે- વધુ શાક, ઓછું માંસ ડાયેટ અને ઓછું શાક, વધુ માંસ ડાયેટમાં આઠગણો તફાવત છે. એટલે તમારા ડાયેટમાંથી માત્ર માંસ કાપી નાખવાનું પર્યાપ્ત નથી, વધુ પ્લાન્ટ બેઝ્ડ ફૂડ ખાવાની જરૂર છે. ફાઈટેટ્સ બધા જ પ્રકારનાં કેન્સરનો વિકાસ અટકાવે છે - કોલન, બ્રેસ્ટ, સર્વિક્સ, લિવર, પ્રોસ્ટેટ, પેન્ક્રિયા અને ચામડી – અને નોર્મલ સજીવ કોષોને સહીસલામત રાખે છે. આ જ છે ઉત્તમ એન્ટાઈ-કેન્સર પ્રતિકારક દ્રવ્યનું ઉમદા લક્ષણ, કીમોથેરપી સારાંનરસાં બધાં જ દ્રવ્યોને દૂર કરે છે. ફાઈટેટ્સની પણ આડઅસર છે પણ તે બધી જ સારી છે. વધુ ફાઈટેટ્સના ઉપભોગથી હાર્ટ ડિસીઝ, ડાયાબિટીસ અને કિડની સ્ટોન્સમાં સુધારો થાય છે. કેટલાક સંશોધકોનું સૂચન છે કે ફાઈટેટ્સને આવશ્યક પોષક દ્રવ્ય ગણવું અને એનું વિટામિન P એવું નામકરણ કરવું જોઈએ.

2012માં હાર્વર્ડ યુનિવર્સિટીના બે ગંભીર અભ્યાસોનું પ્રકાશન થયું. એક 'નર્સીસ હેલ્થ સ્ટડી' જેનો આરંભ ઠેઠ 1976માં શરૂ થયેલો. આ અભ્યાસમાં 30થી 55 વર્ષની ઉંમરની લગભગ 1,20,000 સ્ત્રીઓના ડાયેટને અનુસરવામાં આવેલું. બીજા અભ્યાસે - 'હેલ્થ પ્રોફેશનલ્સ ફોલો અપ સ્ટડી 40થી 75ની ઉંમરના પુરુષોના ડાયેટનું અનુસરણ કર્યું. દર

ચાર વર્ષે સંશોધકોએ આ અભ્યાસમાં ભાગ લેનારાઓનો સંપર્ક સાધીને તેમના ડાયેટનું પગેરું રાખેલું. 2008 સુધીમાં 24000 ભાગ લેનારાઓ મૃત્યુ પામ્યા, લગભગ 6000 હાર્ટ ડિસીઝમાં અને 9000 કેન્સરથી. આ પરિણામોના પૃથક્કરણથી સંશોધકોને જાણવા મળ્યું કે માંસાહાર કેન્સર અને હાર્ટ ડિસીઝના મરણ અને ટૂંકી આવરદા સાથે સંકળાયો છે.

તમે વિચાર કરો કે દસકાઓ સુધી એક લાખથી વધુ લોકોને અનુસરવાનું કેટલું સંકુલ હશે. હવે આનાથી પાંચગણા વિશાળ અભ્યાસનો વિચાર કરો. ઇતિહાસમાં ડાયેટ અને સ્વાસ્થ્યનો સૌથી વિશાળ અને ગંભીર અભ્યાસ NIH-AARP (નેશનલ ઇન્સ્ટિટ્યૂટ્સ ઓવ હેલ્થ અને અમેરિકન એસોસિયેશન ઓવ રિટાયર્ડ પર્સન્સ)નો છે. માંસાહાર અને આવરદાના સંબંધના સૌથી વિશાળ અભ્યાસમાં સંશોધકો એક દસકો 50થી 71 વર્ષનાં 545,000 સ્ત્રીપુરુષોને અનુસર્યા. આ વૈજ્ઞાનિકો હાર્વર્ડના સંશોધકોના નિષ્કર્ષ ઉપર જ આવ્યાઃ માંસાહાર કેન્સર, હાર્ટ ડિસીઝ અને અકાળ મૃત્યુ સાથે સંકળાયેલો છે. આ સંશોધનના લેખના પ્રકાશનની સાથે અમેરિકન મેડિકલ એસોસિયેશનના સામયિક 'આર્કાઈવ્સ ઓવ ઇન્ટરનલ મેડિસિન'માં તંત્રીલેખ હતોઃ Reducing meat consumption has multiple benefits for the world's health.

પેન્ક્રિયાટિક કેન્સર

પેન્ક્રિયાટિક કેન્સર જીવલેણ છે, માંડ છ ટકા દર્દીઓ નિદાન પછી પાંચ વર્ષથી વધુ આયુષ્ય ભોગવે છે. ધૂમ્રપાન એનું મુખ્ય કારણ છે. બીજાં કારણોમાં ઓબેસિટી, વધુ પડતું મદ્યપાન અને ડાયેટ. ડાયેટમાં જે ફેટ હોય તે આ કેન્સરને કેટલી અસર કરે છે એ વિશે ઠીક ઠીક લાંબી ચર્ચા થઈ છે. એનું કારણ એ છે કે જુદા જુદા પ્રકારની ફેટ કેન્સરના જોખમ ઉપર જુદી જુદી અસર કરે છે. પરંતુ આપણે આગળ જેનો ઉલ્લેખ કર્યો તે NIH-AARP અભ્યાસે આનો ઉત્તર આપ્યો છે. આ અભ્યાસે પહેલી વાર પ્લાન્ટ બેઝ્ડ ફૂડ્સ, જેવા કે નટ્સ, સીડ્સ, એવોકાડો, ઓલિવ ઓઈલની ફેટ અને એનિમલ બેઝ્ડ ફૂડ્સ જેવા કે માંસ, દૂધની પેદાશો અને ઈંડાંની ફેટ વચ્ચેનો તફાવત દર્શાવ્યો કે માંસ વગેરેની ફેટ પેન્ક્રિયાટિક કેન્સર સાથે સંકળાયેલી છે જ્યારે પ્લાન્ટ બેઝ્ડ ફૂડ્સની ફેટ કેન્સર સાથે સંબંધિત નથી.

કેન્સરના પ્રકારોમાં પેન્ક્રિયાટિક કેન્સર ઘણું આક્રમક છે. જો સમયસર ઉપચાર ન થયો તો નિદાનના બેચાર મહિનામાં દર્દી મૃત્યુ પામે છે. દુર્ભાગ્યે, માત્ર દસ ટકા દર્દીઓને કીમોથેરપી મદદરૂપ થાય છે, તે પણ મોટા ભાગની જાલિમ આડઅસરો સાથે. આપણે જોયું

કે હળદરમાં રહેલું કર્ક્યુમીન કોલન અને લંગ કેન્સરમાં અસરકારક પુરવાર થયું છે. એનું જ પરિણામ પેન્ક્રિયાટિક કેન્સર સેલમાં જોવા મળ્યું છે. નેશનલ કેન્સર ઇન્સ્ટિટ્યૂટના ઉપક્રમે એમડી એન્ડરસન કેન્સર સેન્ટરે પ્રયોગ કર્યો. જેમનું પેન્ક્રિયાટિક કેન્સર ખૂબ આગળ વધી ગયેલું તેવા દર્દીઓને કર્ક્યુમીનના મોટા પ્રમાણમાં ડોઝ આપ્યા. જે 21 દર્દીઓને સંશોધકો મૂલવી શકેલા તેમાંથી બે ઉપર આની અસર રચનાત્મક હતી. તે ખરું કે 21માંથી માત્ર બે જ દર્દીઓ ઉપર આની અસર થઈ પણ કીમોની અસરનું પ્રમાણ આનાથી વધારે નથી, અને નફામાં લેશમાત્ર આડઅસર નહીં. માટે પેન્ક્રિયાટિક કેન્સરના દર્દીઓને કર્ક્યુમીન આપવું હિતાવહ, બીજી જે કોઈ ટ્રીટમેન્ટ્સ એમને આપવામાં આવતી હોય. આ રોગનું દુઃખદ પરિણામ જોતાં નિવારણ એ જ ઉપાય છે. તેનો માર્ગ છે ધૂમ્રપાન ન કરવું, વધુ પડતું મદ્યપાન ન કરવું, વધુ પડતું વજન ન વધારવું અને ડાયેટમાં માંસ, દૂધની પેદાશો, ખાંડનું પ્રમાણ બને તેટલું ઓછું રાખવું અને બીન્સ, બેન્ટીલ્સ, સ્પ્લીટ પીસ અને ડ્રાયફ્રૂટનું પ્રમાણ ઝાઝું રાખવું.

એસોફેગલ (Esophageal) કેન્સર

એસોફેગલ કેન્સરના દર્દીઓ અને મૃત્યુ પામનારાઓ પ્રમાણમાં ઓછા છે. આ કેન્સરનાં મુખ્ય કારણો છે ધૂમ્રપાન, વધુ પડતું મદ્યપાન અને એસિડ રીફ્લક્સ (acid reflux). એસિડ રીફ્લક્સ પાચનતંત્રનો સૌથી વધુ પ્રચલિત વિકાર છે. હૃદયની બળતરા અને પેટમાં પડેલા ખોરાકનું ગળા તરફ ઊલટવું એનાં સામાન્ય લક્ષણો છે. બધા જ પાચનના રોગોમાં ડોક્ટરની લાખો મુલાકાતો અને હોસ્પિટલના અનેક દિવસોને લીધે આ કેન્સર સૌથી વધારે ખર્ચાળ છે. એસિડ રીફ્લક્સને અટકાવી શકાય તો એસોફેગલ કેન્સરને અટકાવી શકાય. પણ આ દુષ્કર છે. છેલ્લાં વીસ વરસમાં એસોફેગલ કેન્સરનું પ્રમાણ અમેરિકામાં છગણું વધ્યું છે અને તેનું મુખ્ય કારણ એસિડ રીફ્લક્સનો વધારો છે. અમેરિકામાં 28 ટકા લોકો અઠવાડિયામાં એક વાર છાતીની બળતરા અથવા એસિડ રીફલક્સથી પીડાય છે. જ્યારે એશિયામાં માત્ર પાંચ જ ટકા. આ સૂચવે છે કે ડાયેટ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. છેલ્લાં વીસ વર્ષમાં લગભગ 45 અભ્યાસો ડાયેટ અને એસોફેગલ કેન્સરના સંબંધ વિશે થયા છે. આ સૌ અભ્યાસોનું એકસરખું તારણ છે કે માંસાહાર અને ખોરાકમાં વધુ પડતી ફેટ આ કેન્સર સાથે સંકળાયેલાં છે. જે લોકો માંસાહાર કરે છે તેમના એસિડ રીફ્લક્સનું જોખમ શાકાહારીઓ કરતાં બમણું છે.



એસોફેગલ કેન્સર

કેન્સરના જોખમને બાદ કરો તો પણ એસિડ રીફ્લક્સ પોતે જ પીડાકારક છે, બ્લીડિંગ કરે છે અને એસોફેગલના સંકોચને કારણે ખોરાક ગળે ઉતારવામાં આડે આવે છે. હૃદયની બળતરા અને એસિડ રીફ્લક્સની દવાઓ પાછળ બિલિયન્સ ડોલર્સ ખર્ચાય છે પણ આ દવાઓ ન્યુમોનિયા, આંતરડાના ચેપ અને હાડકાંના ફ્રેક્ચરની આડઅસર ઊપજાવે છે. વધારે સારો ઉકેલ ડાયેટ છે. પણ પ્લાન્ટ બેઝ્ડ ફૂડ જે રક્ષણ પૂરું પાડે છે તે માત્ર એનિમલ ફૂડ્સને ઓછું કરવાથી નહીં પણ એન્ટાઈ-ઓક્સિડન્ટ સમૃદ્ધ પ્લાન્ટ ફૂડ્સ એસોફેગલ કેન્સરના જોખમને પચાસ ટકા ઓછું કરે છે. એસોફેગલ કેન્સરનું સૌથી વધારે રક્ષણ પૂરું પાડે છે લાલ, નારંગી અને ગાઢાં-લીલાં પાંદડાંવાળાં શાકભાજી, બેરી, સફરજન અને ખાટાં ફળો. ખોરાકમાં રહેલી ફેટ એસિડ રીફ્લક્સનું જોખમ વધારે જે ત્યારે ફાઈબર ઘટાડે છે. ખોરાકમાં રહેલું ફાઈબરનું ઝાઝું પ્રમાણ એસોફેગલ કેન્સરના ઉદ્‌ગમને 33 ટકા ઘટાડે છે, તેના મૂળભૂત કારણ એસિડ રીફ્લક્સને નિવારીને.

સ્ટ્રોબેરી


એસોફેગલ કેન્સરનું નિદાન પેન્ક્રિયાટિક કેન્સર જેટલું ગંભીર અને ભયંકર છે. પાંચ વરસની આવરદાની શક્યતા 20 ટકાથી ઓછી છે અને મોટા ભાગના દર્દીઓ નિદાનના એક વરસમાં મૃત્યુ પામે છે. તેથી આ રોગને શક્ય એટલી ત્વરાથી નિવારવાની, રોકવાની અથવા સુલટાવવાની જરૂર છે. સંશોધકોએ બેરીઝની ટેસ્ટ કરી. ક્લિનિકલ ટ્રાયલમાં જે દર્દીઓના એસોફેગલમાં પ્રીકેન્સર વિકૃતિઓ (lesions) હતી તેમને છ મહિના સુધી દરરોજની એક કે બે ઔંસ ફ્રીઝ-ડ્રાઈડ સ્ટ્રોબેરી આપવામાં આવી (લગભગ એક પાઉન્ડ તાજી સ્ટ્રોબેરી થાય). પ્રયોગમાં ભાગ લેનારા બધા દર્દીઓને સૌમ્ય કે સાધારણ પ્રીકેન્સર રોગ હતો, છતાં આશ્ચર્યજનક રીતે લગભગ 80 ટકા દર્દીઓના રોગની ગતિ સૂલટાઈ હતી. મોટાભાગની પ્રીકેન્સર વિકૃતિ કાં હળવી થઈ અથવા સંપૂર્ણપણે નાબૂદ થઈ. અર્ધા લોકો સ્ટ્રોબેરી ટ્રીટમેન્ટથી રોગમાંથી સદંતર મુક્ત થયા.

[ક્રમશઃ]

કેમ સખી ચીંધવો પવનને-૩૨

☐ અનિલ રમાનાથ જોશી

મુંબઈ શહેરમાં હું આવ્યો હતો મળવા અને મુંબઈએ મને બેસાડી દીધો દળવા. કોમર્સ વીકલીમાં ટૂંકા પગારની નોકરી લઈ લીધી. વિલ્સન સ્ટ્રીટમાં પેઈંગગેસ્ટ તરીકે નિવાસ શરૂ કરી દીધો. મારી પાસે માત્ર ગુજરાતી વિષય સાથે બી.એ.ની ડિગ્રી હતી. કવિતા સિવાય મારી પાસે કોઈ લાગવગ નહોતી. કોમર્સના તંત્રી વાડીલાલ ડગલીએ મને નોકરી પણ કવિતાની લાગવગથી આપી. ચર્ચગેટમાં મારી ઓફિસ હતી. વાડીભાઈ બહુ માયાળુ વ્યક્તિ હતા. પોતે પણ કવિતા અને નિબંધ લખતા હતા. કોમર્સની નોકરીમાં મને મજા એ પડી કે વાડીભાઈ પાસે ઉમાશંકર અને નિરંજન ભગત અવારનવાર આવતા હતા. એમને ખબર હતી કે હું કોમર્સમાં નોકરી કરું છું. એક દિવસ ઉમાશંકરે વાડીભાઈને પૂછ્યું: "મારે અનિલને મળવું છે." આ સાંભળી વાડીભાઈએ તરત બેલ વગાડીને પટાવાળાને બોલાવ્યો અને કહ્યું : "અનિલને બોલાવો." પણ ઉમાશંકરે તરત વાડીભાઈને અટકાવ્યા અને કહ્યું : "અહીં ન બોલાવો, અનિલ જે જગ્યાએ બેસે છે ત્યાં હું જાતે જ જઈશ." પટાવાળો પણ ઉમાશંકરને જોઈ રહ્યો. વાડીભાઈને પણ બહુ નવાઈ લાગી.



ઉમાશંકર જોશી

બીજી બાજુ હું લેજર લખવાનું કામ કરી રહ્યો હતો. આગલી રાતે રિટ્ઝ હોટેલમાં ખૂબ દારૂ પીધો હતો એટલે એનો હેંગઓવર સખત હતો. ઉમાશંકર મને ખબર ના પડે એ રીતે મારા ટેબલ સામેની ખુરશીમાં ચૂપચાપ આવીને બેસી ગયા. મેં ઊંચી નજર કરીને જોયું તો સામે ઉમાશંકર હતા. મારા હાથમાંથી પેન પડી ગઈ. બોલવામાં તત-પપ થઈ ગયું પણ ઉમાશંકરે શાંતિથી મને કહ્યું: "સંસ્કૃતિ" માટે કવિતા આપ, હું ખાસ અમદાવાદથી તારી પાસે કવિતા લેવા આવ્યો છું." એ જ ક્ષણે મારો બધો

જ હેંગઓવર ઊતરી ગયો. મને થયું કે આટલો મોટો કવિ મારી ભંડકિયા જેવી કેબિનમાં જાતે આવીને મારી પાસે એના માસિક માટે કવિતા લેવા આવે એ બહુ વિરલ ઘટના હતી. એ દિવસોમાં મારી પાસે બેત્રણ અપ્રગટ કવિતાઓ પડી હતી. એ બધી જ કવિતાઓ મેં ઉમાશંકર સરને આપી દીધી. ઉમાશંકર જતાં જતાં મને ફરી વાર જોન ડનની ટિપ્સ આપતા ગયા કે આકર્ષક સંગીતથી લલચાવી, પાસે બોલાવીને પછીથી નાશ કરતી દરિયાપરીની જેમ ગાવું નહીં. આટલું કહી ઉમાશંકર જતા રહ્યા. પછીને મહિને "સંસ્કૃતિ"માં મારી પહેલી કવિતા છપાઈ એની કેટલીક પંક્તિઓ અહીં મૂકું છું.

કૂવામાં નાખી મીંદડી તે આવી ખાલી હાથે રે
આભ જઈને તળિયે બેઠું ઊંડા જળની
સાથે રે
પ્રભાતિયાં ગાયાના કંઠે પડ્યા ઉઝરડા
બળતા રે
રૂના પગલે આવી સાજન રૂના પગલે
વળતા રે
અબરખ જેવા દિવસો આવ્યા અબરખ
જેવી રાતો રે
કાગળ લખતી પેન્સિલ જેવી સાવ બટકણી
વાતો રે
નિહારિકાનું પૈડું મારા માથા ઉપર પડતું રે
અણુબોમ્બના સાત ધડાકા જેવું ફૂલ ઊઘડતું રે
દીવાદાંડીમાં ચક્કર ચક્કર દેતો દરિયો
ઝગમગ ઝગમગ રે
ઉધરસ ખાતી પથારીયુંમાં વાયુ ડગમગ
ડગમગ રે

"સંસ્કૃતિ"માં પ્રસિદ્ધ થયેલી મારી આ કવિતાનો નશો મને ખૂબ ચડ્યો હતો. આ ઘટનામાં હું બહુ જ મોટો કવિ છું એવું સ્થાપિત કરવાનો મારો કોઈ ઇરાદો નથી પણ ઉમાશંકરની મોટાઈના દર્શન મને થયા એના નશામાં હું ચકચૂર થઈ ગયો હતો. આવો અનુભવ મને સુરેશ જોષીનો પણ થયો હતો. એક વાર હું સૌરાષ્ટ્ર મેલમાં બેસીને રાજકોટ જતો હતો. વહેલી સવારે વિરમગામ આવ્યું. કાબરોના કલબલાટથી મારા કાન ભરાઈ ગયા. હું આંખો ચોળતો વિરમગામના પ્લેટફોર્મ પર ઊતર્યો. ચાની તલબ લાગી હતી. એવામાં સુરેશ જોષી પ્લેટફોર્મ પર મળી ગયા. મને જોતાંવેંત જ ઉષ્માપૂર્વક ભેટી પડ્યા. એ પછી કહે: "ક્યાં જાય છે?" મેં કીધું : "રાજકોટ." આ સાંભળી સુરેશભાઈએ કહ્યું: "હું પણ રાજકોટ જાઉં છું. ચાલ, રાજકોટમાં આખો દિવસ રખડશું. મારે યુનિવર્સિટીમાં ડોલરરાય માંકડ પાસે થોડુંક કામ છે એ પતાવીને હું સાવ નવરો જ છું. તારાં બે ગીતો મને બહુ જ ગમ્યાં છે. "બરફનાં પંખી" અને "કવિ વિનાનું ગામ." આટલી વાતચીત થયા પછી ટ્રેન ઊપડી. રાજકોટ આવ્યું ત્યારે હું સીધો ગયો મારા મિત્ર દાઉદ શેખ (જે પાછળથી દેવેન શાહ થયા) ને ત્યાં. દાઉદ રાજકોટ આકાશવાણીમાં

એનાઉન્સર હતો. ભક્તિનગરમાં રહેતો. વહેલી સવારે મેં દાઉદને કહ્યું: "સુરેશ જોષી રાજકોટ આવ્યા છે. લંચ આપણી સાથે લેશે. કઈ હોટેલમાં લઈ જશું?'' એટલામાં દાઉદનાં વાઈફ બિંદુબહેન બોલ્યાં: "હોટેલમાં શું કામ જવું જોઈએ? હું સુરેશભાઈ માટે દિલથી રસોઈ બનાવીશ. બધા ઘેર જ સાથે જમીશું." નક્કી થઈ ગયું. એ પછી સુરેશભાઈને અમે મારતી રિક્ષાએ લંચ ટાઈમે લેવા ગયા. સુરેશ જોષી આવ્યા. ખૂબ પ્રેમથી જમ્યા. થોડા આડે પડખે થયા. સુરેશભાઈને સાંજે તો પાછા વડોદરા જવાનું હતું. બપોરે સુરેશભાઈએ રિલ્કે અને નેરુદા વિષે ખૂબ વાતો કરી. પટેલનો આઈસક્રીમ પ્રેમથી ખાધો. એ પછી વિદાય લેતાં એક વાક્ય જે બોલ્યા તે મારા દિમાગમાં એટલું સખત ચોંટી ગયું કે આજે પણ ઊખડ્યું નથી. સુરેશ જોષીએ એટલું જ કહ્યું : "મારા સુખને કેન્દ્રમાં રાખીને ઈશ્વરે સૃષ્ટિની રચના કરી નથી." સૌરાષ્ટ્ર મેલ ઊપડ્યો અને સુરેશ જોષી વડોદરે જતા રહ્યા. માનવીની મોટાઈ ખૂબ જ નાના નાના પ્રસંગોમાં પ્રગટતી હોય છે. સુરેશ જોષી સાહિત્ય લખતા નહોતા પણ સાહિત્ય જીવતા હતા. એમની કાયમ ખોવાયેલી આંખો કશુંક શોધતી હતી. આજની તારીખે આ લખી રહ્યો છું ત્યારે થોડીક સૂફી કાવ્યપંક્તિઓ મને સૂઝી આવે છે તે અહીં મૂકું છું. *"આપ કો પાતા નહીં જબ આપ કો પાતા હૂં મૈં. યા તો ખો જાતા હૂં મૈં. યા ખો દિયા જાતા હૂં મૈં."*

મારી "કોમર્સ" વીકલીની નોકરી દરમિયાન યોગાનુયોગ કવિ સિતાંશુ પણ ૧૯૭૨માં અમેરિકાથી મુંબઈ આવી ગયા. અમારી દોસ્તી બહુ જૂની. અમે ઉષ્માપૂર્વક મળ્યા. મને બરાબર યાદ છે કે એ સમયે સિતાંશુ પાસે "ઓડિસ્યુસનું હલેસું" કાવ્યસંગ્રહની હસ્તપ્રત હતી. અમે આખી હસ્તપ્રત ચર્ચગેટ સ્ટેશન સામે આવેલા "એશિયાટિક" રેસ્ટોરાંમાં સાથે બેસીને વાંચી હતી. સિતાંશુની કવિતાઓ સંસ્કૃતિમાં પ્રગટ થઈ હતી તે મેં વાંચી હતી એમ નહીં કહું પણ ફીલ કરી હતી એમ કહીશ. એમાંય "મકાન", "મોએં - જો -દડો" તેમ જ "મનુ, યમ અને જળઃ એક સરરિયલ પુરાણ કથા'' કવિતાઓ મને ખૂબ પસંદ પડી હતી. સર્જકની નિયતિ કંઈક એવી હતી કે કઈ તરફ જવું? મનુ તરફ જવું કે યમ તરફ જવું? કઈ દિશામાં ચાલવું? આ મૂંઝવણનો જવાબ આપવા માટે સિતાંશુએ "મુનમય મુનમય ચાલો" જેવો નવો શબ્દ પ્રયોજ્યો હતો. મનુ અને યમ એ બે શબ્દો એકબીજામાં ઓગળી ગયા. એમાંથી "મુનમય" શબ્દ બન્યો. આવી જ મૂંઝવણ ઉમાશંકરને એ પછી થઈ હતી. ઉમાશંકરની મૂંઝવણ એ હતી પહેલાં "પ્રભુ" કે "કવિ''? કાંઈ સમજાયું નહીં એટલે ઉમાશંકરે "પ્રકભૂવી" શબ્દ નીપજાવ્યો. પરંપરા

અને આધુનિકતાને સમજવા માટે આ શબ્દો પાસે બેસવું પડે. ફીલ કરવું પડે. તમે વિચાર કરો કે દરિયો ખેડીને કોઈ ખલાસી હાથમાં હલેસું લઈને ગામમાં પ્રવેશ કરે ત્યારે ગામના લોકો એવું પૂછે કે "ભાઈ, આ સૂપડું લઈને ક્યાં ચાલ્યા?" એ સમયે પેલા થાકેલા હારેલા ખલાસીનું ભાવવિશ્વ કેટલું ડિસ્ટર્બ થતું હશે? સૂપડું એ પરંપરા છે અને હલેસું એ આધુનિકતા છે. અહીં સંવેદન એ સમજવાનું છે કે આ ખલાસી દેવો અને દાનવોએ બહુ જ સરળ કરી નાખ્યા પહેલાંના સમુદ્રનો ખલાસી છે. મુંબઈમાં કવિ સિતાંશુ સાથેનું મારું સાહચર્ય બહુ જ ક્રિયેટિવ રહ્યું. મારાં ઉત્તમ કહેવાતાં ગીતો મેં એ ગાળામાં જ લખ્યાં હતાં. મીઠીબાઈ કોલેજમાં દર શનિવારે નવી કવિતા લખીને જવાનું અને ઇલેક્ટ્રિક ચેર પર બેસીને નવી લખેલી કવિતા વાંચવાની. અમે આ સાહચર્યને "શબ્દલોક" નામ આપ્યું હતું. એમાં કમલ વોરા, અરુણ અડાલજા તેમ જ નિખિલ ખારોડ અને નીતિન મહેતા આવતા હતા. અમારું સાહચર્ય બહુ જ ક્રિયેટિવ હતું. રે મઠના ક્રિયેટિવ સાહચર્ય વિષે તો હું ખૂબ લખી ચૂક્યો છું. સિતાંશુ મૂળભૂત રીતે બહુ મોટો કવિ છે. અત્યંત સૌમ્ય અને સંસ્કૃત વ્યવહાર, એની સાથે ઝઘડો કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા સલામત રહેતી. કોઈ સારી કવિતા વાંચે ત્યારે એની આંખોમાં હજારો સો સોના બલ્બ જેવું અજવાળું થઈ જાય. સિતાંશુ ચાર ધામની યાત્રાનો મુસાફર નથી પણ "ઇથાકા" જવા નીકળેલો મુસાફર છે જ્યાંથી એને કોઈ નવી મુસાફરીનો એવોર્ડ મળવાનો છે. મુસાફરીની વાત નીકળી છે ત્યારે એક પ્રસંગ યાદ આવી જાય છે. એક કાવ્યસત્ર અમે મુંબઈમાં યોજ્યું હતું. એ માટે સુરેશ જોષીને નિમંત્રણ આપવા માટે સિતાંશુ, નીતિન મહેતા અને હું વડોદરા એક્સપ્રેસમાં વડોદરે જવા નીકળ્યા. પણ ટ્રેનના ડબ્બામાં એટલી બધી ભીડ હતી કે બેસવાની જગ્યા જ ના મળે. ડબ્બામાં ચડી તો ગયા પણ હૈયે હૈયું દળાય એટલી ભીડ હતી. ઉપર સામાન મૂકવાનું ખાલી પાટિયું અમે જોયું. અમે ત્રણેય જણા કોઈ સામાનની જેમ પાટિયા ઉપર બેસી ગયા. છેક વડોદરા સુધી તીન બંદરની જેમ (ગાંધીજીના તીન બંદર નહીં) બેસી રહ્યા. વોશરૂમ જવું હોય તોય ઉપાધિના પોટલા. ટ્રેનના ટોઈલેટમાં પણ મુસાફરો બેસી ગયા હતા. વડોદરાની એ મુસાફરી અમારા માટે બહુ જ યાદગાર બની ગઈ. મને લાભશંકરની પંક્તિઓ યાદ આવતી: "ચડતાં કષ્ટ, ઊતરતાં કષ્ટ, કષ્ટ બદલતા બમણું.'' બીજું વિખ્યાત કવિ ઓડેનના શબ્દો પણ યાદ આવ્યા: ''કોઈની સાથે જો પાકી દોસ્તી કરવી હોય તો એની સાથે ખૂબ અગવડભરી મુસાફરી કરવી."

[ક્રમશઃ]



ધર્મનું અર્થકારણ અને અર્થનું ધાર્મિકીકરણ

☐ રોહિત શુક્લ

અર્થશાસ્ત્ર કંટાળો આપે તેવું તો ખરું જ પણ આલ્ફ્રેડ માર્શલ નામના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રીએ સાચું જ કહ્યું છે, માનવ જીવનમાં પ્રભાવ પાડનારાં તત્ત્વોમાં પ્રથમ ક્રમે આવે ધર્મ અને તરતના બીજા સ્થાને આવે આર્થિક બાબતો. પણ આ બેય ભેગાં મળીને ચાલે તો શું થાય? જ્યાં ધર્મ અને અર્થ ભેગાં મળે-ધર્મનું અર્થશાસ્ત્ર અથવા અર્થકારણનો ધર્મ સર્જાય ત્યાં કોઈક આગવા જ જોગ-સંજોગ રચાતા થાય છે.

ભારત ધાર્મિક દેશ છે, 'સાંપ્રદાયિક છે' એમ પણ ઘણા કહે છે અને 'આધ્યાત્મિક છે' એમ પણ ઘણા કહે છે. આમ તો ધર્મની વ્યાખ્યા કરવી અને તેને અધ્યાત્મ તથા સાંપ્રદાયિકતાથી અલગ તારવવો એ કપરું કામ છે. એમાંય વિવિધ ધર્મો અને તેમના આગવાપણાની ઓળખના આગ્રહમાં 'લાગણી ના દુભાય' તેવી વ્યાખ્યા બાંધવાના કોઈ પણ પ્રયાસમાં ખાસી મુશ્કેલી અને બૌદ્ધિક પડકાર રહેલા છે. જો હિંદુ ધર્મ એક જીવનપદ્ધતિ હોય તો અન્ય ધર્મો શું છે? કોનો ધર્મ શા માટે સારો તે પણ એક લાંબી-કદાચ અનંત ચર્ચા છે. વળી દરેક ધર્મમાં આગવા ભગવાન જ નથી; ગુરુઓ અને અવતારી પુરુષો-સ્ત્રીઓ પણ છે. આદિ શંકરાચાર્યનો અદ્વૈત વેદાન્ત તથા રામાનુજ, માધ્વાચાર્ય વગેરેના દ્વૈત મતથી લઈને ગોરખનાથ, અરવિંદ, મા આનંદમયી, રામકૃષ્ણ પરમહંસ, સાંઈબાબા અને રમણ મહર્ષિ સુધીના મહાત્માઓના પ્રબોધેલા ધર્મો, પંથ અને તત્ત્વબોધમાં પાયાગત તફાવતો જોવા મળે છે.

પણ ભારતના એક હિંદુ સામાન્ય જનને તો મંદિર મળ્યું એટલે ભગવાન મળ્યા! ગુજરાતમાં ભાદરવી પૂનમે અંબાજી અને ફાગણી પૂનમે દ્વારકા કે ડાકોરની પદયાત્રાએ સંચરતા સંઘો કે પાવાગઢનો

ચૈત્રીનો મેળો લાખો લોકોને સામેલ કરે છે. કુંભમેળા, અમરનાથ, ચારધામ, વૈષ્ણોદેવી, ગંગાસાગર વગેરેની યાત્રાઓ અને મેળાઓ પણ વરસ દરમિયાન ચાલતા જ રહે છે. આ ઉપરાંત અનેક ઉર્સ અને હજયાત્રા પણ ખરી.

નાસ્તિકોના મતે કદાચ આ બધો વેડફાટ છે અને અંધશ્રદ્ધાનું પ્રતીક પણ હશે. આ મતાગ્રહીઓ એમ પણ કહેવાના કે આવી અંધશ્રદ્ધા વડે દેશ તેની પછાત એટલે કે આધુનિકતા વિરોધી સમજ જ વ્યક્ત કરે છે. આ બાબત વિચાર માગી લે છે. તેમાં ઇતિહાસથી વર્તમાન અને રાજકીય અને આર્થિક તથા સામાજિક- એમ ઘણાં પાસાંને લક્ષમાં લેવા જેવાં છે.

છેક વાયવ્ય અફઘાનિસ્તાનના ખોરસાનના ગઝની ગામનો મહંમદ (૯૭૧-૧030) ગુજરાતના સોમનાથના મંદિરને તોડીને લૂંટી ગયો. આ મુદ્દે આજે પણ હિંદુઓને ભારે દુઃખ છે. પણ અહીં ત્રણ મુદ્દા વિચારવા રહ્યા:

(૧) છેક અફઘાનિસ્તાનથી સોમનાથ સુધી તે સલામત રીતે આવ્યો અને પાછો પણ ગયો. રસ્તામાં આવતા હિંદુ રાજાઓએ શું કર્યું?

(૨) તેને સોમનાથમાં આટલી બધી સંપત્તિ છે તેની ભાળ ક્યાંથી મળી?

(૩) દક્ષિણ ભારતના કેરળના પદ્મનાભ સ્વામી મંદિરની જેમ આ મંદિરમાં પણ આટલો બધો ખજાનો આવ્યો ક્યાંથી?

તે સમયના ઘણા હિંદુ રાજાઓ તેમ જ લોકોના મનમાં એમ હતું કે ભગવાન શિવ પોતે જ આ 'મ્લેચ્છ'ને મારી નાખશે. વળી, રાજાઓ ભોગ-વિલાસ અને ટૂંકી બુદ્ધિના પણ ખરા જ. ગઝનીને આ ખજાનાની ખબર આરબ વહાણવટીઓ તથા વેપારીઓ દ્વારા પડી હોય તે સંભવ છે. પણ ત્રીજો પ્રશ્ન છે - મંદિરોમાં ધન આવે છે ક્યાંથી – તે આજે પણ એટલો જ પ્રસ્તુત છે.

ભારતનાં ટોચનાં દસ-પંદર મંદિરોની વાર્ષિક આવક રૂપિયા ૧૧,૦૦૦ કરોડની હોવાનો અંદાજ છે. તેમાં કદાચ સૌથી ટોચ ઉપર છે ગુરુવાયુરપ્પન મંદિર. તેની વાર્ષિક આવક રૂપિયા ૪,૮૦૦ કરોડ છે. તિરુપતિ બાલાજીના મંદિરની વાર્ષિક આવક રૂપિયા ૨,૨૪૮ કરોડની છે, મીનાક્ષી મંદિરમાં રૂપિયા ૬૦૦ કરોડ આવે છે, જ્યારે લિંગરાજ મંદિરમાં વર્ષેદહાડે રૂપિયા ૫૨૦ કરોડની આવક થાય છે. વૈષ્ણોદેવીમાં રૂપિયા ૫૦૦ કરોડ અને સાંઈબાબામાં રૂપિયા ૨૬૦ કરોડની આવક થાય છે. મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરમાં લગભગ રૂપિયા ૧૦૦ કરોડની આવક થાય છે. આવાં ટોચનાં ૧૦-૧૫ હિંદુ મંદિરો ઉપરાંત મુસલમાનોના અજમેર શરીફ અને હાજી અલી ઉપરાંત શીખોના સુવર્ણ મંદિરમાં આવતી આવકો બેસુમાર છે.

આ ધર્મની બાબતને આધુનિકતા અને પછી તેના માધ્યમથી સમાજના વિકાસ સાથે જોડી શકાય? એવું કેમ છે કે બે-

પાંચ હજાર વર્ષોથી ચાલતા આવેલા, સુધરતા અને વિકસતા જતા ધર્મોમાં જનસમુદાયોની શ્રદ્ધા અને સામેલગીરી હોવા છતાં સમાજમાં લાખો લોકો ભૂખે મરે છે, પાર વગરના ગુનાઓ બને છે અને વારંવાર યુદ્ધો ફાટી નીકળે છે. દરેક ધર્મ અને સંપ્રદાયના આંતરકલહો પણ ક્યાં ઓછા છે? ફિરકા, ફાંટા, પંથ અને હસક જીદની વચ્ચે ધર્મ પોતે જ ક્યાં સલામત છે?

ધર્મ અને જિવાતા જીવન વચ્ચેના અનુબંધની ખાસી છણાવટ ગીતામાં કરવામાં આવી છે. ગીતા, આ સંદર્ભમાં ત્રિ-પરિમાણી છે. એક પરિમાણ છે દૈવી અને આસુરી સંપદાનું, બીજું પરિમાણ છે કર્મ, તપ, જ્ઞાન, ભક્તિ વગેરે જેવાં સાધનોનું અને ત્રીજું પરિમાણ છે ગુણત્રયનું. આમ સત્ત્વ, રજસ અને તમસના ભાવો સાથે કર્મની વિભાવનાના ફલસ્વરૂપે દૈવી કે આસુરી સંપદાની ભરતી અને ઓટ આવ્યા કરે છે. જીવનનું આ અદ્‌ભુત અને ગતિશીલ દર્શન સમાજના સંચાલન વાસ્તે પણ ઉપયોગી છે. ગાંધીજી અને વિનોબા આ એકંદર દર્શનના યુગ-પ્રવર્તકો હતા.

પણ પેલા ધર્મ-અર્થની આલ્ફ્રેડ માર્શલની ભૂમિકાએથી પણ આ મુદ્દો વિચાર માગી લે છે. ધર્મને કારણે આર્થિક વૃદ્ધિ અને વિકાસ ઉપર કેવી અસર પડી શકે? માર્શલ તો એક સર્વસામાન્ય વિધાન કરીને ચૂપ થઈ ગયા છે; સવાલ ધર્મથી અર્થ અને અર્થથી ધર્મ તરફના આવાગમનનો છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના બે અધ્યાપકો, રોબર્ટ બેરી અને રાશેલ મેકલીઅરીએ આ મુદ્દે અભ્યાસ કર્યો છે. અલબત્ત, આ અભ્યાસ મુખ્ય તો ખ્રિસ્તી ધર્મના અનુભવો ઉપર આધારિત અને પશ્ચિમી જગતના સંદર્ભમાં છે. તેમનું મહત્ત્વનું તારણ આ પ્રમાણે છે: ધર્મ દ્વારા સમાજમાં માન્યતાઓ(અને વલણો)નો એક પડ બંધાય છે. તે પૈકી સ્વર્ગ અને નરક અંગેની માન્યતાઓના કારણે સમાજ નીતિમત્તાના સંદર્ભોમાં જીવતો થાય છે. આ બંને માન્યતાઓ આર્થિક વૃદ્ધિને પોષક છે, પરંતુ જો ધર્મનો પ્રભાવ વધુ ઘેરો અને વિસ્તૃત બને અને ચર્ચમાં આવનારાની હાજરી વધે તો આર્થિક વૃદ્ધિ ઉપર નકારાત્મક અસર પડે છે. છેક ૧૯૩૦માં વેબરે પણ કહ્યું હતું કે ધાર્મિક માન્યતાઓની આર્થિક વિકાસ ઉપર ઊંડી અસર પડે છે પણ બેરી અને મેકલીઅરીના આ અભ્યાસ થકી ધર્મની વિધાયક અને નકારાત્મક અસરો વધુ સ્પષ્ટ બને છે.

છતાં ધર્મનાં અનેક પાસાં પુરાતનવાદી અને બિનતાર્કિક પણ છે જ. ધર્મ અને અર્થજગતના પારસ્પરિક અનુભવોમાં સ્ત્રીઓ પરત્વેની સામાજિક વર્તણૂક એક આગવું જ કમાડ ખોલી નાખે છે. સ્ત્રીઓએ શનિ-મંદિર કે હાજી અલીના દર્શને જવું જોઈએ કે નહીં તેટલી આ બાબત નથી. ભારતમાં ઓગણીસમી સદીના અંત સુધી સતીપ્રથાને પરંપરાનું અનુમોદન હતું. બાળલગ્ન કે બાળકીની ભ્રૂણહત્યા કે

દીકરા-દીકરી વચ્ચેના અસમાન વ્યવહાર પાછળ કોઈક ને કોઈક ધાર્મિક ભાવાવેશ રહેલો છે. સ્ત્રીઓએ નોકરી કરવી જોઈએ કે નહીં, તેમની આર્થિક સ્વતંત્રતા પૈતૃક સંપત્તિમાં સમાન ભાગ વગેરે મુદ્દાની પાછળ પણ કોઈક ને કોઈક ધાર્મિક અને પરંપરાગત માન્યતાઓ હોય છે. આધુનિક નારીવાદ કહે છે કે પોતાના શરીર ઉપર સ્ત્રીનો પોતાનો અધિકાર છે પણ ધર્મ આવું વલણ સ્વીકારતો નથી. બાળકોના જન્મ અને યૌન સંબંધોની બાબતમાં ધર્મ નિરપેક્ષ ભાવ રાખી શકતો નથી. આની સામે આધુનિકતા આ બાબતને વ્યક્તિગત એવી 'રેશનલ ચોઈસ'ના સિદ્ધાંત સાથે સાંકળે છે.

તો શું ધાર્મિકતા કોઈક અતાર્કિક મનોદશા પેદા કરીને લોકો અને સમાજને પછાત જ રાખે છે? એક તરફ ભારતમાં, ઉત્તરનાં 'બિમારુ' રાજ્યો છે; બિહાર, મધ્ય પ્રદેશ, ઓરિસા, રાજસ્થાન, અને ઉત્તર પ્રદેશ. આ રાજ્યોમાં જુનવાણી, પરંપરાવાદી, ધાર્મિક અને નિત્ય નિયમવાળા જનસમૂહોનું પ્રભુત્વ છે. સાથોસાથ આ રાજ્યોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને એકંદર આર્થિક વૃદ્ધિનું પ્રમાણ પણ નીચું છે. બીજી તરફ કેરળ, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ વગેરેમાં માનવ વિકાસનો સૂચકાંક પણ ઊંચો છે. કેરળમાં શિશુ મૃત્યુદર માત્ર છ છે જ્યારે ગુજરાતમાં તે ૩૦ છે. ગુજરાત વિકસિત ગણાતું રાજ્ય હોવા છતાં તેમાં બાળકો અને સ્ત્રીઓનું કુપોષણ સૌથી વધુ છે. ૨૦૧૧નો ભારતનાં રાજ્યો માટેનો માનવ વિકાસ અહેવાલ જણાવે છે કે કેરળ, દિલ્હી, હિમાચલ પ્રદેશ અને ગોવા સૌથી ટોચનાં ચાર રાજ્યો છે. ગુજરાતમાં વિકાસ પાછળ વર્ષો વિતાવ્યા છતાં તે હજુ લોકોને હાથતાળી જ દઈ રહ્યો છે! અલબત્ત, માનવ વિકાસના ક્ષેત્રે ખાસ કાઠું કાઢી નહીં શકનાર ગુજરાત ધર્મના ક્ષેત્રે તો ભારે ઉત્સાહી છે જ. મથુરામાં વિશ્રામઘાટની સાયં આરતીની જાહેરાત માત્ર બે જ ભાષાઓમાં થાય છે: હિન્દી અને ગુજરાતી! આમ તો કર્મની ગતિને ગહન ગણાઈ છે - ગહના કર્મણા ગતિ અને ઉદ્ધવને ઉદ્દેશીને પણ કહેવાયું છે - 'ઉધો, કરમન કી ગતિ ન્યારી', પણ આ અર્થશાસ્ત્રીઓ અને તર્કવિવેક આચરનારા એમ લીધી વાત મૂકે તેવા નથી.

ઉપર નોંધેલા, હાર્વર્ડ યુનિવર્સિટીએ હાથ ધરેલા અભ્યાસમાં જોવા મળ્યું હતું કે સ્વર્ગ-નરક જેવી માન્યતાઓને દૃઢ કરીને ધર્મ સમાજ જીવનને એક આધાર સર્જી આપે છે જે આર્થિક વિકાસને ઉપકારક નીવડે છે, પરંતુ એ જ અભ્યાસ એમ પણ કહે છે કે ચર્ચમાં જનારાની સંખ્યા સાથે વિકાસનો વ્યસ્ત સંબંધ છે. આમ કેમ હશે? હિંદુ ધર્મલક્ષી ભૂમિકામાં આ મુદ્દાને મૂકીએ તો તેનો મતલબ એ થાય કે ગીતાનો અભ્યાસ અને તેના ઉપદેશો પ્રમાણે જિવાતું જીવન ઐહિક દૃષ્ટિએ પણ સમાજોપયોગી છે, પરંતુ મંદિરોમાં જવાથી

આર્થિક વૃદ્ધિ કે વિકાસ સધાતાં નથી. આ વિધાનની સત્યતા અથવા તર્કપૂર્ણતા હજુ વધુ ઊંડી તપાસનો વિષય છે. છતાં આ વિરોધને સમજવો અને શમાવવો રહ્યો.

ગીતાના ત્રણ અધ્યાયો, ત્રિગુણ વિભાગ (૧૪), દેવાસુરસંપદ (૧૬) અને શ્રદ્ધાત્રય વિભાગ (૧૭)નું એકત્રિત દર્શન, વિવિધ ધર્મોની દાન સહિતની માનવ પ્રકૃતિને ઉકેલવામાં ખપ લાગે તેમ છે. સાવ સાદી બાબત એટલી કે:

(૧) આસુરી સંપદાને ઘટાડવા અને દૈવી સંપદાને વધારવા વાસ્તે સત્ત્વગુણ તરફની ગતિ જરૂરી છે.

(૨) સત્ત્વ, રજસ અને તમોગુણ અત્યંત તરલ પ્રકૃતિ ધરાવતા હોવાથી તેમાં ચિત્તની સતત આવનજાવન થતી રહે છે.

(૩) કર્મની ભૂમિકાએથી માણસે સતત સત્ત્વગુણ તરફ પ્રેરાતા રહેવાનું છે. તેમાં તપ, જ્ઞાન અને ભક્તિ ઉપકાર બની શકે, પરંતુ ચિત્તની નિષ્કામ અવસ્થા જ આખરે સત્ત્વગુણને પણ વળોટી જવામાં નિર્ણાયક બની શકે. ડાકોર, દ્વારકા, અંબાજી કે પાવાગઢ જનારાના મનમાં ભલે આવું કોઈક શબ્દાંકન ન હોય પણ તેમની પ્રવૃત્તિની પાછળના આ ગીતાદર્શનને સમજી શકાય તેમ છે.

પણ જો એક દર્શનની સાર્વત્રિકતાનો મુદ્દો હોય તો તે અનેકવિધ સ્થળકાળને આવરી લેનારો પણ હોવો જોઈએ. ભારતનાં થોડાંક મંદિરોમાં જ રૂપિયા ૧૧,૦૦૦ કરોડનો ચઢાવો થતો હોય તો અન્યત્ર પણ થતો હશે. આ બધામાંથી માણસના રોજિંદા જિવાતા જીવનનો તાલમેલ પણ બેસતો જ હશેને! અલબત્ત, આવી વિચારણામાં ધાર્મિક એટલે અવૈજ્ઞાનિક કે ઇરરેશનલ એવું સમીકરણ ચાલી શકે તેમ નથી. માણસ આસ્તિક હોવા છતાં રેશનલ હોઈ શકે અને નાસ્તિક હોવા છતાં ઇરરેશનલ હોઈ શકે!

આફ્રિકાના ઉપનિવેશવાદી (કોલોનિયલ) દિવસો અને ધર્મ વિશે ઘણા અભ્યાસો થયા છે. એક અભ્યાસ ઈ. કિન્ગા-મેટુનો છે જે જણાવે છે કે વસાહત બનતાં પહેલાં સ્થાનિક આફ્રિકનો એક કોચલામાં કેદ હતા પણ ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મોમાં પ્રવેશ પછી તેમની પાસે વૈશ્વિક સમજ વિકસી. આ સાથે અનેક પ્રકારનાં સામાજિક પરિવર્તનો પણ આવ્યાં અને તેની સાથે રાજકીય પ્રવાહો ભળ્યા. આધુનિકતાના સારરૂપ માનવતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ થયો, શિક્ષણ વધવા સાથે જાગૃતિ વધી અને લોકશાહી પણ પ્રવેશી.

આફ્રિકન આદિધર્મને સ્થાને ખ્રિસ્તી ધર્મનો પ્રવેશ થવાની સાથે સ્વચ્છતા અને સ્વાસ્થ્યની સંભાળના ખ્યાલો ઉમેરાયા. વળી, પ્રોટેસ્ટન્ટ મૂલ્યો સાથે બચત અને મૂડીરોકાણના ખ્યાલો પણ પ્રવેશ્યા. આમ ધર્મને કારણે આર્થિક જીવન વધુ સારું પણ બન્યું. અલબત્ત, આ વિચારને વધુ આગળ ચલાવી શકાતો નથી. 'ધર્મ જેમ વધે તેમ આર્થિક વિકાસ પણ વધે' એવી

પરિકલ્પના (હાયપોથિસિસ) બાંધી શકાતી નથી. ધર્મ દ્વારા સમાજ એક ઉપલી ભ્રમણકક્ષામાં ગોઠવાઈ જાય પછી રોકેટના તબક્કાઓને છોડતા જવાનું રહે છે.

આર્થિક વિકાસ અને ધર્મના અનુબંધને ઘરઆંગણે પણ જોડીને જોઈ શકાય તેમ છે. તિરુપતિના મંદિરમાંથી પ્રતિવર્ષ લગભગ રૂપિયા ૭૫ કરોડના પ્રસાદના લાડુ વેચાય છે. ડાકોરના યાત્રાધામમાંથી, જો કોઈ બીજો બોડાણા ભગત આવીને રણછોડજીની મૂર્તિ લઈ જાય તો શું બચે? દ્વારકા, સોમનાથ કે અંબાજીના ભગવાનોને કારણે કેટલા લોકોને કેવા કેવા પ્રકારની રોજી મળતી હશે? અલબત્ત, આના અનુસંધાને સવાલ એવો પણ ઊભો કરવો જોઈએ કે જો પુષ્કળ મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારા બનાવી દઈએ તો સમસ્ત દેશની બેરોજગારી દૂર કરી દઈ શકાય કે નહીં? નાસ્તિકતા, આસ્તિકતા અને રેશનાલિટીના વિમર્શમાં આવા અભ્યાસો અતિ આવશ્યક ગણાય.

ધર્મનો જે મર્મ વિનોબા અને ગાંધીજીએ પકડ્યો હતો તે અદ્ભુત હતો. વિનોબા આ મુદ્દે વધુ ધ્યાન આપી શકેલા અને તે ધર્મ અને વિજ્ઞાનને સાંકળતા રહેતા. બાકી ચીલાચાલુ ધર્મ તેના પાળનારના ચિત્તમાં લગીર પણ અંદર ઊતર્યો હોત તો મંદિરની બહારથી જૂતાં ચોરવાનું ન જ બનતને! એક સભામાં ટાગોરે જોયું કે એક સાહિત્યકાર બગલમાં થેલી દબાવીને બેઠા છે. તેમણે પૂછ્યું: બગલમાં પાદુકા-પુરાણ છે કે? ધર્મ વિશે પુષ્કળ લખનારા મહાશયો પણ ધર્મસભા કે ધર્મસ્થાનોની બહાર પોતાનાં જૂતાંની સલામતી જોતા નથી!

છતાં, ધર્મના આધારે અનેક જીવન પરિવર્તનો ક્યાં નથી થયાં? સૂરદાસને એક 'આંધળો ભિખારી' બનીને રહેવા ન દેનારો ધર્મ જ હતો અને હજુ હમણાં સુધી આપણી વચ્ચે બેસીને ભજનો ગાતા, એક જ પગ ધરાવતા ઇબ્રાહિમભાઈને અભરામ ભગત પણ ધર્મે જ બનાવ્યા હતા.

આપનાર તો પોતપોતાની શ્રદ્ધા અને દિલી ભાવ કે નિસબતથી આપે જાય પણ સામે પક્ષે આ બધું લેનારાનું શું? રૂપિયા ૧૧,૦૦૦ કરોડ એક મસમોટી રકમ છે. વળી આ રૂપિયા ૧૧,૦૦૦ કરોડ તો મંદિરમાં આવીને પડ્યા તે; લોકોના યાત્રા-મુસાફરી, રહેઠાણ, વગેરેના ખર્ચા અલગ. આ તોતિંગ રકમનો થોડોક પણ ભાગ ગરીબોનાં રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને સ્વાસ્થ્ય પાછળ ખર્ચાય તો?

ગીતાના નિષ્કામ કર્મ, સત્ત્વગુણ તરફની ગતિ અને દૈવી સંપદાનું અવતરણ આ માર્ગે થઈ શકે તેમ છે. કબીરના '... કર સાહબ કી બંદગી ઔર ભૂખે કો અન્ન દે'ની વાત હોય કે તુકારામનું કાવડનું ગંગાજળ તરસે મરતા ગધેડાને પીવડાવી દેવાનું કામ હોય... સત્ત્વગુણી નિષ્કામ કર્મનો રસ્તો દાનના માર્ગેથી પણ સાંપડી શકે તેમ છે.

❑❑❑



ગાંધીજી અને ઠક્કરબાપા

☐ ગંભીરસિંહ ગોહિલ

અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (૧૮૬૯-૧૯૫૧) સંસ્કારી ઘોઘારી લોહાણા જ્ઞાતિમાં ભાવનગરમાં જન્મ્યા હતા. તેઓ ગાંધીજીના સમવયસ્ક હતા. તેમના મોટા ભાઈ પરમાનંદદાસ ગાંધીજી સાથે ૧૮૮૮માં શામળદાસ કોલેજમાં ભણેલા. તેમનાં માતાપિતા સેવાપરાયણ હતાં. દીકરાઓ કમાતા થયા એટલે પિતા વિઠ્ઠલદાસે ગુમાસ્તાની નોકરી છોડી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે લોહાણા બોર્ડિંગ શરૂ કરેલી. પોતે પગાર ન લેતા અને વિદ્યાર્થીઓ માટે પણ લવાજમ નહોતું. જ્ઞાતિમાંથી ફાળો એકત્ર કરીને ખર્ચની વ્યવસ્થા થતી. માતા મૂળીબાઈ ઘણી વાર બોર્ડિંગમાં જઈ સફાઈ કરી આપતાં. આમ અમૃતલાલને માતાપિતાએ સેવાના સંસ્કારો આપેલા.

શાળાનો અભ્યાસ તેમણે ભાવનગરની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં કરેલો. મેટ્રિકમાં ઉચ્ચ ક્રમાંક આવતાં તેમને પ્રતિષ્ઠિત જસવંતસહજી સ્કોલરશિપ મળેલી. પિતાએ તેમને ઉચ્ચ અભ્યાસ માટે પૂનાની ઇજનેરી કોલેજમાં મોકલેલા. ૧૮૯૦માં એલ.સી.ઈ.ની ડિગ્રી મળી જતાં સોલાપુર જિલ્લામાં સૌરાષ્ટ્ર વિસ્તારની રેલવેમાં મદદનીશ ઇજનેર તરીકે કામગીરી

બજાવી. તેમાં લાઠી, જામનગર, ભાવનગર, પોરબંદર વગેરે સ્થળે ફરવાનું મળ્યું. ત્યારે તેઓ અમલદારી ઠાઠથી રહેતા, પણ તેમાં સ્વાભાવિક ગણાતી લાંચરુશવતની બદીથી સર્વથા દૂર રહ્યા હતા. તેમની આ પ્રામાણિકતાથી તેમના વિરુદ્ધ ખટપટો થઈ જેનાથી કંટાળીને તેમણે રાજીનામું આપ્યું અને વઢવાણ, પોરબંદર વગેરે દેશી રજવાડાંઓમાં નોકરી કરી.

વચમાં કેનિયા-યુગાંડાનું રેલવેનું કામ સંભાળવા તેઓ ૧૮૯૯થી ૧૯૦૧ સુધી પૂર્વ આફ્રિકા ગયા હતા. ત્રણ વર્ષે પરત આવવા મુંબઈ બંદરે ઊતર્યા ત્યારે ખાલી હાથે આવ્યા. પગારની રકમ તેમણે અગાઉથી જ મિત્રો અને સ્વજનોને આપી દીધી હતી. જોકે સાથે ગયેલો તેમનો રસાઈયો ૫૦૦ રૂ. બચાવીને લાવ્યો હતો.

અમૃતલાલનાં બે વખત લગ્ન થયેલાં. પણ બંનેનાં અવસાન થઈ ગયેલાં. દીકરો પણ પાંચ-છ વર્ષનો થઈને ગુજરી ગયેલો. આથી તેઓ એકલા પડી ગયા. દરમિયાન તેમણે સાંગલી દેશી રિયાસતમાં નોકરી કરેલી. ૧૯૦૫-૦૬ દરમિયાન તેઓ મુંબઈ સુધરાઈની કચરાપટ્ટીની રેલવે લાઈનનું કામ સંભાળી રહ્યા હતા ત્યારે તેઓ સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રના સેંકડો સફાઈકામદારોના સંપર્કમાં આવ્યા હતા. રોગગ્રસ્ત વિસ્તારોમાં વસતાં અંત્યજ સ્ત્રીપુરુષો અને બાળકોની બેહાલી તેમણે નજરે જોઈ હતી. ઠક્કરે તેમના માટે પ્રાથમિક શાળા શરૂ કરી હતી, આરોગ્ય માટે પ્રબંધ કર્યો હતો અને તેમને શાહુકારોના પંજામાંથી છોડાવવા સહકારી મંડળીઓ સ્થાપી હતી. તે દરમિયાન તેમણે કરેલાં સર્વેક્ષણોએ તેમના કાર્યને વ્યવસ્થિત અને મજબૂત બનાવ્યું હતું. ગરીબોની સેવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ તેમની કાર્યપદ્ધતિની વિશેષતા હતી.

સેવાકાર્ય માટે તેમણે પોતાના પિતાને ગુરુપદે સ્થાપ્યા હતા. ૧૯૦૦થી ૧૯૧૩ના સમય દરમિયાન ડિપ્રેસ્ડ ક્લાસીસ મિશનના સ્થાપક અને અસ્પૃશ્યતા નિવારણના પ્રખર હિમાયતી, ગાંધીજીના તે ક્ષેત્રના પુરોગામી, વિઠ્ઠલ રામજી શદે, સ્ત્રીશિક્ષણ અને સ્ત્રી-સમાનતાના ભેખધારી ડો. કે. કર્વે અને હિંદ સેવક સમાજના જી. કે. દેવધરના ઘનિષ્ઠ પરિચયમાં આવ્યા હતા જેમને ત્રણેને પણ તેમણે ગુરુપદે સ્થાપ્યા હતા. ગાંધીજી અને ગોપાલ કૃષ્ણ ગોખલેને તેઓ ગુરુ ગણતા નહોતા, કેમ કે પોતાને તેમના શિષ્ય થવાને લાયક તેઓ માનતા નહોતા, જે તેમની નમ્રતા હતી.

ગોખલેજીના પરિચય સાથે ૧૯૦૫થી તેમણે આરંભેલા ભારત સેવક સમાજમાં જોડાઈ જવાનું તેમને આકર્ષણ હતું. પણ તેમના પિતાશ્રી તેમને નોકરી છોડવાની ના કહેતા હતા. લાગણીના બંધનથી તેને તેઓ સ્વીકારી લેતા, પરંતુ ૧૯૧૩માં તેમનું અવસાન થઈ જતાં આખરે તેમણે નાના ભાઈ ડો. કેશવલાલ ઠક્કરને

હૃદયની વાત કરી. નાના ભાઈએ આગ્રહ કર્યો કે પાંચ વર્ષ ખમી જાય. પેન્શન થઈ જતાં નોકરી છોડજો. પણ હવે તેમનું મન વિલંબ માટે તૈયાર નહોતું. નિર્ણય કરી લીધો. ભાઈઓને પત્રો લખી નાખ્યા કે મારા પર કોઈનું કશું પણ લેણું હોય તો કહેજો. ભારત સેવક સમાજમાં રજૂઆત કરી દીધી. સંમતિ મળતાં નોકરીનું રાજીનામું આપી ૬ ફેબ્રુઆરી ૧૯૧૪થી ભારત સેવક સમાજના કાર્યકર તરીકે જોડાઈ ગયા. મારામાં જે કંઈ ઉત્તમ હશે તે હું દેશની સેવામાં અર્પણ કરીશ એવી પ્રતિજ્ઞા કરી.

સમાજમાં જોડાયા પછી પહેલું જ કાર્ય યુક્ત પ્રાંત (હાલનો ઉત્તર પ્રદેશ) માં મથુરા અને વૃંદાવન જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ઘાસચારાનો દુષ્કાળ પડેલો. તેમાં તેમણે અનુભવી સંયોજક તરીકે વ્યવસ્થિત અને પદ્ધતિસર કામ કર્યું અને કરકસર કેમ જાળવવી તેનું ધ્યાન રાખ્યું. ૧૯૧૬માં કચ્છમાં દુકાળ પડેલો. પોરબંદરની નોકરી વખતે છપ્પનિયા દુકાળની કામગીરી તેમણે કરી હતી. એ અનુભવના બળે તેમણે સુંદર રાહતવ્યવસ્થા ગોઠવી.

તે પહેલાં ૧૯૧૫માં વિઠ્ઠલભાઈ પટેલે મુંબઈની ધારાસભામાં મફત અને ફરજિયાત કેળવણીનું બિલ દાખલ કરેલું. એ અંગે આંકડા અને હકીકતો મેળવવામાં શ્રી ઠક્કરે ખૂબ જ જહેમત ઉઠાવેલી. ભૂખ, ઊંઘ તથા થાકની દરકાર કર્યા વિના ગામડાંઓમાં ગાડા માર્ગે ફરીને રાતદિવસ પરિશ્રમ કરી ચોકસાઈ ભરેલું કામ કરેલું. આ શોધકાર્ય અંગે તેમણે લેખો પણ લખેલા.

જમશેદપુરમાં તાતાના લોખંડના કારખાનામાં બુદ્ધિશાળી અને કેવળ મજૂરિયા મળીને ૨૫૦૦૦ જેટલા મજૂરો અન્ય પ્રાંતોમાંથી આવીને કામ કરતા હતા. ૧૯૧૪-૧૮ના પ્રથમ મહાયુદ્ધ પછી વરસાદની ખેંચના કારણે ખોરાક અને કાપડની મોંઘવારી આખા દેશમાં વધી ગઈ. તાતા કંપનીના વ્યવસ્થાપકોએ મજૂરોની હાડમારી હળવી બને તે માટે ૧૦ લાખ રૂપિયા જુદા કાઢી યોજનાબદ્ધ કામગીરીઓ કરવા માટે વિચાર્યું. તે માટે તેમણે હિંદ સેવક સમાજની મદદ માગી. સમાજે શ્રી ઠક્કર માટે ભલામણ કરી તેમને મોકલ્યા. તેમની તપાસ પછીની ભલામણ પ્રમાણે કંપનીએ સસ્તા દામથી મજૂરોને ચીજવસ્તુઓ આપી શકાય તે માટેની વ્યવસ્થા શ્રી ઠક્કરની નિગરાની નીચે શરૂ કરી. ચોખા, તુવેરદાળ, મીઠું, ઘી વગેરે રોકડેથી બહારના પ્રાંતોમાંથી મગાવ્યા અને કંપની તરફથી મોટાં ગોદામો ઊભાં કરી, માલ સંઘરી નાના દુકાનદારોને નિયત દરે ચીજવસ્તુ વેચવા આયોજન કર્યું. આથી મજૂરોને ખૂબ જ રાહત થઈ. મજૂરોના જ જુદા જુદા વર્ગોની ધિરાણ સહકારી મંડળીઓ શરૂ કરી મજૂરોને વ્યાજમાંથી છોડાવ્યા. તે ઉપરાંત બાળકોની કેળવણી, રમતગમત.

આહાર વગેરે મજૂર કલ્યાણનાં કાર્યો પણ કર્યાં. આ કામકાજના અહેવાલો આપતા લેખો પણ તેમણે પ્રસિદ્ધ કરાવ્યા.

ગાંધીજી ૧૯૧૫થી દક્ષિણ આફ્રિકાથી આવી ગયા હતા. શ્રી ઠક્કરના કાર્યથી તેઓ પરિચિત થઈ ગયા હતા. ૧૯૨૦માં જમશેદપુરમાં મજૂરોને મદદ કરવાના કાર્યમાંથી નવરા થઈને તેઓ મુંબઈ આવ્યા હતા. તેવામાં ગાંધીજી પાસે માગણી આવી કે ઓરિસ્સામાં દુષ્કાળ પડ્યો છે, ત્યાં રાહતકાર્ય કરવા કાર્યકર્તા અને નાણાં મોકલો. ગાંધીજીએ ભારત સેવક સમાજના તે વખતના પ્રમુખ શ્રીનિવાસ શાસ્ત્રી પાસે શ્રી ઠક્કર માટે માગણી કરી. તેમણે હા કહેવાથી શ્રી ઠક્કરે સામાન બાંધી તૈયારી કરી. ગાંધીજીએ કહ્યું, 'કામની શરૂઆત કરવા આ પાંચ હજાર રૂપિયા આપું છું તે લઈ જાઓ. બીજી રકમ ભીખ માગતાં જેમ જેમ આવતી જશે તેમ તેમ મોકલતો રહીશ.' તે પછી ગાંધીજીએ 'નવજીવન'નાં પાનાંઓમાં વિનંતી કરીને રૂ. નેવું હજાર મેળવીને મોકલ્યા. તેથી હજારોને મરણમુખમાંથી બચાવવાનો ભાગ લેવાનો અવસર મળ્યો. આ કામ કરતાં બેત્રણ માસ ગયા હશે ત્યાં સમાજ પાસે માગણી આવી કે બ્રિટિશ ગિયાના, ટ્રિનિડાડ વગેરે દક્ષિણ અમેરિકાના દેશોમાં હિંદીઓ મજૂરો તરીકે વસે છે તેની તપાસ હિંદ સરકારે કરવાની હતી. શ્રીનિવાસ શાસ્ત્રીએ ગાંધીજી પાસે શ્રી ઠક્કરની માગણી કરી. ગાંધીજીએ જવાબ લખ્યો: 'તેવી તપાસ કરવાનું કામ કરનારા તમને ઘણા મળશે, પણ આ ગરીબ પ્રાંતનું કામ કરનાર મને કે તે પ્રાંતને નહીં મળે. તેથી બીજા કોઈથી ચલાવી લેશો. ઠક્કરને હું પાછા નહીં મોકલી શકું.' ઓરિસ્સાના લોકોને પોતાનાં દુ:ખો ગાતાં આવડતું નથી. ઉત્કલની ગરીબાઈને હદુસ્તાન પાસે ગાંધીજીએ જ પ્રસિદ્ધિ અપાવી છે. તેમના આગ્રહથી તે કામો દીનબંધુ એન્ડ્રૂઝ, હરખચંદ વગેરેની સહાયથી શ્રી ઠક્કરે સારી રીતે પાર પાડ્યાં.

૧૯૨૬માં શ્રી ઠક્કર નિરાશાના વમળમાં સપડાયા હતા. એક વાર રાત્રે દેશની અને કામની પરિસ્થિતિ અંગે હૈયાવરાળ ઠાલવી, હરદ્વાર, બદરીકેદાર કે કોઈ એવા સ્થળે જઈ ધર્મધ્યાન કરવામાં જ બાકીનાં વર્ષો કાઢવા માટે સંમતિ માગી. તેમણે જ લખ્યું છે કે ત્યાં સુધીમાં ગાંધીજીએ મને બાપા તરીકે છાપી દીધો હતો. ગાંધીજી કહે, 'ઠક્કરબાપા! દેશમાં સાર્વજનિક કામના ઢગલા પડ્યા છે. તમે તો તેને વરેલા છો. તમને આવું ક્યાંથી સૂઝ્યું? તમારાથી ભીલોની, હરિજનોની વગેરે પ્રવૃત્તિઓ છોડાય જ કેમ? એ તો મર્યે જ છૂટે, તે પહેલાં નહીં.' ઠક્કરબાપા લખે છે કે હું તો ટાઢોબોળ થઈ ગયો, ફરી મને આવો ગાંડો વિચાર આવ્યો નથી.

આ પહેલાં ૧૯૧૮-૧૯માં પંચમહાલમાં દુકાળ પડેલા. સરકારી

અમલદારો ખાનગીમાં અનાજ વગેરેનો વેપાર કરતાં તેથી સરકાર તે વિસ્તારને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે તેવું ઇચ્છતા નહોતા. પણ સુખદેવભાઈ ત્રિવેદી સરકારી નોકરીમાં છતાં ગરીબો પ્રત્યે લાગણી ધરાવતા. તેમના વધુ લોકોને કામ આપવાના પ્રયત્નો નિષ્ફળ જતાં રાજીનામું આપી લોકોની સેવામાં લાગી ગયા. ગાંધીજી સાથે તાજેતરમાં જોડાયેલા ઇન્દુલાલ યાજ્ઞિક તેમના પત્ર 'નવજીવન અને સત્ય'માં પરિસ્થિતિની સમીક્ષા કરતા લેખો આપવા લાગ્યા. ઠક્કરબાપા (ત્યારે ઠક્કરસાહેબ કહેવાતા) જમશેદપુરનું કામ કરતા હતા. તેમને ગાંધીજીએ પંચમહાલ તરફ લક્ષ્ય આપવા જણાવેલું. સર ઠાકુરદાસે પણ રૂબરૂ મળવા સૂચવેલું. દરમિયાન જમશેદપુરનું કામ વહેલું પૂરું કરી ભારત સેવક સમાજની મુંબઈ ઓફિસની મંજૂરી મેળવી તેઓ પંચમહાલના રાહતકાર્યમાં જોડાઈ ગયા.

સૌપ્રથમ તેમણે ગામેગામ ફરી નિરીક્ષણ કર્યું જેમાં સુખદેવભાઈ જેવા જાણકાર સાથીદાર તેમને મળી ગયા. અમલદારોની બેદરકારી અને તુંડમિજાજીથી ઘાસચારો, અનાજ, કાપડ વગેરેની રાહત પહોંચાડવાનું મુશ્કેલ બની ગયું હતું. લોકોની ગરીબાઈનો તો બહારના લોકોને ખ્યાલ પણ ન આવે. ઠક્કરબાપા ગાડામાં કપડાં લઈ આદિવાસીઓને આપવા નીકળેલા ત્યારે એક ઝૂંપડીમાંથી સ્ત્રી બહાર આવતી નહોતી, કેમ કે તેની પાસે એબ ઢાંકવા પૂરતાં પણ કપડાં નહોતાં. કપડાં અંદર પહોંચ્યાં ત્યારે બહાર આવી શકી.

પંચમહાલમાં બીજી વાર દુષ્કાળ પડ્યો ત્યારે ઠક્કરબાપાએ રાહતકાર્ય સાથે ભીલોના ઉત્કર્ષની લાંબા ગાળાની વ્યવસ્થા તરીકે ૧૯ માર્ચ ૧૯૨૨ના રોજ ભીલ સેવા મંડળની રચના સાથે મીરાખેડી આશ્રમનું ઉદ્ઘાટન કરી ચાર ભીલ છોકરાઓને દાખલ કર્યા. તેનો વિકાસ થતો રહ્યો. ઘણી તકલીફો થઈ, અડચણો ઊભી કરાઈ, ખોટા કેસો કરાયા તે છતાં ત્રણ વર્ષના અંતે આખા દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં મળી ચાર આશ્રમો અને આઠ શાળાઓ શરૂ થઈ. તેમાં ૫૦૦ ભીલ બાળકો અભ્યાસ કરવા લાગ્યાં.

જેસાવાડામાં ભીલ સેવા મંડળ તરફથી ભીલોને સદાચારના પંથે વાળવા મંદિર બનાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી. બીજા વરસે ઝાલોદમાં મંદિર થયું. પં. ઓમકારનાથજી, કિશોરલાલ મશરૂવાળા, ઝવેરચંદ મેઘાણી, અંધકવિ હંસરાજે સૌને રસતરબોળ કર્યા. મગનલાલ ઝવેરચંદ મહેતાએ ભીલોડી રામાયણ રચ્યું. દત્તુભાઈ વડનેકરે જુદા જુદા રાગોનાં ગીતોમાં રામાયણ સમાવી લીધી, કથાઓ થઈ. ખૂબ જ લોકપ્રિયતા મળી.

ઠક્કરબાપાએ વિચાર્યું કે આખા હિંદના આદિવાસીઓનું હિત કરીએ. તે માટે મધ્ય પ્રાંત, બિહાર, આસામ,

બંગાળનો પ્રવાસ કર્યો. તે વિશેનાં પુસ્તકો, અહેવાલો, ગેઝેટોનો અભ્યાસ કરી બે લેખો કર્યા જે ગાંધીજીએ 'નવજીવન'માં છાપતાં લખ્યું: 'ભાઈ અમૃતલાલ સંન્યાસીને શોભાવે તેવું કામ કરી રહ્યા છે. અંત્યજોના ગોર તો છે જ. હવે પહાડી જાતિઓના ગોર બનવાની સાધના સાધી રહ્યા છે.' પછી તો 'આદિમ જાતિ સેવાસંઘ'ની સ્થાપના થઈ.

બીજી ગોળમેજી પરિષદ વખતે ગાંધીજીએ આપેલી ચેતવણીને અવગણીને બ્રિટિશ વડા પ્રધાન રામ્સે મેકડોનાલ્ડે કોમી ચુકાદો જાહેર કર્યો જેમાં દલિતોને હિંદુઓથી અલગ ગણી તેઓ જ તેમનામાંથી ૭૧ પ્રતિનિધિ દેશભરમાંથી ચૂંટી કાઢે તેવું દર્શાવ્યું હતું. દેશભરમાં તેનો વિરોધ થયો. ગાંધીજી યરવડા જેલમાં ઉપવાસ પર ઊતરી ગયા. ઠક્કરબાપા દાહોદથી પૂના દોડી આવ્યા. ડૉ. આંબેડકર માનતા નહોતા. ઠક્કરબાપા તેમની લગન અને અભ્યાસશીલતાથી તેમને સમાધાન પર લઈ આવ્યા. સવર્ણો સહિત સૌ ૧૭૫ પ્રતિનિધિ ચૂંટે તેવી તેમની માગણી હતી. ઠક્કરબાપાએ ગણતરી કરી ૧૪૮ બેઠકો દર્શાવી જે સૌએ સ્વીકારી. ચુકાદામાં ફેરફાર કરાયો. યરવડા કરાર થયો. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા, ૧૯૩૨.

વિચારણા કરવા મુંબઈમાં મળેલા સવર્ણ આગેવાનો અસ્પૃશ્યતાનું નિવારણ કરવાનું મહત્ત્વ સમજ્યા. ગાંધીજીની પ્રેરણા અને આશીર્વાદથી અસ્પૃશ્યતા નાબૂદ કરવા હિંદવ્યાપી સંસ્થાની સ્થાપના કરી: અખિલ હદ અસ્પૃશ્યતા નિવારણ સંઘ. પછી નામ બદલાયું: હરિજન સેવક સંઘ. પ્રમુખ તરીકે ઘનશ્યામદાસ બિરલાનું નામ મુકાયું. બિરલાજીએ કહ્યું કે ઠક્કરબાપા મંત્રી બને તો હું જોડાઉં. ગાંધીજીએ આગ્રહ કરી ઠક્કરબાપાને સંમત કર્યા.

ઠક્કરબાપા દાહોદ છોડી દિલ્હી આવ્યા. સંઘના કામ માટે દેશભરમાં સતત પ્રવાસો કરતા રહ્યા, લેખો લખતા રહ્યા. પ્રવાસ દરમિયાન પત્ર લખી ગાંધીજીને તેમણે સૂચન કર્યું કે હરિજન પ્રશ્ને આપે દેશભરમાં પ્રવાસ કરવા જોઈએ. ગાંધીજીએ તે સૂચન સ્વીકારી ઠક્કરબાપા સાથે આયોજનબદ્ધ રીતે નવેમ્બર ૧૯૩૩થી જુલાઈ ૧૯૩૪ સુધી નવ મહિના પ્રવાસ કર્યો. ૮ લાખ રૂપિયા ફાળો મળ્યો. ઘણી જાગૃતિ આવી.

આ પહેલાં નોકરી દરમિયાન ગાંધીજીના દેશમાં આગમન પહેલાં ઠક્કરબાપાએ હરિજન સેવા કરી હતી. ૧૯૨૩માં ગુજરાત અંત્યજ સેવા મંડળની સ્થાપના કરાયેલી જેના પહેલા પ્રમુખ ઠક્કરબાપા બન્યા હતા. ૧૯૨૪થી પરીક્ષિતલાલ મજમુદાર મંત્રી તરીકે જોડાયા અને દસેક વર્ષ કામ ચાલતું રહ્યું. હિંદ કક્ષાએ મંત્રી બન્યા પછી તો દેશભરમાં ૨૫ પ્રાંતીય અને ૧૯૫ જિલ્લા-કેન્દ્રો કરી કાર્યકરો, અધિકારીઓ,

નેતાઓ, વર્તમાનપત્રો વગેરે દ્વારા ઘણી સક્રિયતા ઊભી કરી શકેલા.

૧૯૪૪ના ફેબ્રુઆરીની ૨૨ તારીખે યરવડા જેલમાં કસ્તુરબાનું અવસાન થયું. દેવદાસ ગાંધી અને અગ્રણીઓના પ્રયત્નોથી સ્ત્રી, બાળકો માટે કામ કરવા કસ્તુરબા સ્મારક ફંડ શરૂ કરાયું. તેમાં ૭૫ લાખ રૂપિયા ઊભા કરવાના હતા, પરંતુ એક કરોડથી વધુ રકમ થઈ. ઠક્કરબાપા તેના મંત્રી થયા. ઠક્કરબાપાએ જિંદગીમાં કદી ન કરેલી એટલી સખત મહેનત કરી. કહેતા કે હું જે કંઈ છું તે ગાંધીજીના લીધે છું, ઋણ ચૂકવવા મહેનત કરું છું.

ગાંધીજી ભાગલા વખતે હસાગ્રસ્ત નોઆખાલી ગયેલા ત્યારે ઠક્કરબાપા પણ સાથે ગયેલા અને લોકોને આશ્વાસન આપી, મદદ પહોંચાડી કામ કરતા રહ્યા હતા. આ પહેલાં તેમણે ભાવનગર પ્રજા પરિષદ, કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખ તરીકે અને રાજસ્થાન પ્રજા પરિષદના સક્રિય સભ્ય તરીકે કામગીરી કરી હતી. ગાંધીજીના આદેશથી અમરેલી વગેરે સ્થળે ખાદીકામ કરેલું.

જીવનભર હરિજનકાર્ય કરેલું અને તે ક્ષેત્રના તેઓ તજ્જ્ઞ હતા એટલે સ્વાતંત્ર્ય પછી દેશની બંધારણસભામાં તેઓ મુકાયા હતા. તેમના પ્રયત્નથી અસ્પૃશ્યતા નાબૂદી સહિતની કલમો સ્પષ્ટ અને અસરકારક રીતે મૂકવામાં આવી હતી.

નવેમ્બર ૧૯૪૯માં ઠક્કરબાપાને ૮૦ વર્ષ થયાં ત્યારે દિલ્હીમાં વડા પ્રધાન જવાહરલાલ, વલ્લભભાઈ પટેલ, રાજાજી, અબુલ કલામ આઝાદ વગેરેની ઉપસ્થિતિમાં તેમનો સુવર્ણ મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો અને અભિનંદન સ્મારક ગ્રંથનું પણ પ્રકાશન થયેલું જે વખતે જગજીવનરામે તેમને આધુનિક યુગના દધીચિ તરીકે નવાજેલા. તે પહેલાં ૭૦ વર્ષની ઉંમરે ૭૦૦૦ રૂ.ની થેલી આપી તેમનું સન્માન કરાવવાનું વિચારાયું ત્યારે ગાંધીજીએ કહેલું કે તે રકમ તો ઠક્કરબાપાનું અપમાન કહેવાય. ઓછામાં ઓછા ૭૦,૦૦૦ રૂ. કરવા જોઈએ. ખરેખર ત્યારે ૧ લાખથી વધુ રકમ થઈ હતી. ખુદ ગાંધીજીએ લખેલું કે તેમની મહત્ત્વાકાંક્ષા બાપાની નિસ્વાર્થ સેવાઓની લાંબી હારમાળાની હોડ કરવાની છે.

૧૯૫૦ના માર્ચ મહિનામાં આરામ લેવા ભાવનગર આવ્યા. પત્રો, લેખો વગેરે દ્વારા સતત સક્રિય રહ્યા. છેલ્લે આસામના આદિવાસીઓની ૬૦ લાખ જેટલી સંખ્યા ધ્યાનમાં નથી લેવાઈ તેનાથી તેમના પ્રતિનિધિઓ ઓછા થાય છે તે બાબત ધ્યાનમાં આવતાં પોતાની વગ અને અભ્યાસનિષ્ઠાથી તેમાં સુધારો કરાવ્યો. ૧૯૫૧ના જાન્યુઆરીમાં ભાવનગરમાં જ તેમનું અવસાન થયું. સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઢેબરભાઈ સહિતનાઓએ હાજર રહી તેમને અંજલિઓ આપી. દેશના ગરીબોના આવા ગરવા સેવક કોઈ થયા નથી. ❑❑❑



મુશરફ આલમ ઝૌકી

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

નિર્ણય

મુશરફ આલમ ઝૌકી કાશ્મીરના જાણીતા સર્જક છે. મૂળે ઉર્દૂમાં લખનાર આ લેખકની ઘણી વાર્તાઓ હિંદી, અંગ્રેજીમાં અનુવાદિત થઈ છે. આપણા સમયની સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને લખતા આ સર્જક એમના બેખોફ બયાન (કલાત્મક વાર્તારૂપે) થી આપણને વધારે આકર્ષે છે. હું આજે જે વાર્તાની વાત કરવાની છું એ 'Indian Literature'માં 'Decision' શીર્ષકથી છપાયેલી. વાર્તાકથક આરંભે જ કહે છેઃ 'ત્રણ-ચાર દિવસથી હું એને જોઈ રહી છું.' કોને? ક્યારે? વ્યવસ્થિત કહેવા જેટલી સ્વસ્થતા નથી. કારણ કાશ્મીરનું વાતાવરણ. એક ભય તોળાઈ રહ્યો છે સતત. તમે કશેક જઈ રહ્યા છો, અચાનક પોલીસ ઘેરી લે છે. ને પછી પોલીસના કૂંડાળા વચ્ચે લોહીમાં લથબથ પડેલી લાશ અને બનાવટી અથડામણની કથા અને નોકરીમાં બઢતી કે બહાદુરીના હેવાલો મોકલવામાં વ્યસ્ત અધિકારીઓ.

કથકનું કહેવું છે કે હું જે સમાજમાંથી આવું છું એની વસ્તી દોઢેક કરોડથી ઓછી નથી ને છતાંય રાજકારણીઓ અને અમારા રાહબરો અમને લઘુમતી કોમ શા માટે કહે છે એ નથી સમજાતું. પણ જવા દો આ બધી વાતો. મારે

તો તમને છેલ્લા ત્રણ-ચાર દિવસથી મને આવતા સ્વપ્નની વાત કરવી છે.

છેલ્લા ત્રણ-ચાર દિવસથી એ મારા લખવાના ઓરડામાં આવે છે. મેલાંઘેલાં કપડાં, તૂટેલી ચંપલ અને આંખ પર જૂના જમાનાનાં ચશ્માં. મેં એને અંદર આવવાની પરવાનગી નો'તી આપી તોય એ આવતો. વિખરાયેલા વાળ, કાળા દાંત, પીળી પડી ગયેલી આંગળીઓવાળો માણસ. પેલ્લા દિવસે હું ડરી ગયેલી. ધ્રૂજતા અવાજે મેં એને પૂછેલું: 'કોણ છે તું? શું લખી રહ્યો છે તું?' મારી સામે જોઈને એ બોલ્યો: 'મારે કશુંક લખવું છે પણ શબ્દો નથી મળતા. એક સમયે હું આસાનીથી દિવસની એક વાર્તા લખતો હતો.' હવે કથક એને ઓળખી ગઈ છે. એટલે કહે છે: 'ખોટી ફેંક નહીં. એક દિવસમાં એક કથા તો તું સિગારેટ અને દારૂના પૈસા ન હોય ત્યારે લખતો.' પણ મારી વાત સાંભળી જ ન હોય એમ એ કહે છે: 'મારી પાસે પહેલાં તો ઘણા શબ્દો હતા. ટોબા ટેકસિંહ 'નો મેન્સલેન્ડ' પર મરી રહ્યો હતો ત્યારે મારી પાસે શબ્દો હતા. 'ઠંડા ગોશ્ત' કે 'ખોલ દો' લખતી વેળા પણ મારી પાસે શબ્દો હતા. પણ હવે.' ને એ જતો રહ્યો.

કથક કહે છે: મારું નામ કૌસર બી.. હું જન્મી ત્યારે બહાર બધે આગ ફાટી નીકળેલી. જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ સમયાંતરે મેં આગના ભડકા જ જોયા. બહારની દુનિયાના ભય અને આતંકના વાતાવરણથી પલાયન સાધતાં હું પુસ્તકો તરફ વળી અને એમાં મારી મિત્રતા આ મંટો સાથે થઈ. પણ ત્યારે મેં વિચાર્યું પણ ન હતું કે આ માણસ આ રીતે મારા સપનામાં આવશે.

બે-ત્રણ વર્ષ પહેલાંનો એક દિવસ. આતંકનાં ગીધ શહેર પર ઊડી રહ્યાં હતાં. ટીવી પરની બનાવટી અથડામણની ઘટના કે ચર્ચામાં અમને કોઈને રસ ન હતો. બધા ઊંઘી ગયા હતા. હું મારા ઓરડામાં, પથારીમાં ચૂપચાપ આડી પડી હતી. ને ફરી એ રાતે મંટો મારા ઓરડામાં આવેલો. અને હા, એ મારો ભ્રમ નહોતો.

એણે કહ્યું: 'ચાલ, બહાર આંટો મારવા જઈએ.'

મેં ના પાડી. 'ગાંડો થઈ ગયો છે? બહાર. કર્ફ્યુમાં હોય એવો સન્નાટો છે. બહાર નીકળીશું તો પોલીસ પકડી જશે.'

પણ મંટો હસતાં હસતાં બોલ્યો: 'મને પકડશે નહીં, મને તો એન્કાઉન્ટરમાં ઉડાડી દેશે.'

'તું જાણે છે છતાંય તારે બહાર જવું છે?'

'હું કાર લાવ્યો છું ચોરીને. ચાલ.'

રાતના ત્રણ વાગ્યા હતા. સૂમસામ રસ્તા પર બેઉ નીકળી પડે છે. ઠેર

ઠેર પોલીસ જીપો વચ્ચેથી એમની કાર પસાર થઈ રહી હતી. મંટો જાણે એની આંખોને શહેર અને શહેરના ખાલીપણાથી ભરી દેવા ઇચ્છતો હોય એમ મૂગો હતો. અચાનક જ એણે ગાડી એવા રસ્તે વાળી કે હું બૂમ પાડી ઊઠી. 'તું ક્યાં જઈ રહ્યો છે?' પણ સાંભળે તો મંટો શાનો? હવે અમે લઘુમતી વિસ્તારના એક સાવ ગરીબ મહોલ્લામાંથી પસાર થઈ રહ્યાં હતાં. સવાર પડવા આવેલી ને કેટલાંય ઘરોમાં રાંધવાનું શરૂ થઈ ગયેલું. ને અચાનક જ એ દુર્ઘટના બની. ગાડીની સામે લઘુમતી કોમનું એક નાનું બાળક અને એક વાછરડું આવી ગયાં. ને મંટો માટે એ નિર્ણાયક ક્ષણ હતી. ડરના માર્યા મેં આંખો પર હથેળી ઢાંકી દીધી. ને તોય મેં જોયું કે વાછરડું ઠેકડો મારીને ભાગી ગયું. પણ પેલું બાળક.

અમે ઘેર પાછાં ફર્યાં. ઝડપભેર સિગારેટ ફૂંકતા મંટોને મેં બરાડો પાડીને કહ્યુંઃ 'તું એ બાળકને બચાવી શક્યો હોત.'

મંટોએ મારાથી પણ ઊંચા અવાજે બરાડો પાડ્યોઃ 'ગાય કે બાળક, બેમાંથી એકને.'

હું સ્તબ્ધ. મંટો વળી બોલ્યો 'લઘુમતી કોમના બાળકનો અકસ્માત કલાકોમાં ભુલાઈ જશે. પરંતુ આ વિસ્તારમાં ગોવંશની હત્યાનો મતલબ તને સમજાય છે ખરો?'

મંટો ગાયબ, વાર્તા પૂરી. પણ વાંચનારા સ્તબ્ધ. કયા સમયમાં જીવીએ છીએ જ્યાં માણસનું મરવું એ સામાન્ય ઘટના બની ગઈ. બે-ચાર દિવસની ચર્ચા ને પછી ભૂલી જવાનું. પણ જો ગાયની હત્યા થાય તો? મંટો જેવી ધગધગતી વાર્તા લખતો, એવી જ વાર્તા આ નાકાબિલે બર્દાશ્ત માહોલમાં મુશરફ ઝૌકીએ પણ લખી છે. સમય નથી બદલાયો તો સમય સામે કલાના ધોરણે અવાજ ઉઠાવનારા પણ હજી છે એની આસાએશ આવી કૃતિઓ આપે.

❑❑❑

અહીં (ભારતમાં) એક એવું સાંસ્કૃતિક સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું જેમાં સંવાદ અને વિરોધ વચ્ચે નિત્ય સંબંધ વર્તાય છે. જેમના ગ્રંથો લુપ્ત થઈ ગયા છે એવા વિચારકોનું પ્રદાન એમના વિરોધીઓના ગ્રંથમાં નોંધાયું છે. પૂર્વપક્ષની માંડણી કર્યા પછી જ અહીં ઉત્તરપક્ષનું નિરૂપણ થાય છે. થીસિસ અને એન્ટીથીસિસના કર્તાઓ એકમેકને વિસારતા નથી. યાદ કરીને નોંધે છે અને સકારણ વિરોધ કરી સ્વીકાર કે નકાર કરે છે. એમાંથી સિન્થેસીસની પ્રક્રિયા શરૂ થાય છે. સાહિત્યિક કૃતિના બંધારણમાં આ પ્રકારના સંવાદલય, વિરોધલય અને સમતોલલય મહત્ત્વનો ભાગ ભજવે છે.

- 'ભારતીય સંસ્કૃતિ : આજના સંદર્ભમાં' : રઘુવીર ચૌધરી

वेदोऽखिलो धर्ममूलम् । वेदो नित्यमधीयताम् । वेदोः वयं वः शरणं प्रपन्नाः । वेदो ये नः परं धनम् ।



અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ શ્રી ગોવિંદ દીક્ષિત પુણ્યસ્મૃતિ સ્મરણ સમિતિ (રજિ.)

"Sri Govinda Deekshita Ghatika Sthanam"

29-30, East Iyen Street (Entrance at Yagasalai St.), KUMBAKONAM.
Tamil Nadu - 612 001. India

Tel. No. Off : (0435) 2401789, 2425948 Patasala : 2401788, 2422866

E-mail : rajavedapatasala@gmail.com
Website : www.rajavedapatasala.org

વેદો અને શાસ્ત્રોના, પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ દ્વારા, રક્ષણાર્થે જાહેર નિવેદન

શ્રી રાજા વેદ કાવ્ય પાઠશાળા, કુંભાકોણમની સ્થાપના ૧૫૪૨માં સુવિખ્યાત વહીવટકર્તા-સંચાલક સંત અદ્વૈત વિદ્યાચાર્ય મહારાજા સાહેબ ભગવાન શ્રી ગોવિંદ દીક્ષિદર દ્વારા પવિત્ર નદી કાવેરીના તટે વેદ અને શાસ્ત્રોના પ્રસાર માટે કરવામાં આવી છે. તેઓએ તંજાવુરના નાયક રાજાઓનું સતત ત્રણ પેઢી સુધી પ્રધાનપદ શોભાવ્યું છે. તામિલનાડુમાં જ આ એકમાત્ર પાઠશાળા છે જે પાછલાં ૪૭૧ વર્ષથી અવિતરપણે કાર્ય કરી રહી છે. જ્યાં ઋગ્વેદ, કૃષ્ણ અને શુકલ યજુર્વેદ અને સામવેદ પ્રાચીન પરંપરાનુસાર અભ્યાસક્રમ શીખવાય છે. વિદ્યાર્થીઓને ૮થી ૧૨ વર્ષની વયથી શીખવાય છે ૬થી ૧૦ વર્ષ પર્યંતના આ અભ્યાસકાળમાં વિદ્યાર્થીના આવાસ, ભોજન તેમ જ વસ્ત્રાદિ તેમ જ યાત્રાભાડુંની વ્યવસ્થા કરવામાં આવે છે. હાલમાં અહીં ૧૫૫ વિદ્યાર્થીઆને ૧૪ અધ્યાપકો કેળવણી શિક્ષા આપે છે.

વૈદિક અભ્યાસ બાદ તેઓને શાસ્ત્રો અને વેદોના ઉચ્ચ અભ્યાસ માટે પાઠશાળાના વિદ્વાન અધ્યાપકો દ્વારા પ્રોત્સાહન અપાય છે.

તા. ૨૧-૬-૨૦૦૪ના રોજ નવી પાઠશાળા શ્રી ગોવિંદ દીક્ષિદર ઘટિકા સ્થાનમ્ (૧૩,૫૦૦ ચો. ફૂટ)ના મકાનનું અર્પણ કાંચી કામકોટી મઠના શંકરાચાર્ય પ.પૂ. શ્રી જયેન્દ્ર સરસ્વતીના શુભહસ્તે થયું.

પાઠશાળાના વધતા જતા ખર્ચને પહોંચી વળવા નીચે પ્રમાણેનાં દાન સ્વીકારાય છે. તમારા પત્ર/ઈમેલમાં સરનામા સાથે ફોન નંબર, STD કોડ અને મોબાઈલ નંબર લખવા વિનંતી. દાનની રકમ આવકવેરાની ૮૦-G કલમાનુસાર કરમુક્ત છે.

યોજના	દાનની રકમ	સ્થાયી થાપણ (જમા રકમ)
વિદ્યાર્થી ભોજન. સાદું (સમારાધન)	રૂ ૭૦૦/-	રૂ. ૯,૦૦૦/-
વિશિષ્ટ ભોજન	રૂ. ૨,૫૦૦/-	રૂ. ૩૦,૦૦૦/-
દાળ-ભાત : (૭૫ કિલો)	રૂ. ૧,૬૦૦/-	રૂ. ૨૦,૦૦૦/-
વેદ અને શાસ્ત્રના અભ્યાસ શિક્ષણ/રક્ષણાર્થે (વિદ્યાર્થી દીઠ)	રૂ. ૧૨,૦૦૦/- પ્રતિ વર્ષ	૧,૫૦,૦૦૦/-

ક્રોસ ચેક, ડિમાંડ-ડ્રાફ્ટ, A.V.M.S.G.D.P.S. Samithi કુંભાકોણમ્ ખાતે કરી મોકલવા વિનંતી. (પત્રવ્યવહાર ઉપરના સરનામે પ્રમુખ કે ખજાનચી પ્રતિ કરવો.)

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૦૫

[૩૨૦]



अवाङ्मुखो दीनमना व्याहर्तुं न शशाक ह ।
ततो बुद्धया विनिश्चित्य कालवाक्यानि राघवः।
नैतदस्तीति निश्चित्य तूष्णीमासीन्महायशाः ।।१७।।

(લક્ષ્મણનો વધ કરવો પડશે એવું વિચારીને) દુઃખી થયેલા મનવાળા રામચંદ્ર મોઢું નીચું કરીને બેસી રહ્યા અને કંઈ બોલી ન શક્યા. ત્યાર પછી રામચંદ્રે કાળદૂતનાં વચનો પર બુદ્ધિપૂર્વક નિશ્ચય કર્યો કે છેવટે તો આ કંઈ રહેવાનું જ નથી. મહાયશસ્વી રામે આમ નિશ્ચય કર્યા પછી મૌન ધારણ કર્યું.

(સર્ગ ૧૦૬)

अवाङ्मुखमथो दीनं दृष्ट्वा सोममिवाप्लुतम् ।
राघवं लक्ष्मणो वाक्यं हृष्टो मधुरमब्रवीत् ।।१।।

રાહુથી ગ્રસ્ત થયેલા ચંદ્ર જેવા અને દીન (રાંક) થઈને મોઢું નીચું કરીને બેઠેલા રામચંદ્રને જોઈને લક્ષ્મણે પ્રસન્નતાથી યુક્ત થઈને મીઠાં વચન કહ્યાં.

न सन्तापं महाबाहो मदर्थं कर्तुमर्हसि ।
पूर्वनिर्माणबद्धा हि कालस्य गतिरीदृशी ।।२।।

હે વિશાળ ભુજાવાળા રામચંદ્ર! મારે માટે તમે આવો સંતાપ કરો છો તે તમને છાજતું નથી. પૂર્વે કરેલાં કર્મોના નિર્માણથી બંધાયેલી કાળની ગતિ આવી જ હોય છે.

जहि मां सौम्य विस्रब्धं प्रतिज्ञां परिपालय ।
हीनप्रतिज्ञाः काकुत्स्थ प्रयान्ति नरकं नराः ।।३।।

હે વિનયશીલ! તમે જરાય સંકોચ વગર મને મારી નાખો અને પોતાની પ્રતિજ્ઞા પાળો. હે કકુત્સ્થ રાજાના વંશજ (રામચંદ્ર)! પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરનારા મનુષ્યો નરકે જાય છે.

यदि प्रीतिर्महाराज यद्यनुग्राह्यता मयि ।
जहि मां निर्विशङ्कस्त्वं धर्मं बर्धय राघव ।।४।।

હે મહારાજ! જો તમને મારામાં પ્રીતિ હોય, જો તમે મારા પર અનુગ્રહ (કૃપા) કરવા માગતા હોય તો, તમે કોઈ પણ શંકા કર્યા વગર મને મારી નાખો અને ધર્મની વૃદ્ધિ કરો.

लक्ष्मणेन तथोक्तस्तु रामः प्रचलितेन्द्रियः ।
मन्त्रिणः समुपानीय तथैव च पुरोधसः ।।५।।

अब्रवीच्च यदा वृत्तं तेषां मध्ये स राघवः ।
दुर्वासोऽभिगमं चैव प्रतिज्ञां तापसस्य च ।।६।।

આ પ્રમાણે લક્ષ્મણે કહ્યું તે સાંભળીને જાણે રામની સઘળી ઇન્દ્રિય જાગ્રત થઈ ગઈ. પછી તેમણે મંત્રીઓ અને પુરોહિતોને બોલાવ્યા. તેમની વચ્ચે બેસીને રામચંદ્રે જે કંઈ ઘટના બની હતી તે સંભળાવી. તેમણે દુર્વાસા મુનિના આગમન અને તાપસની (કાળદૂતની) પ્રતિજ્ઞા વિશે પણ સઘળી હકીકત કહી.

तच्छ्रुत्वा मन्त्रिणः सर्वे सोपाध्यायाः समासत ।
वसिष्ठस्तु महातेजा वाक्यमेतदुवाच ह ।।७।।

તે સાંભળીને સૌ ઉપાધ્યાયો (પુરોહિતો) અને મંત્રીઓ બિલકુલ સ્તબ્ધ બની ગયા અને ચૂપચાપ બેસી રહ્યા. પછી મહાતેજસ્વી વસિષ્ઠ મુનિ બોલ્યા.

दृष्टमेतन्महाबाहो क्षयं ते रोमहर्षणम् ।
लक्ष्मणेन वियोगश्च तव राम महायशः ।।८।।

હે વિશાળ ભુજાવાળા (પરાક્રમી) રામચંદ્ર! રૂંવાડાં ઊભાં કરી દે એવો તારો વિનાશ થશે એ મેં (તપોબળથી પહેલાં જ) જોઈ લીધું છે. હે મહાયશસ્વી રામચંદ્ર! હવે તારો લક્ષ્મણથી વિયોગ થવાનો છે. (એ પણ મેં જાણી લીધું છે.)

त्यजैनं बलवान कालो मा प्रतिज्ञां वृथा कृथाः ।
प्रतिज्ञायां हि नष्टायां धर्मो हि विलयं व्रजेत् ।।९।।

માટે તું આનો (લક્ષ્મણનો) ત્યાગ કરી દે. (કારણ કે) કાળ બળવાન છે. (પોતાની) પ્રતિજ્ઞાને તોડીશ નહીં, કારણ કે પ્રતિજ્ઞાનો ભંગ થવાથી ધર્મ નાશ પામશે.

ततो धर्मे विनष्टे तु त्रैलोक्यं सचराचरम् ।
सदेवर्षिगणं सर्वं विनश्येत्तु न संशयः ।।१०।।

જ્યારે ધર્મનો નાશ થશે, ત્યારે દેવો અને ઋષિઓના સમુદાય અને સૌ ચર-અચર સહિત આ સઘળા ત્રણેય લોક વિનાશને પામશે એમાં જરાય સંશય નથી.

स त्वं पुरुषशार्दूल त्रैलोक्याभिपालनात् ।
लक्ष्मणेन विना चाद्य जगत्स्वस्थं कुरुष्व ह ।।११।।

માટે હે પુરુષોમાં વાઘ સમાન (બળવાન) રામચંદ્ર! તું ત્રણેય લોકનું પાલન કરવાને માટે લક્ષ્મણનો ત્યાગ કરીને તેના વિના જ આ સમસ્ત જગતને સ્વસ્થ (ચિંતામુક્ત) કરી દે.

तेषां तत्समवेतानां वाक्यं धर्मार्थसंहितम् ।
श्रुत्वा परिषदो मध्ये रामो लक्ष्मणमब्रवीत् ।।१२।।

પરિષદની અંદર ભેગા થયેલા તે સૌનું ધર્મના અર્થથી યુક્ત વચન સાંભળીને રામચંદ્રે લક્ષ્મણને કહ્યું.

विसर्जये त्वां सौमित्रे मा भूद्धर्मविपर्ययः।
त्यागो वधो वा विहितः साधूनां ह्युभयं समम् ।।१३।।

હે સુમિત્રાનંદન લક્ષ્મણ! હું તારો ત્યાગ કરું છું, જેથી ધર્મનો વિનાશ ન થાય. (કારણ કે) ત્યાગ કરો કે વધ કરો સજ્જનોને માટે તો બંને સરખા જ છે.

रामेण भाषिते वाक्ये बाष्पव्याकुलितेन्द्रियः ।
लक्ष्मणस्त्वरितः प्रायात्स्वगृहं न विवेश ह ।।१४।।


રામચંદ્રે આ પ્રમાણે વચન ઉચ્ચાર્યું ત્યારે લક્ષ્મણની આંખો આંસુઓથી ભરાઈ ગઈ અને તે પોતાના ઘરે ન જતાં, ત્યાંથી સત્વરે (નગરની બહાર) નીકળી ગયો.

स गत्वा सरयूतीरमुपस्पृश्य कृताञ्जलिः ।
निगृह्य सर्वस्त्रोतांसि निःश्वासं न मुमोच ह ।।१५।।

સરયૂ નદીના તીર પર જઈને લક્ષ્મણે હાથ જોડીને જળનો સ્પર્શ કર્યો અને પછી પોતાની સર્વ ઇન્દ્રિયોનાં દ્વાર બંધ કરીને યોગ-સમાધિ લઈ લીધી. તેણે જરાય નિઃશ્વાસ ન છોડ્યો. (તેના શ્વાસોચ્છ્વાસ બંધ થઈ ગયા.)

અક્ષરની ઓળખાણ

☐ ડૉ. પ્રજ્ઞા શુક્લ




સાહિત્ય, સંસ્કૃતિ અને સમાજના પરિસરમાં : ચંદ્રકાન્ત શેઠ, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 2016.

પ્રસ્તુત પુસ્તકમાં સમાજ અને સંસ્કૃતિ, ભાષા અને સાહિત્યને લગતા કેટલાક મુદ્દાઓને અનુલક્ષીને વરિષ્ઠ સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠે જે વાંચ્યું, લખ્યું અને જેના પર વક્તવ્ય રજૂ કર્યું એવા કેટલાક અત્યંત મહત્ત્વપૂર્ણ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિ - આ ત્રણેય પરસ્પરાવલંબી છે. સમાજ અને સંસ્કૃતિના વિકાસમાં સાહિત્યનો ઘણો મહત્ત્વનો ફાળો રહેલો છે. સર્જક એની પરંપરાનું, એના સમાજ તેમ જ સંસ્કૃતિનું સંતાન હોય છે તો ભાવક પણ એની પરંપરાનું, એના સમાજ તેમ જ સંસ્કૃતિનું સંતાન હોય છે. સાહિત્યના માધ્યમથી સર્જકે ભાવક સુધી અને ભાવકે સર્જક સુધી પહોંચવાનું રહે છે જેને માટે લેખકે દરેક વિષય પર ખૂબ ચિંતન કરીને આ લેખો લખ્યા છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસુઓ માટે અત્યંત મહત્ત્વનું પુસ્તક.

❑



વન્સ અગેઈન : અજય ઓઝા, લટૂર પ્રકાશન, ભાવનગર. પ્રથમ આવૃત્તિ-2018.

વાર્તા લખવી જેમનો પ્રાથમિક લગાવ રહ્યો છે એવા અજય ઓઝાના વાર્તા-સંગ્રહ 'વન્સ અગેઈન'માં 15 વાર્તાઓ છે જેમાં જીવનના આસપાસના માહોલને પ્રકાશિત કરવાની એમની કોશિશ રહી છે. માનવજીવનમાંથી સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વનું જે દર્શન લેખકને થયું છે, એમના ભાવકોને પણ એ જ દર્શન કરાવવાના પ્રયત્નો તેઓ કરે છે. માત્ર જરૂર

જેટલા જ શબ્દો અને સંવેદનાથી ભરેલી વાર્તાઓ છે.

'ભાવનગર ગદ્યસભા'ની દર ગુરુવારે મળતી ગદ્યસભાની ફલશ્રુતિ છે આ વાર્તાઓ. માય ડિયર જયુના શબ્દોમાં 'માનવીના ગોચર ખૂણાને પ્રવાહી અને પારદર્શી ગદ્યથી અજવાળવાની અજયની શક્તિ છે.' એક જ બેઠકમાં વંચાઈ જાય એવી સરસ વાર્તાઓ.

❑



ખોવાયેલો શબ્દ : કિશોર શાહ, ઇમેજ પ્રબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ-2017.

કવિ સુરેશભાઈ દલાલના એક કાવ્ય 'પ્રિસ્ક્રિપ્શન'ની એક પંક્તિ 'તમને તારાઓની બારાખડી ઉકેલતાં આવડે છે? તો લખો'થી પ્રેરણા મેળવીને કિશોર શાહે જગતની સર્વ જડ અને ચેતન વસ્તુઓને વાણી આપી અને એના ફળસ્વરૂપે આ પુસ્તક 'ખોવાયેલો નાદ' મળ્યું.

જગતની જડ-ચેતન વસ્તુઓ આપસમાં વાતો તો કરતી જ હશે એમ ધારીને એમના વિચારો ઉકેલવાનો પ્રયત્ન, નેશનલ જ્યોગ્રોફીમાં છપાતી તસવીરો જોઈને એમાં છુપાયેલા રહસ્યને શબ્દદેહ આપવાના કાર્યને પરિણામે જે દૃષ્ટાંત કથા, નીતિકથા અને રહસ્ય ઉકેલવાની મથામણ કિશોર શાહે કરી તે આ પુસ્તકરૂપે આપણી સમક્ષ છે. આ લઘુકથાઓમાંની કેટલીક તો એક અથવા ત્રણ પંક્તિની પણ છે. વાંચવું ગમે એવું પુસ્તક.

❑



ચરિત્ર કીર્તન અંતિમ વાચનયાત્રા : સં. મહેન્દ્ર મેઘાણી, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ-2016.

''ઉત્તમ પૂજ્યોને જ વીરપૂજાના અર્ઘ્ય આપવામાં આવે'' એવા ઉમાશંકરભાઈના શબ્દોને ધ્યાનમાં રાખીને મહેન્દ્ર મેઘાણીએ 'મિલાપ' માસિક (1950-1978)ના અંકોમાં 'સરસ માણસો' વિશેનાં ચરિત્રલેખો, રેખાચિત્રો અને જીવન પ્રસંગોનાં લખાણોનો સંચય 'અરધી સદીની વાચનયાત્રા'ના ચાર ભાગમાં કર્યો હતો. તેમાંથી ચરિત્રકીર્તન પ્રકારનાં લખાણો આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

દેશ અને દુનિયાની સેવામાં પોતાનું ઉત્તમ અર્પણ કરી ગયેલાં અનેક નરનારીઓનાં શબ્દચિત્રો કે ચરિત્રલેખોથી આ પુસ્તક અત્યંત સમૃદ્ધ બન્યું છે. ચારસોથી વધુ પૃષ્ઠોમાં સમાવિષ્ટ આ લેખો એકવીસમી સદીના વાચકોને ભરપૂર પ્રેરણા સાથે અખૂટ આનંદ આપે છે. ખરેખર વાંચવા જેવું અને વાંચીને માણવા જેવું પુસ્તક છે.

❑



ગંગાસતીની અમર વાણી : સ્વામી સચ્ચિદાનંદ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ-2017.


ગંગાસતી અને કહળસંગ, ગંગાસતી અને પાનબાઈની કુદરતે મેળવેલી અધ્યાત્મ જોડીઓ છે. જેણે પરાવાણી આપી હોય એ જ પરાવાણીને, પરાવાણીના ધોધને ઝીલનારું પાત્ર પણ આપે. ગંગાસતીનાં બાવન ભજનોની વ્યાખ્યારૂપે સ્વામી સચ્ચિદાનંદ દ્વારા લખાયેલું આ પુસ્તક ગંગાસતીની વાણીની અમરતાને સાર્થક કરે છે.

સ્વામીજીએ દરેક ભજનનું મહત્ત્વ અત્યંત સરળ શબ્દોમાં અને વિસ્તારથી ભગવદ્‌ગીતા, વેદો, ઉપનિષદ, અષ્ટાંગયોગ, શ્રીમદ્ ભાગવત, શ્રુતિઓ જેવા આપણા મહાન ગ્રંથોની સાથે કબીરના દોહા, પંજાબના મસ્તફકીર બુલ્લેશાહની કાફી, ચાણક્ય જેવાનાં કથનો અને રાણા પ્રતાપ, જનક રાજા, વાનર અને મગરની બોધકથાનાં દૃષ્ટાંતો સાથે સમજાવ્યું છે. એ ઉપરાંત દેવદાસીની પ્રથાનાં દૂષણ સાથે જોડાયેલી પદ્‌માવતી-જયદેવની કથાનો પણ ઉલ્લેખ કર્યો છે. 'ગંગાસતીની પરાવાણીને સંગીતનો સાથ મળે તો મડદાં બેઠાં કરવાની તાકાત આવી જાય.' સ્વામીજીની આધ્યાત્મિક વાણીને માણવા જેવું પુસ્તક.

❑

જો તમને લાગતું હોય કે તમારાં પીડા અને સંબંધવિચ્છેદોની જગતના ઇતિહાસમાં કોઈ સરસાઈ કરી શકે એમ નથી તો પુસ્તકો વાંચવાનું રાખો. પુસ્તકોએ જ મને શીખવ્યું કે જે ઘટનાઓએ મને સૌથી વધુ પીડિત કર્યો છે એ જ ઘટનાઓ દ્વારા હું એક વખત જીવતા આ લોકો સાથે જોડાયેલો છું. જે સદા માટે જીવંત હતા.

- જેમ્સ બાલ્ડવીન



કાન્તિ ભટ્ટ : શ્રદ્ધાંજલિ

15-7-1931 / 4-8-2019

કાન્તિ ભટ્ટને મોટા ભાગનો વાચક વર્ગ પત્રકાર તરીકે ઓળખે છે પણ એમને નામે એક વાર્તાસંગ્રહ 'કાંતિ ભટ્ટની વાર્તાઓ' (સંપા.: કાન્તિ પટેલ, નવભારત સાહિત્ય મંદિર) પણ છે. એમનો માનવમન સાથેનો અનુબંધ એમને પત્રકારત્વ સાથે 'ચેતનાની ક્ષણે' સમીપે લઈ જતો. એમના આંખે દેખ્યા અહેવાલમાં પણ માનવીય અભિગમ અગ્રેસર રહેતો. ઘટના અને એની પાછળના માનવનો ચહેરો જોવા-સમજવામાં એમણે ખંતપૂર્વક મહેનત કરી. લેખનમાં આટલાં સાતત્ય અને શિસ્ત ભાગ્યે જ જોવા મળે. આ શિસ્ત

એમને માટે વળગણ પણ હતી. એને લીધે અન્ય સંબંધોને ન્યાય આપવાનું એમને માટે દુર્ગમ થઈ પડતું. અંગત જીવનમાં અનેક પડકારો ઝીલ્યા છતાં એમણે કલમ અને કોલમનો સાથ હંમેશ માટે હાથવગો રાખ્યો. હંમેશાં હાથેથી લખવાનો આગ્રહ રાખતા કાન્તિભાઈના અક્ષર મરોડદાર હતા.

એમના લેખનમાં માત્ર માહિતી નહીં પણ ભારતીય તત્ત્વજ્ઞાનના અનુસંધાનવાળો એક આધ્યાત્મિક અભિગમ સંકળાયેલો રહેતો. એમના સાદા જીવનના કેન્દ્રમાં પત્રકારત્વ મુખ્ય હતું. નવી પેઢીને જીવંત પત્રકારત્વ સાથે સંલગ્ન કરવાનું એમનું પ્રદાન અમૂલ્ય રહેશે. 20મી જુલાઈએ એમના 88મા જન્મદિનની ઉજવણી રૂપે યોજાયેલા કાર્યક્રમમાં એમનો જુસ્સો યથાવત હતો. નવી પેઢીને પત્રકારત્વમાં મદદરૂપ બનવાના ઉપલક્ષમાં એમના માનસપુત્ર સમા આશુ પટેલ દ્વારા કાન્તિ ભટ્ટ - શીલા ભટ્ટ ફાઉન્ડેશનની સ્થાપનાની જાહેરાત કરાઈ હતી. લેખન માટેની માહિતી તેઓ આનુષંગિક પુસ્તકો દ્વારા સંવર્ધિત કરતા. 'ચેતનાની ક્ષણે'ના લેખકનો મોટા ભાગનો સમય પુસ્તકોનાં પાનાંઓ વચ્ચે જતો. એમને માટે પુસ્તકો જ એમનો ખજાનો હતાં. એમના છેલ્લા શ્વાસ સુધી એમણે પત્રકારત્વના પથ પર અડગ ચાલવાનું રાખ્યું, પત્રકારત્વના ઇતિહાસમાં એમનું નામ એક તેજસ્વી તારક તરીકે અચલ રહેશે.

સાભાર સ્વીકાર

* ગુજરાત સાહિત્ય અકાદમી, (અભિલેખાગાર ભવન, સેક્ટર-17, ગાંધીનગર-382 017, ફોનઃ (079) 23256798)નાં પ્રકાશનો : *રામનારાયણ વી. પાઠક ગ્રંથાવલિ 1, 2, 4, 5, 6, 7, 8, 9 : સં. હીરાબહેન પાઠક, ચિમનલાલ ત્રિવેદી અને સુરેશ દલાલ, પૃ. અનુક્રમે : 418, 424, 422, 527, 468, 688, 536, 432. કિંમત અનુક્રમે : 300, 280, 300, 330, 300, 440, 340, 280.

પ્રથમ ભાગ : કાવ્ય અને નાટક, બીજો : ટૂંકી વાર્તા અને કિશોર સાહિત્ય, ચોથો : સાહિત્યવિવેચન-1, પાંચમો : સાહિત્યવિવેચન-2, છઠ્ઠો : સાહિત્યવિવેચન-3, સાતમો : સાહિત્યવિવેચન-4, આઠમો : છંદોવિમર્શ, નવમો : પ્રમાણશાસ્ત્રપ્રવેશિકા, શાસ્ત્રસ્વાધ્યાય, નિત્યનો આચાર

ગુજરાતી લોકસાહિત્ય : સં. ડો. હસુ યાજ્ઞિક, પૃ. 477, કિં. રૂ. 380, લોકસાહિત્ય માળા, મણકા 1થી 14 અંતર્ગત.

સોના-નાવડી (સમગ્ર કવિતા) : ઝવેરચંદ મેઘાણી, સં. જયંત મેઘાણી, પૃ. 446, કિં. રૂ. 250.

આંબેડકરી અત્તરનાં પૂમડાં : ડો. પી. જી. જ્યોતિકર, ડો. અમિત જ્યોતિકર, પૃ. 186, કિં. રૂ. 130, પ્રથમ આવૃત્તિ.

કલાપીનો કેકારવ : સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી', પૃ. 640, કિં. રૂ. 400, પુનર્મુદ્રણ 2018.

લોકસાહિત્યમાં કથનશૈલી : સં. ડો. શાંતિભાઈ આચાર્ય, પૃ. 127, કિં. રૂ. 120, દ્વિતીય આવૃત્તિ.

કુમારસંભવ (પ્રસ્તાવના, અન્વય, અનુવાદ અને પરિશિષ્ટ સાથે) : સં. ગૌતમ પટેલ, પૃ. 440, કિં. રૂ. 340, તૃતીય આવૃત્તિ સુધારા-વધારા સાથેની.

ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન : પોલ ડોયસન, અનુ.: રામકૃષ્ણ વ્યાસ, પૃ. 258, કિં. રૂ. 300, દ્વિતીય આવૃત્તિ.

યાતનાઓનું અભયારણ્ય : (પેરી બર્જેસ કૃત સત્યકથા 'who walk Alone'નો ગુજરાતી અનુવાદ), અનુઃ અશ્વિન ચંદારાણા, પૃ. 292, કિં. રૂ. 200, પ્રથમ આવૃત્તિ.

ઓ રે મારું અંતર જાગી જાય! (ગોવિંદ સ્વામીનાં કાવ્યો) : સં. ઉત્પલ પટેલ, પૃ. 112, કિં. રૂ. 100, પ્રથમ આવૃત્તિ.

ગુજરાતી લોકકથા : સં. ડો. હસુ યાજ્ઞિક, પૃ. 238, કિં. રૂ. 200, દ્વિતીય આવૃત્તિ.

લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા : સં. ડો. હસુ યાજ્ઞિક, પૃ. 332, કિં. રૂ. 200, દ્વિતીય આવૃત્તિ.

હોમરકૃત ઇલિયડ : અનુ.: જયન્ત પંડ્યા, પૃ. 575, કિં. રૂ. 400, દ્વિતીય આવૃત્તિ.

ઋતુચક્ર અંતર્ગત રચનાઓ : લોકસાહિત્ય માળા, મણકા 1થી 14 અંતર્ગત, સં. ડો. હસુ યાજ્ઞિક, પૃ. 614 + 74 = 688, કિં. રૂ. 540, દ્વિતીય આવૃત્તિ.

❑

* અક્ષરા પ્રકાશન (૧૧, ગ્રેઈન માર્કેટ, ભાલકિયા મિલ કમ્પાઉન્ડ, અનુપમ સિનેમા પાસે, ખોખરા, અમદાવાદ.)નાં પ્રકાશનો : * અદ્યતન શબ્દાર્થ કોશ (ગુજરાતી-ગુજરાતી-અંગ્રેજી) : સં. મનોજ દરૂ, પૃ. ૭૪૪, કિં. રૂ. ૩૫૦.

* સ્વમાન પ્રકાશન (આલ્ફા ભવન, ૧૨, સુહાસનગર, સેલ્સ ઇન્ડિયાની પાછળ, ઓફ આશ્રમ રોડ, દિનેશ હોલ રોડના છેડે, સંકલ્પ રેસ્ટોરાંની સામેની ગલીમાં, અમદાવાદ-૩૮૦ ००૯)નાં પ્રકાશનો : * સંબંધોનું આકાશ : શરીફા વીજળીવાળા, પૃ. ૭૧, કિં. રૂ. ૮૦.

[પૃ. 42થી ચાલુ]
સદીના મધ્યમાં થયો છે. ત્યારે જાવામાં ડચ શાસન પ્રવર્તતું હતું. કહેવાય છે કે માતરમ્ રાજવીઓના સમયમાં બેધયા (Bedhaya) નૃત્ય પ્રકારો અને ટોપેન્ગ (topeng) નામે મહોરાંવાળા નાટ્યપ્રયોગોની બોલબાલા હતી. જૂના મજાપહીત વંશના રાજવીઓએ વયાંગ કુલિતમાંનાં કથાનકોમાં પણ ભારતીય મહાભારત અને રામાયણના અંશો જોયા હતા. અને વયાંગ કુલિતમાં જેમ puppets નૃત્ય કરે તેવી શૈલીનું નૃત્ય વયાંગ વોંગમાં માનવો કરે તેવી પ્રથાની શરૂઆત થઈ હતી.

યોગ્યાકર્તાના સુલતાનની ગણના ભગવાન વિષ્ણુના અવતાર તરીકે મનાય છે. આ નૃત્યનાટિકાઓની ભવ્ય રંગમંચ પ્રસ્તુતિ થતી તે એટલા તો વિશાળ અને ખર્ચાળ પાયા પર થતી કે ઘણી વાર ડચ લોકો પાસેથી સુલતાન પૈસા ઉધાર લઈને પણ કાર્યક્રમો રજૂ કરતા.

શરૂમાં સુલતાનના કુટુંબીજનો, દરબારના લોકો, સંરક્ષણ કરનાર સૈનિકો આ કાર્યક્રમોમાં ભાગ લેતા. યોગ્યાકર્તા અને સુરકર્તામાં વિકસેલી વયાંગ વોંગની કલામાં કેટલાક ફેરફારો પણ જોઈ શકાય છે. એલેક્સે જણાવ્યું કે સુરકર્તામાં સ્ત્રીઓની ભૂમિકા સ્ત્રીઓ જ ભજવે છે. કેટલાક ઉદાત્ત પુરુષ પાત્રોની ભૂમિકાઓ પણ સ્ત્રીઓ ભજવે છે. સુરકર્તાની શૈલી યોગ્યાકર્તાની શૈલીની તુલનામાં ધીરગંભીર છે. કેટલાક આહાર્યમાં અને ગમેલનના સંગીતમાં પણ ફેરફારો નોંધી શકાય છે.

નૃત્યમાં symmetrical movements (સમપ્રમાણ હાલચાલ) પાત્રોના હિંમતભર્યા વ્યક્તિત્વ, ઉત્સાહ અને નમ્રતાની સૂચક ગણાય છે જ્યારે asymmetrical


ભગવાન રામ કુંભકર્ણને બાણ મારે છે

movements (અસમપ્રમાણ હાલચાલ) ગર્વ અને જોમ સૂચવે છે.

બીજી રાત્રે જે નૃત્યનાટિકા અમે જોઈ તે સુલતાન અને તેના દુશ્મનોના યુદ્ધ વિશેની હતી. એના વિશે અમને ખાસ માહિતી નહોતી. એલેક્સે કહેલું કે જાવાના હિકાયત અંડાકેન પનુરાત (Hikayat Andeken Panurat) નામના ગ્રંથમાંથી કેટલાક પ્રસંગો રજૂ થાય છે. જેમ શાહનામામાં બાદશાહની પ્રશસ્તિ અને શૌર્યનાં વખાણ જોવા મળે છે, તેવું આ જાવાનીઝ ગ્રંથમાં જોવા મળે છે. તેમાં અનેક પ્રકારનાં પાત્રો વિવિધ મહોરાંઓ પહેરી રંગમંચ પર આવતાં. અને ભારે ઘમાસાણ સાથે યુદ્ધ કરતાં. એટલું જ નહીં પણ કેટલાક યોદ્ધાઓ વિશાળકાય પક્ષીઓ પર સવાર થઈ અરસપરસ હુમલા કરતા. એ તમામ દૃશ્યો રંગબેરંગી અને ભવ્ય જણાયાં. સાથેનું ગમેલનનું સંગીત અને ગાયક- ગાયિકાઓનું ગાવાનું પણ જોમદાર હતું.

પરંતુ તેના પછી રજૂ થયેલ દુર્ગા રુવાત (Durga Ruwat) પ્રસંગને જોઈ અમારાં કુતૂહલ અને મૂંઝવણનો પાર રહ્યો નહીં. હું વાર્તા બરાબર સમજી શક્યો નહીં પણ અંદાજે ભારતીય પૌરાણિક કથામાંથી તે રજૂ થયેલું તેવું સમજાયું. શિવ અને પાર્વતી બન્ને રંગમંચ પર પ્રવેશ કરે છે અને શિવ સંવનન કરતાં પાર્વતીના સારોંગનો છેડો ખેંચે છે. આપણે જેને શૃંગારનો પ્રસંગ કહીએ તે પ્રકારનો એ પ્રસંગ હતો. શિવ જ્યારે સારોંગ ખેંચે છે ત્યારે પાર્વતી ગુસ્સે થાય છે અને અંતઃપુરમાંથી બહાર જતી રહે છે. પછીનાં વર્ષોમાં તે જુદા જુદા અવતારમાં પ્રગટ થાય છે. તે તેના પશ્ચાત્તાપનું અને શિવને નારાજ કર્યાનું સૂચન કરે છે. તે અનેક સખીઓ સાથે વિહાર કરતાં કરતાં શિવની ક્ષમા યાચે છે. જેમ નૃત્યનાટિકા આગળ વધતી ગઈ તેમ તેમાં પાર્વતી દુર્ગાના અવતારમાં પ્રવેશ કરે છે. પણ એલેક્સ તે સંદર્ભ અમને સમજાવી શક્યા નહીં.

ત્યારે શિવને વનવાસી કિરાત શિકારીના વેશમાં પશુનો વધ કરતાં તીર છોડતાં જોયા અને બીજી બાજુ અર્જુને પણ તીર છોડ્યુંઃ મહાભારતમાં જેમ અર્જુન પાશુપતાસ્ત્ર મેળવવા તપ કરે છે ત્યારે શિવ તેની કિરાતના છદ્મવેશમાં પરીક્ષા કરે છે, તેવું સમજી શકાયું. અર્જુન શિવને પ્રણામ કરે છે અને પાશુપતાસ્ત્ર મેળવે છે. પણ તેમાં પાર્વતી દુર્ગારૂપે કેમ અનેક વાર પ્રગટ થાય છે તે સમજી શકાયું નહીં. આપણે ત્યાં કિરાતાર્જુનિયમ્ કાવ્યની સંસ્કૃત રચના પ્રસિદ્ધ છે. તેનો આધાર આ પ્રસંગમાં જોઈ શકાય છે.

ત્રીજી રાત્રે નૃત્યનાટિકા kumbakaran gugur નામે રજૂ થઈ. તે કુંભકર્ણના વધને લગતી હતી. રાક્ષસ કુંભકર્ણની ભૂમિકા ત્યાંના વિખ્યાત કલાકારે ભજવેલી. વયાંગ વોંગમાં રાક્ષસો અને વાનર તથા અન્ય પ્રાણીઓનાં પાત્રો મહોરાં પહેરે છે.

તદનુસાર રાવણ, કુંભકર્ણ વગેરે મહોરાં સાથે પ્રવેશેલા. કુંભકર્ણે લાલ રંગનું મહોરું પહેરેલું. તે પોતાના આવાસમાં રંગમંચના કેન્દ્રમાં પ્રવેશી આસનસ્થ થઈ સૂઈ જાય છે. ત્યારે ડાબી બાજુ ઉદાત્ત પાત્રની ભૂમિકામાં વિભીષણ પ્રવેશે છે.

પછીના દૃશ્યમાં જમણી બાજુથી વીસથી ત્રીસ નાનાં બાળકો વાનરની ભૂમિકામાં કૂદકા મારતાં પ્રવેશ કરે છે અને સૂતેલા કુંભકર્ણના શરીર પર આક્રમણ કરે છે પરંતુ કુંભકર્ણ ઘોર નિદ્રામાં હોય છે. ડાબી બાજુ રામ તીર તાકીને ઊભા હોય છે. હનુમાન તેમની નજીક ઊભા રહી સંકેત કરે છે. એલેક્સે આગલા દૃશ્યમાં સુગ્રીવ અને વાલી બન્ને વાનર રાજવીઓના પ્રવેશની વાત કરેલી એટલે રામાયણમાંથી આ પ્રસંગ ભજવાતો હતો તે સમજાયું.

અંતે જ્યારે રામ તીર છોડે છે તે કુંભકર્ણ પર પડતાં કુંભકર્ણ જમીન પર ગબડી પડે છે. અને જમણી બાજુથી વાનર સેના વિજયોત્સવમાં ગુલાંટ મારી નૃત્ય કરી પ્રવેશે છે. આમ કુંભકર્ણવધનો પ્રસંગ પૂરો થાય છે. અંતે સૌ કલાકારો રંગમંચ સન્મુખ આવી કર્ટન-કોલ લે છે. કુંભકર્ણની ભૂમિકા ભજવનાર કલાકાર મહોરું ઉતારી હાથમાં લઈ સૌ જોડે ઊભો રહે છે અને તાળીઓના ગડગડાટ વચ્ચે નૃત્યનાટિકા પૂરી થાય છે.

આ પ્રસંગમાં કુંતીનું પાત્ર પ્રવેશે છે. તે મને સમજાયું નહોતું. રામાયણમાં કુંતીનું પાત્ર, કયા સંદર્ભમાં આવે છે તે એલેક્સ પણ સમજાવી શક્યા નહીં. કાર્યક્રમ પત્યે અમે ગ્રીનરૂમમાં કેટલાક કલાકારોને, એલેક્સ અને રામલી ઓળખતા હતા, એટલે તેમને મળવા અને અભિનંદન આપવા ગયા. ત્યાં જે સ્ત્રીકલાકારે કુંતીની ભૂમિકા ભજવેલી તેને મળ્યા. પરંતુ તે પણ કેમ કુંતી ત્યાં પ્રવેશે છે અને શો ભાગ ભજવે છે તે સમજાવી શક્યાં નહીં. એલેક્સે તેમનો પરિચય આપતાં કહેલું કે તે જ્યારે નાની વયની હતી ત્યારે તેની માતા બાલાસરસ્વતી પાસે અમેરિકામાં નૃત્ય શીખતી હતી અને નાની વયની એ કલાકારની બાલાએ ઘણી સંભાળ રાખેલી. અમે આ ઉપરાંત બીજા વિખ્યાત પુરુષ નર્તકને પણ મળ્યા, જેમણે શિવની ભૂમિકા ભજવેલી. તેમણે સોનેરી રંગનું મહોરું પહેરેલું અને તે પણ સમજાવી શક્યા નહોતા કે કુંતીની આ પ્રસંગમાં શી ભૂમિકા હતી. આ કલાકારો સાથે અમે પ્રિન્સ તેજોકુસુમોની પ્રપૌત્રીને મળ્યા. 1940 દરમિયાન મૃણાલિની સારાભાઈ યોગ્યાકર્તામાં પ્રિન્સ તેજોકુસુમો પાસે નૃત્ય શીખેલાં. તેની વાત નીકળી અને અમે સૌ પ્રિન્સ તેજોકુસુમોની પ્રપૌત્રીને આમ આટલાં વર્ષે આકસ્મિક રીતે મળ્યા તેનો આનંદ થયો.

બીજે દિવસે સવારે એલેક્સે અમને રાજમહેલ ક્રેટોન નજીક સોનોબુદોયો મ્યુઝિયમ જોવાની ભલામણ કરી. રામલી અને અમે બન્ને લગભગ દસના સુમારે

ત્યાં પહોંચ્યા. શુક્રવાર હોવાથી સવારે ત્યાં પેલેસના પેવેલિયનમાં નૃત્યો રજૂ થતાં નથી. મેં અને સોનલે પેલેસના પેવેલિયનમાં અર્જુન વિવાહ નામે પ્રસંગ જોયેલો. તેમાં સ્વર્ગમાં અર્જુન ઉર્વશી તેના પર મોહિત થાય છે અને અર્જુન તેનો અસ્વીકાર કરે છે, તેવી કથાની ઝાંખી યાદ મેં રામલીને જણાવી.

પેલેસના રંગમંચનું પેવેલિયન ઘણું વિશાળ હતું. તેમાં રાખેલાં ગમેલન વાદ્યોની ત્યાં સાફસૂફી થતી હતી. પ્રત્યેક દિવસે કાળજીપૂર્વક આ વાદ્યોની કાળજી લેવાય છે. મારે બાજુની સુલતાનોની Portrait galleryમાં જઈ તેજોકુસુમોના તૈલરંગી ચિત્રનો ફોટો લેવો હતો. પરંતુ ત્યારે ગેલેરીમાં સમારકામ ચાલતું હતું એટલે ગેલેરી બંધ હતી.

પેલેસ અંદરના મ્યુઝિયમના બીજા વિભાગોમાં બાટીકનાં વસ્ત્રોનું એક મોટું પ્રદર્શન ગોઠવાયેલું. તેના નમૂના અને તેનું પાર વિનાનું વૈવિધ્ય જોતાં બાટીકની કળા ત્યાં કેટલી વિકસી છે તેનો ખ્યાલ આવે છે.

આ ઉપરાંત વયાંગ કુલિત puppetsનો સંગ્રહ નોંધપાત્ર છે. તે ચામડાને કેળવીને સુંદર રંગોથી કોતરેલા અને તેને હલનચલન માટે હાથ પર લાંબી લાંબી પાતળી લાકડીઓ જડેલી. તેની ગોઠવણી આકર્ષક હતી. નીચે તે puppetsની વિગતવાર માહિતી આપેલી.

અમે ત્યાંથી બીજા વિભાગમાં ગયા ત્યાં બાલીના મંદિરના દ્વારની પ્રતિકૃતિવાળા મંદિરને જોયું. splitdoor જેમ બે વિભાગમાં વહેંચાયેલું તે દ્વાર બાલીના મંદિરના સ્થાપત્યની વિશેષતા છે. યોગ્યાકર્તા અને બાલીના આર્કિટેક્ચરમાં ઘણું પાર્થક્ય છે.

મ્યુઝિમની નજીક અમે મોટાં મોટાં બેનર્સ જોયાં. તેમાં 45 વર્ષથી નિયમિત ભજવાતા રામાયણની જાહેરાત હતી. રોજ સાંજના ત્યાંના પેવેલિયનમાં 8થી 9.30 લગી રામાયણ ભજવાય છે. 7થી 8 લગીમાં તમે ત્યાં રાત્રીભોજન લઈ શકો અને પછી રામાયણના નૃત્ય પ્રસંગો જોઈ શકો. જે પ્રવાસીઓ પ્રંબનન્ મંદિર પાસે રજૂ થતા રામાયણના વિશિષ્ટ પ્રયોગો ન જોઈ શકે તેમને માટે યોગ્યાકર્તામાં રામાયણની આ જૂની મંડળી નિયમિત કાર્યક્રમો યોજે છે.

મ્યુઝિયમ અને ક્રેટોન (રાજમહેલ)ની બીજી તરફ વિશાળ મેદાન છે. ત્યાં મેળાઓ ભરાય છે અને રાત્રે ત્યાં લાઈટ્સ ગોઠવવામાં આવે છે અને સમગ્ર પરિવેશ ઝળાંહળાં થઈ ઊઠે છે.

યોગ્યાકર્તાનું મુખ્ય આકર્ષણ પાસે આવેલ માર્કેટ છે. ત્યાં યોગ્યાકર્તાની કલાકૃતિઓ અને બાટીકના મોટા સ્ટોર્સ છે. રામલીને ત્યાંથી બાટીકનું કાપડ ખરીદવું હતું. એક મોટી દુકાનમાં અમે પ્રવેશ્યા. ત્યાં સામે જ એક ઔષધ વેચાતું હતું. તેનો સ્વાદ આપણે ત્યાં કડવા લીમડાનો જે પ્રકારનો હોય છે તેવો જ કટુ, પણ

લોકો તે ત્યાં પીતા જોવા મળ્યા. રામલીએ જણાવ્યું કે સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ ગણાય છે.

આ મોટા સ્ટોરમાં જાતજાતની ભેટ-સોગાતની વસ્તુઓ મળે અને બાટીકનાં વસ્ત્રો. અમે સુલતાન જે પ્રકારનાં વસ્ત્રો પહેરે તેના અનુકરણમાં ડિઝાઈન કરેલાં વસ્ત્ર ખરીદ્યાં અને સારોંગ સાથે પહેરવા સારોંગ પણ ખરીદ્યા. તે લાંબી બાંયનાં ખમીશ અલગ ભાતનાં હોય છે અને જાવાની વિશિષ્ટ શૈલી દર્શાવતાં હોય છે.



કર્ટન કૉલ વખતે કુંભકર્ણનું પાત્ર ભજવનારે મહોરું કાઢી નાખ્યું છે

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતનમાં 1936ના અરસામાં ગુરુદેવે યોગ્યાકર્તાથી શિક્ષકોને શાંતિનિકેતનમાં નિમંત્ર્યા હતા. યોગ્યાકર્તાની તમાન સિસ્વા (Taman Siswa) સંસ્થા અને શાંતિનિકેતન વચ્ચે શિક્ષણપદ્ધતિની ઘણી આપ-લે થતી. અમારા પ્રવાસ દરમિયાન આશ્ચર્ય જરૂર થયા કરતું કે મુસ્લિમ સુલતાનોએ ભારતના બે મહાન ગ્રંથો મહાભારત અને રામાયણને કેવી રીતે અપનાવ્યા છે અને નૃત્યનાટિકામાં તેનું કેટલું સૌંદર્યાત્મક પ્રદર્શન કર્યું છે? ગુરુદેવ રવીન્દ્રનાથ યોગ્યાકર્તા, બાલી વગેરે પ્રદેશોમાં ભારતીય કળાઓ જે રીતે પાંગરી છે તેનો સાંસ્કૃતિક સંબંધ ઘણો મહત્ત્વનો ગણતા. ભારત અને બાલી, જાવા, કમ્બોડિયા વગેરે પ્રદેશોના નૃત્ય પ્રકારોની અને ભારતીય કળાઓની અરસપરસ અસરો અને ઘનિષ્ઠ સંબંધો આપણી સંસ્કૃતિનાં મૂળિયાં ક્યાં ક્યાં ફેલાયાં છે તેનો ખ્યાલ આપે છે.

યોગ્યાકર્તાના આ પ્રવાસ પછી ફરી ત્યાં અન્ય નૃત્ય નાટ્ય પ્રસંગોના ઉત્સવ નિમિત્તે એલેક્સે અમને ફરી યોગ્યાકર્તા આવવા નિમંત્રણ આપ્યું છે. અને અનુકૂળ સંજોગોમાં ફરી ત્યાં જઈ આ કળાઓનો આસ્વાદ કરવાની આશા રાખી અમે કુઆલાલમ્પુર પાછા ફર્યા.

❑❑❑

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ'ના જુલાઈ અંકમાં 'સુસંસ્કારિતા' લેખ વાંચી એક સ્મરણ તાજું થયું. અમદાવાદની એક જાણીતી હોટેલમાં, દસેક વર્ષ પહેલા, જમવા માટે અમે ચારેક વ્યક્તિ ગયેલ. હોટેલના દ્વાર પાસે એક 55-60 વર્ષનો માણસ ગુમસૂમ બેઠેલ. મારા મિત્રે પ્રશ્ન કરતા તેણે જણાવ્યું કે તે સવારથી જમ્યો નથી. રાતના આઠ વાગ્યા હતા. તે વ્યક્તિને હોટેલમાં સાથે આવવાનું કહ્યું. તેને સંકોચ ન થાય તેથી એક બીજા ટેબલ પર જમવા બેસાડ્યો. મારા મિત્રની લાગણી અને વિવેક તથા તે અજાણી વ્યક્તિના મુખ પર સંતોષ અનન્ય હતાં.

અંકમાં 'કેવી રીતે ના મરવું' એ પુસ્તક રૂપે પ્રકાશિત થાય તો ઘણું ઉપયોગી રહેશે.

અમદાવાદ - વસંત શાહ

* * *

આરંભે અનહદબાની જીવનનું 'નવનીત' છે. મુનશીવાણી સાહિત્યનું સમર્પણ છે. 'નવનીત સમર્પણ'ના દરેક પાને સંસ્કારિતા છલકાય છે.

અમદાવાદ - સુરેશ રા. ચૌહાણ

* * *

જુલાઈ 2019ના અંકમાં અલ્યા! તું તે કઈ વાડીનો મૂળો? ડો. જયંતિ પટેલ - 'રંગલો' જિંદગી જીવવા માટેનો સંદેશ આપી ગયો... વિદ્યાર્થીને કોલેજમાં પ્રશ્ન પૂછીએ 'જીવનમાં ઉત્તમ કળા કઈ? શિલ્પકળા - ના, ચિત્રકળા - ના, સંગીતકળા - ના, નૃત્યકળા -ના- 'જિંદગી આનંદથી જીવવાની કળા' બસ લોકો બધી જ કળા શીખી ગયા છે. પરંતુ જીવન જીવવાની કળા. ગુમાવતા જાય છે!

મીઠાપુર - મુકેશ ટી ચંદારાણા

* * *

'નવનીત સમર્પણ' જુલાઈ'19ના અંકની 'ફરી', 'ચન્દ્ર પદાર્પણની સુવર્ણજયંતિ', 'એવરેસ્ટ નહીં...', 'કન્ફેશન', 'સ્ટ્રેસ...' હંમેશની જેમ 'કેવી રીતે ના મરવું', અને 'એક મનોવૈજ્ઞાનિકની ડાયરી' આ બધી કૃતિઓ ખૂબ ગમી. 'સુસંસ્કારિતા' કથા હોય કે સત્યકથા પણ ઊંડી અસર છોડી જાય છે. આવી સુંદર કૃતિઓની પ્રકાશન માટે પસંદગી કરવા બદલ આભાર.

મુંબઈ - અશોક ન. શાહ

* * *

પૂંઠા પરના કાશ્મીરની પાનખરનાં ફૂલો જાણે રંગભરી વસંતની એંધાણી આપે છે. અને પૂંઠાનું પાનું ફેરવતાં જ જીવનના પડાવોના રંગની છોળ રંગભર્યા ઉલાળધરાળ કહી ગયા.

ભાઈ સુભાષ ભટ્ટનું લોલક સંભળાયું લયબદ્ધતાથી એક છેડેથી બીજે છેડે લટકતું લલકાર કરી ગયું કે જીવન આમ જ લટકી ને વિતાવવું છે કે એક ઘડી, એક પળ સ્થિર થઈ પળમાંની મઝા આનંદ માણવાં છે. મને તો એ પળની શાશ્વતતાની અમીરાત આપી ગયું. અંદરના પાનામાં

જાણે વસંત દરબાર ભરીને બેઠી છે. ભાઈ હરીશ મીનાશ્રુ, રાજેન્દ્ર પટેલ અને ભરત ઠાકોરનાં કાવ્યો અર્થપૂર્ણ લાગ્યાં. જ્યારે કવિ હર્ષદ સોલંકી જાણે આ સંઘર્ષની પૂર્ણાહુતિની વાત, અંદર-બહાર-અંદરની રમતને 'સ્વ'નું સર્જન કહે છે. મારામાં જ સમગ્ર બ્રહ્માંડનો નિર્દેશ કરે છે. હું તો કાવ્યોમાં જ ખોવાયો, વિરમ્યો અન્ય લેખો, વાર્તા, સાહિત્યસંગમ પણ બહુ ગમ્યાં.

અમદાવાદ **- કન્દર્પ મહેતા**

* * *

કસ્તુરી વિશે

ઓગસ્ટ, 2019ના 'નવનીત સમર્પણ'નો લેખ 'વાદીની વાણી ને મદારીની કહાણી'માં ભિલોડા મદારીનગરના વૃદ્ધ સોમનાથ તેમની ઝોળીમાંથી કાળો દાબડો ખોલતા કહે છે કે 'આ મરગલાનો દૂંટો છે, આને કસ્તુરી કે'વાય.' અહીં 'મૃગની દૂંટી (નાભિ)માં કસ્તુરી રહેલી છે' એમ કહેવું શાસ્ત્રસંગત નથી. આવી સમજ પછાત મદારી જાતિના એક નિરક્ષર ધરાવે તે ક્ષમ્ય છે, પણ લેખકો, કવિઓ, વક્તાઓ, શિક્ષકો અને પ્રાધ્યાપકો પણ આ પ્રકારની સમજણ પોતાનાં લેખન-કવન-કથનમાં રજૂ કરે ત્યારે, 'ભણેલાં પણ ભીંત ભૂલે છે' તેવો અહસાસ થાય છે. આવી ગેરસમજનું મુખ્ય કારણ ભારતીય સાહિત્ય છે. વિગતે વાત માંડીએ તો, સંસ્કૃતમાં 'કસ્તુરી'ને 'મૃગનાભિ' કહે છે. સાર્થ ગુજરાતી જોડણીકોશમાં તેનો અર્થ 'અમુક જાતના હરણની દૂંટીમાંથી મળતો એક સુગંધી પદાર્થ' અને ભગવદ્ગોમંડલમાં 'નર મૃગની દૂંટીમાંથી મળતો એક પ્રાણીજ પદાર્થ' દર્શાવેલ છે. પરિણામે મૃગની નાભિમાં કસ્તુરી રહેલી છે તેવી સમજ, જે આમ અને ખાસ સમાજમાં હૈયાથી હોઠ સુધી જડબેસલાક પાકી થઈ ગઈ છે, તે સત્યથી સો જોજન દૂર છે.

પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ, પ્રાણીની નાભિને કોઈ જાતનો સ્રાવ હોતો જ નથી. અને ધારો કે તે હોય, તો તે મૂત્રમાર્ગમાં જઈ શકતો જ નથી. અને ધારો કે તે મૂત્રમાર્ગ સુધી જઈ શકતો હોય, તો નર અને માદા બન્નેના મૂત્રમાં કસ્તુરીની સુગંધ સુગંધ આવવી જ જોઈએ. પરંતુ તેમ નથી. સામાન્ય રીતે કસ્તુરી, નરમૃગમાંથી જ મળે છે. નરમૃગના ઉપસ્થ (ભલદ્વાર-ANUS) નજીકના ભાગ આગળથી કસ્તુરીનો ડૂંટો લેવામાં આવે છે. એટલે ભ્રમથી લોકો એને 'અંડ (નરગુહ્યાંગ-TESTICLE)' અને નાભિનો ભાગ પણ ઉપસ્થની પાસે જ વાળથી આચ્છાદિત થયેલો હોવાથી, એને 'નાભિ' માની લે છે, જે સદંતર ખોટું છે. હકીકતે કસ્તુરી ઉર્ફે કસ્તુરીનો ડૂંટો એ નર કસ્તુરીમૃગની નાભિ નહીં પણ તેની પૌરુષગ્રંથિ (PROSTATE GLAND) જ છે. અને આ ગ્રંથિનો સ્રાવ એ જ સુગંધિત કસ્તુરી છે. 29મી વિજ્ઞાન પરિષદ-વડોદરા, 1942માં રજૂ થયેલ 'મસ્ક એન્ડ મસ્ક ડીઅર'ના નિબંધમાં પણ આ જ હકીકત રજૂ કરવામાં આવેલ હતી.

સુરત **- પ્રા. જે. આર. વઘાશિયા**



ભવન્સ - વૃત્ત

મુંબઈ કેન્દ્ર : પુસ્તક વિમોચન



એસ. પી. જે. આઈ. એમ. આર સભાગૃહ, ભવન્સ કેમ્પસ, અંધેરી ખાતે 2 ઓગસ્ટના રોજ સુપ્રસિદ્ધ ગુજરાતી ગીત કવિ અને લેખક શ્રી અનિલ જોશીની 80મી વર્ષગાંઠ નિમિત્તે તેમના પુસ્તક 'સ્ટેચ્યુ' (પ્રકા. નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ)ની પાંચમી આવૃત્તિનું અનાવરણ થયું તે નિમિત્તે ડાબેથી હિતેન આનંદપરા, વિશ્વનાથ સચદેવ, જાવેદ અખ્તર, ભારતીય વિદ્યા ભવનના એક્ઝિક્યુટિવ સેક્રેટરી હોમી દસ્તુર, અનિલ જોશી અને નેહા શરદ. આ ઉપલક્ષ્યમાં સેજલ પોંદા દ્વારા 'જમકુ ડોશી'નો એકપાત્રીય અભિનય અને રાજુલ દિવાન દ્વારા 'સ્ટેચ્યુ' નિબંધની ભાવવાહી રજૂઆત થઈ હતી. કાર્યક્રમનું સંચાલન હિતેન આનંદપરાએ કર્યું હતું.



શ્રી પટ્ટાભિ રામચંદ્ર મંદિર, કોટેશ્વર, વ્યાસ આશ્રમ, હરિદ્વારના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે. શ્રીધર વિઠ્ઠલ કામથ સાથે લેખક

કાશી મઠ સંસ્થાનના 21મા ગુરુ પૂજ્ય શ્રીમદ્ સંયમિન્નદ્ર તીર્થ સ્વામીજીએ ભવન પ્રકાશિત પુસ્તક 'ધ બેનિંગ બીકોન્સ ઓફ શ્રી કાશી મઠ સંસ્થાન'નું વિમોચન 5 જૂન 2019ના બુધવારે હરિદ્વાર ખાતે કર્યું. પુસ્તકના લેખક શ્રી કોટેશ્વર પાંડુરંગ પુંડલિક કામથ છે. 20મા ગુરુ પૂજ્ય શ્રીમદ્ સુધીન્દ્ર સ્વામીજીના સંન્યાસ દીક્ષાની 75મી વરસીની ઉજવણીરૂપે પાંચ દિવસનો કાર્યક્રમ હતો. ગૌડ સારસ્વત બ્રાહ્મણ અને અન્યો લગભગ 5,000 લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેનું આયોજન સંસ્થાનના વ્યાસ આશ્રમમાં થયું હતું.

નવી દિલ્હી કેન્દ્ર : મુનશી સ્મૃતિ આંતરશાલેય પ્રતિયોગિતા



ભારતીય વિદ્યા ભવનની મહેતા વિદ્યાલયે સંસ્થાના સ્થાપક કુલપતિ ક.મા. મુનશીની સ્મૃતિમાં 47મી મુનશી સ્મૃતિ આંતરશાલેય પ્રતિયોગિતાનું અને લીલાવતી મુનશી સ્મૃતિ પેઈન્ટિંગ (ચિત્રકળા) હરીફાઈનું આયોજન કર્યું હતું. જેમાં 29 શાળાઓએ ભાગ લીધો હતો. મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં હરીફાઈનો વિષય 'બાપુના આદર્શો અને મૂલ્યોની સુસંગતતા અને આજનું પરિદૃશ્ય' હતો. અંગ્રેજી વક્તવ્ય અને હિન્દી ચર્ચા(વરિષ્ઠ વર્ગ)નો પણ હરીફાઈમાં સમાવેશ થયો હતો. મુનશી સ્મૃતિની ટ્રોફી નવી દિલ્હીની મોન્ફોન્ટ શાળાએ જીતી હતી, બીજા ક્રમાંકે એર ફોર્સ સ્કૂલ બાલભારતી હતી. ચિત્રકળા શ્રેણીમાં ભારતીય વિદ્યા ભવને બીજા ક્રમાંકની ટ્રોફી લીધી હતી. શાળાની પરંપરા પ્રમાણે ટ્રોફી અમિટી ઇન્ટરનેશનલ શાળાને આપી દીધી હતી. વસુંધરા જ્ઞાનભારતી સાકેતે વિજેતા ટ્રોફી જીતી હતી. ભવન્સ દિલ્હી કેન્દ્રના નિદેશક શ્રી અશોક પ્રધાન મુખ્ય અતિથિ હોઈ તેમના હસ્તે રજિસ્ટ્રાર શ્રી એ. એસ. અવસ્થી, મહેતા વિદ્યાલયના મેનેજર સી. કે. આર્ય, ડેપ્યુટી રજિસ્ટ્રાર રાજેશ મિશ્રાની ઉપસ્થિતિમાં ઇનામ વિતરણ થયું હતું.

તારીખ ૦૪.૦૮.૨૦૧૯, રવિવાર, સમય સાંજે ૮.૩૦ કલાકે ભવન્સ જે. એ હોલમાં ભારતીય વિદ્યા ભવન અને ઇન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા 'આઉટરીચ કલ્ચરલ પોગ્રામ' શ્રેણી અંતર્ગત, શ્રાવણમાસ અને શિવભક્તિને અનુરૂપ એક નવતર કાર્યક્રમનું આયોજન 'નગર મેં જોગી આયા...' શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શિવની ભક્તિમાં ગુજરાતના જાણીતા સંગીતકાર એવા શ્રી યોગેશગીરી ગોસ્વામી તથા સાથી કલાકારો દ્વારા શિવ ભક્તિ કરવામાં આવી હતી.



કોચી કેન્દ્ર : અધ્યક્ષીય વ્યાખ્યાન

કોચીના ભવન્સ સરદાર પટેલ, સભાગૃહમાં નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે અધ્યક્ષ શ્રી વેણુગોપાલ સી. ગોવિન્દના વ્યાખ્યાનનું આયોજન 31 મેના થયું હતું. તેમણે શિક્ષકોને મહાન લક્ષ્યો પ્રાપ્ત કરવા પ્રયત્નો ચાલુ રાખવાની વિનંતી કરી હતી. શાળા બાળકોની તંદુરસ્તી તેમ જ સુખાકારીની કાળજી રખાય તેવા આનંદનું સ્થાન છે એવો નિર્દેશ કર્યો હતો. શાળાઓ, સંસ્થાઓ, કેન્દ્રો, શિક્ષણ અધિકારીઓ, વડા શિક્ષકો એમ લગભગ 700 સહભાગીઓ એમાં ઉપસ્થિત હતા. વ્યાખ્યાનનું સમાપન નવા શિક્ષકોના સમાવેશન કાર્યકમ દ્વારા થયું. ભવનનાં આદર્શો, લક્ષ્યો, વિવિધ પ્રવૃત્તિઓ, દેશ વિદેશમાં ભવનની સંસ્થાઓ, ભવનનાં પ્રકાશનો ઉપરાંત શૈક્ષણિક બાબતોનો એમને પરિચય કરાવવામાં આવ્યો.

ન્યૂ યોર્ક : કાવ્યતરંગ પુસ્તકનું વિમોચન

ભારતીય વિદ્યા ભવન ન્યૂ યોર્ક કેન્દ્રમાં 22 જૂને એક સાહિત્યિક સમારંભમાં વાણી પ્રકાશન પ્રકાશિત 'કાવ્યતરંગ' પુસ્તકનું વિમોચન થયું હતું. ભારતીય કવિઓની શ્રેષ્ઠ કવિતાઓનું સંકલન છે. યુ. એસ. એ. કેન્દ્રભવનના નિદેશક દીપક દવેએ કાર્યક્રમનું સંચાલન કરતાં આરંભમાં સંસ્થા સાથે સંકળાયેલા મહાનુભાવો ટી.વી. એશિયાના અધ્યક્ષ એચ. આર. શાહ, ભવનના અધ્યક્ષ ડો. નવીન મહેતા, મુખ્ય મહેમાન રાજદૂત ડો. જ્ઞાનેશ્વર મૂલે અને ભારતથી આવેલા વિશેષ મહેમાનો વાણી પ્રકાશનના મુખ્ય પ્રબંધક અરુણ માહેશ્વરી, કાઉન્સિલ જયદીપ ચોલા (HOC) અને સંપાદક અશોક

સર્વશ્રી જયદીપ ચોલા, અરુણ માહેશ્વરી, એચ. આર. શાહ, જ્ઞાનેશ્વર મૂલે, નવીન મહેતા, અશોક સિંહ



સિંહનું સ્વાગત કર્યું હતું. સભાગૃહમાં ઉપસ્થિત ડો. જયરામન અને અન્ય વિદ્વાનો, સાહિત્યપ્રેમીઓ તથા ઉપસ્થિત કવિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોએ પુસ્તક વિશે વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના બીજા ભાગનું સંચાલન સંપાદક અશોક સિંહે કર્યું હતું. તેમણે ઉપસ્થિત કવિઓનો પરિચય કરાવ્યો હતો. કવિઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સમાપન દીપક દવેએ કર્યું હતું.



દિલ્હી કેન્દ્ર : 'ભારતીય વિદ્યા સાર' AICTE દ્વારા પારિત Choice Based Credit System પાઠ્યક્રમ છે. આ પુસ્તકનો હેતુ વિદ્યાર્થીઓને તકનિકી શિક્ષણમાં કુશળ અને ભારતીય જ્ઞાનપરંપરાથી પરિચિત કરાવવાનો છે. 1, 2 બંને પાઠ્યક્રમો તદ્દન નવા પ્રકારના છે. ભારતીય જ્ઞાનપ્રણાલી પ્રમાણે અઢાર વિદ્યાઓ, આધુનિક વિજ્ઞાન અને પરંપરાગત ભારતીય જ્ઞાન-વિજ્ઞાન, યોગ, સર્વાંગીણ સ્વાસ્થ્ય, દર્શન, ભાષા-વિજ્ઞાન તથા કલા-પરંપરા આવરી લેવાયાં છે. 1, 2 બંને ભાગો પાઠ્યક્રમોની સૂચિમાં સામેલ કરી દેવાયા છે.

કાંચીપુરમ કેન્દ્ર : શ્રી શંકર અને શ્રી રામાનુજ જયંતીની ઉજવણી

શ્રી શંકર અને શ્રી રામાનુજ જયંતીની ઉજવણી 25 મે 2019ના ઉજવણી થઈ હતી. શંકર મઠના શ્રી રામાયણમ્ શ્રીનિવાસે શ્રી શંકરનાં જીવન અને વિદ્યા વિશે પ્રેરણાત્મક (વ્યાખ્યાન) આપ્યું હતું. SSKVના ડીન ઉત્સાહી વિદ્વાન પ્રો. વી. રાજગોપાલને શ્રી રામાનુજના જીવનનું રેખાચિત્ર રજૂ કર્યું અને તેમણે ધર્મને સામાન્ય લોકો માટે સુલભ બનાવવાનું કામ કર્યું હતું.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
સુધીર દેસાઈ: 2/સી નાનિક નિવાસ, વોર્ડન રોડ, મુંબઈ-400 026.
રાજેશ પંડ્યા: એ/5, ઋતુરાજ સોસાયટી, નૂતન વિદ્યાલય પાસે, કસ્તુરબા નગરની બાજુમાં સમા, વડોદરા-390024.
આબિદ ભટ્ટ: નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર-383001, જિ. સાબરકાંઠા.
ધ્વનિલ પારેખ: સી/204, વૈદેહી રેસિડેન્સી, 1 વાવોલ, ગાંધીનગર-382016.
દિવ્યા રાજેશ મોદી: સુરત, મો. 9924204949
રાધિકા પટેલ: 402, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, બ્રહ્મક્ષત્રિય સોસાયટી, પ્રીતમ નગર, એલિસ બ્રિજ, પાલડી ક્રોસ રોડ, અમદાવાદ-380 007.
ભરત વી. ખેની : બંગલા નંબર-06, વૃંદાવન સોસાયટી, ચિરાયુ હોસ્પિટલની સામે, ગોવિંદનગર, માર્કેટ રોડ, દાહોદ-389151 (ગુજરાત). મો. 99256 60646
ભાણદેવ: સરસ્વતી નિકેતન આશ્રમ, કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન, પો. જોધપુર રીવર, મોરબી-363 642.
મેધા ત્રિવેદી: એ/302, આરાધના, ગુલમહોર ક્રોસ રોડ નં. 12, જે.વી.પી.ડી. એક્સ, મુંબઈ-400 049. મો. 9322955140
અશોક મશરૂ: એ-7, આલાપ હેરિટેજ, કાલાવડ રોડ, રાજકોટ-360 005.
સુનીલ કોઠારી: 94/એશિયાડ વિલેજ, ન્યુ દિલ્હી-110049. email: sunilkothari1933@gmail.com
ડૉ. રંજના હરીશ: અમર આશા, 404, સરસ્વતી નગર, આઝાદ સોસાયટી એરિયા, આંબાવાડી, અમદાવાદ-380 015.
અમૃત કે બારોટ: શાર્દૂલ, ફ્લેટ-6, બીજે માળે, અશોકનગર, ક્રોસ રોડ નં. 1, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-400101. મો. 9920653526.
હોમી દસ્તુર: ફોન: 23631261, 23634462
શ્રેયસ કારિયા : વિમલ સદન, પ્લોટ નં. 4/C, આદર્શ સોસાયટી-બી, સ્ટ્રીટ નં. 6, કોર્નર ઓપો. રેલવે લાઈન, રાજકોટ-360001. મો. 9825416769
વલ્લભ નાંઢા: vallabh324@aol.com
હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42
પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015. મો. 9979230039
મધુસૂદન કાપડિયા: email: mgkapadia@yahoo.com
અનિલ જોશી: joshi.r.anil@gmail.com
રોહિત શુક્લ: ૩૪૫, સરસ્વતી નગર, આઝાદ સોસાયટી પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૭૫૬૭૨૨ ૭૪૩૭
ગંભીરસિંહ ગોહિલ: ડી-૧૪૦, કાળવીબીડ, ભાવનગર-૩૬૪૦૦૨. ફોન : (૦૨૭૮) ૨૫૬૯૮૯૮.
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.
અજિત પારેખ: નાની મહેતવાડ, વલસાડ-396 001.

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

શરીરને અરીસામાં જોતાંની સાથે સમજાય કે કસરત કરવી જોઈએ. પણ ભાઈ આત્માને તો ભજિયાં, સમોસાં ને વડાપાંઉ ખાવાનું મન થાય છે... કરવું શું? ગીતાનું માનવું... શરીર નશ્વર છે, આત્મા અમર છે... આત્માનું કહ્યું કરવું.

☺ ☺ ☺

જંગલમાં ભેંસ શિંગડાં ઉલાળતી, ફાટી આંખે ભાગતી હતી. સામે મળેલા સસલાએ એને ઊભી રાખીને પૂછ્યુંઃ ક્યાંય ઉપરથી આભ તો નથી તૂટી પડ્યુંને? તું આમ ભાગે છે કાં?'

ભેંસ : 'અરે મને ભાગવા દે બાપલિયા, પોલીસ હાથીને પકડવા જંગલમાં આવી છે.'

સસલું : પણ તું તો ભેંસ છે... તું શું કામ ભાગે છે?

ભેંસ : અરે ભેંસ છું એ મને ખબર છે, તને ખબર છે બકા, પણ આ તો મેરા ભારત મહાન છે... જો પકડાઈ જઈશ તો ભેંસ છું, હાથી નથી એ સાબિત કરવામાં જ 11-12 વર્ષ નીકળી જશે. એના કરતાં મને ભાગવા દે...

☺ ☺ ☺

રમેશ માથું પકડીને બેઠો હતો. મહેશે પૂછ્યું : અલ્યા કાંઈ થયું?

રમેશ : અરે જવા દે! મારા બાપે બદલો લીધો.

મહેશ : કેમ? શું થયું? અંકલે શું કર્યું?

રમેશ : હું નાનો હતો ત્યારે મારા બાપા ફીના પૈસા આપતા એનાથી હું ફિલ્મ જોવા ભાગી જતો. ફી નો ભરતો...

મહેશ : પણ એનું આજે શું છે?

રમેશ : મેં બાપાને ચારધામ જવા પૈસા આપેલા. તે એ બેંગકોક ભાગી ગયા!

☺ ☺ ☺

હાસ્યેન સમાપયેત

ભાઈ હોસ્પિટલમાં હતા અને નર્સ ગ્લુકોઝનો બાટલો ચડાવવા આવી.

ભાઈ : ''આ શેનો બાટલો છે?''

નર્સ : આમાંથી તમને જમવા જેટલી જ શક્તિ મળી રહેશે.''

ભાઈ : ''ભલે પણ જમ્યા પછી મને છાશ જોઈશે એટલે છાશનો બાટલો તૈયાર રાખો.''

☺ ☺ ☺

જ્યોતિષ : ''તમારી હસ્તરેખા કહે છે કે તમારા ઘર નીચે ખૂબ ધન છે પણ તમને ઉપયોગમાં નહીં આવે.''

છગન : ''તમારી વાત સાચી, કારણ કે મારા ફ્લેટની નીચે જ બેંક છે.''

☺ ☺ ☺

જીવલો : ''બાપુ, ફોરેનમાં ડ્રાઈવર વગરની ગાડી આઈવી છે!''

બાપુ : ''આપણે આયાં નો હાલે.''

જીવલો : ''કાં બાપુ, નો હાલે?''

બાપુ : ''ગાડી ક્યાંક અથડાણી તો આપણે ઢીબવો કોને?''

☺ ☺ ☺

ડોક્ટર : ''જુઓ બહેન, ઉંમર થાય એટલે સ્વાસ્થ્યના થોડા પ્રશ્નો તો થાય. આપણા મગજના કોષ, ચામડીના કોષ, વાળના કોષ નાશ પામતા જ રહે છે... અને 35 વર્ષ પછી આમાંના ઘણા તો ફરી સર્જાતા નથી!''

મંજુબહેન : ''ને આ ચરબીના કોષ ડોક્ટર! ઈ અમરપટ્ટો લખાવીને આવે છે?''

☺ ☺ ☺


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world





























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month.